
# અહો બત કિમ્ આશ્ચર્યમ્

સુરેશ જોષી



# અહો બત કિમ્ આશ્ચર્યમ્

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

## સુરેશ જોષી

અહો બત કિમ્ આશ્ચર્યમ્ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ vii

સર્જક-પરિચય x

અર્પણ 1

માનવીય એષણાઓ 2

માનવીય ગૌરવ 10

મરણની નિકટતા 13

હૃદયના નેપથ્યે 16

જ્યાકોમેત્તીનાં શિલ્પો 20

સમયનાં રૂપ 25

સમય 29

રૂપાન્તરની સાધના 33

અપરિચિત નિર્જનતા 37

નિદ્રા : હજાર પાંખડીવાળું પુષ્પ 41

ઘર ભૂલેલો પ્રમાદ 45

અજાણ્યો વિષાદ 49

વિસ્તાર જ વિહાર 53

કૃત્રિમ શરદ 55

સ્નિગ્ધતાહીન દિવસો 59

અસ્તિત્વની સ્વીકૃતિ 63

પ્રસિદ્ધિનો પ્રશ્ન 67

હીરામઢ્યું અંધારું 71

સ્પૃહણીય સૂર્ય 75

અસ્તિત્વનો આધાર 79

માયાળુ હાથ 89

અણીદાર ક્ષણો 93

આળસની ભરતી 97

શણગારરૂપ આંખ 101

સર્જકની લોકપ્રિયતા 105

વાસ્તવનો નવો અન્વય 109

પથ્થરનું નેપથ્ય 114

માનવદ્રોહનું પાપ 118

અભિનવ માનવતાવાદ 122

પળેપળની તીવ્ર અભિજ્ઞતા 126
હિંસાનું નવું રસશાસ્ત્ર 129
જીવનનું ઉદ્યોગપર્વ 133
અપરિમેય વિશ્વ 137
શૂન્યનો ભાર 140
અહીં નહીં, અહીં નહીં 143
પ્રભુની શોધ 147
સ્વપ્નનો સમય 150
વિદ્રોહ 155
કૃતક આશાવાદ 159
રુચિની કૃપણતા 163
નવો શૂન્યાવકાશ 167
ભયાવહ પ્રલોભન 170
બાળવાર્તાની દુનિયા 175
પાંચ ઇન્દ્રિયોની પાંખડી 178
આંસુની ખીણ 181
વિશ્વસનીય અન્ધકાર 184
અપાણિપાદ ધુમ્મસ 187
સમયનો શિલાલેખ 192

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનિાન્તકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# અર્પણ

ટકી રહેવું, કાલજયી થવું એટલે શું? દરેક કળાકારને આવી છૂપી કે પ્રગટ મહત્ત્વાકાંક્ષા રહી હોય છે. એ ભવિષ્યના પર પોતાની છાપ આંકી દેવા ઇચ્છે છે. પણ ભવિષ્યની પેઢી આપણી કૃતિનું પરિવર્તન કરી નાખે છે. આપણે એને જે રૂપે જાળવી રાખવા ઇચ્છતા હતા એ રૂપે એ રહેતી નથી. આપણી સાથેનો એનો સમ્બન્ધ છૂટી જાય છે, પછી મમત્વનું સૂત્ર છેદાઈ જાય છે. એને 'મારી અમરતા' કહેવાનો કશો અર્થ રહેતો નથી. જે કૃતિ આવાં પરિવર્તન પામીને ટકી રહે તે જ કાલજયી કહેવાય. આવાં રૂપાન્તરોની શક્તિ એણે પોતાનામાં એના સર્જકથી પણ અણજાણપણે પ્રગટાવી હતી માટે એ ટકી રહે છે. તેથી જ એનાં અનેક મર્મઘટનો શક્ય બની રહે છે. આથી એના સર્જકોથી સ્વતન્ત્રપણે નિપજી આવે છે. એ તો એની પછીની પેઢીનું સહૃદયોનું અર્પણ હોય છે. તબક્કો બદલાય, રાષ્ટ્રનો મિજાજ બદલાય તેમ એનું મૂલ્ય વધતું જાય છે.

'સર્જકની લોકપ્રિયતા' નિબન્ધનો એક ખણ્ડ

સાહિત્ય અને કળાના સાચા સહૃદય

મહેન્દ્ર ભગતને

# માનવીય એષણાઓ

માનવી હોવાનું ગૌરવ શી રીતે લોપ પામ્યું? કદાચ આપણા માનવ્યમાં જ એનાં કારણો રહ્યાં હશે? ડેનિશ ફિલસૂફ ક્યિર્કેગાર્દે કહ્યું છે કે આપણી આ દુનિયામાં માનવીને દુભાવાને કારણ ઘણાં છે. આ પૈકીનાં સાત કારણો એણે ગણાવ્યાં છે. એ કારણો આજે પણ એટલે જ અંશે મોજૂદ છે! નાની નાની સામાજિક સમસ્યાઓ કે વ્યક્તિના અંગત પ્રશ્નો કે અમુક પ્રાસંગિક ઘટનાઓ ઝાઝા મહત્ત્વનાં નથી. આજના કથાસાહિત્યમાં એના પર ઝાઝો ભાર મૂકવામાં આવતો નથી. માનવીની નિયતિની જ આખરે તો એમાં મીમાંસા હોય છે. જે નવલકથા એ કક્ષાએ પહોંચતી નથી તે મનોરંજન લેખે કદાચ સફળ નીવડે તોય એનો કશો પ્રભાવ વરતાતો નથી. નવલકથાનું ઉત્પાદન જથ્થાબંધ થાય છે એ સાચું, પણ નવલકથા પાસેથી આપણે વધુ આકરી અપેક્ષા રાખતા થયા છીએ. ફિલસૂફોના કરતાં હવે નવલકથાકારોનો પ્રભાવ વધારે વરતાય છે એમ પણ કહેવાવા લાગ્યું છે. આજના યુગના બે વિશિષ્ટ નવલકથાકારો આલ્બેર કેમ્યૂ અને ઝ્યાં પોલ સાર્ત્ર છે. એમના કથાસન્દર્ભમાંથી આપણા યુગ વિશેનું જે સત્ય ઉપસાવી આપવામાં આવ્યું છે તેનો ખૂબ પ્રભાવ પડ્યો.

તો માનવી દુભાય છે શા માટે? કેટલીક વાર દુભાઈને જ માનવી પોતાનું આગવાપણું પોતાની આગળ ને બીજા આગળ પ્રમાણિત કરી શકે છે. દોસ્તોએવ્સ્કીનું એક પાત્ર કહે છે, 'સજ્જનો, તમે પોતે જ જાણો છો કે જો કોઈ કશા કારણ વિના દુભાઈ જાય, જાણીજોઈને દુભાવાનું વહોરી લે તો પછી એનો અન્ત ખરેખર દુભાઈ જવામાં જ આવે.' યુદ્ધ પણ દુભાયેલા માણસે મચાવેલો ઉત્પાત જ છે ને? એક બાજુ આત્મઘાત ને બીજી

બાજુ હત્યા, આ બંને દુભાવાનાં જ પરિણામ નથી? એષણાઓની અતૃપ્તિ એ દુભાવાનું સૌથી મોટું કારણ છે. આ એષણાઓને ધર્મથી મર્યાદિત કરવાના પ્રયત્નો થયા છે. એનું દમન સદાચારના અંગરૂપ પણ લેખવામાં આવ્યું છે. આમ છતાં, હતાશા જેવું વિસ્ફોટક બળ બીજું નથી. માનવી હોવાની સ્થિતિમાં જ આનું બીજ રહ્યું છે. એષણા અને એની તૃપ્તિ – આ સમીકરણ કદી સરખું બેસતું જ નથી. ધીમે ધીમે હતાશાનું ઝેર ઝમ્યા કરે છે. માનવીનો પુરુષાર્થ ગમે તેટલો વિસ્તરે, આખા બ્રહ્માણ્ડનો નાશ કરવા સુધી વિસ્તરે, તોય એષણાઓનો છેડો આવી ગયો એવું કહી શકાવાનું નથી. દરેક અતૃપ્ત એષણાથી માનવીનું અભિમાન છંછેડાય છે. આ અતૃપ્તિના મૂળ કારણરૂપ ક્યાંક અન્યાય રહ્યો છે એવું માનવીને લાગવા માંડે છે. અપરાધ અને શિક્ષાનાં પલ્લાં હંમેશાં સરખાં રાખી શકાતાં નથી. વર્તમાનનો પટ અત્યંત સાંકડો છે. આથી તૃપ્તિને ઘડીભર ભોગવવાની મોકળાશ મળે ન મળે તે પહેલાં તો એ ભૂતકાળની વસ્તુ બની જાય છે. બીજી અનેક એષણાઓ ભાવિની અપેક્ષારૂપે આપણી ક્ષિતિજે ડોકાવા લાગે છે. એકસરખી આ દોડધામનો માનવીને થાક લાગે છે. સંસ્કૃતિ ધીમે ધીમે વિરતિમાં ફેરવાતી જાય છે.

એષણાની અતૃપ્તિથી આવતી હતાશાને સમજવાને ઝાઝું ચિન્તન કરવું પડતું નથી. પણ એથી વધુ સૂક્ષ્મ પ્રકારનો અસન્તોષ આપણી આજુબાજુ પડેલા વિશૃંખલ વિશ્લિષ્ટ હકીકતના પુંજને કારણે આપણે અનુભવીએ છીએ. જ્યાં સુધી એ હકીકતમાં વ્યવસ્થા સ્થાપી શકતા નથી ત્યાં સુધી નરી અરાજકતાને કારણે આપણને બધું અર્થશૂન્ય લાગવા માંડે છે. આ અર્થશૂન્યતા પણ આપણને આપણી શક્તિ અને લાચારીનું ઉગ્ર ભાન કરાવે છે. આ પરિસ્થિતિમાંથી કોઈ માનવી છટકી શકે એમ નથી. પ્રકૃતિની ઉદાસીનતા, બાહ્ય વિશ્વની ઉદ્દણ્ડતા માનવીને દુભવે છે, એના અભિમાનને ઇજા કરે છે. બુદ્ધિ એનો ઉકેલ લાવી શકતી નથી. માનવીની ચેતના એને પહોંચી વળતી નથી. ધર્મ કે નીતિનાં કામચલાઉ આશ્વાસનો ઝાઝા ખપમાં આવતાં નથી. વિજ્ઞાન સમગ્ર અરાજકતાને આવરી લેવા જેટલું સમર્થ નથી, એનું ક્ષેત્ર હવે બદલાઈ ગયું છે. મનુષ્યની પોતાની આજુબાજુના પરિવેશને સમજીને એને વિશે વ્યવસ્થિત સ્વરૂપનું જ્ઞાન મેળવવાની સહજ વૃત્તિ અને એ જ્ઞાનપ્રાપ્તિનાં મર્યાદિત સાધનો – આ પાયાની અસંગતિ, એમાં રહેલું બેહૂદાપણું, આલ્બેર કામ્યૂની વિચારણામાં ને સર્જનાત્મક કૃતિઓમાં સામર્થ્યપૂર્વક નિરૂપાયું છે. કોઈ

પરમ તત્ત્વ કે શૂન્યને સ્વીકારવાથી કદાચ આ પરિસ્થિતિમાંથી ઊગરી જઈ શકાય. પણ આજ સુધીના એવા પ્રયત્નો કારગત નીવડ્યા હોય એવું લાગતું નથી.

આ સિવાય આપણા જમાનામાં માનવી માનવીને કઠે એવી બીજી પરિસ્થિતિ ઊભી થઈ છે. માનવી માનવીને અળગો પાડે છે. એક જૂથ બીજા જૂથથી અળગું રહે છે. બંને એકબીજાને અવગણે છે. માનવીમાં રહેલી જન્મજાત અસમાનતાને કારણે આ કોઈ ને કોઈ રીતે અનિવાર્ય બની રહે છે. સમાનતા સ્થાપવાના એના પ્રયત્નો સફળ નીવડ્યા નથી. સમાનતા ને સહિષ્ણુતા ધર્મો પણ કેળવી શક્યા નથી. આ અસમાનતા એક પક્ષે દર્પમાં ને બીજે પક્ષે અવમાનનામાં પરિણમે છે. એમાંથી દ્વેષ જન્મે છે! સંચિત થયે જતો દ્વેષ હંસિક બનીને યુદ્ધ રૂપે ફાટી નીકળે છે. જડ બન્યા વિના સહિષ્ણુ બનવાની કળા હજી માનવીએ શીખવાની છે.

માનવીઓ સન્તોને સહી લેતા નથી. આપણાં ધોરણોથી ઊફરાં ચાલ્યાં જતાં માનવીઓ આપણને પોતીકાં લાગતાં નથી. માનવસહજ નિર્બળતા જ આપણું રક્ષાકવચ છે. જેઓ એને જ ફગાવી દઈને ખુલ્લે છોગે ફરે છે તેને આપણે સહી શકતા નથી. સન્તો આપણી અપૂર્ણતા સામે દર્પણ ધરીને ઊભા છે. માનવી એથી દુભાઈને છંછેડાઈ ઊઠે છે. સન્તોને ઝેર પાઈ દે છે કે ગોળીએ વીંધે છે.

માનવીને દુભાવાનું સૌથી મોટું કારણ તો છે મરણ. મરણ તો પશુને પણ છે, પણ માનવી મરણને ઓળખે છે. પશુને એની જાણ હોતી નથી. મરણ વડે માનવીને ન્યાય થાય છે એમ પણ માનવામાં આવે છે. મરણ કષ્ટદાયક હોય છે તેથી માણસ એનાથી દુભાતો નથી. કેટલીક વાર માનવી મરણથી બચવા માટે એથી વધુ કષ્ટ ભોગવતો હોય છે, પણ મરણ માનવીના જીવનને નર્યું અર્થશૂન્ય ને બેહૂદું બનાવી દે છે. જો મરણ નિશ્ચિત જ હોય તો પછી આપણે માટે આ બધી નાની નાની ચિન્તાઓ, ઉન્નતિ માટેના ઉધામા, સમાજ સ્થાપીને રહેવાની ખટપટ, રાજકારણના પેચીદા વ્યૂહ, ધર્મનાં આશ્વાસનો – આ બધાંનો શો અર્થ? મરણથી આ બધું હાસ્યાસ્પદ નથી બની જતું? મરણ ભલભલા સન્તોને મહાત્માઓને પણ કઠે છે. ઇસુના પણ અંતવેળાના ઉદ્ગાર આવા હતા : ‘સ્અ ર્ગ્ગ, ◌ુરઅ રચજા ◌ાર્રે ર્કજિચં◌ીહ સી?’

ઉત્કટ દુર્દાન્ત વૃત્તિઓ હોવી એ પણ દુભાવાનું એક કારણ છે, એ માનવવ્યવહારનું આખું ગણિત વ્યસ્ત કરી નાખે છે; એક છેડે માનવી પોતાના પરિવેશને સમજીને વ્યવસ્થા સ્થાપવા ઇચ્છે છે, શ્લિષ્ટ હકીકતોથી અકળાય છે તો બીજે છેડે એની જ દુર્દાન્ત વૃત્તિઓ તન્ત્ર અને વ્યવસ્થાને ભેદીને અરાજકતા આણી દે છે. આ વૃત્તિઓ કશું પારદર્શી રહેવા દેતી નથી. આપણું જ્ઞાન ધૂંધળું બને છે. પછી સત્ય અને ભ્રાન્તિ વચ્ચેનો વિવેક કરવાનું મુશ્કેલ બને છે. પણ બીજી બાજુથી આ જ દુર્દાન્ત વૃત્તિઓ અસાધારણ સર્જનમાં કારણભૂત બને છે. એનો પ્રેર્યો માનવી સાહસ કરે છે, એકી સાથે આઠદસ પગલાં આગળ ભરી દે છે. પણ એથી સમતુલા જળવાતી નથી. ઇતિહાસ અશુદ્ધ થઈ જાય છે ને એને થાળે પડતાં વાર લાગે છે. આને સામે પક્ષે, આની પ્રતિક્રિયારૂપે, લાગણીઓનો જ છેદ ઉડાવીને અમાનવીકરણ સિદ્ધ કરવાના પ્રયત્નો થાય છે. માનવી આમ અ-માનવી થવા, અ-માનવી લેખે જીવવા મથવા લાગ્યો છે. એની સર્જનાત્મક અભિવ્યક્તિઓમાં પણ એ વલણનું વર્ચસ્ આપણા જમાનામાં દેખાય છે. માનવી પોતાને પણ કેવળ એક પદાર્થની જેમ જોઈ શકવાનો હતો? વસ્તુલક્ષિતા અને આત્મલક્ષિતા વચ્ચેનો માર્ગ હજી માનવી શોધ્યા કરે છે.

છેલ્લે આવે છે શ્રદ્ધા. શ્રદ્ધાનું મૂલ્ય તરીકેનું સ્થાન ડગમગી ચૂક્યું છે. ધર્મ જે શ્રદ્ધા સ્વીકારવાનું કહે છે તે તો લગભગ અપ્રસ્તુત બની ગઈ છે. આપણે અહીં એ શ્રદ્ધાની વાત કરતા નથી. જેટલે અંશે ભવિષ્ય અજાણ્યું છે, આપણી ગોચરતાની બહાર છે તેટલે અંશે શ્રદ્ધા રાખવાનો પ્રશ્ન ઊભો તો થાય જ છે. ‘શ્રદ્ધા રાખવી’ એ પ્રયોગ કઠતો હોય તો ‘જોખમ ખેડવું’ એમ કહીએ. ગમે એવો ગણતરીબાજ વહેવારુ માણસ પણ થોડું જોખમ તો ખેડતો જ હોય છે. વળી હું કેવળ મારા જ અનુભવોમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો નિર્ણય લઈ શકું નહીં. એમ કરવા જતાં હું એમાંથી અળગો પડી જાઉં. પણ બીજાના અનુભવો સાથે મારે પરોક્ષ પણ પરિચય જ હોય છે. આથી એ અનુભવોમાંથી નિષ્પન્ન થતા નિર્ણયો મારે શ્રદ્ધાથી જ સ્વીકારવાના રહે. જ્યાં સુધી માનવવ્યવહારને હું સ્વીકારું છું ત્યાં સુધી આ શ્રદ્ધા વિના ચલાવી લેવાની ખુમારી રાખવી મને પરવડે એમ નથી. પણ જોઈએ તેથી વધુ માત્રાની શ્રદ્ધા મને પાંગળો બનાવે એ પણ હું સ્વીકારું છું. શ્રદ્ધા સ્વીકારવાની પાછળ સહીસલામતીને વળગી રહેવાની વૃત્તિ હોય છે એ તો ખરું,

પણ એ શ્રદ્ધાને અનુસરવાની કોઈ મને ફરજ પાડે તો મારું અભિમાન તે સહીસલામતીને પણ ફગાવી દેવા તૈયાર થાય.

માનવી જે એકલવાયાપણું અનુભવે છે એનાં બે મુખ્ય કારણોમાં એક તો એને એના કાર્યથી ઘણે છેટે ફેંકી દેવામાં આવ્યો છે તે છે. એ કાર્યનું સમગ્રતયા આકલન કરીને એનાં સમ્ભવિત પરિણામોની જાણકારી મેળવી એનું એ નિયન્ત્રણ કરી શકે એવી પરિસ્થિતિ હવે રહી નથી. હિરોશીમા પર પ્રથમ અણુબોમ્બ ફેંકનાર વિમાની જો આકાશમાં ખૂબ ઊંચેથી બોમ્બ ન ફેંકતો હોત, નિશ્ચિહ્ન માનવીઓ અને એકાકાર ભૂખણ્ડને જ ન જોતો હોત, કેવળ બટન દબાવવાનું જ એનું કામ ન હોત તો કદાચ પોતાના કાર્યને એણે જુદી રીતે વિચાર્યું હોત... પણ આજનું રાજ્યતન્ત્ર માનવી અને માનવી વચ્ચે, માનવી અને સંસ્થા વચ્ચે, માનવી અને શાસક વચ્ચે, અનેક પ્રકારના સંકુલ અન્તરાયો, વ્યવસ્થા સ્થાપવાના નામે, ઊભા કર્યા વિના રહી શકતું નથી.

એકલવાયાપણાનું બીજું કારણ સમૂહ વડે થતો વ્યક્તિત્વનો લોપ. ક્યિર્કેગાર્દે કહ્યું હતું કે સત્ય વ્યક્તિને મુખે ઉચ્ચારાય ત્યાં સુધી સાચું. જ્યાં એ ટોળાને મોઢે ચઢ્યું કે ખલાસ! પછી એનો ઉચ્ચાર વિકૃત થવાનો જ. સત્યનું અવિકારીપણું જાળવવાને માનવી કેટલી રીતે મથે છે! ઇસુના વધસ્થાને પણ ‘તો સત્ય આખરે છે શું?’ એનો જ પડઘો ગાજે છે.

આ સત્ય સ્થપાઈ ચૂકેલું છે, સિદ્ધ વસ્તુ છે એમ જો માનીને ચાલીએ તો બધું પૂર્વનિર્ણીત છે એમ જ આપણે સ્વીકારવાનું રહે. એવું દૃષ્ટિબિન્દુ આજના માનવીય સન્દર્ભમાં ભાગ્યે જ વાજબી લેખાય. સત્ય નિષ્પન્ન થતું આવે છે, ને એ જે રીતે નિષ્પન્ન થતું આવે છે તે રીતિમાં ક્ષતિનો પણ ફાળો રહ્યો હોય છે. ક્ષતિ અને પૂર્તિને એકસાથે આવરીને સત્ય રહ્યું હોય છે. એમાં વિરોધોનો છેદ ઉડાવી નથી દીધો હોતો, એ વિરોધ પણ સત્યની ધાતુમાં આત્મસાત્ થઈ ગયા હોય છે. સત્ય સિદ્ધ થવાની પ્રક્રિયાને માનવવ્યવહારની પ્રત્યક્ષતાના માધ્યમમાં જોવી ઘટે.

મારું સત્ય એ મારું ચારિત્ર્ય, પણ એ ચારિત્ર્ય સિદ્ધ થતું આવે છે. મારું આશ્રયસ્થાન, મારો વ્યવસાય, સમ્બન્ધો ને આ બધાંની વચ્ચે રહીને ચાલ્યા કરતી મારી જીવવાની સંકુલ પ્રક્રિયા ક્રમશ: મારું ચારિત્ર્ય સિદ્ધ કરે છે. મારા ચારિત્ર્યનું વર્ણન કરવું હોય તો

આ પ્રક્રિયાનું વર્ણન કરવાનું રહે. આથી જ તો અસ્તિત્વવાદી સર્જકો ઘડાઈ ચૂકેલાં ચારિત્ર્યલક્ષણોને નહિ પણ એ જે સન્દર્ભમાં સિદ્ધ થતાં આવે છે તે સન્દર્ભને મહત્ત્વ આપે છે. કાફકાએ અસ્તિત્વવાદની છાપ સ્વીકારીને લખ્યું નથી, એ તો એના આયુષ્ય પછીથી શક્ય બન્યું. તેમ છતાં 'ધ કાસલ'માં કાફકા એના પાત્રને ક્ કહીને ઓળખાવે છે. એ મોજણીદાર છે, પણ એ વ્યવસાય એ આચરતો નથી, એ અનિકેતન જ છે. દુર્ગમાં સત્તાધીશ છે એવી લોકવાયકા જ એણે સાંભળી છે ને ત્યાંથી એ આદેશ મેળવવા મથે છે, એ આદેશ અનુસાર વર્તવાની એનામાં તત્પરતા છે, આમ છતાં એ દુર્ગનું વાસ્તવિક અસ્તિત્વ, ત્યાં પહોંચવાનો માર્ગ, ત્યાંના સત્તાધીશ કે એમના આદેશ – આ કશા પરત્વે એ નિશ્ચિત કશું જાણી શકતો નથી. આ આખી પરિસ્થિતિ કાફકાએ પોતાની આગવી રીતે, અચરજ પમાડે એવી સૂઝથી, વર્ણવી છે. આમાંથી એને કશું સ્પષ્ટ શબ્દોમાં તારવી આપવાનો લોભ નથી, પણ એનો ધ્વનિ આપણે કળી શકીએ છીએ. માનવસમ્બન્ધને આધાર આપનાર ભૂમિકા જ જાણે સરી ગઈ છે; માનવવ્યવહારના સંદર્ભથી અતીત એવું કોઈ પરાત્પર તત્ત્વ આપણું મૂલ્ય બની શકતું નથી.

આ પરિસ્થિતિની વિશદ સંવિત્તિ એ માનવી તરીકેનું આપણું પ્રથમ લક્ષણ છે. આથી જ દોસ્તોએવ્સ્કીનો ભોંયતળિયાનો આદમી બધું છેલ્લી હદ સુધી જઈને સમજી લેવા ઇચ્છે છે. ફિલસૂફોને એ સંભળાવી દે છે, 'તમે જેને ડરના માર્યા અરધુંપરધું પણ જોઈ શક્યા નથી તેને મેં છેલ્લે સુધી પહોંચીને જોયું છે. તમે તમારી કાયરતાને સદા ઠાવકા ડહાપણ તરીકે ઓળખાવતા આવ્યા છો ને સુખાળવા તાકિર્ક બુટ્ટાઓથી તમારી જાતને સદા છેતરતા આવ્યા છો, પણ સત્ય એ છે કે તમારા કરતાં હું વધારે જીવતો છું.' પણ એ વધારે જીવતા હોવું, એ જ શું પાપ નથી? દોસ્તોએવ્સ્કીની નવલકથા 'ક્રાઇમ એન્ડ પનિશમેન્ટ'માં જે અપરાધની વાત કરી છે તે આ વધારે પડતી સજીવતાનો જ અપરાધ નથી શું? આને કારણે થતો અનિવાર્ય વિષાદ જ માનવીના માનવ્યનું વ્યાવર્તક લક્ષણ જાણે બની રહ્યું છે. આ વિષાદમાંથી માનવી છટકી શકે ખરો? આ વિશે ક્યિર્કેગાર્દે કરેલું ચિન્તન સંભારવા જેવું છે. વિષાદની અનુભૂતિ પોતે જ વિષાદ ભોગવનારામાં ક્રાન્તિકારક ફેરફાર કદાચ લાવી દે, એવો કશોક ફેરફાર એને શ્રદ્ધાને માર્ગે વાળે, પણ જો એવો ફેરફાર ન થવા પામે તો એ અન્તર્મુખ બનીને પોતાના વિષાદની મોઢેમોઢ ઊભો રહે, એમ કરવાથી જ એ સબળ બને, કદાચ આ અન્તર્મુખ બનીને રહેવાની સ્થિતિને

ભેદીને એ બહાર નીકળે, જીવનમાં ઝંપલાવે, મહાન કાર્યોની જટાજાળ ઊભી કરીને મનોવિનોદ કરવા મથીને અન્તે તો આ ઉધામાથી એ પોતાના વિષાદને વધુ સ્પષ્ટ રીતે જુએ. આમ કર્મ પોતે જ વિષાદથી બચીને રહેવા માટેનું છદ્મ છે તે સ્પષ્ટ થઈ જાય.

વિશદ સંવિત્તિની સાથે સંકળાયેલો આ વિષાદ એ કરુણનો સ્થાયી ભાવ છે. એ વિષાદનું ઉદ્દીપન ને આલમ્બન યોજવામાં સર્જકે ભારે સાવધાની રાખવી પડે. પરિસ્થિતિઓ પ્રતીકરૂપ બની રહેવી જોઈએ. પાત્ર જીવતું બને કે ‘રસ્તે ચાલતાં ભેટી જાય’ એવું ‘સાચું’ બને, એનો એના કાર્ય જોડે અસન્દિગ્ધ સમ્બન્ધ બાંધીને કર્તાક્રિયાપદને જોડી શકીએ – આ પૂરતું નથી. કદાચ આ રીતે ‘સાચું’ બનતું પાત્ર જ નર્યું ખોટું હોય છે. પાત્ર આપણું પ્રતિનિધિ છે એવો સન્તોષ એ રસાસ્વાદની કોઈ અનિવાર્ય શરત નથી.

તો પછી ‘વાર્તા’નું શું? વાર્તા બહેલાવીને કહેવાની આવડતનું શું? પાત્રનાં માનવલક્ષણોનું શું? વળી નવલકથાને જો માનવવ્યવહાર સાથે સમ્બન્ધ હોય એટલું સ્વીકારીએ તો એ વ્યવહારના નિરૂપણની વાસ્તવિકતાનું શું?

આપણા વિશ્વને જાણવાની આપણી અદમ્ય જિજ્ઞાસા અને એને માટેનાં આપણાં કરણોની મર્યાદા આ માનવીય પરિસ્થિતિની એક પાયાની અસંગતિ છે. આલ્બેર કેમ્યૂએ ‘મીથ ઓફ સિસિફસ’માં આ અસંગતિનું નિરૂપણ કર્યું છે, ને એની નવલકથાઓમાં વિશિષ્ટ કથાસન્દર્ભ યોજીને એને મૂર્ત પણ કરી બતાવી છે. બાહ્ય વિશ્વ અને આન્તરવિશ્વ વચ્ચેની objective dialectical unity હેગલે સ્વીકારી હતી. ક્યિર્કેગાર્દે આવી કશી એકતા સ્વીકારી નથી. એ આ વિશ્વોની એકતાનો છેદ ઉડાવી દે છે. એ અપારદર્શી અને અભેદ્ય એવી એકલતાની વચ્ચે પુરાઈને રહે છે. એની આ નિયતિ એણે સ્વીકારવી જ રહી. આની સ્વીકૃતિ એક વિશિષ્ટ પ્રકારનું ખમીર માગી લે છે. આ સ્વરૂપની માનવીની હદપારી, એથી થતો વિષાદ કશા સસ્તા સમાધાનથી દૂર થાય એવાં નથી. intersubjectivity નહિ, પણ intersubjectivity આપણે કેળવી શકીએ. આ ફિલસૂફીમાં એક પ્રકારનું મહત્ત્વનું પ્રસ્થાન બની રહ્યું. હાઇડેગર આ પરિસ્થિતિનું બયાન કરતાં ‘thrown into Being’ એવી સંજ્ઞા યોજે છે. પોતાના અસ્તિત્વની અંદર ફેંકાઈને રહેવાની આ સ્થિતિ, એવી જ સ્થિતિમાં રહેતા બીજાઓ જોડે શો સમ્બન્ધ બાંધવાની ભૂમિકા રચી શકે? ને જો સમ્બન્ધોના અંકોડા ન હોય તો ઇતિહાસ

શેને આધારે ગૂંથી શકાય? આનાં બે પરિણામો કથાસાહિત્યમાં જોવામાં આવે છે. જેને આપણે કથાનો નાયક કહીએ છીએ તે પોતાની સંવેદનાઓ અને અનુભૂતિની અંદર જ સીમિત થઈને રહ્યો છે. કેમ્યૂની ‘ધ આઉટસાઇડર’નો નાયક એનાં સંવેદનોની સીમામાં જ રહીને અહેવાલ આપ્યે જાય છે. એ સંવેદનો કશી બુદ્ધિજન્ય વિભાવનાના સ્તર પર પહોંચે તે પહેલાં જ વર્ણવાતા હોય છે. આવી અપરોક્ષતાને કારણે જ એમાં એક વિલક્ષણ પ્રકારની નિષ્ઠા અને પ્રમાણભૂતતાનું તત્ત્વ પ્રવેશે છે. બીજું લક્ષણ એ જોવામાં આવે છે કે આ નાયકને પૂર્વઇતિહાસ હોતો નથી. એવા આ આગળપાછળના કશા સમ્બન્ધથી એ જોડાયેલો હોતો નથી.

8-2-67

*

# માનવીય ગૌરવ

માનવી શા માટે પોતાના કાર્યની છબિને ધૂંધળી બનાવી દેતો હશે? હિંસા, હત્યા આખરે તો કાયરતાનો એકરાર છે. માણસ એની શક્તિને છેડે પહોંચી ગયા પછી જ આવું હિચકારું કૃત્ય કરે છે. વળી લોકોનાં મનને વિચારને માર્ગેથી વાળીને ટોળાંના આવેગના વહેણમાં વાળી દેવા એટલું જ શું નેતાનું કાર્ય રહ્યું છે? કોઈ પણ માનવી પાસેથી આત્મનિષ્ઠા અને પ્રામાણિકતા ઝૂંટવી લઈ શકે નહીં. માણસ પોતા પ્રત્યેની નિષ્ઠાને પોતાનામાંથી ખસેડીને અન્યત્ર સ્થાપે ત્યારે એક મોટું જોખમકારક પગલું ભરતો હોય છે. પોતાના પોતાપણા વિશેની નિષ્ઠાના કેન્દ્રમાં જો એ સ્થિર હોય તો જ વિશ્વ અને બ્રહ્માણ્ડ સુધીની એની ત્રિજ્યાઓ વિસ્તરી શકે છે. પણ આ નિષ્ઠાનું મૂલ્ય જ તમે ઓછું આંકતા હો છો ને એને તુચ્છ ગણીને એનો સહેજ સહેજમાં રાજ્યને નામે, પક્ષને નામે, ધર્મને નામે ભોગ આપવા તૈયાર થઈ જાઓ છો. માનવી પાસેથી એના પ્રત્યેની નિષ્ઠા જ ઝૂંટવી લેવાય પછી એની કિંમત શી રહી?

જ્યારે માનવી પોતાની ને પોતાના કાર્યની મોઢાદેખ ઓળખ કરવાનો માર્ગ જ બંધ થયેલો જુએ છે ત્યારે એ આત્મહત્યાને માર્ગે વળે છે. એ હિંસાને માર્ગે વળે છે તે પણ આખરે તો આત્મહત્યા જ છે. પોતાને ઇજા કર્યા વિના કોઈ બીજાને ઇજા કરી શકે નહીં. હિંસાનો આધાર શો છે? પોતાનું રક્ષણ? ના, એ નકારાત્મક વસ્તુ છે. એ કાયરની ઢાલ છે.

આજે જે ગુણો વિધેયાત્મક છે તેને કેળવવાનું કેમ આટલું બધું અઘરું થઈ પડ્યું હશે? આપણે 'સબસે ઊંચી પ્રેમસગાઈ' કહીએ છીએ, પણ દ્વેષ અને હિંસા જ ફાલે છે. શાન્તિ ને કલ્યાણની વાતો ચાલે છે, ને છતાં યુદ્ધની જામગરી સળગતી જ રહે છે. સંસ્કૃતિને

ઉગારવાની જવાબદારી સૌ ઉપાડવા ઇચ્છે છે, પણ કૃત્યો એવાં થાય છે કે સંસ્કૃતિનાં મૂળ સુધ્ધાં હચમચી ઊઠે છે. આનું કારણ શું?

ઉત્ક્રાન્તિને આ તબક્કે આવી પહોંચ્યા પછી માનવી કદાચ પોતાનું સાચું પરિમાણ ઓળખવામાં નિષ્ફળ ગયો છે. એના પરિમાણની અપેક્ષાએ એ બહુ ક્ષુદ્ર વસ્તુમાં પોતાને સંડોવતો રહ્યો છે. પોતાની જ જુદી જુદી બે છબિઓને એ પાસે રાખીને જોવાનું ચૂકી ગયો છે. ચન્દ્ર સુધીની ફાળ ભરનારો માનવી જંગલોમાં સંતાઈને દરમાંના કોઈ જન્તુના જેવો બની હજી યુદ્ધ ખેલે છે. ઉત્તુંગ પર્વતશિખરને સર કરનારો માનવી એ વિરાટ વિશાળતા હૃદયમાં ભરીને નીચે આવતો નથી. આથી માનવીની જે સિદ્ધિ છે તેને એ પોતે જ જાણે કે આત્મસાત્ કરી શક્યો નથી. એ સિદ્ધિઓ ઇતિહાસની વિગત બની છે, એના વ્યક્તિત્વનો અંશ નહીં. આજ સુધી આ સિદ્ધિઓને તો એ જાણે એનામાં રહેલા પેલા ગુફાવાસી આદિમાનવને બલિરૂપે અર્પતો રહ્યો છે. મરણને માનવીએ ઘણી વાર હસતે મોઢે સ્વીકાર્યું છે, પણ જીવનને મરણથી ઢાંકી દેવાનો એનો પ્રયત્ન શા કારણે એ કરતો હશે તે સમજવું બાકી છે.

ધર્મ માટેની શ્રદ્ધા, ચિન્તનની પ્રખરતા, કાર્યદક્ષતા – આ બધા ગુણો જે મહાન વસ્તુ કરી શકે તેનો એને ખ્યાલ નથી એમ નહીં પણ એની જાણ છતાં આ બધાંને એ કેવાં ક્ષુદ્ર પ્રયોજનો માટે આજે વાપરી રહ્યો છે! માનવી માનવ્યનું ગૌરવ નહીં કરે ત્યાં સુધી એ પોતાને બાજુએ હડસેલીને ગમે તે ક્ષુદ્ર વસ્તુને સ્વીકારી બેસે એવો સમ્ભવ તો રહેવાનો જ.

માનવ્યનું આ ગૌરવ તે શી વસ્તુ છે? એ સદાકાળનું કશું ધ્રુવ તત્ત્વ નથી. એ સિદ્ધ કરતાં રહેવાની માનવીની જવાબદારી છે. બુદ્ધિ, કલ્પના, અનુકમ્પા આ ગુણો કેળવીને એ પોતાની સીમાઓને ઉલ્લંઘી શકે છે ને આલ્બેર કામ્યૂ જેને 'છનન સ્ચહ' કહે છે તે બની શકે છે. પોતાની આવે રૂપે ઝાંખી કરવામાં એ પોતાનું ગૌરવ અનુભવે છે, કારણ એ ગૌરવ પોતાને અંગત રીતે મળતાં ધન, પ્રતિષ્ઠા કે સ્વર્ગમાં નથી. જો એવું હોત તો ગૌતમ બુદ્ધ નિર્વાણના ઉમ્બર પર પગ મૂકીને પાછા ન ફર્યા હોત. આપણે વૈકુણ્ઠની આશા રાખીએ છીએ; પણ વૈકુણ્ઠનો સાચો અર્થ સમજતા નથી. જેની કુણ્ઠા એટલે કે દ્વિધા, સંકોચ જતાં રહ્યાં છે તે જ સાચો વૈકુંઠવાસી છે. માનવી વૈકુંઠને દ્વારે ભોગલાલસાથી

યાચક બનીને ઊભો રહેતો નથી. એનામાં ત્યારે નિસ્પૃહતા આવે છે. એ કશા સંકોચથી વામણો લાગતો નથી.

કશું પણ મૂલ્ય વારસામાં મળતું નથી. જે આપણે સિદ્ધ કર્યું નથી તે કદી પૂરેપૂરું આપણું થઈ શકતું નથી, ને માટે જ એના પર આપણો હક્ક પણ હોઈ શકે નહીં. આપણો માનવજાતિના ઇતિહાસ સાથેનો સમ્બન્ધ છે, ને એ સમ્બન્ધ ઘણો ઊંડો ને અવિચ્છિન્ન છે. આથી જે આપણા પુરોગામીઓ કરી ગયા તેના અનુભવો તથા તેનાં પરિણામો આપણી દૃષ્ટિ સમક્ષ રહે છે પણ સન્દર્ભ બદલાતો નથી. આથી એના એ સ્વરૂપનાં કાર્યો તથા એ જ પ્રકારનાં એનાં પરિણામોથી આપણું નભે નહિ. આપણા યુગની સમગ્રતાને ખ્યાલમાં રાખ્યા વિના આપણે જે કાંઈ કરીશું તે ખણ્ડિત તથા અપર્યાપ્ત જ રહેવાનું.

આથી જે પ્રત્યક્ષપણે આત્મસાત્ નથી થયું તેનું મૂલ્ય કશું નથી. આચારને મહત્ત્વ આપનારા વાસ્તવવાદી હતા પણ એ આચાર પ્રેરે કોણ? એનું સ્વરૂપ નક્કી કોણ કરે? સ્મૃતિ અને શ્રુતિ? મનુસ્મૃતિ આપણા જમાનામાં લેખે લાગે? મનુએ પણ એમ ઇચ્છ્યું નહોતું. આથી આચારનાં ધોરણો નિરપેક્ષ અને સદાકાળનાં ન હોઈ શકે. તેમ એ કોઈ અમુક વર્ગ કે વ્યક્તિની ઇચ્છા પર પણ આધાર રાખી શકે નહિ.

*27-2-67*

*

# મરણની નિકટતા

શરીરનું મરણ તો ગમે ત્યારે થાય પણ તે પહેલાં શું આપણને મરણનો અનુભવ નથી થવા માંડતો? એની એ મિત્રોની મંડળી જામી હોય, આપણેય એમાં હંમેશની જેમ બેઠા હોઈએ, વાતો અને ટોળ-ટિખ્ખળ ચાલતાં હોય અને એકાએક ખબર પડે કે આપણી ઉપસ્થિતિ પોકળ બની ગઈ છે, આપણું 'હોવું', એની જે નક્કર સભરતા – તેને કોઈએ કોતરી ખાધી છે. એ હવે માત્ર ખોખું જ છે. ઉપસ્થિતિનાં ખોખાંની અંદરની સામગ્રી તે તો અનુપસ્થિતિ પોતે જ છે. બસ, એ પળથી મરણ ભ્રાન્તિ, પડછાયો, દુ:સ્વપ્ન મટીને નક્કર વાસ્તવિકતા પામવા માંડે છે. ત્યારે એકાએક કદી ન અનુભવેલા ભયનો કમ્પ શરીરમાં દોડી જાય છે, શરીર મરણના એ પ્રથમ પગલાને અંકિત કરી રાખે છે.

પછી મરણ ધીમે ધીમે નિકટ આવવા માંડે છે. જે સૌથી નિકટ છે તેની ને આપણી વચ્ચે એ પોતાને વિસ્તારતું જાય છે. આપણા શબ્દો (જે પહેલાં વિદ્યુત્ જેવા હતા) હવાના ફીણ જેવા, પૂરો ધ્વનિનો આકાર પણ ધારણ કર્યા વિનાના વિખરાઈ જાય છે. એમાં જે વજન હતું, એને નક્કર બનાવનારું જે તત્ત્વ હતું તે કોઈએ કોતરી ખાધું છે, એને કારણે શબ્દોના ખોખામાં હવે કશી સામગ્રી રહી નથી. ભાવને બદલે અભાવ જ એનો અર્થ બની ગયો છે. આથી આપણે લાગણીભર્યા(ને તેય ઉત્કટ, ઉગ્ર) શબ્દો ઉચ્ચારીએ, જે શબ્દોમાં ગાઢ આલંગિનની ઉષ્મા હોય, વિશ્રમ્ભાલાપની મધુર આસ્વાદ્યતા હોય, મહુવરના નાદની જેમ બધીય ઇન્દ્રિયોને ડોલાવવાની સમ્મોહન શક્તિ હોય તે શબ્દો રેખાપાત કર્યા વિના, ચિહ્ન સરખું આંક્યા વિના, લુપ્ત થઈ ગયાની એંધાણી સરખી

આપ્યા વિના, આપણને પોતાને જ ‘આવજો’ એવી વદાયવાણી કહ્યા વિના, સરી જાય છે. એના શમી જતા બુદ્બુદ્નો અવાજ પણ આપણને સંભળાતો નથી.

પછી છવાતી જાય છે શાન્તિ. જાણું છું કે અહીં ‘શાન્તિ’ શબ્દ હું સાવ ખોટો વાપરું છું. એમાં કશું શમી જતું નથી, વિલય પામતું નથી. કશુંક ઉતરડાઈ જાય છે, અને એ ઉતરડાઈ ગયાના આંકા પડી રહે છે. કોઈ ઘા ખાલી નથી હોતો, એની કિનાર સુધી દર્દ છલકાતું હોય છે, ત્યાં જ લોહી ધસી આવે છે, એના લબકારા પીડે છે. પણ આ અ-ભાવ એ એવો ઘા પણ નથી. ઘા હોય તો રૂઝાય. દરેક ઘા કાંઈ મૃત્યુનું મુખ નથી. પણ આ પોકળતા કશાંથી ભરાતી નથી.

વૈશાખની ધૂલિધૂસર ચાંદની પાસેના મેદાનમાં છવાયેલી છે. બે ટિટોડી કકળતી કકળતી ઊડ્યા કરે છે. એને જંપ નથી. કહે છે કે ટિટોડી તો અવગતે ગયેલા આત્માઓ છે. એ પોતાના દેહને શોધવાને ચિત્કાર કરે છે. દિવસ પૂરો થાય છે, રાત ઢળે છે. બધું જંપી જતું હોય છે ત્યારે આવી જ રીતે અશરીરી બની ગયેલી છતાં શૂન્ય ન બની શકેલી કેટલીય લાગણીઓ ટોળે વળીને નિદ્રાના ઉમ્બર પર ઝઝૂમ્યા કરે છે. આમ જીવતે જીવ મોક્ષ પામ્યા વિનાની કેટલીય લાગણીઓ, પ્રતિભાવ પામ્યા વિનાની કેટલીય ઇચ્છાઓ, રઝળતી થઈ જાય છે; આપણે જીવવા છતાં એટલો આપણો અંશ પ્રેતયોનિમાં ચાલ્યો જાય છે. એની સાથે આપણો સંવાદ શક્ય નથી. આપણે શબ્દો બોલતા નથી કારણ કે એવા પ્રેત-સંકેતવાળા શબ્દો આપણી પાસે નથી. શબ્દો જીવનની નીપજ છે, એ મરણને આવરી લઈ શકતા નથી. એટલે અંશે ભાષાનું એ બીજું અડધિયું આપણી પકડની બહાર જ રહી જાય છે. મરણની વાત રોમેન્ટિક બનીને કરવી ફાવે છે, પણ એ તો મરણની વાત કરીને એ બહાને જીવનનું મમત્વ બતાવવાનો ઢોંગ છે.

આ ઇન્દ્રિયો કેટલી તો ઉદ્યમશીલ હોય છે! ખંતીલી કીડીની જેમ એ એક એક કણ લાવે છે – વિચાર, સંવેદન, વૃત્તિ, સ્મૃતિ. આપણું મન એક રાફડો બની રહે છે. એ અર્થમાં તો આપણે બધા જ વાલ્મીકિ છીએ, પણ દરેક વાલ્મીકિ પાસેથી મહાકાવ્ય મળતું નથી. આ ઇન્દ્રિયોનેય ડંખ હોય છે. એ ડંખે છે, એનું વિષ ચઢે છે ને એ વિષથી આપણે ટેવાઈ જઈએ છીએ. એ વિષ ધીમે ધીમે આપણને જડ બનાવે છે. પછી ગમે તેવી વેદના આપણે સ્થિતપ્રજ્ઞની જેમ સહી લઈને મોઢું ફેરવી લઈએ છીએ. આ અર્થમાં જે જડ વધુ

બની જાણે એ વધારે સહેલાઈથી મરી શકે. ધીમે ધીમે મરણ એટલું વ્યાપી જાય કે પછી મરણની ઘડી ક્યારે આવી તેની ખબર પણ ન રહે. આ મરણની સામે ઝૂઝનારા ક્યાં છે?

10-5-69

*

# હૃદયના નેપથ્યે

હવે હૃદયના નેપથ્યમાં ચાલી જવાના દિવસો આવ્યા. આ દિવસોની મેદુરતાનાં મૂળ આપણે પણ ઉદ્‌ભિજ જાતિમાં હતા ત્યાં સુધી પહોંચે છે. મૂળ પોતાને લંબાવી લંબાવીને જળ સુધી પહોંચે છે. આ દિવસોમાં આપણે પણ જળ જેટલે ઊંડે પહોંચી જઈએ છીએ. કોઈ વાર તો સૃષ્ટિ આખી એક અશ્રુનો ગોળ આકાર માત્ર બની રહે છે. પણ આપણું સદ્‌ભાગ્ય હોય તો એમાં ઇન્દ્રધનુની રંગલીલા દેખાય છે. પણ આ ઋતુમાં સૃષ્ટિના નેપથ્યમાં રહેલા આદિમ જળ જોડે આપણું સન્ધાન થાય છે, ત્યારે આ પૃથ્વી તો જળના ગર્ભમાં એક અસ્પષ્ટ પીડારૂપે જ હતી. તેથી તો આ ઋતુ જે અતિ સ્પષ્ટ અને અતિ પ્રકટ છે, એટલે કે જેની મર્યાદારેખાઓ સ્પષ્ટ થઈ ચૂકી છે, જેનો અન્ત સ્પષ્ટ જોઈ શકાય છે તેને અસ્પષ્ટતાના વિસ્તાર વચ્ચે મૂકી દે છે. એ નવા રહસ્યથી ઘેરાઈ જાય છે. જે અત્યન્ત પરિચિત છે તેને પણ આંગળી ચીંધીને ‘આ’ કહીને બતાવી દઈ શકાતું નથી.

આથી જ તો આ ઋતુની વેદનાને આપણાં ઐહિક સુખદુ:ખ સાથે સમ્બન્ધ નથી. અહીં કશું નથી પામ્યા એની આ વેદના નથી. એ વેદનામાં ‘વેદન’ છે, એક નવી અભિજ્ઞતા છે જેનો અત્યાર સુધીમાં આપણે જે જાણ્યું તેની જોડે એકદમ સમ્બન્ધ બેસાડી શકાતો નથી. જે આપણામાં છે છતાં જે આપણી જાણની બહાર છે તેને વિશેની આ વેદના છે. એને સુખદુ:ખના ખાનામાં મૂકી નહીં શકાય.

આ અસ્પષ્ટતા જે રહસ્ય રચી દે છે તેને ઓળખવાની ઇન્દ્રિય કેળવવી પડે છે. એથી જ તો એક પ્રકારની અન્ધતા આ ઋતુમાં આપણને ઘેરી વળે છે. દૃષ્ટિના દોર સૂર્યનાં

કિરણો સાથે સંકેલાઈ જાય છે. દૃષ્ટિ જાણે પોતાનું કાર્ય શ્રવણેન્દ્રિયને સોંપીને નિવૃત્ત થાય છે. વર્ષા શ્રવણેન્દ્રિયની ઋતુ છે. વિદ્યાપતિનાં પદ જુઓ કે મીરાંનાં ભજનો જુઓ – કવિ વાત કરશે ‘દાદુર મોર પપીહા બોલે’ અને એની જે વેદના થાય છે એથી છાતી ફાટી જાય છે! આ ઋતુમાં વૃક્ષને પાંદડે પાંદડે જળબિન્દુની પગલી સંભળાય છે ને મીરાં સફાળી બનીને ચોંકી ઊઠે છે. એ અવાજને સાંભળવા કાન સરવા રાખે છે. એનું હૃદય પુકારી ઊઠે છે : ‘કબ આવે મહારાજ?’ કારણ કે આ ઋતુમાં જ તો હરિના આવવાના ભણકારા સવિશેષ સાંભળી શકાય છે. એથી જ તો મીરાં આ ઋતુમાં હરિને જોયાની નહીં પણ સાંભળ્યાની વાત કરે છે, ‘સુની મૈંને હરિ આવન કી અવાજ.’

આથી જ તો આ ઋતુની વેદના તે દૃષ્ટિ વિનાના શ્રવણની વેદના છે. શ્રવણમાં વેદના છે. શ્રવણમાં દૂરતા છે, અસ્પર્શ્યતા છે. જેના ભણકારા સાંભળીએ છીએ તે દૃષ્ટિગોચર તો નથી જ ને તેથી જ સ્પર્શગોચર પણ નથી જ, પણ જેને જોયું નથી તેને જોયાના ભણકારા વાગે છે. તેમ જેનો સ્પર્શ નથી થયો તેના સ્પર્શની એંધાણીથી આપણે રોમાંચિત થઈ જઈએ છીએ. આમ ‘છે’ અને ‘નથી’નું આવું ગૂંચવાઈ જવું આપણને કેવા વિહ્વળ બનાવી દે છે! આપણે એ બેમાંના એકને જ એકી વખતે અનુભવીએ છીએ. પણ એકી સાથે બંનેની અનુભૂતિ તો આપણે શી રીતે જીરવી શકીએ?

પણ એથી જ તો આપણો અનુભવ અપૂર્ણ રહી જાય છે. આથી જ તો આપણી પ્રાપ્તિ ઊણી રહી જાય છે. જે અત્યન્ત નિકટ છે તેની દૂરતાનો પણ સાથે તાગ કાઢીને એના ‘છે’ અને ‘નથી’ બંનેને આવરી લે એવા આલંગિનમાં એને જકડી લઈ શકીએ તો પ્રાપ્તિ સાચી, પણ મિલનથી રાચીએ અને વિરહથી ભાગીએ તો આપણે શું પામી શકીએ?

આ ઋતુ આપણી અપૂર્ણતાના ઘાને બહેકાવી મૂકે છે. બહાર સૂર્ય નથી, ચન્દ્ર નથી, તારા નથી. દૃષ્ટિ પાછી વળે છે ને ત્યારે એની આગળ હૃદયનું આકાશ વિસ્તરે છે. એ વિસ્તારને જોઈને પહેલાં તો આપણે છળી મરીએ છીએ, એ વિસ્તારને અશ્રુની ધૂંધળી ઝાંયના આવરણથી ઢાંકી દેવા મથીએ છીએ. પણ આવરણની માયા ક્યાં સુધી આપણને બચાવી લઈ શકવાની હતી? ઢળેલી પાંપણ જો ઢળેલી જ રહે તો દૃષ્ટોદૃષ્ટ થાય ક્યારે? આથી જ તો વર્ષાની આ વેદના આપણને નવા સૂર્યચન્દ્ર સરજી લેવાની ફરજ પાડે છે.

આમ આપણે સહજ જ વેદનાથી સર્જન સુધી આવી પહોંચીએ છીએ. બીજની દ્વિધા વેદનાભરી હોય છે, પણ પછી એમાંથી જ કૂંપળનું હરિત હાસ્ય રેલાઈ રહે છે. કૂણી કૂંપળ પર વરસાદનું ટીપું – ટચલી આંગળી પર ભગવાને ગોવર્ધન પર્વત તોળ્યો હશે કે કેમ તેની તો ખબર નથી પણ ટચૂકડી કૂંપળની અણી પેલા ટીપામાંના આખા આકાશને તોળે છે એ તો સાવ સાચું છે. આ અદ્ભુત દૃશ્ય જોવા દોડી જવાનું મન નથી થતું?

કંજૂસના કાણા ખિસ્સામાંથી સંતાડેલી સોનામહોર દેખાઈ જાય તેમ કોઈ વાર વાદળઘેર્યા આકાશમાંથી તડકો અલપઝલપ દેખાઈ જાય છે. વર્ષામાં જે દેખાય છે તે અલપઝલપ, જે એને જોવાને દૃષ્ટિ સન્નદ્ધ નહીં રાખે તે ચૂકી જાય. પછી કોણ જાણે, કેટલાય જન્મે ફરી દૃષ્ટિના દોર સંધાય ત્યારે. 'અરે એ તે ક્યારે?'

વીજળીનો ઝબકારો, તડકાનો પણ ઝબકારો, ઘનઘોર અન્ધકાર એટલે કે વાદળોથી ઘૂંટીને ઘોર બનાવેલો અન્ધકાર, એની વળી ઘટા, સૂચિભેદ્ય અન્ધકાર, સોયની અણી જેટલી જગ્યા પણ ખાલી નથી એવો અન્ધકાર, આપણા કવિ પ્રજારામે એનું ટનમાં વજન પણ કાઢ્યું છે એવો અન્ધકાર એક વિદ્યુત્ રેખા વડે ભુંસાઈ જાય. એટલે એક નિમેષમાં આપણે બધું જોઈ લઈએ તેમ યુગ યુગનો વિષાદ જન્મજન્માન્તરના વિરહ પછી દૃષ્ટિનો ઝબકારો થાય, ત્યારે જો આપણે જોઈ લઈએ તો એ વિષાદ એ વિરહ અદૃશ્ય થઈ જાય. માટે જ આ ઋતુ દૃષ્ટિને સાવધ રાખીને બેસવાની ઋતુ છે. કારણ કે કોને ખબર છે એ વિરલ ધન્ય ક્ષણ ક્યારે આવે? બંગાળીઓ પાસે આવી ક્ષણ માટે સરસ શબ્દ છે. એઓ એને કહે છે : 'માહેન્દ્ર ક્ષણ.' આ ઋતુમાં બધું ઘૂંટાઈને ઉત્કટ બનીને, ઘનીભૂત થઈને આવે છે. આથી જ તો એ જીરવવું અઘરું થઈ પડે છે. પણ આ મધુર અસહ્યતાનો સ્વાદ ચાખીએ નહીં તો શું ધૂળ જીવ્યા? એટલે જ તો ધરતીને ધણધણાવી મૂકે, આકાશને ચીરી નાખે, બધું જળબંબાકાર કરી નાખે એવી વર્ષા જ્યારે આદિ માનવે અગ્નિહીન સંસ્કૃતિમાં જોઈ હશે ત્યારે એણે કેવો ભય અનુભવ્યો હશે? 'નગ' – નહીં ચાલનારા પર્વતોને પણ જાણે ફરીથી પાંખો ફૂટે છે, તો આપણે તો નગ નથી. આપણે વરસાદના પેલા સહસ્રપાદ જન્તુની જેમ હજાર પગે ચાલવા માંડીએ છીએ, પાંખવાળા કીટની જેમ ઊડવા માંડીએ છીએ, તાર પરથી સરતા જળબિન્દુની જેમ સરકવા માંડીએ છીએ. આદિમ જળનો પ્રલયંકર લય આપણને ફરીથી કશાક અજ્ઞાત અગોચરને માટેની

ઉત્સુકતાથી વિહ્વળ બનાવી દે છે, સરી જવું , વહી જવું, એકાકાર થઈ જવું તે આ ઋતુના આચાર છે. જે આ મહિમા નહીં સમજે તેને કયો પ્રલય તારી શકે?

વૈશાખ જેઠમાં ચંચળ બની ઊઠેલા વનમેઘની મેદુર પશ્ચાદ્ભૂની પડછે કોતરાયેલા શિલ્પની જેમ સ્થિર ઊભા રહી જાય છે. પછી વર્ષાને શિવની અદાથી ઝીલે છે ને નવા જ ગૌરવથી જાણે પુનઃપ્રતિષ્ઠિત થાય છે. વર્ષાના બિન્દુને કાલીકાલી વાણી ધ્યાનથી વૃક્ષો સાંભળ્યા કરે છે. વર્ષાનાં એ બિન્દુઓને જ જાણે આંખ ફૂટે છે, પાંખ ફૂટે છે ને એ આગિયા બનીને ઊડાઊડ કરે છે. આથી તો સંસ્કૃતવાળાઓ એને તો કહે છે ‘ખદ્યોત’, આકાશને અજવાળનાર. વર્ષામાં સૂર્યચન્દ્ર ભોંઠા પડે, જો દેખાઈ જાય તો લોકોની ગાળ ખાય, ભૂંડા લાગે. વર્ષામાં તો ખદ્યોત જ શોભે.

એક બંગાળી કવિએ વર્ષામાં એક સરખા કાને પડતા દેડકાના અવાજને વેદકાળના ઋષિના ઋચાગાન જોડે સરખાવ્યો છે, એમાં કોના વડે કોનું ગૌરવ થયું, આ હીનોપમા કે પછી ગૌરવોપમા થઈ તે તો અલંકારશાસ્ત્રીઓ ચર્ચે. પણ એ દર્દુર ધ્વનિમાં સંમોહન નથી હોતું એમ તો કહી શકાશે નહીં. જાણે આકાશની જળના કાનમાં કશાક આદિમ રસથી ઉચ્ચારાયેલી એ વાણી છે. એમાં કામાવેગથી ક્ષુબ્ધ નારીના અવાજમાં જે પરુષતા હોય છે તેનો અણસાર હોય છે. મેદુરતાનો લેપ રંગોને ઢાંકી દે છે એવું નથી. નાના ઇન્દ્રગોપની મખમલી લાલ બિછાત પર કોનું સુંવાળું હૃદય પગલી પાડશે? મોરનો કલાપ તો એટલે પ્રશંસા પામ્યો છે કે એને ઘનશ્યામના મુકુટમાં જ સ્થાન મળી ચૂક્યું છે. પણ મેદુરતાની પડછે કેતકીના દંડ પરનો મલિનશ્વેત પુષ્પગુચ્છ જુઓ કે કદમ્બને જુઓ તો રસિકોને એ વધારે રુચશે. અને છેલ્લે એક દૃશ્ય : આખી સૃષ્ટિ જાણે કોઈ વિરાટ સરિસૃપની જેમ સરીને વિવરમાં ભરાઈ જતી લાગે છે.

19-6-70

*

# જ્યાકોમેત્તીનાં શિલ્પો

આમ તો શિશિર ગઈ ગણાય, વસન્ત બેઠી કહેવાય, કેસૂડાં ખીલેલાં પણ જોયા. છતાં હજી સવાર શિશિરની જ ઊગે છે, હજી વાતાવરણમાં દૂરતાનો સંકેત છે. આપણી આજુબાજુનો અવકાશ હંમેશાં એવો ને એવો રહેતો નથી. ઋતુએ ઋતુએ એ બદલાય છે. શિશિરમાં એ વસ્તુ વસ્તુ વચ્ચે વિસ્તરે છે. શિશિરમાં કોઈ ખાસ ફૂલ ખીલતાં નથી. પણ દૂરતા જ ફૂલની જેમ ખીલે છે. અવકાશ અત્યારે નીતર્યો નીતર્યો લાગે છે. વૈશાખ-જેઠના ધૂલીધૂસર દિવસો હજી દૂર છે. આ દૂરતામાં જ એક અકથ્ય અતાગ વિષાદ રહ્યો હોય છે, જે આપણને અજાણપણે સ્પર્શી જાય છે. શરદ, વર્ષા અને વસન્ત કવિઓને હાથે લાડ પામ્યાં છે. પણ શિશિરના કવિ તો બોદલેર અને જીવનાનન્દ દાસ.

આ દૂરતાની વાત સાથે મને જ્યાકોમેત્તીએ એક વાર જે કહ્યું હતું તે યાદ આવે છે, 'મારી ઓરડીના પાછલા ભાગમાં હું બેસીને જોતો હતો ત્યારે મને ઘણી નગ્ન સ્ત્રીઓ નજરે પડી. અમને બંનેને જુદા પાડનારું અન્તર (ચળકતી લાકડાની ફરસબંધી પરથી મેં ચાલવાનો પ્રયત્ન કર્યો, તો એ દુર્ગમ લાગી), અમારી વચ્ચે રહેલી દૂરતા, એણે પણ પેલી સ્ત્રીઓ જેટલો જ મારા પર પ્રભાવ પાડ્યો.' આ રીતે આપણે દૂરતા કે નિકટતાને જોતા નથી. કોઈ વસ્તુ દૂર છે કે નિકટ છે એમ આપણે કહીએ છીએ, પણ વસ્તુ અને આપણી વચ્ચે રહેલી દૂરતાને આપણે વસ્તુથી નિરપેક્ષપણે અનુભવની સામગ્રી બનાવતા નથી. આથી જ તો મને લાગે છે કે રવીન્દ્રનાથની કવિની વ્યાખ્યા ઘણી જ ઉચિત છે. એમણે કવિને અવકાશરસનો રસિયો કહ્યો છે, અને સ્પૅનિશ કવિ યેમેનેઝે કવિને અવકાશનો મોટો મિત્ર કહ્યો છે. રિલ્કેએ તો કવિનું મુખ્ય કર્તવ્ય જ આ વસ્તુજગતના અડાબીડ ગીચ

અરણ્યમાં હૃદયાવકાશને વિસ્તારવાનું કહ્યું છે. શબ્દને એવો શૂન્યમય કરવો કે ઘણો બધો હૃદયાવકાશ એમાં વિસ્તરી શકે. આથી જ માલાર્મેએ બે શબ્દ વચ્ચે જે નિ:શબ્દ છે તેને પણ શબ્દ જેટલું જ મહત્ત્વ આપ્યું છે. હમણાં જ્યાકોમેત્તી વિશે સાર્ત્રનો નિબન્ધ વાંચ્યો, એણે આ બધા વિચાર પ્રેર્યા. શિલ્પ કે ચિત્ર વિશે કોઈ શબ્દશિલ્પી લખે તો પરિણામ કેવું સુખદ આવે તેનું આ દૃષ્ટાન્ત છે, સાર્ત્ર તો ફિલસૂફ પણ છે. આથી પોતાના વિચારોને વ્યવસ્થિત કરીને મૂકવાની શિસ્ત પણ એનામાં છે, સાથે નવા નવા ચમકારાઓ દેખાયા કરે છે. આથી આપણને નવી સૃષ્ટિ મળે છે. જ્યાકોમેત્તીનાં શિલ્પોના તથા ચિત્રોના ફોટોગ્રાફ જ મેં જોયા છે, પણ આ લેખ વાંચ્યા પછી એને માણવાની જાણે ચાવી મળી ગઈ છે. જ્યાકોમેત્તીના ચહેરા પર અભિમાનની સખતાઈભરી રેખાઓ છે. એનો આ અહંકાર એને પોતાને સમયના પ્રારમ્ભ પહેલાં સ્થાપવાનો અહંકાર છે. એને કશાં વિકાસ, પ્રગતિમાં શ્રદ્ધા નથી. ફ્રાન્સના સૌથી જૂના ગુફાચિત્ર દોરનારા આલ્તામિરાના ચિત્રકારો જેટલો જ એ 'પ્રગતિશીલ' છે એમ એ માને છે. માનવી અને પ્રકૃતિના એ પ્રારમ્ભકાળમાં નહોતી સુન્દરતા, કે નહોતું કદરૂપાપણું; નહોતી વિદગ્ધ રુચિ કે નહોતું વિવેચન. જેણે સૌ પ્રથમ પથ્થરના ખડકમાંથી માનવીને કંડારવાનું બીડું ઝડપ્યું તેણે શૂન્યથી જ શરૂઆત કરી.

જ્યાકોમેત્તીની સામે પણ 'મોડેલ' છે માનવ. પણ એ માનવ કોઈ સરમુખત્યાર કે સિપાહસાલાર કે અખાડાબાજ નથી. શિલ્પીને લલચાવે એવું કશુંય એ આદિમ માનવમાં નથી. એ તો હતો માત્ર અવિશિષ્ટ એવો પડછાયો – ક્ષિતિજની પડછે ચાલનારો. પણ વસ્તુ અને પદાર્થોની ગતિ કરતાં એની ગતિ વિશિષ્ટ હતી. પ્રથમ પ્રારમ્ભની જેમ એ ગતિ એનામાંથી પ્રગટતી હતી અને વાયવી ભવિષ્યની રેખાઓ એ હવામાં આંકી દેતી હતી, એ ગતિને એના લક્ષ્યના સન્દર્ભમાં સમજવી જોઈએ. એ માનવ ક્યાં તો કોઈક ફળ ચૂંટવા જતો હતો, અથવા તો વળગેલા ઝાંખરાને દૂર કરવા વાંકો વળતો હતો, એ ગતિને એના ઉદ્‌ગમસ્થાને જોવાની નહોતી. એ ગતિને અમુક દૃઢસ્થાને કે અળગી પાડીને જોઈ શકાય એમ હતું જ નહીં. વૃક્ષની ઝૂકેલી શાખાને વૃક્ષથી છૂટી પાડીને ન બતાડી શકાય, ઊંચા કરેલા હાથને કે વાળેલી મુટ્ઠીને માનવીથી છૂટા પાડીને ન બતાડી શકાય. માનવી એનો હાથ ઊંચો કરે છે, માનવી મુટ્ઠી વાળે છે. હાથ માનવીનું એક અવિભાજ્ય અંગ છે અને એની બધી જ ગતિનું એકમાત્ર ઉદ્‌ગમસ્થાન છે. વળી એ અનેક મુદ્રાઓનો જાદુ

કરનારો છે. એ મુદ્રા એના વાળને વળગેલી હોય છે, એની આંખમાં ચમકતી હોય છે, એના બે હોઠ વચ્ચે નાચતી હોય છે, એની આંગળીને ટેરવે બેઠી હોય છે. એ બોલે છે ત્યારે એના આખા શરીર દ્વારા બોલે છે. એ દોડતો હોય છે તે પણ એની એક પ્રકારની વાચા છે; એ વાત કરે છે પણ એવી જ રીતે બોલતો હોય છે; અને જ્યારે એ નિદ્રાધીન થાય છે ત્યારે એની નિદ્રા જ એની વાણી હોય છે.

એને ઘડનારું દ્રવ્ય પથ્થરનો ખડક, એટલે કે અવકાશનો એક ખંડ. નર્યા અવકાશમાંથી જ્યાકોમેત્તીને માનવી ઘડવાનો હતો. નરી ગતિહીનતામાં ગતિની રેખાઓને આંકવાની હતી, અનેકવિધતામાં એકતાને પ્રગટ કરવાની હતી, નરી સાપેક્ષતામાં શુદ્ધ અવિકારી નિરપેક્ષતા સૂચવવાની હતી, શાશ્વત વર્તમાનમાં ભવિષ્યનું ઇંગિત રજૂ કરવાનું હતું, વસ્તુઓમાં રહેલી તંગ નિઃસ્તબ્ધતામાં મુદ્રાઓને વાચાળ બનાવવાની હતી. દ્રવ્ય અને 'મોડેલ' રૂપ માનવ વચ્ચે ન પૂરી શકાય એવો અવકાશ રહેલો લાગે છે, પણ એ અવકાશ જે એનું કારણ એ છે કે જ્યાકોમેત્તીએ એનું પરિમાણ માપી લીધું છે. જ્યાકોમેત્તી કદાચ અવકાશને માનવીય મુદ્રાથી અંકિત કરવા માંગે છે અથવા તો પથ્થરના ખડકમાં એ માનવી થવાના સ્વપ્નનો સંચાર કરવા ઇચ્છે છે, અથવા આ બંને કરવાની એની ઇચ્છા છે અને એ બંને વચ્ચે મધ્યસ્થીનું કામ બજાવી રહે છે.

શિલ્પીની ઉત્કટ ઇચ્છા પોતાને લંબાઈમાં ફેરવી નાખવાની છે જેથી એની પૂર્ણતામાંથી જ માનવની મૂતિર્ છલકાઈ ઊઠે. એને પથ્થરના જ વિચારો પજવતા હોય છે. જ્યાકોમેત્તીને એક વખત શૂન્યનો ભારે ભય લાગ્યો હતો, મહિનાઓ સુધી એ કેવળ શૂન્યની સાથે આંટા મારતો રહ્યો. એની નિર્જનતાભરી વન્ધ્યતાની અભિજ્ઞતા કેળવવાની પ્રતિજ્ઞા દરમિયાન એણે પોતામાં અનુભવેલી એ શૂન્યતા હતી. એક વખત એને એવું લાગ્યું હતું કે પ્રાણ વગરના મૃત પદાર્થો પૃથ્વીને સ્પર્શતા નહોતા. એ સદા બદલાતા રહેતા વિશ્વમાં વસતો હતો. લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કે ઊંડાઈ છે નહીં અને પદાર્થો વચ્ચે કશો સમ્બન્ધ નથી એનું ઉગ્ર ભાન એને શરીરના અણુએ અણુમાં થતું હતું, પણ સાથે સાથે એને એનું પણ ભાન હતું કે શિલ્પીએ આમાંથી જ એક મુખ કંડારવાનું હોય છે – એવું મુખ જે એકલું જ આ બધા પદાર્થોને સ્પર્શી શકે.

મુખ અને મુખ ઉપરની મુદ્રાઓ એને અત્યન્ત ઉત્કટ રીતે સ્પર્શી જાય છે. એ આ

મુદ્રાઓને આ ઉત્કટ ઈર્ષ્યાપૂર્વક જોઈ રહે છે. કેમ જાણે એ બીજા સામ્રાજ્યની નહીં હોય! એણે ધાતુમાં પોતાની તુલ્યગુણ મૂતિર્ઓ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. એની તરફ આંધળું બનીને ધસી આવતું ટોળું ઊભું કર્યું છે. ભૂમિપાતમાં ખડકો ગબડે તેમ એના તરફ એણે પથ્થરોને રૂપે ગબડી આવતું જોયું છે. આમ એના દરેક વળગણમાં એક આગવી અનુભૂતિ હતી, એ અવકાશને અનુભવવાના સાધનરૂપ હતું.

લોકો તો કહેવાના : 'એ તરંગી છે, ત્રણ હજાર વર્ષથી શિલ્પીઓ મૂતિર્ કંડારતા આવ્યા છે – અને તેય કેવી સુન્દર મૂતિર્ઓ! એમને આવા ચેનચાળા સૂઝતા નથી. એના પૂર્વજોને ઉખેડવાનો દમ્ભ કરવાને બદલે એમના જેવી અનવદ્ય મૂતિર્ઓ એ કંડારતો હોય તો!' પણ સાચી વાત એ છે કે ત્રણ હજાર વર્ષથી શિલ્પીઓ કેવળ મડદાં કંડારતા હતા. કેટલીક વાર એ કબરને અઢેલીને સૂતેલાં દેખાય છે, કેટલીક વાર એઓ ઘોડા પરથી ઝૂકતાં હોય છે. પણ મરેલા ઘોડા પરનો મરેલો માણસ સહેજેય જીવન્ત લાગતો નથી. બાઘાની જેમ જોનારા ભોમિયા લોકો મ્યુઝિયમમાં આવું બધા જોઈને છેતરાય છે. એના હાથ હાલતા લાગે છે, પણ ખભે એ લોખંડના સાંધાથી સંધાયેલા છે તે ક્યાંથી હાલે? એની જડ રૂપરેખા એનામાં રહેલી અનન્ત વ્યાપ્તિને શી રીતે સમાવી લઈ શકે? ઉપર ઉપરથી સ્થૂળ સ્વરૂપની સરખામણી સામાન્ય પ્રેક્ષકને આંજી નાખે છે.

આથી છેક શૂન્યથી નવેસરથી શરૂ કરવાનું જરૂરી બની રહે છે. ત્રણ હજાર વર્ષો પછી આજે જ્યાકોમેત્તી અને બીજા શિલ્પીઓનું કામ કળાનાં સંગ્રહાલયોમાં નવાં પૂતળાં ખડકી દેવાનું નથી, પણ કંડારવાથી શિલ્પ શક્ય બને છે તે નવેસરથી પુરવાર કરવાનું છે. છેક છેલ્લી સીમા સુધી જઈને શું થઈ શકે છે તે જોવું જરૂરી છે. જો એ પ્રયત્ન નિષ્ફળતામાં પરિણમે તો ગમે તેવા સંજોગોમાં એ નિષ્ફળતા શિલ્પીની હતી કે શિલ્પકળાની હતી તે નક્કી કરવાનું ખૂબ અઘરું થઈ પડે. પણ એની પછી બીજા શિલ્પીઓ આવવાના, અને એમને નવેસરથી જ શરૂઆત કરવી પડવાની. જ્યાકોમેત્તી પોતે હંમેશાં નવેસરથી શરૂઆત કરે છે. અમુક નિયત બિન્દુએ એને પહોંચવાનું છે, કશીક અદ્વિતીય સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. એ સમસ્યા આ છે : માનવીને અશ્મીભૂત બનવા દીધા વિના પથ્થરમાંથી કંડારવો શી રીતે? જો આ સમસ્યાનો ઉકેલ આવે તો પછી પૂતળાંઓની સંખ્યાગણતરી નિરર્થક બની રહે.

‘જો મને એક શિલ્પ બનાવતાં આવડે તો હું અસંખ્ય બનાવી શકું.’ જ્યાકોમેત્તી એમ કહે છે. એનો પ્રયત્ન સફળ થાય નહીં ત્યાં સુધી એક પણ શિલ્પ હશે નહીં. હશે માત્ર ખરબચડી કોતરામણી – એ જેટલે અંશે એને એના મૂળ ધ્યેયની નજીક લઈ જાય છે તેટલે જ અંશે એને માટે રસપ્રદ બની રહે છે. બાકીનાનો એ નાશ કરે છે. આ નાશમાંથી કેટલીક વાર મિત્રો એકાદ યુવતીને કે વયસન્ધિએ પહોંચેલા યુવકને બચાવી લે છે. એનો એ વાંધો લેતો નથી અને ફરીથી પોતાનું કામ આરમ્ભે છે. છેલ્લાં પંદર વર્ષોમાં એણે પોતાની કૃતિઓનું એકાદ જ પ્રદર્શન યોજ્યું હતું.

આજીવિકા મેળવવા માટે જ એણે પ્રદર્શન યોજવામાં સંમતિ દર્શાવી હતી. આમ છતાં એ આખી પ્રવૃત્તિ વિશે શંકા તો હતી જ. બહાનું કાઢતાં એણે આમ કહ્યું હતું : ‘હું ગરીબાઈના ભયથી હેરાન થતો હતો તેથી આ શિલ્પો જે સ્થિતિમાં છે (કાંસામાં કે ફોટોગ્રાફ રૂપે) તે રીતે પ્રદર્શિત કર્યાં છે. પણ એમણે વિશે હું નિ:શંક નથી. એ બધાં હું જેવા ચાહતો હતો તેવાં જ લગભગ બની શક્યાં છે.’

આ શિલ્પો હવેથી એનું આગવું અસ્તિત્વ શરૂ કરી દે છે અને એ વાત જ એને ખાસ કરીને મૂંઝવે છે. શિલ્પીને કે કળાકારને તરંગી કે ધૂની કહી દેતાં પહેલાં, એને અલગારી અને અભિમાની કહી દેતાં પહેલાં, આ બધી હકીકતોનો ખ્યાલ રાખવો જરૂરી છે.

12-2-71

*

# સમયનાં રૂપ

સમય વહે છે એમ કહીએ છીએ ત્યારે જાણે સમયનો પ્રવાહ એક દિશામાંથી નીકળીને બીજી દિશા તરફ વહી જતો હોય એવી સરળ વાત આપણે કરીએ છીએ. વાસ્તવમાં સમયની ગતિ એટલી સરળ હોતી નથી. માત્ર ગતિ જ શા માટે, સમયની અગતિને પણ લક્ષમાં લેવી જોઈએ. જાગૃતિના સમય ઉપરાંત સ્વપ્નના સમયની પણ નોંધ લેવી જોઈએ. બાળપણમાં સમયના ચક્રનાં ચિહ્નો આપણા મુખ પર અંકાતાં નથી. પ્રૌઢાવસ્થામાં સમયના આંકા સ્પષ્ટ દેખાવા માંડે છે. પણ સમય ખાસ તો દેખાય છે આંખના આકાશમાં, ધીમે ધીમે દૃષ્ટિની તરલતામાં ગામ્ભીર્યનો અણસાર દેખાવા લાગે છે, પછી એ ગામ્ભીર્ય વધુ ઊંડું બને છે. કોઈએ કાળને શી રીતે જીરવ્યો તે જો જાણવું હોય તો એની આંખને જોવી ઘટે. ઘણાંની આંખો સમયના વીતવા સાથે છીછરી થતી જાય છે. સમયનો પ્રપાત એમાં દેખાતો નથી. રેતાળ પટવાળી નદીના જેવી એ જિંદગી હોય છે. પણ કોઈકની આંખોમાં સમય પોતે જાણે નવું પરિમાણ પામે છે. એ નવા પરિમાણમાં દિવસરાત, જન્મમૃત્યુના દ્વન્દ્વથી પર એવા કશાકની ઉપલબ્ધિ રહી હોય છે. આ ઉપલબ્ધિ આંખને નવા અંજનથી આંજી દે છે. એ ચૈતન્યનો ચમકારો સમયને એના તેજથી વીંધી નાંખે છે.

સમય આપણી પાસે આવે છે તો પતંગિયાના જેવી ચટુલ ગતિએ ક્ષણને રૂપે. એ ક્ષણનો કશો ભાર નહીં, એ જાણે ભૂમિતિનું બિન્દુ, એ છે એટલો જ એનો ભાર. તો પછી સમયને આપણે ભારે કેમ બનાવી દઈએ છીએ? સમયને કશાક લોભથી થંભાવી દેવો જોઈએ,

કશાક લોભથી થોડીક ક્ષણોનો સરવાળો કરવા જઈએ એટલે ભાર લાગવા માંડે. સમયને રૂંધવા જઈએ તો એ આપણને રૂંધી નાંખે.

આમ કહું છું છતાં એ હકીકત તો સ્વીકારું જ છું કે આપણી ચેતના સમયની વિક્ષિપ્ત ક્ષણોમાં સાતત્યનું સૂત્ર પરોવવાનું સ્વભાવથી જ લઈ બેસે છે. ક્યાંક એમાં ગાંઠ પડી જાય, ક્યાંક તંતુ છેદાઈ જાય ત્યારે વેદના થાય છે. પણ વેદના આટલા પૂરતી જ હોતી નથી. એક રૂપ, અખણ્ડ સમયની ઉપલબ્ધિ આપણને થતી નથી. આથી ‘આગળ’ ‘પાછળ’ એવા એના ભાગ પડે છે. ‘પાછળ’નો સમય ‘આગળ’ના સમયના રૂપને બદલે છે. અહીંથી બધી ગૂંચ શરૂ થાય છે. સમયને છેક તળિયે પડી રહીને, સપાટી પરના બધા ક્ષોભથી નિલિર્પ્ત બનીને, જીવવા જઈએ તો જડ થઈ જવાય; સમયના તરંગો અને મોજાંઓ સાથે ઊછળીને જીવવા જઈએ તો કદાચ ચૂર્ણવિચૂર્ણ થઈ જવાય. સમયમાં રહેવું, છતાં એનાથી પર રહેવું એ મોટી સમસ્યા છે.

કાળની પગલી ભૂંસી નાંખવાના માનવીએ કેટલા પ્રયત્નો કર્યા છે! એમાંથી જ શૂન્યવાદ જન્મ્યો છે. અસ્તિત્વવાદીઓ કહે છે કે ચેતના શૂન્ય છે. એ તો એક પરાવર્તક સપાટી માત્ર છે જે પ્રતિબિમ્બ ઝીલે છે. એની આગવી કોઈ સત્તા નથી. પણ આ બધાં પ્રતિબિમ્બો પણ અવશેષમાં કશુંક મૂકી જાય છે, એ અવશિષ્ટમાંથી ધીમે ધીમે પિણ્ડ બંધાવાની સાથે જ બધી મુશ્કેલીઓ શરૂ થાય છે.

કોઈક વળી સમયને સમયથી છેદવાની પણ વાત કરે છે. ગીતામાં કર્મ વડે કર્મના લોપની વાત કરવામાં આવી છે. પણ એ એક શક્યતા લેખે જ સ્વીકારી શકાય. કર્મ એની છાપ મૂકી જાય છે, એને ભૂંસવા માટે બીજું કર્મ. પણ કાંટા વડે કાંટો કાઢવા જતાં કશી ઇજા ન જ થાય એવું માનવું તે ભોળપણ છે. આથી જ તો સમય એટલે આકાશ એમ માની લેવું વધુ સુગમ થઈ પડે છે. સમયના આદિ અન્ત જ છેદી નાખો એટલે બધી ઉપાધિનો અન્ત આવી જાય.

માનવીની વિચિત્રતા એ છે કે સમયને ભૂંસવા ઇચ્છતો છતાં એ સમયનું પગેરું શોધવાને સદા મંડ્યો રહે છે. લાખ વરસ પહેલાંના અશ્મીભૂત અવશેષને શોધીને એના પરથી

સમયની છાપને એ ઉકેલે છે, અસ્થિ, સિક્કા, પથ્થર – આ બધું જ એ ફેંદી વળે છે. વૃક્ષના થડને વહેરીને એના પર પડેલી સમયની ભાતને એ છતી કરે છે.

સમય શિશુની આંખમાં સેલારા મારે છે, એના પ્રચણ્ડ મોજાં યૌવનમાં ઊછળે છે ને વૃદ્ધાવસ્થામાં એના ઓટનાં ઓસરતાં મોજાં દેખાય છે એમ કહેવું એ પણ યોગ્ય નથી. ઘણાં એવી જિંદગી જીવે છે કે સમયને હાથે પોતાનો લોપ થવાનું પણ એમને ભાન થતું નથી. ઘણાં સમયને નાથવા મથે છે, ઘણાં સમય સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કરે છે. પલાણેલા અશ્વની જેમ સમયને આરોહવાનું તો બહુ ઓછાથી બની શકે છે.

ઝાકળના ટીપામાં, ખીલતી કળીમાં જે સમય રહેલો છે તેને બાળપણમાં આપણે ઓળખતા હતા, કારણ કે ત્યારે ઓગળી જવું, ભળી જવું, એકાકાર થઈ જવું એને માટે સાધના કરવી પડતી નહોતી; ત્યારે એ આપણો સ્વભાવ હતો. ત્યારે આપણે શ્વાસને જાણતા હતા, નિઃશ્વાસને નહીં. પણ પછી બધું બંધ કરી દેવાની, સાચવી રાખવાની વૃત્તિ થવા લાગી. બંધાવું કે બાંધી લેવું એ પોતે કોઈ ખોટી વસ્તુ છે એવું હંમેશાં નથી. કોઈકના જીવનમાં સમય મોતીની જેમ બંધાઈને તેજ પ્રાપ્ત કરે છે, પણ એ તેજ કેવી તો વેદનાના ગર્ભમાં ઘુંટાતું હોય છે! બાળકની પાટીમાં રમતિયાળ લઘુક હાથે લખેલો એકડો અંકગણિતની જટાજાળનો ભાર ઉપાડતો નથી, કારણ કે એને આલેખનારનું મન હજી એ જટાજાળમાં ફસાયું હોતું નથી. તેમ સમયને પણ એના વિસ્તરેલા પ્રપંચમાંથી સારવી લેવાનું શક્ય તો હોવું જ જોઈએ. સૂર્યના ક્રમણથી સમયનું માપ માનવી કાઢવા મથ્યો. પણ સૂર્યને બીજી રીતે જોઈ શકાય. ગતિ અગતિના બે ધ્રુવ વચ્ચે જ જાણે માનવીની કલ્પના એની પાંખો પછાડ્યા કરે છે. આથી સાપેક્ષતા એ જ એની સૌથી મોટી ઉપાધિ છે.

સમયને નાથવાનું છોડો. સમયથી ભાગવાનું છોડો, એને બદલે સમયને ભોગવો, સમય આપણા ઉપભોગના આનન્દથી પુષ્ટ બને છે, આપણા ભયથી નહીં. સમય આપણી વેદના ભરવાનું પાત્ર નથી. એને ઉત્સવની ધજાપતાકાની જેમ પવનમાં ફરફર ફરકવા દો. સમય આપણા શ્વાસોચ્છ્વાસનું કારાગાર નથી. સમય આપણા જીવનની ક્રીડાનું પટાંગણ છે, જેને ક્ષિતિજોની સીમા નથી. સમય એ લોભથી ચોરવાની વસ્તુ નથી, ઉદાર બનીને લુંટાવવાની વસ્તુ છે. સમય અનેક સાંધાવાળી ફકીરની ગોદડી નથી, એ નવસ્ત્રા

નરવા શિશુના દેહની કાન્તિ છે. સમયની અવળી છબિ જોનાર મૃત્યુનું રૂપ જોઈને છળી મરે છે. પણ સમયને સવળે રૂપે જોનારા બહુ ઓછા હોય છે. સમય જીર્ણ થતો નથી, આપણી દરિદ્રતા જ એને જરાજીર્ણ બનાવે છે. સમયના ગર્ભમાં રહસ્ય છે એમ માનીને એનાં પડ ઉકેલનારા જે શૂન્ય સુધી પહોંચે છે તે શૂન્યનો પહેલેથી જ સાક્ષાત્કાર કરી લીધેલો સારો.

21-5-71

*

# સમય

નવો ખણ્ડ શોધાયો. નક્ષત્રોને વિશે નવું નવું જાણ્યું. પણ હવે શોધેલું ખોવાઈ જાય એવું કોણ કરી આપશે? માનવજાતિને આજે કેટકેટલું ભૂલવાની જરૂર છે, બધાં યુદ્ધોના ઊઝરડા હજી સ્મૃતિમાં અંકાયેલા છે. એથી વેરઝેરનો નાશ થતો નથી, આપણો નાશ થાય છે. માનવી બુદ્ધને ભૂલે છે. ગાંધીને ભૂલે છે પણ વેરઝેરને ભૂલતો નથી. કોલંબસે માનવજાતિ પર ઉપકાર કર્યો કે અપકાર? કોઈ શોધાયેલો ખણ્ડ પૃથ્વીતલ પરથી લુપ્ત થઈ જાય તો?

આથી જ તો આપણા દિવસરાતનાં પરિમાણ એના એ રહ્યાં નથી. ક્ષણો તસતસતી બની જાય છે, સમય સહ્યો જતો નથી. કોઈ વાર શિરાઓમાં સમય સળકે છે, દર્દના ધબકારાની જેમ ધબકે છે, ત્યારે વિસ્મૃતિને ઝંખીએ છીએ. પણ વર્તમાન, નર્યો વર્તમાન, આપણા નસીબમાં નથી. આપણી આંખો કેટલી ઊંડી છે! એ કેટલું બધું સંગ્રહી બેઠી હોય છે!

વર્તમાન એટલો પુષ્ટ થયો હોય કે ભૂતકાળને માટે તસુભાર સ્થાન નહીં રાખે તો જ આપણે કેવળ વર્તમાનને પામી શકીએ. સમયથી પર થવું, સમયને થંભાવી દેવો – માનવી યોગથી ધ્યાનથી આવું બધું કરવા મથે છે. સમયનો પદધ્વનિ સંભળાય નહીં એવી સ્થિતિને આપણે ઝંખીએ છીએ. પણ સમયને છલોછલ ભરી દે એવું આપણી પાસે કશું હોતું નથી. આ ભર્યાભર્યા વિશ્વમાં આપણું ઠાલાપણું સમયના પાત્રમાં ખખડ્યા કરે છે. આપણા ઠાલાપણા સાથે ઘસાઈ ઘસાઈને સમયની તીક્ષ્ણ ધાર નીકળે છે. એ કોઈક વાર

મર્મને છેદી નાખે છે. આથી જ જ્યારે આપણે કહીએ છીએ અકારણ વિષાદ ત્યારે સમય જ એના કારણરૂપ હોય છે તે ભૂલી જઈએ છીએ.

બાળકના જોડકણામાં પ્રાસ વડે સમયને ઠેકી જવાનો પ્રયત્ન કરીએ છીએ. પુનરાવર્તનના લયમાં સમયને બાંધી લેવા મથીએ છીએ. સમુદ્રને કાંઠે બેસીને એના ઊછળતાં અને શમી જતાં મોજાંની એકધારી ક્રિયાને જોઈને સમયને ભૂલીએ છીએ. તો કોઈક વાર કોઈક એવી દૃષ્ટિ આપણા પર પડે છે કે સમયનો કાળો કરોળિયો અને એની જાળ એકાએક આપણા ચહેરા પરથી દૂર થઈ જાય છે.

આપણી બધી ઘટનાઓના આકાર સમયના દ્રાવણમાં બંધાય છે. સમયનો પાસ આપણા બધા અનુભવોને બેઠો હોય છે. સમયથી આપણે જર્જરિત થઈએ છીએ તો કેટલીક વાર પુષ્ટ પણ થઈએ છીએ. સમય કપુરની જેમ ઊડી જતો હોય છે, તો એના ચાલ્યા જવાનું ભાન રહેતું નથી. પણ કેટલીક વાર એ શારડીની જેમ આપણને વીંધે છે. સમયના કળણમાં ખૂંપી જતા હોઈએ એવું લાગે ત્યારે આપણો શ્વાસ રૂંધાઈ જાય છે. પણ ગ્રીષ્મની સાંજની આછી વાયુલહરની જેમ સમય ફરફરતો હોય છે ત્યારે એમાં વિહાર કરવાનું ગમે છે.

શહેરનો સમય જુદાં જ રૂપો ધારણ કરે છે. મોટાં મકાનોની વચ્ચેથી ડોકિયું કરતો ક્લોકટાવર એ જાણે કે સમયે નગરને માથે ફરકાવેલી ધજા છે. પણ શહેરમાં સમય ઓગળતા ડામરના જેવો ચીકણો લાગે છે. સિનેમા થિયેટરમાં પુરાયેલો અજીઠો સમય કે રેલવે સ્ટેશન પરનો એન્જિનની સીટીથી રણકતો સમય શહેરમાં જ અનુભવાય છે. પણ હોસ્પિટલનો ડિસઇન્ફેક્ટન્ટથી ગંધાતો ને ધોળી લાદી પરથી લપસતો સમય વળી જુદો જ હોય છે. ફેક્ટરી અને કારખાનામાં સમયના ચક્રના દાંતા વાગે છે. આ બધી ભીડ-કોલાહલ વચ્ચે એકાદ નાના શિશુના અસાવધ હાથ વચ્ચેથી સરી જતી લખોટીની જેમ સરી જતો સમય પણ ક્યારેક દેખાઈ જાય છે ખરો. દેવપૂજાના ગોખલામાં ધૂપસળીથી ધૂમાયિત સમય દેવની મૂતિર્ઓ ભેગો ગૂંચળું વાળીને બેઠો હોય છે, તો કોઈ વાર એ રમતના મેદાનમાંથી લંગડાતો ભાગતો પણ દેખાય છે.

કવિતાની પંક્તિમાં બે શબ્દો વચ્ચેનો નિ:શબ્દ ઊંડો સમય કોઈ વાર ગભરાવી મૂકે

છે. સવારે ઊગીને સાંજે ખરી જતા ફૂલમાં ઘડીક સમયને ફોરી ઊઠતો જોઈએ છીએ. કોઈ વાર સમયને કર્મની રજને લૂંછવાના અંગુછાની જેમ વપરાઈને કોઈ ખૂણે ફેંકાયેલો જોઈએ છીએ. સીમાડાના ચૂનાથી ધોળેલા પથ્થરની જેમ કોઈક વાર સમય ખોડાઈ જઈને પડ્યો હોય છે. કોઈકની આંખોમાં સમય આંસુને ટીપે ટીપે દ્રવી જતો દેખાય છે. તો કોઈકના પગમાં સમય મણીકાની જેમ બંધાઈ ગયેલો પણ દેખાય છે, ઘાટનાં પગથિયા જોડે રાત્રે ગુફ્તેગુ કરતા નદીના જળ જોડે સમય હોંકારો પુરાવતો સંભળાય છે, તો પીપળામાં સમય શિશુની જેમ કલબલ મચાવી મૂકતો પણ સંભળાય છે.

રેશમના કીડાની જેમ આપણે સમયના કોશેટામાં રહીને કાંતીએ છીએ, પછી આપણે ચાલ્યા જઈએ છીએ અને આપણું કાંતેલું પાછળ રહી જાય છે. માનવીનો વિદ્રોહ સમય સામે હોય છે. એની જોડે બાથ ભીડાવીને જ માનવ પોતાની તાકાતનો પરિચય મેળવે છે. સમયથી ચૂસાઈને ખોખા જેવા થઈ ગયેલા માનવીઓ પણ ક્યાં નથી દેખાતા? તો સમયને પાદપીઠ તરીકે વાપરનારાઓ પણ શું નથી? સમયના સર્પને લપાવા માટેના દર જેવી પણ ઘણાંની જિંદગી બની જતી હોય છે.

કેટલાક ભાગ્યશાળીઓ જ સમયને ક્રીડાનો સોબતી બનાવી શકે છે. સમયને જુગારીના પાસાની જેમ ફેંકનારા પણ હોય છે. ક્યારેક જ સમય ઘીના દીવાની સ્થિર જ્યોતની જેમ પ્રગટતો દેખાય છે નહીં તો એ અચાનક સુરંગની જેમ ફૂટે છે. સમય કંજૂસની નાણાંની થેલીમાંના પુરાયેલા સિક્કા જેવો પણ બની જાય છે.

સમયને આપણે મુક્ત કરીએ તો એ આપણને મુક્ત કરે, પણ જો આપણે એનો પીછો પકડીએ તો એ આપણો પીછો પકડે. એના કરતાં, સમય જોડે સંતાકૂકડી રમવી સારી. સમયના ઊંડાણનો ભરોસો નહીં માટે એની સપાટી પર સેલારા મારવા સારા. ઘણાં ગાંધીની દુકાનમાંના વસાણાના પડીકાની જેમ સમયને સાચવી રાખે છે.

કોઈક વાર મારી સામેનું જગત એકાએક હળવે પગલે સરી જાય છે ને ત્યારે અણધારી રીતે સમય જોડે દૃષ્ટોદૃષ્ટ થાય છે. હું સામેના વિસ્તારમાં મને મૃગજળની જેમ રેલાઈ જતો જોઉં છું. એ મૃગજળની છાલકો મને વાગે છે. ધરતીના ઊંડાણમાંના ભૂસ્તર જેવા મારી ચેતનાનાં પડ અબરખની જેમ ઊખડતાં જાય છે.

અનિદ્ર રાત્રિમાં સમયનું ઉત્તાપજનક સામીપ્ય સહેવાતું નથી, ત્યારે કોઈ જાદુઈ મન્ત્ર ભણીને સમયને બહાર બોલતી ચીબરીના અવાજમાં બાંધી દઈ શકાતો હોય તો? પણ શિરાઓના ધોરી માર્ગે સમયના ઘૂઘરા રણકી ઊઠે છે, ને ત્યારે નિદ્રા ચોંકી ઊઠેલા ભયગ્રસ્ત પંખીની જેમ ઊડી જાય છે. એના દૂર ને દૂર થતા જતા પાંખના ફફડાટને હું સાંભળ્યા કરું છું, ને સવારના પ્રથમ પ્રહરે સમય ખોવાયેલા શિશુની જેમ દયામણે ચહેરે જોઈ રહેતો મારી સામે ઊભો રહે છે.

20-8-72

*

# રૂપાન્તરની સાધના

આશાવાદ અને નફફટાઈને કેટલું છેટું? ભાદ્રપદની સોનેરી સવારે આ પ્રશ્ન પૂછવા જેવો નથી તે જાણું છું. કેમ્યૂએ પણ સૂર્ય સામે જોઈને આશાવાદ કેળવેલો. કાફકાની સૃષ્ટિમાં સૂર્ય લગભગ ગેરહાજર છે. આંખનું એક આંસુ આખા સૂર્યને ડુબાડી દઈ શકે છે. આંસુ એ પેલી રાજકુમારીની આંખમાંના મોતી જેવું લાગે છે. આપણી આ સૃષ્ટિમાં કોઈ સૂર્ય સૂકવી શકે નહિ એટલો બધો આંસુનો ભેજ છે. છતાં ભાદ્રપદની આ સવારે, શ્વાસ રૂંધાય છે ત્યારેય, મનમાં બે વસ્તુને જોડવાનું મન થાય છે. એથી જ તો શબ્દોને જોડવાને માટે સમ્બન્ધો શોધું છું. આખરે તો અન્વય વિના અર્થ નથી, અને કશી સાર્થકતા વિના આ જિન્દગીને કેવળ સહ્યો જવાનું પણ આપણને મંજૂર નથી.

ગ્રહનક્ષત્રોના સમ્બન્ધોનું ગણિત અટપટું હશે ખરું, છતાં માનવબુદ્ધિની પકડમાં આવે એવું છે. પણ માનવસમ્બન્ધોનું ગણિત વધારે અટપટું છે. જ્યાં સરવાળો કે ગુણાકાર થવાની શક્યતા લાગે ત્યાં જ એકાએક છેદ ઊડી જાય છે. આપણા હાથમાં શૂન્ય રહે છે. આ શૂન્યમાં આપણી ચેતના શૂન્ય બનીને તદાકાર થઈ જાય તો તો પ્રશ્ન જ રહેતો નથી. પણ આપણી ચેતના, અસ્તિત્વવાદીઓ કલ્પે છે તેવો, શૂન્યાવકાશ નથી. એમાં સ્મૃતિ સંસ્કાર, અધ્યાસનાં જાળાં છે. ત્રણે કાળની સેળભેળ છે. પ્રાગૈતિહાસિક અરણ્યોનો આદિમ અન્ધકાર એમાં પથરાયેલો છે. આથી જ તો માનવીની સૌથી મોટી પ્રાર્થના પ્રકાશને માટેની છે. આ પ્રકાશ પોતે પ્રકટાવી શકે તે સૌથી મોટી સાર્થકતા.

આશા આ પ્રકાશ સાથે સંકળાયેલી છે. અન્ધકારમાં અન્ધકાર બનીને ભળી જવું કદાચ સહેલું છે, પણ એમાંથી પ્રકાશના એક તણખાને પ્રગટવાનું સાહસ કરવા તો આપણો

જન્મ થયો છે. એ પડકાર ઝીલીને તો આપણે જીવવાનું સ્વીકાર્યું છે. કેટલી બધી કૃત્રિમતા વચ્ચે આપણે જીવીએ છીએ? હાસ્ય કૃત્રિમ, સમ્બન્ધો કૃત્રિમ, શબ્દો કૃત્રિમ – એ કૃત્રિમતાનાં થર બાઝતાં જાય છે. એને દૂર કરીને તાજગીનો અનુભવ કરીએ તો જીવવાનો ઉત્સાહ આવે. જીવન સર્વત્ર જીવન પ્રગટાવે, ચેતના ચૈતન્યને પ્રદીપ્ત કરે, સાર્થકતા સમર્થને પ્રકટ કરે, આવું બને તે માટે તો આપણો પુરુષાર્થ છે.

આની આડે ઘણા અન્તરાય છે. ઘણી વાર એક શબ્દ બોલવો તે ખૂબ ઊંડે ખૂંપી ગયેલા બાણને પોતાને હાથે બહાર ખેંચી કાઢવા જેવું હોય છે, છતાં એ શબ્દ તો બોલવો જ જોઈએ. ક્યાંક એ શબ્દના અભાવને કારણે જ કોઈક વાક્ય અધૂરું રહી જતું હોય છે. શબ્દનો વેપલો માંડી બેઠેલાઓની વાત જુદી છે. આ દુનિયાનાં માનઅપમાન, સુખદુ:ખ અને એવી તેવી અનેક ઉપાધિઓને અળગી કરીને જો આગળ જઈએ તો જ આ અન્ધકારને વીંધી જઈ શકાય. પણ ઘણાં આ ઝેર પચાવી શકતા નથી, વચમાં જ એઓ ઢળી પડે છે. એક ટીપું ઝેર તો આપણા બધા પાસે હોય છે. આપણી ઝેરની કોથળી ખાલી થતી નથી. આ બધા ઢળી પડેલાને ઠેકીને આપણે આગળ જવાનું છે, એટલું જ નહીં, જેમની પાસે ઝેર છે તેમને એકાદ બિન્દુ અમૃતનો સ્વાદ પણ ચખાડવાનો છે. પણ અમૃતનો જે સંચય કરવા ઇચ્છે છે તેની પાસે એવું પાત્ર હોવું જોઈએ જેને કાટ નહીં લાગે. આથી જ આપણા મનને દ્વેષનો, ક્રોધનો, વિષાદનો પાસ બેસવા દેવો ન જોઈએ, એવું જ થવાને લાખ કારણો છે, છતાં, આવું રક્ષાકવચ કોઈ દેવની પ્રાર્થના કરવાથી મળવાનું નથી, એ તો આપણે પોતે જ ઘડી લેવાનું રહે છે.

કાફકાએ આથી જ તો એક સ્થળે કહ્યું છે કે જે લોકો આ દુનિયાને પહોંચી નથી વળી શકતા, તેમનો એક હાથ એ બધાં જોડે ઝઝૂમવામાં રોકાયેલો છે, પણ બીજા હાથે એણે આ યુદ્ધની વાતનું આલેખન કરવાનું રહે છે. જે ખંડિયેરમાંથી એણે રસ્તો કર્યો તેનો એણે અહેવાલ આપવાનો રહે છે. આમ, એનું એક વિશિષ્ટ સ્થાન છે, કારણ કે એનું એક વિશિષ્ટ કર્તવ્ય છે.

તો આપણે અબુધ આશાવાદી નથી. વાસ્તવિકતાને સ્વીકારીએ છીએ, પણ એને નવો આકાર આપવાની આપણી શક્તિનેય આપણે નકારતા નથી. કેવળ ખંડિયેરના ભંગારને જોઈને આપણે બેસી રહેતા નથી, એને જોતા હોઈએ છીએ ત્યારે જ નવા સ્થાપત્યની

રેખાઓ આપણા મનમાં અંકાતી હોય છે. વેદનાનું વિષ આપણે પચાવીએ, એથી થતું જ્ઞાન દુનિયાને આપીએ. વેદના સાથે આત્મસાત્ થઈને નહીં, એનાથી અળગા રહીને જ આપણે એને ઓળખી શકીએ. ભય છે – સૌથી મોટો ભય મરણનો, જે આપણી સર્વ શક્યતાઓનો અન્ત લાવી દે. પણ મરણ હોવા છતાં સૃષ્ટિમાં સાતત્ય અટકતું નથી. આપણું કાર્ય, આપણું જીવન બીજામાં ચાલુ રહે છે. આ બની શકતું હોય તો સર્જનનો પ્રવાહ અટકતો નથી. મરણની વેદનાનો ઓછાયો સરખો પડવા દીધા વિના કેવળ સાતત્યને જ ખ્યાલમાં રાખીને છેલ્લે છેલ્લે પણ રહીસહી શક્તિથી ઠેલો મારી આપવો, જેથી ક્યાંય કશું અટકી નહીં પડે એ જ આપણું ઇષ્ટ કર્તવ્ય છે. એવું પણ બને કે વર્ષો સુધી મરણ આપણા ખભેથી નીચે ઊતરે જ નહીં. છતાં આપણે એવું ગજું કાઢવું જોઈએ કે એનો ભાર ઉપાડીનેય આપણે જીવનની દિશામાં જ આગળ પગલાં ભરી શકીએ. આ તો કરવાનું જ રહેશે, નહીં તો કાદવિયા ભૂમિમાં, વિષાદના ધુમ્મસમાં, ઘણા અટવાઈ જશે, એમની દુર્ગતિ થશે.

સન્તપુરુષોના મુખ પર હાસ્ય હોય છે તે ઘુંટાયેલી વેદનામાંથી પ્રગટ્યું હોય છે. હું વેદનાને નકારતો નથી, એ વેદનાને સ્વીકારવી, એને હૃદયમાં સ્થાન આપવું પણ તે એનું રૂપાન્તર સિદ્ધ કરવા માટે. વેદના વેદના જ રહી જાય તો આ પ્રક્રિયા અધૂરી જ રહી જાય. કેટલાક આપણી એટલા નિકટ હોય કે આ પ્રક્રિયાના પણ સાક્ષી બને, પણ એઓ આપણી આ વેદનાથી ભડકે નહીં. એઓ જાણતા હોય છે કે વેદના કાચી ધાતુ છે. હજી એને સાચા સ્વરૂપે સિદ્ધ કરવી બાકી છે.

આ બની ચૂક્યા પછી જ પ્રસન્નતાને પ્રકટવાની ભૂમિકા રચાય છે. પ્રસન્નતાને માટે પૂરું મૂલ્ય ચૂકવી દેવું પડે છે. આપણે ક્ષુદ્ર રહીએ, સંકુચિત રહીએ તો આવડું વિરાટ જગત આપણામાં પ્રવેશ શી રીતે પામે? મારી પ્રત્યે અકારણ કે સકારણ ક્રોધ કરનાર, મારું અપમાન કરનાર, મારાં મૂળ ઉખેડી નાખવા મથનાર – આ સૌને હું આવકારું છું; નફ્ફટ બનીને નહીં, પણ એ બધાં અનિષ્ટો સામે ટકી રહી શકે, એનાથી દૂષિત થાય નહીં એટલું જ નહીં, પણ એના દોષને સ્વચ્છ કરે એવું કશુંક મારી પાસે છે માટે – અને એ છે પ્રસન્નતા, આ પ્રસન્નતા વેદનાથી અસ્પૃષ્ટ નથી, એણે વેદનાને પણ સત્ત્વને રૂપે રૂપાન્તરિત કરી લીધેલી છે.

આ રૂપાન્તરની સાધના ક્ષણેક્ષણની સાધના છે. વેદનાનાં સાતે સાત પાતાળમાં ડૂબકી મારવાની છે. આ શરીર જે વ્યાધિથી દમે તેને પણ સ્વીકારવાનું છે. એના સ્વીકારવામાં જે પ્રતિકારની ભૂમિકા છે, મરણની શક્યતાને સ્વીકારવાની છે. એને કોઈ તૈયાર ફિલસૂફીનાં હાથવગાં આશ્વાસનોથી સહ્યા બનાવવાનો સહેલો રસ્તો શોધવાનો નથી, પણ મરણ છતાં, જીવનને માટેનો આનન્દ છલકાવ્યા કરવાનો છે.

27-8-71

*

# અપરિચિત નિર્જનતા

સમય સમથળ વહેતો હોય છે ત્યારે એનો પ્રવાહ જ આપણને આસાનીથી આગળ લઈ જાય છે. ત્યારે દિવસો આપણે ગણતા નથી. એક દિવસ અને બીજા દિવસ વચ્ચે કશો સાંધો દેખાતો નથી. પણ બધા જ દિવસો એવા જતા નથી. કોઈક વાર સમય, દુશ્મનોએ છૂપી રીતે પાથરેલી સુરંગોના જેવો, બની જાય છે. એકાદ ક્ષણ એવી આવી ચઢે છે કે એના પર પગ મૂકતાં જ એવો તો ભયંકર સ્ફોટ થાય છે કે આપણા ફુરચેફુરચા ઊડી જાય છે. પછી બધું સાંધવાનું અઘરું થઈ પડે છે. જિન્દગીમાં એક વાર એવું બન્યા પછી સાવધાની, ભયભીતપણું એક વળગણરૂપ થઈ પડે છે. આંખ સાવધ રહે છે, કાન સરવા રહે છે. આ સાવધાનીની જામગીરી નિદ્રાના ઊંડાણમાં પણ ઘુમરાયા કરતી હોય છે.

આથી જ કશે કશી ગૂંચ ન રહે, બધું પારદર્શક, પ્રસન્ન અને હળવું બની રહે એવું હંમેશાં ઇચ્છું છું. સરળતા જ સૌથી અઘરી વસ્તુ છે તે સમજાઈ ગયા પછી જ સરળતાનું મૂલ્ય આપણે મન વધી જાય છે. આપણે કુટિલ થવા નથી ઇચ્છતા, પણ ક્યાંક અટપટી ભુલભુલામણી આવી ચઢે છે. એક ગૂંચ ઊભી કરી બેસીએ છીએ. માનવીનો મુખ્ય અપરાધ શો છે? સરળતાને સિદ્ધ કર્યા વિના સ્વીકારી લેવી તે? વ્યવહારમાં, સમ્બન્ધોમાં કશું સરળ નથી. વિશ્વાસ શ્રદ્ધા જરૂરી છે, પણ એથી ગૂંચ ઊકલી જતી નથી. માનવી દ્વિધાવશ પ્રાણી છે. દ્વિધામાં તો માત્ર બેનો જ ઉલ્લેખ થયો, પણ વાસ્તવમાં એથી વિશેષનો એને સામનો કરવો પડતો હોય છે. આથી જ જ્યારે સંગતિ, એકવાક્યતા કે એવી કશી સંજ્ઞાઓનો ઉપયોગ કોઈને ખૂબ આસાનીથી કરતાં જોઉં છું ત્યારે એના ભોળપણની મને દયા આવે છે. આપણા ભાગ્યમાં સંગતિ નથી. થોડેક આગળ જઈએ

કે આપણામાંથી જ આપણો વિરોધી ઊભો થાય. બહારના વિરોધને તો હું સરાણનો પથ્થર ગણી લઈ શકું છું. એથી મારા વ્યક્તિત્વની ધાર નીકળે છે એમ પણ કહું. પણ અનુભવ અને એનાં પરિણામો એક ભાતમાં ગોઠવાતાં આવે તેમ તેમ મારા કાર્યનાં રૂપ પણ બદલાતાં જાય. આથી આજે જે કહું તેની વિરુદ્ધનું જ આવતી કાલે કહેવાનો વારો આવે. પ્રામાણિકતાનો ગુણ કેળવવો એટલે શું? પોતાની જાત સાથે સચ્ચાઈથી વર્તવું એટલે શું? કારણ કે 'પોતાની જાત' જેવી સ્થિર વસ્તુ આપણા નસીબમાં નથી. આથી વિના કારણે આપણે ગુનેગારની જેમ મૂંઝાતા ફરીએ છીએ. આપણા વર્તનનો હિસાબ સહેલાઈથી સમજાવી દઈ શકાતો નથી.

મને લાગે છે કે આ જ કારણે ન્યાય પ્રેમ વિના ન સમ્ભવી શકે. સહાનુભૂતિ કે દયા પ્રેમની અવેજીમાં મૂકી નહિ શકાય. આપણી ક્ષમતા કેટલી? આપણી ઉદારતા કેટલી? જુદાં જુદાં પરિમાણ ધરાવનારાઓ એક જ ચોકઠામાં કાર્યને જડબેસલાક બેસાડી દઈને એનો નિર્ણય કરવા જાય તો શું થાય? એમાંથી જ કરુણતા ઊપજે. એ કરુણતા અનિવાર્ય છે એમ દુનિયાડાહ્યા ઠંડે કલેજે કહેવાના જ. આ બધાંનો વિચાર કરું છું ત્યારે લાગે છે કે માનવી પાસે સમ ખાવા પૂરતુંય હૃદય કદાચ બચ્યું નથી. બુદ્ધિની કુશાગ્રતા એકલી કામમાં ન આવે, એની સાથે હૃદયનું ઔદાર્ય હોવું જોઈએ. તર્કને તો ગમે તે દિશામાં વાળી શકાય. આથી નરી તાકિર્કતાથી અંજાઈને ન જીવી શકાય. આ બધું હું જ પહેલી વાર કહું છું એવું નથી. છતાં દુર્યોધને આપણાં બધાંની વતી એકરાર કરેલો તે સાચો છે. ધર્મ શું છે તે જાણું છું, પણ તે પ્રમાણે આચરણ કરી શકતો નથી. અધર્મ શું છે તેય હું જાણું છું, પણ એમાંથી પાછો વળી શકતો નથી. આપણે માનવી છીએ માટે એમ જ થવાનું એવું કહીને આપણે આપણા મનને મનાવી લઈએ છીએ તે ઠીક નથી. માનવી હોવાને કારણે જ આપણને અમાનુષીપણે વર્તવાનો સ્વાભાવિક અધિકાર મળી જાય છે ખરો?

માનવીય ગૌરવ આખરે શું છે? હું કોની આગળ મારું ગૌરવ પુરવાર કરીશ? મારી ગુરુતા બીજાને કચડી મારે એવી તો ન જ હોવી જોઈએ. હું સૌ કોઈનું માન જાળવી શકું તો જ મારા સ્વમાનની કાંઈ કિંમત રહે, નહીં તો એ મારું મિથ્યાભિમાન બની રહે. આ બધું વિચારતાં આખરે એક જ વાત સાચી લાગે છે; સ્નેહાર્દ્ર હૃદય વિના જીવી શકાય નહીં. જ્યાં સ્નેહ નથી, કરુણા નથી, આર્દ્રતા નથી ત્યાં આસુરી વૃત્તિ અનેક રૂપે ફાલે છે. જ્યાં

માનવી પ્રેમથી નથી જીવતો ત્યાં એ ભયથી જીવે છે, ઈશ્વરને નકારે છે, અસુરને આવકારે છે.

આ સમજણ આપણને ખપમાં આવે છે ખરી? ઝંઝાવાત આવે છે અને આપણે વરાળની જેમ ઊડવા લાગીએ છીએ. આથી દૃઢતા, સ્થિરતા – એ બધા શબ્દો શાન્ત આબોહવા પૂરતા જ સાચા છે. માનવીની આ ક્રૂર મશ્કરી છે. એને અહંકાર આપ્યો છે. એ પૂરેપૂરો વિસ્તરતો નથી; એને પ્રેમ આપ્યો છે, એને જીરવવાની શક્તિ આપી નથી; એને દૃષ્ટિ આપી છે, પણ એને સ્વચ્છ અને સ્થિર રાખવાની એનામાં સચેતતા નથી. આ બધી ગૂંચની પેલે પાર, કોઈ શૂન્યાવકાશને કલ્પીને, થાકેલો માનવી એને ઝંખે છે. એ શૂન્ય પણ એના પડછાયાથી કલુષિત થયેલું છે. એ વાત એ ભૂલી જાય છે. ત્રણ કાળના ગૂંચવાયેલા તન્તુઓ, સ્મૃતિવિસ્મૃતિના તાણાવાણા, કલ્પનાનું અળવીતરાપણું – આ બધું માનવીને માટે કશું સરળ રહેવા દેતું નથી. આવી પરિસ્થિતિને કારણે જીત કે હારની વાત કરવી માનવીને પોષાય એમ નથી. અર્જુનના રથના દોર કૃષ્ણે હાથમાં લઈ લીધા અને નિમિત્ત માત્ર બનવાનું કહી દીધું. અહંકાર આપ્યો, પણ એનું મર્દન કરવા માટે. આપણા જીવનનો કરુણ પણ ભવ્ય છે એમ કહીને આશ્વાસન લેવા જેવું રહ્યું છે ખરું?

આથી જ કોઈ વાર માનવીઓનાં ટોળાં વચ્ચે જતાં ગભરાટ થાય છે. એ કેવી ભયંકર અરાજકતાનો સાગર છે કે એનાં ઊંડાણમાં કેવાં ભયંકર વમળો છે! આથી જ તો પોતાની નરી સામાન્યતાને, સાધારણતાને, તરણોપાય માનીને બાઝી રહેલા માનવીઓને જોઈને કરુણા નીપજે છે. જાગૃતિ દરમિયાનના દસબાર કલાકની એઓ પાકી વ્યવસ્થા કરી રાખે છે. રોજ-બ-રોજનાં નિત્ય નૈમિત્તિક કાર્યોની એકધારી ઘટમાળ એ જ એમનો ટકી રહેવાનો આધાર છે. એઓ ક્યાંય પોતાનો પરિચય થાય તેવી તક ઊભી કરતા નથી, દુનિયાએ જે મહોરું પહેરાવ્યું હોય છે તેને મરણિયા બનીને બાઝી રહે છે. પોતાનું પોતાપણું જાળવવું, એને ઓળખવું એ જ બધી આફતનું કારણ છે. માટે જ તો ટોળામાં ખોવાઈ જવું, ચહેરો ભૂંસી નાંખવો, જીવતેજીવ મરણના પડછાયાની ઓથે સંતાઈ જવું – આવો જ, મોટા ભાગનાં માનવીઓની જિન્દગીનો, કાર્યક્રમ હોય છે.

ટોળાંથી છૂટા પડતાંની સાથે જ અત્યાર સુધી અપરિચિત રહેલી નિર્જનતા તેમને ઘેરી વળે છે. ત્યારે જ આપણે આપણો અવાજ શોધીએ છીએ અને એને ઉચ્ચારીને એ

નિર્જનતાના સાથી તરીકે ખડો કરી દઈએ છીએ. આમ ધીમે ધીમે અવાજ, સ્પર્શ વગેરે દ્વારા આપણું પોતાપણું સાકાર થતું આવે છે. પડછાયાની ઓથ છોડી દઈને આપણે આપણી નગ્નતા લઈને પ્રકાશની પ્રખરતામાં ઊભા રહીએ છીએ. ત્યારે જ આપણી ઉપસ્થિતિની રેખાને દૃઢપણે અંકાતી જોઈ શકીએ છીએ. આટલી ઉપલબ્ધિ સિદ્ધ કર્યા વિના આપણે બીજું શું પામી શકવાના હતા?

3-9-71

*

# નિદ્રા : હજાર પાંખડીવાળું પુષ્પ

કોઈ વાર નિદ્રા હજાર પાંખડીવાળા પુષ્પની જેમ ખીલે છે. એની ગાઢ સૌરભનું ઘેન બધાં દુ:સ્વપ્નોના વિષને ઓગાળી નાંખે છે. સમય એ નિદ્રાના પુષ્પની પાંખડી પર નાના શા ઝાકળબિન્દુની જેમ ઝિલાઈને ચમકતો હોય છે. કોઈ વાર નિદ્રા સાવ છીછરી હોય છે. દિવસની વાસ્તવિકતા એની સર્વ છબિઓ સહિત એ નિદ્રામાં પારદર્શક આવરણ નીચે દેખાયા કરે છે. એ વાસ્તવિકતાનું રૂપાન્તર કરવા માટે જે ઊંડાણ જોઈએ તે ત્યારે હોતું નથી. આથી ઘણી વાર જાગૃતિની સપાટી પર આવી જવાય છે. કોઈ વાર નિદ્રામાં ઊંડાણ હોય છે ખરું, પણ તે નિબિડ અક્ષુણ્ણ અરણ્યનું. એ હંસિક પશુઓની ત્રાડથી ગાજતું હોય છે. એનો અન્ધકાર સૂર્ય-ચન્દ્રથી અસ્પૃષ્ટ હોય છે. જંગલી વેલો ગૂંચવાઈને અભેદ્યતા ઊભી કરે છે.

આથી જ રાત્રિનું આગમન પોતે જ રહસ્યમય બની રહે છે. એને કાંઠે ઊભા રહીને ડૂબકી મારતાં ક્યાં જવાશે તેનો કશો ખ્યાલ હોતો નથી. ત્યારે જ બધાં સંવેદનો, અનુભવો આપણાં હોવા છતાં છેતરામણાં લાગે છે. એક ક્ષણમાં જ ઝબકીને અદૃશ્ય થઈ ગયેલો કોઈ અનુભવ જાગૃત ચિત્તની સપાટી નીચે રહીને ક્યાંકથી પોષણ મેળવીને ભારે ગુરુત્વ ધરાવતો થઈ ગયો હોય છે તેની ખબર તો રાત્રિના પેટાળમાં ઝંપલાવી દીધા પછી જ પડે છે. આથી જ તો દિવસે અનુભવ લેતી વેળાએ સાવધ રહ્યા હોત તો સારું એવું લાગે છે, પણ વહેતા પ્રવાહમાં એવી સાવધાની કોણ રાખે?

પ્રભાત વેળાની નરવી હળવી સ્વચ્છતા આગળ આંખ ખોલતાં કેટલીક વાર સંકોચ થાય છે, દુ:સ્વપ્નોના ડાઘ, અજંપાના ઉઝરડા, અનિદ્રાને કારણે ચેતનાનું ચોળાયેલું પોત –

આ બધું એ સ્વચ્છતા આગળ આપણને ભોંઠા પાડી દે છે. આથી દિવસની શરૂઆત જ અપરાધ કર્યો હોવાના ભાનથી થાય છે. ધીમે ધીમે દિવસ ખીલે તેમ માંડ એમાંથી છૂટી શકાય છે. પણ દિવસના પ્રારમ્ભે જ કશીક ગ્લાનિ મનમાં છવાઈ જતી હોય છે. આ ગ્લાનિની છાયામાં જ કેટલીક વાર આખો દિવસ વીતી જાય છે. કોઈ વાર એને હંફાવે એટલી પ્રસન્નતાની દ્યુતિ ભાગ્યમાં હોતી નથી. આવી ગ્લાનિની આડશે આપણું ધૂર્ત મન કેવાં કેવાં ષડયન્ત્ર રચ્યા કરતું હોય છે! કોઈક વાર એવું લાગે છે કે આપણી મનની ભૂગોળના નવા જ કટિબન્ધ પર આવી ચઢ્યા છીએ. ત્યાંથી વળી પરિચિત આબોહવાવાળા પ્રદેશમાં જવાનો માર્ગ એકદમ જડી જતો નથી.

રોજ-બ-રોજનાં નિત્ય નૈમિત્તિક કાર્યોની તુચ્છતાનાં તરણાંને બાઝીને ઊગરી જવાનો પ્રયત્ન કરીએ છીએ. મરણિયા બનીને બધા જ પ્રકારની અસામાન્યતાને ટાળીએ છીએ. પણ ચેતના સહસ્રછિદ્ર હોય છે. એમાં ક્યાંકથી શું પ્રવેશ્યું હશે તેની ક્યાં કશી ખબર જ પડે છે! જાગૃતાવસ્થામાં અલગ પાડીને ગોઠવેલા કાળ જાગૃતિને તળિયે કોઈ વિરાટ વૃક્ષનાં મૂળની જેમ ભેગા ગૂંચવાઈને પ્રસરતા હોય છે. આથી જ તો ઘણી વાર સવારે આંખો ખોલવાની હિંમત એકદમ ચાલતી નથી. બહાર બધું પરિચિત રીતે ગોઠવાઈ જાય, બધી વસ્તુને સૂર્ય એનાં પરિચિત મહોરાં પાછા સોંપી દે, બધી રૂપરેખાઓ પરિસ્ફુટ થઈ ઊઠે, પછી આંખ ખોલવાનું સાહસ થઈ શકે. આમ નવા દિવસનું આગમન એક અસાધારણ ઘટના છે. કેલેણ્ડરના પાના પરના સાદાસીધા આંકડા જેવી સાદી વાત એ હોતી નથી. જીવનનો અમુક ગાળો વટાવી જઈએ પછીથી ભૂતળ બદલાય છે. ઊંડાં સરોવર આવે છે, ગાઢ અરણ્યો આવે છે, અજાણ્યા અન્ધકારો ભેટે છે. અનેક ભુલભુલામણીમાં થઈને ગતિ કરવાની રહે છે. કોઈ વાર નરી અગતિકતામાં થંભી ગયા હોઈએ એવું લાગે છે. ત્યારે જ સાથે ચાલનારાઓનો સાથ છૂટી જાય છે. દૂરથી એમના પરિચિત અવાજ સંભળાતા પણ બંધ થઈ જાય છે. ત્યારે એક નવા જ પ્રકારની નિ:સંગતાનો અનુભવ થાય છે. ટેવની આંગળી ઝાલીને પ્રવૃત્તિઓ ચાલુ રાખીએ છીએ, પણ એ પ્રવૃત્તિનું જાળું આપણને ગૂંચવે છે, કશું રક્ષણ આપતું નથી.

સવારે મેદાનમાં ધુમ્મસ છવાયેલું હોય છે. વિદાય થતાં થતાં રાત્રિ થોડો વિષાદ અહીં ભૂલી જાય છે. પૃથ્વી અને સૂર્ય વચ્ચે એ આવરણ બનીને થોડી વાર સુધી ટકી રહે

છે. પછી સૂર્યના સ્પર્શમાં પ્રત્યક્ષતા આવે છે. પણ સૂર્યને અભ્યન્તરમાં ઊંડે સુધી લઈ જવાનું હંમેશાં શક્ય બનતું નથી. એવા ખૂણાઓ છે જ્યાં સૂર્યને પ્રવેશવાની કેડી જ જાણે પડી નથી. જીવનમાં એવી ઘટનાઓ બને છે જે સુરંગની જેમ લંબાઈને ખૂબ ઊંડા પડને ભેદી નાખે છે. ત્યારથી જ જીવનમાં ભયસ્થાન ઊભાં થાય છે. ત્યાં અજાણતાં પગ મૂકી દેવાય તો કદાચ પાછા વળવાનો રસ્તો ન મળે એવું થાય. ત્યારે આપણી અનુપસ્થિતિમાં સમયનો પુંજ એકઠો થતો જાય, એની સાથે આપણે ઢંકાઈને અદૃશ્ય બની જઈએ. હેમન્તના આ દિવસોમાં પૃથ્વી પણ જાણે દૂર દૂરના પોતાના બાલ્ય કાળની સ્મૃતિમાં ધૂંધળી દૃષ્ટિએ અન્યમનસ્ક બનીને બેઠી હોય એવું લાગે છે. હેમન્તની રાત્રિની નીરવતા વધુ ગાઢી હોય છે, એનું એકાન્ત વધુ તીક્ષ્ણ હોય છે. શિશિરમાં પવન વાચાળ બને છે, ખરેલાં પાંદડાં પણ થોડો ઘોંઘાટ કરે છે. હેમન્તના રાત્રિ વેળાના આકાશમાંની તારાની હીરાકણી જાણે અવકાશને કાપતી હોય એવું લાગે છે. હેમન્ત બારીબારણાં બંધ કરાવી દેતી નથી.

આ દિવસોમાં આપણી ભાષા પર થોડીક નીરવતાની ઝાંય વળે છે. શબ્દોના સ્પર્શ બદલાઈ જાય છે. શબ્દોના અન્વયમાં થોડી વિરક્તતા રહી જાય છે. અને તેથી જ ગમે ત્યારે શબ્દો છૂટા પડીને સરી જશે એવું લાગ્યા કરે છે. વિભક્તિના પ્રત્યયો કે ઉભયાન્વયી અવ્યયોના સાંધા બરાબર બેસાડી શકાતા નથી. વાક્યોના આદિઅન્ત ચક્રાકારે ઘૂમીને સ્થળાન્તર પણ કરી લે છે. અર્થનાં ચોસલાંની જડ રેખાઓ દ્રવવા માંડે છે. કોઈક વાર શબ્દો વાદળી જેવા બનીને બધો ભેજ એકઠો કરે છે. એવા શબ્દોને છેક ગ્રીષ્મ આવે ત્યારે બહાર કાઢી શકાય. કેટલાક શબ્દોમાંનું નિરર્થકતાનું પોલાણ આ ઋતુમાં વધુ ઊંડું બને છે. ઘણાખરા શબ્દો ઉદ્‌ગારની સ્થિતિમાંથી પૂરો દેહ ધારણ કરીને બહાર આવ્યા હોતા નથી.

પ્રકૃતિ આપણી સહચરી છે, તો સમસ્યા પણ છે. પર્વત અને સમુદ્રમાં એકવિધતા છે. એને સૂર્યચન્દ્ર અને વાદળપવન તોડવાના પ્રયત્ન કરે છે. પણ વનસ્પતિમાં વિવિધતા છે. કોઈ વાર પંખી બનીને જ પ્રકૃતિ વચ્ચે રહી શકાય, તો કોઈક વાર ઝંઝાવાત બનીને પ્રકૃતિ સાથે ઝઘડવાનું મન થાય. પાંદડાં ખરે છે, ફૂલ કરમાય છે, છતાં પ્રકૃતિમાં એક પ્રકારની અપરિવર્તનશીલ શાશ્વતતા રહી હોય છે. આપણાં વયપરિવર્તનો સ્પષ્ટ છે.

વૃક્ષનો કેટલાય દાયકાઓનો ઇતિહાસ એટલો પ્રકટ હોતો નથી. આથી જ કોઈક વાર પ્રકૃતિ વિષાદ પ્રેરે છે. આપણું જે ખરી જાય છે તે પાછું વિકસતું નથી. વળી પરિવેશ વિશેની સંભાવના માનવીમાં છે. એને જ સમ્બન્ધ બાંધવો પડે છે. સંગતિ જાળવવી પડે છે. જે કવિઓ આ બધાંથી દૂર જાય છે તેમને પ્રકૃતિ સાથેનો સમ્બન્ધ જ ફાવે છે. કારણ કે પ્રકૃતિ તરફથી પ્રતિભાવમાં કશો પ્રત્યવાય ઊભો થતો નથી.

માનવપ્રકૃતિ જટિલ છે. એની અપ્તરંગી લીલા વિશે કશું ભવિષ્ય ભાખી શકાતું નથી કે એને કેવળ તટસ્થ બનીને જોઈ રહેવાનુંય બની શકતું નથી. જાણ્યેઅજાણ્યે સમ્બન્ધોની તન્તુજાળમાં આપણે ફસાતા જઈએ છીએ, સંઘર્ષોની નાગચૂડમાં ભીંસાતા જઈએ છીએ. આ બધા ઉધામાને અન્તે રાખ થઈને ઊડી જઈએ છીએ ને તેય પવનની ઇચ્છા પ્રમાણે!

પણ વિષાદનોય યોગ હોવો ઘટે. કેટલાક સમ્બન્ધોને વિષાદ જ દ્વાર ખોલી આપે, કેટલીક લાગણીઓ વિષાદની આબોહવામાં જ ખીલે. અરે, પ્રસન્નતા પણ વિષાદની પડછે દીપી ઊઠે છે, છતાં વિષાદને સામે જઈને કોઈ વધાવતું નથી. હા, કવિઓને એવી શીખ આપવામાં આવે છે ખરી! સંસાર વિષાદની સામગ્રી આપે, કવિએ એનું રૂપાન્તર કરીને શોકનો શ્લોક રચી આપવાનો. એથી કવિચિત્તના શોકનો હંમેશાં મોક્ષ થાય છે ખરો?

13-11-71

*

# ઘર ભૂલેલો પ્રમાદ

કેટલીક વાર આ સૃષ્ટિને કેવળ રંગના આવર્તો રૂપે જોવાનું ગમે છે. ભૂરા રંગના કેન્દ્રમાં એક ગુલાબી ઝાંયવાળું સપનું છે. પણ એ સપનાને પીળા રંગની વેદનાની કોર છે. જ્યાં એ વેદના પાકવા આવી છે ત્યાં પીળાશ પડતી રતાશ છે. બીજે, લીલો રંગ જ્યાં વૃદ્ધ થયો છે ત્યાં, એમાં રાખોડી ઝાંય દેખાય છે. રાતો રંગ ઉશ્કેરાટમાં કાળાશ પકડે છે, કેસરી રંગના બુદ્‌બુદો તોફાની છોકરાનાં ટોળાંની જેમ દોડે છે. જાંબુડી રંગ બહુ ઊંડો છે, એને ગળી રંગની કિનાર પર બેસીને જ જોવાનું શક્ય છે. હોસ્પિટલમાંની સફેદ ટાઇલ્સના જેવો માંદલો ધોળો રંગ લથડતે પગલે ચાલે છે. લીલા રંગનું કૈશૌર્ય ફૂટે છે ત્યાં એ જુવાળનાં મોજાંની જેમ છલકાય છે. પછી પ્રશ્ન થાય છે કે આ રંગો મને કેવે રૂપે જોતા હશે?

પવનનાં અળવીતરાંને સામેનું શિરીષનું વામન વૃક્ષ સહી રહ્યું છે. પવન બોલાવે તે બોલવા જેટલી એની પાસે પૂર્ણ સમૃદ્ધિ નથી. નાનાં બાળકો એની ડાળ પર ઘોડોઘોડો કે ટારઝન રમી શકે એટલું જ એ ઊંચું છે. કિશોરોનો અત્યાચાર સહીસહીને એ સહેજ ખૂંધું પણ થઈ ગયું છે. આથી જ પવન એનો કાન રહી રહીને આમળ્યા કરે છે તે એ મૂંગે મોઢે સહી લે છે. છતાં પંખીઓએ એને ઓછું આવવા દીધું નથી. થોડાંક સૂકાં ઝાંખરાં સળગાવ્યાં ને ધુમાડો થયો કે તરત કાળિયા કોશીનું છ પંખીનું મંડળ આવી ચઢ્યું. શિરીષ પર બે બેઠા, બાકીના ચાર છૂટા છૂટા, તાર પર બેઠા. એનું જોઈને પતરંગા આવ્યા. કાબરબાઈ તો હતાં જ. એક મશ્કરા કાળિયા કોશીએ કાબરને છંછેડી એટલે એ કકળી ઊઠી. એને ચીઢવવા કાળિયા કોશીએ ટહુકો કરીને એના ચાળા પાડ્યા. એક કૂતરો

મેદાનમાં થઈને જતો હતો, તેને એક કાળિયો કોશી ચાંચ મારી આવ્યો. કૂતરો ચમક્યો તે જોઈને બીજા કાળિયા કોશીએ આનંદથી ટહુકો કર્યો. એટલામાં બળતાં ઝાંખરાંનો તાપ લાગવાથી આજુબાજુમાંનાં જંતુઓ ઊડવા લાગ્યાં. પંખીઓની જ્યાફત શરૂ થઈ ગઈ.

શિયાળાના સૂર્યને ઘરમાં સારો આવકાર મળે છે. મારા ઓરડામાંના કબાટનો અરીસો એને સૌ પ્રથમ ઉમળકાથી વધાવે છે. કબાટમાં બેઠેલા દેવ તડકાનું સોનેરી વસ્ત્ર હોંશેહોંશે પહેરી લે છે. પુસ્તકો પરનાં નામ પ્રકાશિત થઈ ઊઠે છે. ઝાંખા પડી ગયેલા પોલિશવાળી ખુરશી પણ મ્લાન મ્લાન હસવાનો પ્રયત્ન કરે છે. એક મારા પલંગ પરનું કાળું પાથરણું, એના મોઢા પર સ્મિત નથી. બાકી આ તડકામાં કાળિયો કોશી તો કાળા રંગના અંગારાની જેમ ચળકે છે. ખિસકોલીબાઈ તડકો ખાતા જાય છે અને શરીર પરની રૂંવાટીને ચોક્ખી કરતા જાય છે. તાર પર બેઠેલું પચનક મધમાખી કે ભમરીને શોધે છે. હમણાંની સુગરી દેખાતી નથી.

મારી સૃષ્ટિની ત્રિજ્યાઓ દૂર સુધી વિસ્તરે છે તો દૂર દેશના કોઈ નવા કવિની સૃષ્ટિને જઈને અડે છે.. પણ કેટલીક વાર મારા ઘરની આજુબાજુમાં થોડાક જ વિસ્તારમાં એને લખલૂટ આનન્દ મળી રહે છે. મારી ઊગમણી બારી આગળ જ હું બેસું છું. પશ્ચિમ તરફની સૃષ્ટિ તરફ પીઠ કરીને હું બેસું છું. એ બાજુ કોલાહલ છે. ઉધામા છે. સ્કૂટરમોટરના ઘોંઘાટ છે. મોટેરાંઓની ખટપટ છે. બાળપણથી જ મેં ખેતરો, ખુલ્લાં મેદાનો, ખુલ્લું આકાશ, પંખીઓ, વૃક્ષો – આ બધાંને રમતનાં સાથી ગણ્યાં છે. આજે ખેતરો ખૂંદવાનાં રહ્યાં નથી. પણ બેઠા બેઠા મેદાનમાં દૃષ્ટિથી વિહાર કરું છું. પંખીના ટહુકામાં ટ્રકના કર્કશ હોર્નનો અવાજ ભળી જાય છે. પણ પંખી, વૃક્ષ, આકાશ – આ બધું પ્રાપ્ય છે ને પાસે જ છે એટલો આનન્દ છે. ખોટ છે નદીની – પથ્થરિયાળ પટવાળી, એકસામટાં જળની ભાષાનાં પૂર્ણ વિરામો એકઠાં કર્યાં હોય એવી રેતીવાળી, અન્તર ખોલી દે એવી પારદર્શક, માથું બહાર રહી શકે એટલી જ ઊંડી, રમણીય કાંઠાવાળી. ઔદ્યોગિક ક્રાન્તિનો ધૂમ્રધ્વજ આ શહેરે પણ ફરકાવ્યો છે. પણ એનું મારે મન ગૌરવ નથી. માગશરની હીરાની ઝાંયવાળી ચાંદનીમાંય આ બેશરમ ધુમાડો રેલવે યાર્ડમાંથી નીકળીને લાંબા કૃષ્ણસર્પની જેમ છેક ઉત્તર સુધી પ્રસરે છે. ગુપ્ત રીતે એ શ્વાસમાં પણ

પ્રવેશે જ છે. પણ એ જાણે હવે મારી આજુબાજુના પરિવેશનું એક અંગ જ બની રહ્યો છે.

રાજામહારાજાનું ઘર ભૂલેલો પ્રમાદ મારે ત્યાં ભૂલો પડીને આવી ચઢ્યો છે. હમણાં તો પ્રમાદ જ પ્રમોદ થઈ પડ્યો છે. પ્રમાદ હોય ત્યારે ઘડિયાળમાંથી સેકંડ કાંટો ને મિનિટ કાંટો નીકળી જાય. સમય વહેવાનો ટિકટિક અવાજ સંભળાતો બંધ થઈ જાય પણ આ પ્રમાદ એટલે નરી નિષ્ક્રિયતા એવું નથી. આ પ્રમાદ એટલે નિશ્ચિન્તતા, નિરાંત. કશા ઉધામા નહિ. જોવાનું ગમે તો જોયા કરીએ. જે જોવું તેના પર ચિન્તન નહીં, એમાંથી કશી ફિલસૂફી તારવવાનો ઉદ્યમ નહીં. એકાદ કવિતાની પંક્તિ વાંચ્યા પછી એ પંક્તિને ચિત્તમાં પ્રસરવાને પૂરો અવકાશ આપવો. એ પંક્તિને નિમિત્તે ચિત્તમાં અનેક પંક્તિઓ રચાતી આવે તેનો આનન્દ માણવો, પણ એ પંક્તિઓને તરત લોભી બનીને કાગળ પર ઉતારી લઈ ચાર માણસને બતાવી કવિપણું માણવાનો ઉદ્યમ ન કરવો. એકાએક આવી ચઢેલા વિષાદને ધીમે ધીમે ઓગાળવો – આ બધું હોય છે તે કારણે પ્રમાદવશ થવાનું ગમે છે.

આવું આ દિવસોમાં કહું છું, માટે કોઈ મને દેશદ્રોહી ગણશે. છાપાંની ભાષામાં કહું તો સીમાડાઓ સળગ્યા છે ત્યારે હું પ્રમાદને કેફી પીણાંની જેમ નચંતિ જીવે ગટગટાવી રહ્યો છું, એટલું જ નહીં પણ એના આનન્દનો પ્રચાર કરીને બીજાને પ્રમાદી બનાવવાને ઉત્તેજી રહ્યો છું. આ પહેલાં યુદ્ધ થયેલું ત્યારે શહેરમાં એક સભા ભરવામાં આવેલી. એમાં બૌદ્ધિકોનું યુદ્ધસમયે કર્તવ્ય શું એ વિષય હતો. મને તો એમ કહેવાનું મન થઈ ગયેલું કે બૌદ્ધિકોએ સભા ગજાવીને ઘોષણા કરવી કે અમે અમારી બૌદ્ધિકતા બદલ નામોશી અનુભવીએ છીએ અને આજ સુધીની નિષ્ક્રિયતાનું પ્રાયશ્ચિત્ત કરી નાખવા યુદ્ધની આગલી હરોળ પર જઈને ઊભા રહેવા ઇચ્છીએ છીએ. પણ ત્યારે વળી દુર્બુદ્ધિ સૂઝી તે એવું બોલી બેઠો કે ટ્રેન્ચીઝની અંદર બંદૂક તાકીને ઊભો રહેવા તૈયાર છું, પણ ત્યારે જ પંખીનો મીઠો ટહુકો સાંભળું, વૃક્ષનાં કૂણાં પાંદડાં પર તડકાને ચળકતો જોઉં તો કાવ્યની પંક્તિઓ રચી નાખું. માનવીના વહેતા રક્તની કવિતા લખું. આવું બધું કાંઈક કવિતાઈ કરીને અભિનિવેશપૂર્વક હું બોલી ગયો. મંચ પર વીર ગર્જના કરવા આવેલા થોડા જૈફ મુરબ્બીઓ નારાજ થયા. મેઘાણીની પંક્તિઓ યાદ દેવડાવી. આવા વખતે

ગાણાં તો ગાવાનાં હોય, ને મહેરબાન, હાથમાં બંદૂક હોય ત્યારે, કવિતા કરવા જાઓ તો સામા પક્ષની ગોળી એનું કામ કરી જશે વગેરે.

યુદ્ધના સમયમાં તો ઠીક, શાન્તિના સમયમાં પણ આપણી પ્રજાને ક્યાં કવિતા કળા જોડે સારો સલૂકાઈભર્યો વહેવાર રાખતાં આવડ્યો છે? કોઈએ અશ્લીલ લખ્યું એવી વાત ઊડે કે તરત સદ્વિચારપરાયણ સદાચારપરાયણ સજ્જનો ગોકીરો મચાવી મૂકે. સાહિત્યમાં એમને એટલો જ રસ. કવિતા તો હવે થોડા લોકોનો કલ્પનાવિલાસ જ ગણાવા લાગી છે. કવિઓ બિચારા આપસમાં કાવતરું કરીને ટકી રહેવા જોગી પ્રશંસાની વ્યવસ્થા કરી લે છે. બાકી જે મુખ કવિતા ઉચ્ચારે તે મુખ આત્મશ્લાઘાથી ગંદું નહીં થાય. માનવી નીચો પડ્યો તેમ કવિતાય નીચી પડી, જેની ખૂબ પ્રશંસા થાય તે જ શ્રેષ્ઠ એમ જ લોકશાહીના યુગમાં તો મનાય ને! માટે બધા બહુમતિ ઉઘરાવવા નીકળી પડે.

જુઓને, ગુજરાતમાં પાબ્લો નેરુડાના ચાહકો પ્રશંસકો એક સામટા કેટલા બધા નીકળી આવ્યા! શુદ્ધ કવિતાનો આગ્રહ રાખનારા પોલ વાલેરીનું આ શતાબ્દી વર્ષ છે, પણ અત્યારે તો અશુદ્ધ કવિતાનો નારો જગાવનાર નેરુડાની બોલબોલા છે. એક કોમ્યુનિસ્ટ પુસ્તકવિક્રેતા બિરાદરે કહ્યું : ‘હવે મારે ત્યાં વર્ષોથી પડી રહેલી, ઊધઈથી ખવાયેલી, ધૂળના થરથી ઢંકાએલી, નેરુડાની કવિતાની ચોપડીઓ ચપોચપ વેચાઈ જશે.’

સાહિત્ય કે કલા વ્યક્તિભોગ્ય વસ્તુ છે. પણ હવે વળી સમૂહભોગ્ય ગીત કે ગઝલોનો જમાનો પાછો આવ્યો છે. હવે કવિ વળી રંગલાનો પાઠ ભજવતો થયો છે, એ સ્ત્રૈણ લહેકાથી ગીતો ગાશે કે એના એ ચારપાંચ રદીફ કાફિયાની આજુબાજુ ફુદાંની જેમ ઊડ્યા કરશે. સભા ‘દુબારા દુબારા’ કહીને ડોલશે, કવિ પણ ડોલી ઊઠશે. પણ કવિતા ઉપેક્ષિતાની જેમ મુશાયરાની બહાર ઊભી રહી હશે.

3-12-71

*

# અજાણ્યો વિષાદ

અંધારપટ છવાઈ ગયો અને ચાંદની ખીલી ઊઠી. રાત કોઈ કુસુમિત વૃક્ષની જેમ મહોરી ઊઠી. ક્યાંક મહુવર બજી ઊઠ્યું. ને એના લયથી બધું આંદોલિત થઈ ઊઠ્યું. આકાશની નીલિમા ઝાકળથી મલકાતાં તૃણની કોમળ હરિત શોભાના કાનમાં કશુંક કહેવાને નીચે ઊતરી આવી. કશાક રહસ્યમય સંકેતને વાતાવરણમાં વિસ્તરતો જોયો. અકારણ ઉત્સુકતાથી હૃદય વિહ્વળ બની ઊઠ્યું. પરિચિત સૃષ્ટિએ છદ્મવેશ ધારણ કર્યો. કોઈ નવી અપરિચિતતાને પામીને પોતાનાથી જ અજાણ્યા થઈ જવાનું મન થયું. ભાર લાદેલી ટ્રક મોઢું છુપાવીને ફરતા દસ્યુઓની જેમ સરકવા લાગી. ક્યાંક કોઈક મોટરની ટેઇલલાઇટનો લાલ દીવો તરી રહ્યો. વૃક્ષો બાળકનાં ચિત્રમાં હોય છે તેવો આકાર ધારણ કરી રહ્યાં.

એની સાથે એક આખી ઢંકાયેલી સૃષ્ટિ આંખ આગળ ઊપસી આવી. શરીરમાં વહેતું લોહી કોઈ નવી જ વાત કહેવાને માટે અધીર બનીને ધબકવા લાગ્યું. મેદાનમાં પડેલા પથ્થરનાં સ્વપ્નો પારદર્શક બની ગયાં. ભૂમિના મુખ પરની ઝલક એકાએક દેખાઈ ગઈ. ઘરમાં દર્પણના ચહેરા પર એક નવી ચમક આવી. ઓરડામાંની વસ્તુઓના આકારે જાણે ઘણા વખતે પડખું બદલ્યું. પવનની લહરી દૂરના કોઈ પંખીના વેરાઈ જતા ટહુકાની જેમ સ્પર્શીને જતી રહી. આવતી કાલનો સૂર્ય પણ આ માયાવી સૃષ્ટિને જોવાના પ્રલોભનથી ગુપ્ત વેશે ફરતો હોય એવો ભાસ થયો. મકાનનાં ચોસલાંઓની ભૂમિતિ ચાંદનીમાં ધીમે ધીમે ઓગળતી લાગી. પાસેના લીમડા પર બેઠેલી ચીબરી અને મેદાનમાંની ટિટોડીએ

આ પરિસ્થિતિ વિશે થોડોક સંવાદ કરી લીધો. ધીમે ધીમે નંદિરનાં હળવાં પગલાં સંભળાવા લાગ્યાં. હું એને ગણતો ગયો – એક બે ત્રણ...

વાત તો સાવ સામાન્ય જ હોય છે, અન્યમનસ્ક બનીને ચાલતા હોઈએ છીએ ને પથ્થરની ઠોકર વાગે છે. પથ્થર પણ જાણે જાગી ઊઠે છે. સૃષ્ટિના સર્જનના આદિકાળે ઘૂમતી ગોફણમાંથી વીંઝાઈને પડ્યો હતો ત્યારે ચક્રાકાર ગતિનો એને જે છાક ચઢ્યો હતો તે જાણે હજી ઊતર્યો નથી. કોઈ ખરતી ઉલ્કાનો તેજનો લિસોટો હજી કદાચ એના અન્તરમાં સ્મૃતિ રૂપે ઝબક્યા કરે છે. આદિ માનવે એનામાં દેવત્વનું આરોપણ કરીને એને રક્તનો અભિષેક કરેલો તે રક્તની તૃષા કદાચ હજી એને કોઈક વાર પીડે છે. જે પ્રાચીન શિલ્પનો એ અંશ હશે તેની સમગ્રતાને માટે એ કદીક સળવળાટ અનુભવતો હશે. કાંઠા તોડીને નગરો અને સંસ્કૃતિઓનો વિધ્વંસ કરતી કોઈ ઉન્માદિની વન્યાના પ્રમત્ત સ્પર્શને પણ એ ઝંખતો હશે. એની નિશ્ચેષ્ટ જડતાના આવરણ પાછળ કેટલા બધા સમયને એણે સંચિત, અશ્મીભૂત કરીને રાખ્યો હશે! કેટલીય વાર સર્પના શરીરની શીતળતાને એણે સેવી હશે. પથ્થરની નસોમાં હજી જ્વાળામુખીનો ઉત્તપ્ત આવેગ વહેતો હશે. માનવી એની અમરતાનો દાવો પથ્થરને મોઢે જ ઉચ્ચારાવે છે ને!

સ્વર્ગના દેવદૂતે લલચાઈને ઉચ્ચારેલું અસત્ય દેશવટો પામીને આપણી વચ્ચે ઊછરવા આવ્યું છે. એ સ્વર્ગનું છે માટે એનો લોભ નથી. એ આપણું આગવું સત્ય પામે અને એનું એ રૂપ જોઈને કોઈ દેવને અહીં છૂપે વેશે આવવાનું મન થાય એવું કશુંક થવું જોઈએ. એનો અવતાર વગર ક્યાં છૂટકો છે! પૃથ્વીનો તો સ્વભાવ છે શિશુને પોતા તરફ ખેંચવાનો, માટે જ તો આરોહણ આપણી પ્રકૃતિવિરુદ્ધની ક્રિયા છે. છતાં પર્વતો આપણા અહંકારને બહેકાવે છે. પણ પર્વતો બેડોળ છે, કઢંગા છે, સમુદ્ર એકસૂરીલો છે. બે કાંઠા વચ્ચેની નદીની કેવી કેવી લીલા આપણે જોઈએ છીએ!

ઝાડની ડાળી પર બેઠેલો કાગડો એની દુષ્ટ આંખે કશુંક બબડી રહ્યો છે. કાબર એની વાચાળતાથી એની હાંસી ઉડાવી રહી છે. કરોળિયો એ બંનેને પોતાની જાળમાં ફસાવવાની મહત્ત્વાકાંક્ષા સેવી રહ્યો છે. કીડી શ્રમિક સંઘનું સભ્યપદ નોંધાવવા જઈ રહી છે. પતંગિયાની પાંખની રંગીન આત્મશ્રદ્ધા ફૂલોને ઊડી જવા ઉશ્કેરી રહી છે. ઝાકળની આરસીમાં મોઢું જોવા આકાશ ઝૂકી રહ્યું છે. મધરાતે મન્દિરના ઘણ્ટને એકાએક

ભગવાનની ખુશામત કરવાની ચળ આવે છે. એક ગોકળગાય ઈશ્વરનું પગેરું કાઢવા નીકળી પડી છે. કૂકડો સવારે જાગીને બોલવાના શ્લોકની પંક્તિ આથમતા ચન્દ્રને પૂછી રહ્યો છે.

પણ જાણે શાથી કોઈક વાર મન વાદળી જેવું બનીને બધેથી વિષાદને શોષી લે છે. બધું ભેજથી ભાંગી પડે છે. આ એક સૂર્ય વિષાદના ધુમ્મસને વિખેરવાને ઓછો પડે છે. આંખ પોતાના જ રચેલા ધુમ્મસમાં ખોવાઈ જાય છે. દિશાશૂન્યતા લક્ષ્યને ભૂંસી નાંખે છે, નરી અગતિની નિષ્ક્રિય અલસતા સદી જાય છે.

પણ વળી કોઈક વાર સૂરજ ઉત્સાહનું ઢોલ વગાડવા મંડી પડે છે. રસ્તાની ધૂળ સોનેરી સોનેરી મલકે છે, ગલગોટાનો સોનેરી સાફો બાંધેલો દિવસ દમામથી ચાલે છે. હેમન્તનો સૂર્ય માયાવી સ્પર્શ લઈને આવે છે, એનાં મૃગજળ ખુલ્લાં પડી જતાં નથી. પવનની લહરીના સ્પર્શને પરનારીના સ્પર્શની જેમ ટાળીએ છીએ, મારા એકાન્તને પણ આજે સોનેરી બુટ્ટાથી શોભતું જોઉં છું.

મધમાખીનાં ગુંજનનો પાતળો દોર બારીમાં થઈને ખેંચાતો ખેંચાતો આગળ વધે છે. ઓરડાના બરડ અવાજો સાથે અથડાઈને એ જે પડઘા પાડે છે તે પણ સંભળાય એટલી બધી શાન્તિ છે. એ શાન્તિમાં ગરકાવ થઈ જવાય એવું છે. પણ કેવળ મધમાખીના ગુંજનના તારને બાઝીને હું ટકી રહ્યો છું. જો ઈશ્વર છાનોમાનો આ સવારે ગુપ્તચર્યા કરવા નીકળ્યો હશે તો આ શાન્તિ સ્પન્દિત થઈને એને છતો કરી દેશે.

મારા અવાજને પણ હું ગુંજન જેવો કરી નાખવા મથું છું. પણ રાતની સૅન્ડપેપર જેવી કકરી ઠંડીએ એને ખરબચડો બનાવી દીધો છે. એથી જ તો કહું છું કે મારા મૌન વિશે ગેરસમજ કરશો નહીં. મારા મનમાં અત્યારે કોઈ ગૌરવપૂર્ણ વિચારનો પડછાયો સરખો નથી. કવિતાનેય મેં સમજાવીપટાવીને કોઈ ખ્યાતિવાંચ્છુ કિશોર કવિ પાસે મોકલી આપી છે. જો મારા શ્વાસ નીરવતા શીખે તો અત્યારે મારે ને ઈશ્વરને ઝાઝું છેટું નથી.

હેમન્તની ધૂસર સન્ધ્યા કશાક અજાણ્યા વિષાદને પ્રસારે છે. પણ એ વિષાદનો ભાર વર્તાતો નથી. એ ધીમે ધીમે પ્રસરે છે. દૃષ્ટિ થોડીક વ્યાકુળ બને છે. ત્યાં તો હીરા જેવાં

ઝગઝગતાં નક્ષત્રો પ્રકાશવા માંડે છે. હવાના સ્પર્શમાં દૂરનાં એ નક્ષત્રોની દ્યુતિનો ગુપ્ત સંકેત ઓળખવા મથું છું. ધીમે ધીમે વધતી ઠંડી હૂંફ શોધવા પ્રેરે છે. પછી નિદ્રા ગાઢ સુખની અપેક્ષા જગાડે છે. એ સુખમાં ડૂબી જવાનું ગમે છે.

નદીને કાંઠે યદચ્છાવિહાર કરવાના આ દિવસો છે. પણ બાળપણની પરિચિત એ નદી હવે ક્ષીણસ્રોતા બનીને કેવળ ભૂતકાળના એક ખણ્ડમાં નિ:શબ્દતાથી વહી રહી છે. જનસંકુલ નગરમાં પ્રવાહ કેવળ લોકોનો કે વાહનોનો જ જોવાનો રહ્યો! એ પ્રવાહને કાંઠે ઊભા રહીને જોવાનો હવે ઉત્સાહ થતો નથી. બાળપણમાં લઘુક કાયાને કારણે બારી ઊંચી લાગતી. ત્યારે બારણાં ખોલીને બહાર દોડી જવાનું જ ગમતું. પણ હવે મારા ઘરમાં એક નહીં પણ બે બારીનો ભોગવટો હું માણું છું. શિયાળામાંય એને બંધ કરીને આકાશ તરફથી મોઢું ફેરવી લેવાનું ગમતું નથી. તારામૈત્રક માણતાં માણતાં જ આંખ બિડાઈ જાય છે.

આ નદી, આકાશ, વનસ્પતિ, પંખી – એ બધાંની માયાની વાત હું તોપોની ગર્જના વચ્ચે કરી રહ્યો છું. તોપની ગર્જના માનવીની બર્બરતાનો કુત્સિત હુંકાર છે. એ વીરત્વને બિરદાવવાના દિવસો ફરી ફરી આવે છે તે આપણું દુર્ભાગ્ય છે. અત્યારે દેવચકલીની ચંચળતાની આબોહવા ગમે છે.

8-12-71

*

# વિસ્તાર જ વિહાર

આ ઋતુમાં આકાશ અને પૃથ્વીનું પરિરમ્ભણ આપણામાં પણ હર્ષના રોમાંચ જગાડે છે. આકાશ આત્મીય બનીને પાસે સરી આવે છે. કપૂરના ઢગલા જેવાં વાદળો પવન સાથે દોડે છે. નદીઓ પારદર્શકતા ખોઈને મીંઢી બની છે, તળાવનાં હૃદય ઊંડાં બન્યાં છે. ઘેરાયેલા આકાશની પડછે વૃક્ષોની આકૃતિ ઊપસી આવે છે. કોઈ આવા વાતાવરણને મ્લાન કહે. મને એવું લાગતું નથી. એમાં એક પ્રકારની વિહ્વળતા છે, જે મધુર રીતે આપણને ક્ષુબ્ધ કરે છે. આપણી બધી પ્રાપ્તિને અપ્રાપ્તિનો પુટ આપ્યો હોય એવું લાગે છે. ધાન્યના ઊગેલા અંકુરો ખેતરને છેડે ઊભા રહીને જોઈએ તો આંખમાં હરિતવર્ણની અંજનશલાકા સ્નિગ્ધતાને આંજી દેતી હોય એવું લાગે છે.

આષાઢનો આ પહેલો દિવસ છે. પાવાગઢ પાસે જ છે, અને એના શિખરને વાદળો ભેટતાં પણ હશે, પણ તે અહીંથી દેખાય એમ નથી. પહેલાં તો આંગણામાં પારિજાત હતું, રાતરાણી હતી, હવે તો ઘરને આંગણું જ નથી, ઓટલો જ નથી. એને 'ફ્લેટ' કહે છે તે સાચું છે – બધું જ સપાટ! બધાં બારણાં વાસીને અળગાં બેસી રહે. નાનાં બાળકો તો સર્વવ્યાપી. એને કોઈ ઘર પારકું નહીં. પણ એય પ્રવેશી શકે નહીં. મોટેરાઓ તો પોતાના અળગાપણાને વિશિષ્ટતા ગણે, એના અહંકારની પોટલી બાંધીને સાચવ્યા કરે. માનવીના મુખને જોવાનો આનન્દ કેટલો બધો છે! કેવળ જોઈ રહેવાના સુખનો મને ખૂબ લોભ છે. પૃથ્વીનાં બધાં જ રૂપ ગમે છે. હૃદય રસથી છલકાતું હોય ત્યારે બધું આનન્દથી રસાઈ જાય છે. પણ હૃદયના કંજૂસ લોકોના શબ્દમાં સ્નિગ્ધતા નથી હોતી, કર્કશતા હોય છે. એઓ શબ્દો માપી જોખીને વાપરે છે. લાગણી હોવી એને એઓ કદાચ

શાપ લેખતા હશે. બહુ મિતભાષી, નિયન્ત્રિત સજ્જનોને મળું છું ત્યારે પ્રાણ રૂંધાય છે. પણ શબ્દોનો અજસ્ર ધોધ વહેતો હોય તો એનો ખળખળ અવાજ સાંભળવો ગમે છે.

વિસ્તરવું એ પ્રાણનો સ્વભાવ છે. નદી દોડીને વિસ્તરે છે. પવન આકાશનો સ્પર્શ કરાવે છે. સમુદ્રનો સામો કાંઠો દેખાતો નથી, મેદાનના વિસ્તારમાં આંખ વિહાર કરીને સુખી થાય છે. કવિતામાં ભાષા વ્યવહારના મર્યાદિત સંકેતોમાંથી મુક્ત થઈને વિહાર કરે છે. વિસ્તાર હોય તો જ વિહાર થઈ શકે. આથી જ જેઓ બધું સંકોચીને કચ્છપવૃત્તિ ધરાવતા પોતે પોતાના દરમાં ભરાઈને જીવે છે તેમને હું સમજી શકતો નથી. સંકોચની પાછળ લઘુતાગ્રન્થિ રહી હશે, ભય પણ હશે જ. પણ એ એક વ્યાધિ છે. સંકોચને બદલે વિસ્તાર જ આપણે તો સાધવો જોઈએ.

કોઈકને મળીએ તો હૃદય મુક્તિ અનુભવે, વિહારનું સુખ મળે; પણ કોઈકની ઉપસ્થિતિમાં આપણી વાણી પણ રૂંધાઈ જાય છે, દૂર ભાગી જવાનું મન થાય છે. કેવળ ઔપચારિક વ્યવહાર પતાવીને નાસી છૂટીએ છીએ. કોઈ વાર એકાન્ત પણ ગમે છે. પણ તે પ્રાણ રૂંધી નાખે એવું સાંકડું નહીં હોવું જોઈએ. સીમાહીન એકાન્તથી હું ભયભીત થઈ નથી ઊઠતો. મેં જોયું છે કે નાના નાના સ્વાર્થ, વાસનાઓ, અલ્પ આકાંક્ષાઓ જ માનવીને સંકોચે છે, વામણો બનાવે છે. એ મોટા આસને બેઠો હોય તોય એની ક્ષુદ્રતાને સંતાડી શકતો નથી. જેનો આત્મા પરમાત્મા સ્વરૂપ હોય તે જ આત્મસ્થ આત્મપરાયણ, આત્મલીન બની શકે. સાર્ત્ર ગભરાઈ ઊઠીને કહે છે કે ઇતર તે જ આપણું નરક. જે ઇતર છે તેને આપણે ઓળખતા નથી, તેની સાથેના સમ્બન્ધની કોઈ ભૂમિકા સ્થાપી શકતા નથી, આપણે તો જે પર છે તેને જ પરમ ગણીએ છીએ, કારણ કે તેને નિમિત્તે જ આપણે આપણી સંકુચિતતાને ઉલ્લંઘી જઈ શકીએ છીએ. આથી જે પરાત્પર છે તે જ શ્રેષ્ઠ છે, જે પર છે તેને હૃદયની વિશાળતાથી આપણું આત્મીય બનાવીએ ત્યારે જ આપણને ચેન પડે.

14-7-72

*

# કૃત્રિમ શરદ

આ તો જાણે વર્ષા ઋતુના દિવસો જ નથી. સાચી નહીં પણ નકલી શરદનું રાજ ચાલતું હોય એવું લાગે છે. નકલી એટલા માટે કે શરદનું પારદર્શી નિર્મળ હાસ્ય નથી. દિવસનું મુખ તો મ્લાન જ છે, શરદનું અનારોગ્ય બધે દેખાય છે, પણ શરદની પ્રસન્નતા નથી, ગલગોટાનું સોનેરી હાસ્ય નથી, તનમનિયા અને ગુલબાસની રંગલીલા નથી. અત્યારે તો અવિરત જળધારા વરસતી હોય, મેઘમેદુર આકાશ દ્રવી જતું હોય, તૃણાંકુરનાં પુલકનો અશ્રુત ધ્વનિ સંભળાતો હોય. આ જળ વિનાનાં છતાં મલિન વાદળોને જોઈને મોર હવે ઠગાઈને કેકા કરતો નથી. છાપામાં દુકાળના ઓળાઓ દેખાવા માંડ્યા છે.

આ કૃત્રિમ શરદ મને સ્મિતની માયા લગાડી જાય છે. આ મ્લાન આકાશમાં, આ પીળાં પડીને સુકાઈ ગયેલાં તૃણાંકુરોમાં ખેતરમાં નિસાસા નાખતાં ધાન્યાંકુરોમાં એ સ્મિતને ક્યાં પામવું? નેતાઓ, ખંધા રાજપુરુષોની આંખમાં હાસ્ય છે. પણ એ બધું ધૂર્તતાભર્યું હાસ્ય છે. એ દુકાળને પણ પોતાના પક્ષના પ્રચાર અર્થે કેવી રીતે વટાવવો તેની ગણતરીમાં છે. શિશુની આંખોમાં હાસ્ય છે. પણ તે વાસ્તવિકતાથી અલિપ્ત છે. પછી એ જ શિશુઓના સુકાઈ કરમાઈ ગયેલા ચહેરાઓનાં મોટાં મોટાં પોસ્ટરો પરદેશ પાસેથી ભીખ ઉઘરાવવા માટે ચોંટાડેલાં દેખાશે. નદીઓ અત્યારથી જ કાંકરા ગણતી થઈ ગઈ છે. વૃક્ષો વૈશાખ જેઠની ધૂળ અંગ પરથી ખંખેરી નાખી શક્યાં નથી.

તો હાસ્યને ક્યાં શોધવું? ત્યાં સૂર્ય, મરુત વરુણથી છિદ્રિત થયેલા પથ્થરને જોઉં છું. એ છિદ્રોમાં એ થોડી થોડી શીતળતાનો સંચય કરી રાખે છે. એમાંથી ધીમે ધીમે જળ ઝમે

છે. પથ્થરનું એ નિ:શબ્દ હાસ્ય હું સાંભળું છું. આ નિર્જળ ધૂસરતામાં, આ ધૃષ્ટ સૂર્યના અત્યાચારમાં, પવન પંખીના ટહુકાની પડછે મને આ સ્મિત સંભળાય છે.

દૂર ક્યાંક પડેલા વરસાદથી મત્ત બનેલો પવન ધરતીની મહેંક લઈને, કૂણાં ધાન્યની કાચી કુમાશને લઈને રાત્રિના કોઈ ઉન્નિદ્ર પ્રહરે આવી ચઢે છે ત્યારે ચારે બાજુ બધું ચંચળ થઈ ઊઠે છે. મારું લાકડાનું બારણું વનનો કોઈ વૃક્ષરાજ બનીને ઝૂમે છે. બારીનો કાચ વન વચ્ચે થઈને વહેતાં પારદર્શી ઝરણાંની કાલી કાલી બોલી બોલતો થઈ જાય છે. મારી પથારીની ચાદર નીચે કપાસનાં કાલાંનો હિલ્લોળ આંદોલિત થઈ ઊઠે છે. ભીંત પરનું કેલેન્ડર સમયની વહેતી અસ્ખલિત ધારાનો એકધારો ઘોષ સંભળાવે છે. જોઉં છું તો ક્યાંય કશું જડ નથી, સ્થગિત નથી. બધું દ્રવીભૂત થઈ ગયું છે, બધું પ્રવહમાન છે. બધે ક્ષણેક્ષણે પરિવર્તન પામતી આકારોની માયાનું શૈલૂષીનૃત્ય જોઉં છું. ખૂણેખૂણે સંતાઈ ગયેલા રંગો બહાર આવીને ક્રીડા કરી રહ્યા છે. દૂર નિકટ જેવું કશું રહ્યું નથી. સમુદ્ર બારીના કાચમાં ઊછળે છે. સૂર્ય છીપલીમાં હસી રહ્યો છે. રેઢિયાળપણાનો પડદો ઊંચકાઈ જતાં એક આખું રહસ્યમય વિશ્વ પ્રગટ થઈ ગયું છે. નિસ્તબ્ધતાની આડશે છુપાયેલી એક આખી મંજુઘોષ સૃષ્ટિ રણકી ઊઠી છે. તિમિર અને મૃત્યુ ઊજળાં અને મોહક બનીને મૃદંગ બજાવે છે.

વિશ્વની અનેકવિધ ગતિના ચંચળ હાસ્યને મારી મુગ્ધ સૃષ્ટિ અનુસરે છે. દૃષ્ટિ સૂક્ષ્મથી સૂક્ષ્મતર બનીને અત્યાર સુધી અપ્રકટ એવાં વિશ્વોની એંધાણી લઈ આવે છે. આ બધાંને અજવાળતો એક ઉજ્જ્વળ જ્યોતિ હું જોઉં છું. એમાં મનુષ્યાતીત પ્રેમની દીપ્તિ છે. આથી આજે સચરાચરના અણુએ અણુને મમત્વથી આલિંગીને અભિન્ન બની જવાનું સુખ પ્રાપ્ત થાય છે. હંસિક પશુ, દ્વેષી માનવ, કુટિલ સર્પ શાપમુક્ત થઈ શકે એવી આ એક માહેન્દ્ર ક્ષણ છે.

આ આનન્દથી રોમાંચિત સ્પન્દિત વિશ્વના અસંખ્ય પુલકોમાં 'ત્વમસિ મે હૃદયં દ્વિતીયં'નો ધ્વનિ ઝંઝાવાત થઈ ઊઠ્યો છે. ઊંડી ગર્તાની ભયાનકતાને પણ એ આશ્લેષે છે. ઉચ્ચતમ ગિરિશૃંગના ઉન્નત દર્પને પણ એ આંબી શકે છે. આ તુચ્છ રજકણ પણ એના સ્પર્શથી આનન્દનો હિલ્લોળ જગાવે છે. એ રજકણના નેપથ્યમાં પ્રસન્ન વિમલ શતદલની પાંખડીઓ ખૂલી રહે છે. સમુદ્રના વિશાળ શ્વેત પુલિનો આશીર્વાદ માટે

લંબાવેલ હાથની જેમ પ્રસરેલા છે. એક એક ક્ષુદ્ર જન્તુના ઉડ્ડયનમાં આજે વિરાટનો પદસંચાર સાંભળું છું.

આજે હસતા ગુલાબ નીચેના કાંટાને ચૂમી લેવાનું મન થાય છે. આ કરેણ અને કેનિયાના, ઝિણીઆ, મોતિયા અને ડહેલિયાના મખમલી પડદા ખસેડીને એની પાછળ રહેલા ઈશ્વરને મોઢામોઢ જોઈ લેવાનું મન થાય છે. આજે મારા ચરણ મૃદુ બને, એથી ક્યાંક કોઈ પથ્થર સરખો ઉઝરડાય નહીં એવી પ્રાર્થના મારાથી થઈ જાય છે.

કોઈ આકાશમાં ઇન્દ્રધનુષની માયાને સંગોપી રહ્યું છે. આ સંગોપનમાં જ કશુંક સંમોહન રહ્યું છે. આથી જ આ દિવસોની આછી અપ્રકટતાને હું દોષ દેતો નથી, આ મ્લાનતાને હું મીંઢી ગણતો નથી. તૃણાંકુરને કાન દઈને સાંભળું છું. કદાચ વર્ષાના આગમનનો સંદેશો એણે સાંભળ્યો છે.

વાડની મેંદી પર મંજરીઓ મહેંકે છે. એ મેંદીની કમનીય રેખાઓ પત્રલતાશાખા બનીને હથેળી પર એના ગુપ્ત રંગની માયાનો આલેખ લખી જાય છે. આષાઢી આકાશની ઘુંટાયેલી કજ્જલસ્નિગ્ધ શીતળતા એ હાથમાં અવતરે છે. એ હથેળીને આંખની પાંપણ પર દાબી દઈને એ શીતળતામાં નિઃશબ્દપણે સરી જવાનું સુખ ગમે છે.

સાંજ ઢળે પછી પવન અને લીમડા ગપ્પાં મારવા બેસે, ઘડીકમાં ખડખડ હસે, ઝૂમે, ડોલે. વાદળ અને ચન્દ્ર આકાશમાં વિહરે. આમ રાત ઘેરી થાય. ઘડીક પવન થંભે, ક્યાંકથી અનનુભૂત આનન્દની એવી લહેરખી આવે કે આ પૃથ્વીને ઢાંકતું આવરણ ઊડું ઊડું થઈ રહે. પોતાની માયા સરી પડશે કે શું એવી ચિન્તાથી ઈશ્વર હાંફળોફાંફળો દોડાદોડ કરે. એનો પદધ્વનિ હૃદયના ધબકારામાં સંભળાય. ત્યારે નિદ્રાનાં પૂરને ખાળીને હું એ સાંભળ્યા કરું. સવારે જાગીને જોઉં તો કોઈકના ચરણનો અળતો મારી આંખમાં લુછાઈ ગયેલો દેખાય. જોઉં છું તો શ્રીમાન દર્દુર ઓલિમ્પિક માટે કૂદકાની પ્રેક્ટિસ કરી રહ્યા છે, પતંગિયાંઓ ફૂલ જોડે રંગની અદલાબદલી માટે ગમ્ભીરપણે વાટાઘાટ ચલાવી રહ્યાં છે. બીજું એક કુતૂહલ જોયું. ગરમાળાનાં હાંડીઝુમ્મરો ફરીથી લટકતા જોયાં. કોઈકે કદાચ ખોટા સમાચાર આપ્યા લાગે છે. એમને કદાચ એમ છે કે ગ્રીષ્મ હજી પૂરી થઈ નથી.

પારિજાત દ્વિધામાં છે. શ્રાવણ તો બેસશે, પણ વર્ષાએ ધરતીના હૃદયમાં સૌરભ વહાવી નથી; તો મહેંકવું શી રીતે?

મેદાનમાં ટિટોડીનો કકળાટ વધ્યો છે, એને પણ કદાચ આવી જ મૂંઝવણ છે. ઈંડાંની શી વ્યવસ્થા કરવી તે સમજાતું નથી. સુગરીઓએ પાંખા બની ગયેલા બાવળ પર માળો ગૂંથવાની શરૂઆત કરેલી, પણ હવે ઘાસ જ રહ્યું નથી. એટલે માળા અર્ધા ગૂંથીને રહેવા દીધા છે. સૃષ્ટિ આખી કામની અધવચ થાકીને સહેજ થંભી જતી ગૃહિણીની જેમ થંભી ગયેલી લાગે છે.

આ સૃષ્ટિમાંથી સ્વેચ્છાએ બહિષ્કૃત થઈને આજનો માનવી જીવી રહ્યો છે. એ નથી જોતો આકાશ સામે કે નથી જોતો ધરતી સામે. એની દૃષ્ટિને એણે સંકોચી નાંખી છે. એને પોતાના જ હૃદયમાં વાળવાની એ હિંમત કરી શકતો નથી. કદાચ મોટા ભાગના માનવીઓએ મનોમન આ ગ્રહની વિદાય લઈ લીધી છે. હવે આ ગ્રહ જોડે એમને કશી લેવાદેવા નથી. કદાચ હવે એઓ મંગળ પર કીટ થઈને જીવવા જશે, કદાચ શુક્ર પર કાંકરા થઈને જીવશે. પણ કીટ અને કાંકરાની નમ્રતા એનામાં છે ખરી?

પણ હું શા માટે એની ચિન્તા કરું? આ પૃથ્વી પર જન્મીને ઈશ્વરનો સાક્ષાત્કાર નહિ પણ માનવીનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા હતી. એ ફળશે ખરી?

4-8-72

*

# સ્નિગ્ધતાહીન દિવસો

કોઈ વાર સમયના જીર્ણ આવરણના તન્તુઓ તૂટતા લાગે છે. એની આરપાર જોઈ લઈ શકાય છે પણ એ જે જોઉં છું તેનો આપણા સંસાર જોડે મેળ બેસતો નથી. એથી વિશુદ્ધ થઈ જવાય છે. એથી ફરી પ્રાગૈતિહાસિક અવસ્થામાંથી પાછા ફરીને સમયે પાડેલી સળનો આશ્રય લઈ લેવો પડે છે. પણ આ પરિણામભેદનો અનુભવ આપણી ચેતનાને થયા કરવો જોઈએ. સમયની ઘરેડમાં એને દોડાવ્યા કરીએ તો એ સીધી લીટી સિવાયની કોઈ ગતિને ઓળખે નહીં.

એકાદ શાન્તિની ક્ષણ આવી ચઢે ત્યારે એના નાના શા બિન્દુમાં કોલાહલના આખા સમુદ્રને ઓગાળી દઈ શકાય છે. બધું એને તળિયે ઠરે છે. પ્રશ્નોને ઓગળી જતા જોઉં છું. સંશયનાં વમળો પણ શમી જાય છે. નિસ્તરંગ સ્થિરતા સહેજ સરખી ગતિનો પણ આભાસ અનુભવવા દેતી નથી. શબ્દોને સર્જવાનો આનન્દ છે તો એનો વિલય થતો જોવાનો પણ આનન્દ છે. મૌનમાં પર્વતોની ગરિમા અને દૃઢતા છે. એ મૌનના દૃઢ આધાર વિના વાણીમાં અટલ નર્તનો સમ્ભવે ખરાં? ક્યાંકથી કોઈ અજાણ્યા ફૂલની સુવાસ અહીં વહી આવે છે. એની સુવાસથી નશો ચઢે છે. બધું નજર આગળથી ભુંસાઈ જતું લાગે છે. ચેતના ધૂંધળી બને છે, પછી એક બિન્દુ બનીને ક્યાંક સરી પડે છે. આકાશની ભૂમિમાં રેખાઓ લુપ્ત થઈ જાય છે, ત્યારે ‘છે’ અને ‘નથી’ની સીમાઓ એકબીજામાં ભળી જાય છે.

માનવીઓ જોવા ગમે છે. એ શું બોલે છે તે સાંભળવાની જરૂર નથી. કોઈ વાર ગાળ પણ દેતા હોય છે. પણ એના મુખ પરની રેખાઓ સંકોચાતી ઝીણી બનતી તો વળી

વિસ્ફારિત થતી, ઊંડી બનતી એ આંખોને જોયા કરું છું. કોઈ વાર એ નાના ઝરણા શી છીછરી બની જાય છે. એનાં ઊંડાણનો ભય લાગતો નથી પણ કોઈ વાર એ દૃષ્ટિને ધાર નીકળે છે, એ મર્મને છેદી નાખે છે. કોઈ વાર એ ડહોળાઈ જાય છે. એનો ભાવ કળી શકાતો નથી. એ છેતરામણી બની જાય છે, ધૂર્ત બને છે. તો કોઈ વાર એ અંધારામાં દેખાતા સળગતા અંગારા જેવી લાગે છે. તો કોઈ વાર ગાઢ વનમાં ખીલેલી એક માત્ર કળી જેવી પ્રગટ થઈ ઊઠે છે. કોઈ વાર એ શઠ બનીને આપણી દૃષ્ટિથી બચતી રહે છે, તો કોઈ વાર એ આપણી દૃષ્ટિને મોહક લોભથી લલચાવે છે, પણ હું જોયા કરું છું.

અવાજ – મૃદુ બાષ્પના જેવો અવાજ મારા શરીરના કિનારા જોડે આછો આછો અથડાયા કરે છે. શરીરની જડતા કઠોરતા ધીમે ધીમે દ્રવી જાય છે, વહી જાય છે, હું મને પોતાને જ રેલાઈને દૂર સુધી પ્રસરીને અદૃશ્ય થઈ જતો જોઉં છું. કશાનું નહીં બનેલું એવું ઐશ્વર્ય મારા દેહની ભૂમિમાંથી પ્રગટે છે. એ અસ્પર્શ્ય અગ્રાહ્ય રહસ્યને જાળવવું ક્યાં? ને જો નહિ જાળવી શકું તો એ રહસ્ય બાષ્પીભૂત થઈને વેરાઈ જશે, કોઈ માનશે નહિ કે એ હતું. તો પછી કોઈ માનશે નહિ કે હું હતો, તો પછી આ વિશ્વ પણ ક્યારેક હતું ખરું? તો પછી આ બ્રહ્માણ્ડ ભગવાન પણ હતાં ખરાં? આવી કેટલી ક્ષણો મારી પર થઈને પાંખનો ફફડાટ કરીને ઊડી ગઈ હશે!

કોઈ વાર સૂર્યને પટાવી ફોસલાવીને પાછો કાઢવાનું મન થાય છે. પણ પાળેલા કૂતરાની જેમ એ આખો દિવસ પાછળ પાછળ ફર્યા કરે છે. એની સુંવાળી રૂંવાટી, એની ઉષ્મા, એના દાંતની તીક્ષ્ણતા અને એનાં નિઃશબ્દ પગલાં બધું ખૂબ ખૂબ પરિચિત છે. એ મારી જોડે વંડીઓ ઠેકે છે, ખુલ્લી બારીમાંથી કૂદકો મારે છે, બારીના કાચ પર મૂઠી મારે છે. ગરીબડી તળાવડી પર જઈને રોષ ઠાલવે છે, વડ આગળ રાંકડો બની જાય છે, રાતે મારા ખિસ્સામાં લપાઈ ગયેલી લખોટીની જેમ ક્યાંક લપાઈ જાય છે.

દિવસ શરૂ થઈ ગયો છે. ક્યાંક રોલર ફરવાનો અવાજ આવે છે, સામેના રસ્તા પર થઈને એક હાથી ચાલી જાય છે. એ ડોલતો ડોલતો ચાલે છે, ઘંટડીઓ રણકે છે. ચાલતાં ચાલતાં સૂંઢથી લીમડાની ડાળી તોડી લે છે; આ શહેરને રસ્તે એ કોઈ મોટી ઘટના નથી, પણ મારી દૃષ્ટિ સમક્ષ તો એ હાથીની આજુબાજુ એક ગાઢ વન ઊગી નીકળે છે. હાથીઓનાં ઝુંડ દખાય છે. પાસે નદી છે, હાથીઓ સૂંઢથી પાણી ઉછાળે છે, હર્ષનાદ

કરે છે. પણ તરત એ બધી માયા સંકેલી લઈને, મનને એક ખૂણે સંતાડી દઈને હું દૃષ્ટિને પાછી વાળી લઉં છું.

આ દિવસો ભીખના રોટલા જેવા લાગે છે. એમાં કશી સ્નિગ્ધતા નથી, એ કકરા છે, એની ધાર ખૂંચે છે, એ બેવડ વળી ગયા છે. એમાં શુષ્કતા છે. એને લોભથી સાચવી રાખવા માટે મેલી ફાટેલી કન્થા જોઈએ. એને ફગાવી દેવા જેટલો રોષ હજુ થયો નથી. માટે આ દિવસો હજી ખસતા નથી, પડ્યા રહ્યા છે. કોઈ સૂર્યને શાપ આપે, એ શાપના બળે કૂતરો થઈ જાય અને ભીખના રોટલા જેવા દિવસોને ખાઈ જાય!

ભૂમિના પેટાળમાંનું જળ આકાશમાંથી વરસનારા જળની રાહ જોઈને બેઠું બેઠું નિસાસા નાખે છે તે હું રાતે સાંભળું છું. રાતે એ આંખો અંધારામાં ચળક્યા કરે છે. પણ આકાશમાંનું અન્ધ જળ એ જોતું નથી. એ તો હજી ઉચ્છૃંખલ વાદળોની પીઠ પર બેસીને ફરે છે. એટલે દૂર ભૂમિના પેટાળના જળના નિસાસા સૂર્ય પહોંચવા દે ખરો?

છતાં જળની આશા છૂટતી નથી. લોખંડની બેડીની જેમ ખણંગતું એ જળ ક્યારે સંભળાશે? નવા, હજી તો પલોટાયો પણ નથી એવા વછેરાની જેમ જળધારા ક્યારે દોડી જતી દેખાશે? કોઈ શિલ્પીની કુશળ આંગળીઓની જેમ જળ ક્યારે એનાં મનોરમ શિલ્પો આ માટીમાંથી કંડારશે? જળના એ રોમાંચક સ્પર્શથી પીપળાનાં પાંદડાં ક્યારે મુક્ત કણ્ઠે ખડખડ હસી પડશે? હજાર વર્ષથી તપ કરનારા મૌન વ્રતધારી પેલા કૂવાનાં નિસ્તરંગ ચિત્તને કોણ હિલ્લોલિત કરી મૂકશે? હસતી પારદર્શક રૂપવાળી જળસુન્દરીનું હાસ્ય ક્યારે દેખાશે? હજી તો નફફટ સૂર્યની ખંધી આંખો ઢંકાઈ ગઈ નથી. પણ આછો પયોધરનો અણસાર દૂર દૂર વર્તાય છે, આછી રણકતી જળમેખલા પણ સંભળાવા લાગી છે, તૃણાંકુરો વચ્ચે ફરી મૃદુ સંલાપ શરૂ થઈ ચૂક્યો છે. બળીઝળી રહેલી ધરતીને ક્ષિતિજની આસમાની મૃદુ હથેળીઓ શાતા આપવા સ્પર્શે છે. પણ ધાન્યક્ષેત્ર પરથી એ હરિત સ્નિગ્ધ સ્પર્શ ભુંસાતો જાય છે. વનસ્પતિનો એ વર્ણકલાપ વિસ્તર્યો નથી. પર્વતો હજી બોડા છે, એના પાષાણ હૃદયમાંથી નિર્ઝરિણીઓ વહેતી થઈ નથી. પંખીની પાંખ વચ્ચે ભરાઈ ગયેલાં જળબિન્દુનો ભાર નથી. ઇન્દ્રના ભાથામાંથી ઇન્દ્રધનુષ ખૂટી પડ્યાં લાગે છે. કેતકીના દણ્ડનું ઉન્નત ગૌરવ જોવા મળતું નથી. કદમ્બ ખીલ્યાં નથી, રાધા

ક્યાં જઈને કૃષ્ણની રાહ જોશે? પણ રાધાને વિહ્વળ બનાવનાર એ ઘનશ્યામ માયા જ દેખાતી નથી!

જળનું એ તરલ ચંચળ ચુમ્બન ક્યાં છે? દેવો વાદળની આડશે રહીને એ જુએ, ભગવાનના હોઠ એ જોઈને ભીના થાય અને એક આર્દ્ર ઉચ્છ્વાસ સરી જાય તેનો સ્પર્શ આખા બ્રહ્માણ્ડને થાય. શંકરનું લંગિ ખરું પણ એના પર સદા જળાધારી વરસ્યા કરે. એ જળાધારી વિનાનું લંગિ તે તો નર્યો પાષાણ. સુકાઈને ક્ષીણ થયેલા જળપ્રવાહને કારણે ઉઘાડા પડી ગયેલા કાંકરાઓ બપોરે સૂર્યને ગાળ દે છે તે બપોરે નદીકાંઠે સંભળાય છે.

પૂર્વમાં પ્રભાતે ઉષાનું હાસ્ય દેખાતું નથી. પક્વ ધાન્યનો સુવર્ણપુંજ જુએ તો એ હસે ને? વિશ્વવ્યાપી કશાક શોકની મ્લાનતા વ્યાપી ગઈ છે. જળના એ સુડોળ બિન્દુની માયા લાગી છે. એ મોતીનો વૈભવ દરેક તૃણાંકુર અને પર્ણ ઝંખે છે. સુકાઈ ગયેલા દરની બહાર નીકળીને સાપ જળબિન્દુને ઝીલવા એની જીભ બહાર કાઢે છે. દેડકાઓનું વૃન્દગાન હવે થંભી ગયું છે. આગિયાની દીપમાળા પ્રગટી જ નથી.

પણ હવે આગમનના ભણકારા વાગે છે. ફરીથી મોર ગહેંકી ઊઠશે. કીડીઓને સંદેશો પહોંચી ગયો છે. ઈંડાંની અને એના કણના કોઠારની હેરફેર શરૂ થઈ છે. ટિટોડી ફરી સાંજે દેખાવા લાગી છે. વૃક્ષોની શાખાઓમાં પણ વર્ષાના આગમનનું ઇંગિત વર્તાય છે. માનવીની રુક્ષ આંખોમાં પણ સહેજ સ્નિગ્ધતાનો આભાસ થાય છે.

11-8-73

*

# અસ્તિત્વની સ્વીકૃતિ

આ અસ્તિત્વને સ્વીકારવું કે ન સ્વીકારવું એ સમસ્યા હૅમ્લેટને માટે ઊભી થયેલી. ત્યાર પછી દોસ્તોએવ્સ્કીના પાત્ર ઇવાને તો સંમતિ વિના આપેલી આ જગતમાં પ્રવેશવાની પ્રવેશપત્રિકા ઈશ્વરને પાછી વાળવાની ઘોષણા કરેલી. બીજી બાજુથી કેટલાક કવિઓએ આ પૃથ્વી પરના તુચ્છ લેખાતા તૃણાંકુર થઈને પણ જીવવાની ઉત્કટ ઇચ્છા પ્રગટ કરી છે. કેવળ હોવું એ માનવીને માટે શક્ય નથી. એ હોવાની આજુબાજુ સ્મૃતિ વિસ્મૃતિ અધ્યાસ આભાસપ્રલોભન પશ્ચાત્તાપ આસક્તિવિરક્તિનાં ઝાંખરાં ઊગી નીકળે છે. માનવી પોતાની કહેવાતી સ્વતન્ત્રતા પુરવાર કરવાને જ કેટલીક વાર અસ્તિત્વને ઇન્કારે છે.

આ બધાંને પરિણામે એક વાત સ્પષ્ટ થઈ ઊઠે છે : અસ્તિત્વને માટેનાં વાજબી કારણો, કાંઈ નહીં તો પોતાની જ સમક્ષ, રજૂ કર્યા કરવાની માનવીને માટે એક અનિવાર્યતા છે. જે અસ્તિત્વને પ્રગલ્ભતાથી પૂરું સ્વીકારે છે તેને માટે જ આ પ્રશ્ન ઊભો થાય છે. નાનાં નાનાં દુ:ખ કે ક્ષુદ્ર વાસનાઓની અતૃપ્તિથી કચવાઈને જે ત્રાગું કરે છે તેને તો આ મૂળભૂત પ્રશ્નની સાચી માંડણી સમજાતી જ નથી હોતી. વ્યસ્ત પ્રમાણ એ આપણી બુદ્ધિને તથા આપણા હૃદયને ડહોળી નાખવાની વસ્તુ છે. માનવીની પામરતા ત્યાં જ ચાડી ખાય છે. ક્ષુલ્લક એવા પ્રશ્નને એ અસામાન્ય મહત્ત્વ આપે છે, અને જાણે આત્મસન્માનનો કે પ્રતિષ્ઠાનો એક માત્ર આધાર એના પર અવલંબીને રહ્યો હોય એવી એ છાપ ઊભી કરવા ચાહે છે. પણ હું બીજાની અવમાનના કરીને મારું માન જાળવી શકું નહીં, કારણ કે માનવ હોવાને નાતે બીજાનું ગૌરવ જાળવવાનું મારે માટે અનિવાર્ય બની રહે છે. પણ

કેટલાક ક્ષુદ્ર અહંકારનો એટલો તો પ્રચણ્ડ પડછાયો પાડતા હોય છે અને એ પડછાયાને જ પોતાના કરતાં એટલો તો સાચો માનતા હોય છે કે એની ઓથે પોતે સદા ઢંકાઈ જતા હોય છે તેની પણ એમને ખબર પડતી નથી.

ઈશ્વરનો પણ પડછાયો આપણને ખપતો નથી, કારણ કે પડછાયાને કેવળ ભૌમિતિક અસ્તિત્વ છે. અસ્તિત્વની શરૂઆત અણુથી થાય, પછી વિભુ સુધી જવાય. પણ વિભુત્વનું પ્રલોભન જબરું હોય છે. એક એવી પણ સ્થિતિ આવે છે જ્યારે અણુત્વ અને વિભુત્વનું સાપેક્ષતામૂલક ગણિત આખું ખોટું પડે છે. એ સમ્પૂર્ણ મણ્ડલાકારમાં અણુ અને વિભુના છેડા મળી જાય છે. પણ એ તો એક આદર્શ સ્થિતિ થઈ. આપણા બધા ઉધામા આ બે અન્તિમોની વચ્ચેના છે. માટે સાચું તપ ધ્રુવ જ કરી શકે. જે પોતાના કેન્દ્રમાં સ્થિર છે તે ધ્રુવ. પણ એ તો મને મારું કેન્દ્ર જડ્યું હોય તો જ શક્ય બને. જો એ બની શક્યું ન હોય તો હું અનેક કેન્દ્રો બદલતો રહું. ઐશ્વર્યપ્રાપ્તિ, પ્રતિષ્ઠાપ્રાપ્તિ, સત્તાશોખ આ બધાં કેન્દ્ર વચ્ચે માનવી અટવાતો ફરે છે.

ક્ષુલ્લક ને અલ્પ પરિમાણોને ફુલાવીને મહાન મનાવવા ઇચ્છતો માનવી જ સૌથી પામર લાગે છે. પામરતાનો જ આ દુનિયામાં ભારે ઘોંઘાટ હોય છે. રવીન્દ્રનાથે કહ્યું છે કે જે પ્રભાતે કમળ ખીલ્યું તે પ્રભાતે એના ડંકા ક્યાંય વાગ્યા નહીં. આટલો પ્રચણ્ડ સૂર્ય એની કશી જાહેરાત કરતો નથી, કારણ કે એ કશું ઢાંકતો નથી. જ્યારે પામર માનવીના મહાન થવાના પ્રયત્નોમાં બીજાને ઢાંકી દેવાની વૃત્તિ જ મુખ્યત્વે દેખાય છે. સૂર્ય આખો દિવસ પ્રકાશે છે પણ એ હમેશાં પોતાના તરફ આપણું ધ્યાન ખેંચતો નથી. આથી જ તો એના પ્રખર પ્રકાશમાં વૃક્ષોની પ્રલમ્બ શીળી છાયા પણ શક્ય બને છે. પ્રખરતા જો આત્મપ્રકાશ પૂરતી જ મર્યાદિત બની રહે છે તો એ પોતાને માટે પણ દાહરૂપ બની રહે છે. આથી આત્મપ્રકાશમાં જ રચ્યાપચ્યા રહેનારાના મુખ પર સૌમ્ય કાન્તિ નથી હોતી, પ્રસન્ન સ્મિત નથી હોતું, એની દૃષ્ટિમાં સ્નિગ્ધતા હોતી નથી. એના શબ્દમાં માધુર્ય નથી હોતું. એ સેવકોખુશામતિયાઓથી ઘેરાયેલો છતાં અટૂલો હોય છે.

અસ્તિત્વને સ્વીકારવું કે નકારવું એ પ્રશ્ન જગતને શૂન્યની સીમા જેટલે દૂર સુધી વિસ્તરતું જોઈ શકનારને માટે જ ઉદ્ભવે છે. આ વિસ્તૃતિના પરિમાણ વિના, એની અપરોક્ષ અનુભૂતિ વિના, આ શૂન્યની વાતને મોઢામાં મમળાવવી, અલ્પ સુખમાં

આળોટતાં આળોટતાં આ શૂન્યની વાત બહેલાવી બહેલાવીને કરવી, એ માટે અપ્રામાણિકપણે વાણીવિલાસ કરવો એ બાલિશતા છે. નિ:શબ્દતા અને મીંઢું મૌન એ બેમાં ફેર છે. ભાષાનાં વિશાળ મેદાનો પર ઘૂમી વળ્યા પછી જે નિ:શબ્દતા છવાયેલી અનુભવાય એ તો એક વિરલ પરિસ્થિતિ છે. અવાજના તરણાને બાઝીને જીવનારો એની વાત શી રીતે કરી શકે?

આ અનુભવ થતા પ્રત્યેક પળે આપણે નિ:શબ્દતાના પ્રસારને ઉંબરે ઊભા હોઈએ એવું લાગે છે. આ પ્રશાન્તિ દુ:સ્વપ્નોના પડછાયાથી કલુષિત નહીં થાય તેની હેમ્લેટને ચિન્તા હતી. પ્રકટતાના ઉકરડા નીચે હવે નિ:શબ્દતા અંકુરિત થઈ રહી છે. એની જેને એંધાણી મળી ચૂકી છે તેની વાણીમાં પણ આ નીરવતાનો રણકાર સંભળાય છે. આ નિ:શબ્દતામાં એકાકાર થઈ જતાં પહેલાં આપણા પડછાયાને સુધ્ધાં ભૂંસી નાખવાની જરૂર છે એવું સૅમ્યુઅલ બૅકૅટે કહ્યું છે. એની એક નવલકથામાં કાદવિયા ભોંય પર એક પાત્ર ગબડી પડ્યું હોય છે ત્યારે એની સાથે જેઓ હતા એમ એણે માન્યું હતું તે પણ એક ભ્રાન્તિ હતી તેનું એને ભાન થાય છે. આ દૃષ્ટિએ ચાર્લી ચેપ્લિન અને ફ્રાન્ઝ કાફકામાં ઝાઝો ફેર નથી. ફ્રાન્ઝ કાફકાની સૃષ્ટિમાં આછું ધુમ્મસ છે. દુર્ગનો અણસાર છે એવી ભ્રાંતિ રહ્યા કરે છે, પણ બૅકૅટની સૃષ્ટિમાં એ ભ્રાન્તિ પણ રહેતી નથી. 'વેઇટિંગ ફોર ગોદો'માંના વ્લાદિમિર અને એસ્ટ્રાગોનને કોઈ દુર્ગનો અણસાર કે ક્ષિતિજની રેખા સુધ્ધાં દેખાતી નથી.

બૅકૅટનો પ્રશ્ન છે. 'કોઈ આવા નિબિડ અન્ધકારમાં નિશ્ચિતતાપૂર્વક શી રીતે કશી વાત કરી શકે?' આથી જ કાફકાની નવલકથા 'દુર્ગ'માં લોકો જુદી જુદી દિશામાં દુર્ગને ચીંધી બતાવે છે. આપણને આપણી પોતાની અખણ્ડ પ્રતીતિ થયા કરે છે એવું નથી. એ અલપઝલપ ઝબકી જાય છે, એટલું જ. આથી એને વિશે નિશ્ચિતતાની પરિભાષામાં વાત કરવી એ દમ્ભ છે. પણ કેટલાક નિ:સંકોચપણે નિશ્ચિતતાથી વાતો કરતા હોય છે. અસ્તિત્વ સંકોચાઈને એક ભૌમિતિક બિન્દુ જેટલું બની જાય છે, એની ચારે બાજુ નિરાકારતાનો સાગર છલકાય છે. આવી ભીષણતા વચ્ચે ઊભા રહ્યા પછી જે વાણી મહાપ્રયત્ને ઉચ્ચારી શકાય છે, તેમાં જે નિ:શબ્દતા સાથે અથડાઈ ચૂક્યાને કારણે ઊભું થતું આન્દોલન હોય છે, એનો જે આગવો સ્પન્દ હોય છે તે આપણે ત્યાંના 'એબ્સર્ડ'ની

વાતો કરનારાઓની કૃતિમાં અનુભવાય છે ખરો? રંગભૂમિ પર કોઈ પણ થોડા સમય માટે રાજાનો પાઠ કરી શકે, પણ એને રાજા હોવા સાથે સમ્બન્ધ નથી.

આપણા યુગમાં વર્તમાનમાં ઓતપ્રોત થઈને રહેવું, ભૂતકાળના ભૂંસાયેલા નકશાની રેખાને કશીક રાસાયણિક પ્રક્રિયાથી ફરી ઉદ્‌ભાસિત કરવાનો પ્રયત્ન કરવો એ પ્રવૃત્તિને કશો આધાર રહ્યો નથી. હું નથી એમ નિશ્ચિતતાથી કહી શકાતું નથી. હું હતો એમ કહેવા જતાં વાક્ય અર્ધેથી તૂટી જાય છે. આથી બૅકેટ કહે છે કે આવી બાબતમાં કશું નિશ્ચિતતાપૂર્વક કહેવા જવું એ જ મૂર્ખામી છે. પહેલેથી કશું નક્કી કરી રાખવું નહિ. આપણે કદાચ હતા નહિ. પણ ભવિષ્યમાં હોઈ શકીએ. તો એની સમ્ભવિતતાની પ્રતીક્ષા કરવી. માનવીની એક માત્ર સાચી પ્રવૃત્તિ છે પ્રતીક્ષા કરવાની.

પોતાને જે થાય છે તે નર્યું પોતાનું છે કે એ પોતાના દ્વારા થતી કશીક પ્રક્રિયા છે? આથી હું મારે વિશે માંડીને શી વાત કહી શકું? માટે જ મારે મારી કશી કથની જ નથી, આથી જ તો હું પેલા ભૌમિતિક બિન્દુ આગળ અટકી ગયો છું. પણ આ બધું જ સાપેક્ષ છે, માટે જ પરિમાણો સાચવવાં પડે છે. બધું યથાયોગ્ય પરિપ્રેક્ષ્યમાં ગોઠવવું પડે છે. આને માટે જે પરિપ્રેક્ષ્યમાં આપણે ગોઠવાઈ ગયા છીએ તેની બહાર નીકળી જઈને ફરીથી પોતાને જોઈ લેવાની પ્રવૃત્તિને એક અનોખા કૌવતની અપેક્ષા રહે છે. એ કૌવત આપણી નવી પેઢીએ કેળવવું પડે.

1-9-72

*

# પ્રસિદ્ધિનો પ્રશ્ન

શિયાળાની સુરખીભરી સવાર શરૂ થઈ ચૂકી છે, પણ સાંજે તો ઉનાળો જ લાગે છે. કાર્તિકી પૂર્ણિમાનો ચન્દ્ર માણવા જેવો હતો. એ ચાંદનીને જોઈ રહેવાના લોભમાં વહેલા સૂઈ જવાનું મન થતું નહોતું. એ ચાંદની સાથે પરવીન સુલતાનાનું શાસ્ત્રીય સંગીત ભળ્યું એટલે આનન્દ ઓર વધ્યો. ચાંદનીના જુવાળ સાથે સંગીતના જુવાળ ચઢ્યા. કોઈ આ સુખની વાત કરતું નથી. બધાં કોઈ ને કોઈ પ્રકારની ફરિયાદ કરતાં હોય છે. ઉત્તેજના ઉશ્કેરાટ છે, પણ તે જીવનના ચઢતા જુવાળના દ્યોતક નથી. એમાં કૃત્રિમતા છે. હું જોઉં છું કે ક્યાંય પ્રેમ નથી વધતો, કેવળ સ્પર્ધા, ઈર્ષ્યા, અવિશ્વાસ, રોષ, હંસિકતા વધતાં દેખાય છે. આથી જ તો મેં જે સહજ સુખનો ઉલ્લેખ કર્યો તેની ઉપેક્ષા થતી જોઉં છું. વિદ્યાર્થીને ઘણી વાર હું લલચાવું છું, સારી કવિતા વાંચવાને, પણ હવે તો જાણે એ રસેન્દ્રિય જ મરી પરવારી હોય એવું લાગે છે. તો વળી બીજી બાજુથી ઘણા બધા કવિઓ એક સાથે ઊમટી પડ્યા છે. કવિતાની એક બાની તૈયાર થઈ ગઈ છે. એ સૌને સુલભ બની ગઈ છે. એમાં અહીંતહીં થોડો ઉમેરો કરીને કવિપદવાંચ્છુ થોડીક પંક્તિઓ ઉપજાવી કાઢી શકે છે, પછી પ્રસિદ્ધિનો પ્રશ્ન. સર્જન માત્રથી સંતોષ નથી. પ્રસિદ્ધિની વ્યવસ્થા થવી જ જોઈએ. માટે નાનાં નાનાં ફરફરિયાંઓ બહાર પડવા માંડે. આને સર્જનમાં આવેલો જુવાળ ગણીને હરખાઈ જનારા ભોળા રસિકો પણ છે. આ સિસૃક્ષાનું પરિણામ નથી, પણ યશાકાંક્ષાનું પરિણામ છે, પણ એ વિશે રોષ કે આક્રોશ સેવવાનું કશું કારણ નથી. બધું આછરશે, નીતર્યું બનશે અને શુદ્ધ કવિતાની મુખમુદ્રા સ્પષ્ટપણે જોઈ શકાશે. પણ આ બને તે પહેલાં હોંસાતૂંસી રહેવાની, એથી મૂલ્યો ડહોળાઈ જવાનાં, એથી પ્રશંસા અને નિન્દા – બંનેનો અતિરેક થવાનો પણ આ બધા ઘોંઘાટથી સાચો

સર્જક વિચલિત નહીં થાય. એ પોતાના સર્જનના તન્તુને કીતિર્ કે માન્યતાની સાથે સાંકળતો નથી. ભાગવતમાં કહ્યું જ છે કે જેનું ચિત્ત અવ્યવસ્થિત હોય તેની પ્રશંસાનો પણ શું અર્થ? ભાગવતની કથા સમૂહમાં બેસીને સાંભળીએ, પણ ભગવાનનું ધ્યાન તો એકાન્તમાં જ કરવાનું રહે, તેમ કવિતા જેવી કળાનો આનન્દ સમૂહમાં નહિ લઈ શકાય. થોડા સમસંવેદનશીલ મિત્રો સાથે મળીને માણી શકે. પણ એ માટે સમય શોધવો પડે છે. હું તો કાવ્યાનન્દમાં જ ભક્તિના આનન્દનો સમાવેશ કરી દઉં છું.

મોન્તાલેની કવિતાઓ સાતેક વર્ષ પહેલાં મુંબઈના એક કાવ્યરસિક મિત્રના પુસ્તકાલયમાંથી હાથ લાગેલી, દરિયાની છીપલીનું એમાંનું ચિત્ર હજી યાદ છે, ત્યારે એ કવિતાઓ ધરાઈને વાંચેલી, ત્યાર પછી આ સાત વર્ષ દરમિયાન ઇટાલિયન કવિતાનાં સંકલનોમાં અને ખાસ તો અમેરિકી કવિ રોબર્ટ લોવેલે એના કરેલા સ્વૈર અનુવાદોમાં વાંચેલી. મને ઇટાલીના કવિઓમાં ઉંગારેત્તી વધુ ગમે છે, પણ મોન્તાલે માટેય આદર તો છે જ. એની કેટલીક નાની સરખી કવિતાઓ તરત હૈયે વસી જાય એવી છે. એવી એક કવિતા યાદ આવે છે. આ જીવનને તો આપણે કેટલું વિરાટ અપરિમેય કલ્પી બેસીએ છીએ! પણ કવિ કહે છે કે એ તો તમારાં હાથરૂમાલથીય ટૂંકું છે. તો ભલે ને ટૂંકું રહ્યું. વૃક્ષોની ઘટામાંથી જે મર્મર ઊઠ્યો તે ક્યાંક કોઈ પિપુડીઓ વગાડતો હશે તેમાં જઈને ભળ્યો. છીપલીના હૃદયમાં આથમતી સાંજની રતુમડી આભા ઝિલાઈ અને એમાં એક ચિતરાયેલો જ્વાળામુખી સુખથી ધુમાડા કાઢતો દેખાયો, જ્વાળામુખીના ઠરેલા લાવામાં જડેલો સિક્કો ચમકે છે અને હવે એ માત્ર થોડોક કાગળને દબાવીને સાચવે છે. જીવનને અહીં જે રીતે નાનું, રમવા જેવું બનાવીને કવિ મૂકી આપે છે, તે રીત મને ગમે છે.

ત્યાં પણે નદીના કાંઠે બરુની સળીઓ, કાશનાં ગુચ્છો ઊંચું ડોકું કરીને પવનમાં પોતાની કલગી ને મયૂરના કલાપ જેવો એનો કલાપ વિસ્તારે છે. ખાબોચિયા પાસે થઈને, એના કિનારે કિનારે નાનકડી કેડી ચાલી જાય છે. એનાં ડહોળાં પાણી પર મગતરાંઓની ઊડવાની છાપ અંકાયેલી છે અને એક કૂતરો હાંફતો હાંફતો ઘર ભણી પાછો વળે છે. આજે કદાચ એ સ્થળને હું ઓળખી કાઢી નહીં શકું, પણ જ્યારે દૂર કોઈક ખાબોચિયાનાં પાણીને સૂર્યના પ્રકાશમાં ચળકી ઊઠતાં જોઉં છું, વાદળો છવાયેલાં દેખાય છે, અને

એમાંથી પ્રકાશની બે સેર એકબીજાને છેદતી દેખાય છે ત્યારે એકાએક બધું જ ઓળખી લઉં છું.

ઉંદરને પેટે ગરુડ જન્મશે ખરું? ચારે બાજુ આજે એવી વાતો સંભળાય છે. વૃક્ષોના વિષાદભર્યા પડછાયાઓ ભેગા મળ્યા છે, ત્યાં ખુલ્લી હવામાં બે ઘડી બેસવા પ્રિયજનનું ઇજન આવે છે. આ કેવળ તારે માટે મેં રચ્યું છે એવી ભ્રાન્તિને હવે દૂર કરવાનો સમય આવી લાગ્યો છે, પણ હવે તંબૂ તાણીને ભ્રાન્તિને દૂર કરવાની ઇચ્છાને પણ દૂર કરીને બેસવાનો સમય શું નથી આવ્યો? કહેશો નહીં કે આ ઋતુ ગ્લાનિભરી છે અને કબૂતરો સુધ્ધાં ધ્રૂજતી પાંખે દક્ષિણભણી ઊડી ગયાં છે. સ્મરણને વાગોળીને હવે જીવી શકાય એમ નથી. આથી બરફના તીક્ષ્ણ દાંત બચકાં ભરે તે સારું, પ્રમાદભર્યું આ ઘેન હવે રુચતું નથી.

મધરાતની જ્યોતિ આછી થરકે છે. મારા વિચારોની ચીમનીમાં ત્યાં મેદાનમાં ચાલી ગયેલી ગોકળગાયની રૂપેરી રેખા અંકાઈ ગઈ છે. કોઈના ચરણ તળે દબાઈ ગયેલું ઘાસ ફરી ઊભું થયું છે. કારખાનામાંથી આવતો પ્રકાશ કે મન્દિરની દીપમાળનો પ્રકાશ આ નથી. કવિ તો શ્રદ્ધા (જે શ્રદ્ધાને જાળવવામાં એ કાવ્યો દ્વારા ઝઝૂમ્યો)ના પ્રતીક લેખે મેઘધનુષનું જ સંભારણું આપી જઈ શકે, ત્યાં ભઠ્ઠામાં ધાતુનો ગઠ્ઠો જે ગરમીથી બળે છે એટલી ગરમી તો મારાં આશા ને જ્યોતિમાં નથી, છતાં એ પ્રકાશને તર્જનીસંકેત તો છે, જો કોઈ એને ઓળખવા ઇચ્છતું હોય તો એ સંકેત માર્ગ ચીંધશે પણ મારી કવિતા તો કાંઈ માદળિયું નથી. વરસાદની ઝડીથી બચવું હોય, કરોળિયાની જાળ જેવી સ્મૃતિથી બચવું હોય તો એ બચાવી શકે કે કેમ હું કહી શકતો નથી. કેવળ ટકી રહેવું એના જેવું મરણ કયું? કેવળ પોતાની ભસ્મરૂપે જ રહીને ઊડ્યા કરી તમારી આંખમાં ઝળઝળિયાં લાવનારી કોઈ કથા મારે મારી પાછળ મૂકી નથી જવી. મારો સંકેત ગુપ્ત નથી, પણ જો અને તમારે પ્રીછવો જ નહીં હોય તો ભલે મારે કશો ઝઘડો કરવો નથી. પણ જેની આંગળીએ મારા એ સંકેતની મુદ્રા છે તે તો એને કદી ખોઈ શકશે નહીં.

ત્યાં મેદાનમાંથી પેલી અરક્ષણીયા નારી એનું અણબોટ્યું યૌવન સંકોરતી ચાલી જાય છે. એનો આ સંકોચ અવારિત આકાશની નીચે જૂઈની કળીની જેમ મહેકી ઊઠે છે. સૂર્યનો સ્પર્શ મને થયો જ નથી એવું તો કોઈ કેવી રીતે કહી શકશે? એવાય દિવસો આવ્યા છે.

જ્યારે સૂર્યસ્પર્શને ઊતરડીને ફેંકી દેવાને હું ઝનૂને ભરાયો છું. રાતે ચન્દ્રસ્પર્શથી મારા ઘાને રુઝવવાનું આશ્વાસન પણ મેં ફગાવી દીધું છે. બીજી સવારે મેં હઠીલા સૂર્યને ત્યાં ને ત્યાં ફરીથી ઊભેલો જોયો છે.

ઊડી ગયેલાં કબૂતરો હજારો માઇલ ગયા પછી તે જ સ્થળે પાછા આવે છે. પંખી પાંખ બીડે તેમ મારા શબ્દો હવે પાછા વળી રહ્યા છે. હું એમનો ધ્વનિ સાંભળું છું, માટે મને તમે બેધ્યાન ગણો છો. એમની પાંખમાં ભેરવાયેલા આકાશને હું મુક્ત કરું છું. આમાં જ સાચી પરિણતિ, ચેતનાને વિભિન્ન વિવિધ આકારોમાં મૂર્ત કરીને જોઈ, હવે વળી એ રૂપોનું વિઘટન કરીને એક અખંડ આકાશને પામવા પંખી ઊડ્યું. આકાશમાં વિહાર કર્યા પછી પંખી આકાશને પોતાનામાં સમાવીને પાછું આવ્યું, પાંખ બીડી દીધી.

24-12-72

*

# હીરામઢ્યું અંધારું

શરદ્ તો ગઈ, હેમન્ત પણ જશે અને હવે આવશે શિશિર, આ શિશિરના કવિ છે જીવનાનન્દ દાસ. આ આપણી ચિરપરિચિત પૃથ્વી કશીક પ્રાગૈતિહાસિક ધૂસરતાના આવરણમાં લપાઈ જશે. ઝગમગતાં નક્ષત્રો વચ્ચે ઘુવડની બે નિષ્પલક આંખો તગતગી ઊઠશે. અહીં પાંદડાં પર ઝિલાયેલું ઝાકળનું બિન્દુ એને ખોળે સૂર્યને ઘડીભર રમાડશે. પછી નિર્મમ ભાવે બધી લીલા સંકેલી લેશે. શિશિરનો સ્પર્શ અસ્થિને વીંધીને મજ્જા સુધી પહોંચશે. આ જન્મની નહીં એવી કશીક વેદના ધબકી ઊઠશે. બંધ બારીઓની તરાડમાંથી થોડીક વહેરાઈ ગયેલી ચાંદનીની સળીઓ મારી પથારી પર વેરાઈ જશે. કોકડું વળીને બેઠેલા પ્રહરો સહેજેય જાણે ખસવાનું નામ જ નહીં લે.

કરેણ હવે કંજૂસ બની ગઈ છે. હવે બે ત્રણ ફૂલોનાં લઘુક ઉચ્ચારણથી એ પોતાની વાત પતાવી દે છે. શિરીષ પણ બોલતાં બંધ થઈ ગયાં છે. ફૂલોનું મુખ જોઈને હું કંપી ઊઠું છું. કાંટાસેરિયાનું સોનું સૂર્યના સોના સાથે ભળીને પ્રકાશી ઊઠે છે. કાંટાસેરિયાનું મૂળ નામ કંટકશ્રી હશે એવું અનુમાન કરવાનું મન થાય છે.

બળતો માણસ બળતાં વસ્ત્રથી છૂટવા ઇચ્છે તેમ હું સ્મરણોથી છૂટવા ઇચ્છું છું. એથી જ તો કોઈ વાર આ આખીય પૃથ્વી સળગી ઊઠેલી લાગે છે. બધી જ નિરાશાઓ એમાં ભડભડ બળે છે. બોલતી વેળાએ બે શબ્દો વચ્ચે રાખનો ડુંગર થઈ જાય છે. એ રાખના ઢગલા વચ્ચે મારા શ્વાસ સાપની જેમ ફર્યા કરે છે. મારું આ નક્કર શરીર એ કેવળ તરંગ જેવું લાગે છે. એ રજરજ થઈને હવામાં ઊડે છે, અને છતાં પૂરેપૂરું લુપ્ત થતું નથી.

ક્યાંક ખેતરમાં ડાંગરની પાણીથી ભરેલી ક્યારીઓમાં થોડાંક વાદળો તરતાં હશે. ત્યાં ઊભો ઊભો કોઈ ધોળો મોર પોતાના જ પ્રતિબિમ્બને ચાંચ મારતો હશે. કાળા ગ્રેનાઇટના પથ્થરમાંથી કંડારેલાં સદીઓ જૂનાં મંદિરો જેવી ભેંસ પાસેની તળાવડીમાં પડી હશે. એમના પગ નીચેથી, એ જે ધોળાં વાદળ પર ઊભી છે તે વાદળો પરથી એક મોજું પસાર થઈ જાય છે. આથી તારાઓ પણ કાદવથી છંટાઈ જાય છે. પછી મોડી રાતે જળના મલિન મુખેથી આખું આકાશ જાકારો સાંભળીને પાછું વળે છે. એનો હાહાકાર મારા શ્વાસની વીથિકાઓમાં ગાજી ઊઠે છે. ધીમે ધીમે નિષ્પર્ણ થતા જતા લીમડાની શાખાઓ મોહેં-જો-દડોની કોઈક માટીની તખતી પરની પ્રાચીન લિપિમાં રેખાંકન જેવી લાગે છે, અને હું આજની આ સંસ્કૃતિની નીચે કેટલેય ઊંડે ઊતરી જાઉં છું. કોઈક અજાણી ભાષાનો કલરવ મને ઘેરી વળે છે. મારી સામે જે આંખોને મીટ માંડી રહેલી જોઉં છું તેમાંનું આકાશ સાવ જુદું જ આકાશ છે. જળનું યૌવન વધારે વાચાળ લાગે છે. પવન હજી તોતડું તોતડું બોલતો સંભળાય છે. પૃથ્વીના મુખ પર હજી પ્રસવની ધારનાં ચિહ્નો છે. સમય બરડ નથી બન્યો. એ સૃષ્ટિનો શ્વાસ ઉછીનો લઈને હું પાછા વળવાનો પ્રયત્ન કરું છું. અનેક રાત્રિનાં પશુઓનાં ધણની પગની ખરીમાંથી તણખા ઝરે છે.

માગશર મહિનાનું હીરામઢ્યું અંધારું બહાર વિસ્તર્યું છે. વૃક્ષો એની ડાળીઓથી એ અન્ધકારના અક્ષરોને જ આખી રાત ઘૂંટ્યા કરે છે. હવામાંથી બધો ભેજ શોષાઈ ગયો છે. બંધ કરેલી મૂઠીની જેમ કોકડું વળીને એક ચકલો મારા ઓરડામાં બેઠો છે. કેડસમાણાં નિદ્રાના કળણમાં ખૂંપીને સૅમ્યુઅલ બૅકેટની પેલી નવલકથાના પાત્રની જેમ હું ચાલતો છતાં નથી ચાલતો. અન્ધકારમાં વીંઝાયેલા પવન સાથે અથડાઈને હું કદીક ભાનમાં આવું છું.

સામેના રસ્તા પરથી એકાદ બસ ખોડંગાતી જતી દેખાય છે. એની પાસેના ખ્રિસ્તી દેવળમાં ઇસુ ખ્રિસ્ત હાથમાંના ઘેટાના બચ્ચાને સહજ નીચે ઉતારે છે. એમના ખુલ્લા થયેલા હાથ વચ્ચે આજુબાજુની કબરમાંથી ઊભા થયેલા લેઝેરસો સમાઈ જાય છે, દેવળના છાપરા પરનો ક્રોસ કશાક અદૃશ્ય ભારથી ઝૂકી ગયો છે. પાસેની મસ્જિદમાંથી મુલ્લા વહેલી સવારની બાંગ પુકારે છે.

સામેના મકાનનાં છાપરાં પર તોફાનની આંગળીઓ ફરી વળે છે. હવામાં વીંઝેલા

ચાબૂકના જેવો કડાકો થાય છે. વૃક્ષો કોઈ જુલમગાર આગળ ઝૂકીને કુરનિશ બજાવે છે. કમાટીબાગ આખો કોઈ દારૂડિયાની જેમ લથડિયાં ખાય છે. મ્યુઝિયમમાં આરસપહાણમાં કેદ થઈને સૂતેલું શિશુ સળવળે છે. વિશ્વામિત્રી પરનો પુલ પોતાના પગ વાળીને સહેજ વાર ઊભડક બેસવાનું વિચારે છે. બાગમાંનાં વાંસ આદિવાસીઓનું જૂથ નૃત્યમાં ડોલે તેમ ડોલી રહ્યા છે. રસોડામાં માંજીને ચકચકતાં કરેલાં વાસણો ધરતીકમ્પનો આંચકો લાગ્યો હોય તેમ સહેજ હાલી ઊઠે છે. મારા ટેબલ પરનાં પુસ્તકો પર તીડનાં ટોળાં ઊતર્યાં હોય એવું લાગે છે અને એકાએક સવાર ઊગે છે.

મોન્તાલેએ એની એક કવિતામાં નોંધ્યું છે કે કવિતા તો ઈશ્વર સુધી પહોંચવાની સોપાનપરમ્પરા છે. એવું કહીને એ તરત જ એકરાર કરે છે કે એની કવિતા વાંચનારને એવું લાગવાનો સંભવ નથી. મનેય વિચાર આવે છે કે જે ઈશ્વર સુધી પહોંચે તે ઈશ્વરને જેવો ને તેવો મૂકીને શા માટે પાછો આવે? ઈશ્વર તે કાંઈ બીજા માળ પછીનું કાતરિયું છે? વહેલી સવારે સામસામે છેડે આછો સૂર્ય અને ફિક્કો ચન્દ્ર દેખાતા હોય છે ત્યારે એ બેને જોડનારી કેડી દેખાય છે ખરી?

કોઈ વાર પવનનો સ્પર્શ થતાં મને આ જન્મે નહિ જોયેલો એવો કોઈ સમુદ્ર યાદ આવે છે. એની રેતીમાં અંકાયેલી ભરતીનાં ફીણની ઝૂલ નજર સામે દેખાય છે. પ્રાચીન કાળના કોઈ તન્તુવાદ્યની જેમ બજી ઊઠતાં તમામ વૃક્ષોને હું સાંભળું છું. ક્ષિતિજના પાત્રમાં છલકાતા નીલ આસવ જેવા એ સમુદ્રને હું જોવા ઝંખું છું.

વારજેનબર્ગ નામના એક ડચ કવિની કવિતા યાદ આવે છે : તમારા શહેરમાં કોઈ કવિ છે ખરો? એ શબ્દોને એકબીજા ઉપર કોઈ અંગકસરતનો ખેલ કરનારા છોકરાઓની જેમ ઊભા કરતો હોય, વૃક્ષોને બદલે પંક્તિઓને છેદતો હોય. દિવસ દરમિયાન કોઈને ખબર ન પડે એ રીતે સ્વચ્છન્દે ઉપજાવેલા નગરમાં પોતાનું કામ કરતો હોય – જો એવો કોઈ કવિ હોય તો એને કવિપદ આપશો નહીં; અરે કાંઈ પવિત્ર ગાયની હત્યા થોડી જ થઈ શકે? આથી હું ખાલી ટાઇપરાઇટર આગળ બેસીને બીજી બીડી બનાવું છું. બિયરનો એક વધુ જામ ઠાલવું છું. મારા પરસેવાથી ભીના પગની વાસને દૂર રાખું છું.

કોઈ રણપ્રદેશમાં થઈને લાંબી મુસાફરી કરી હોય તેમ મારા હોઠની ચામડી ઉતરડાઈ

ગઈ છે, આંખની પાંપણો પર ધૂળના કણ છવાઈ ગયા છે, શ્વાસમાં તપેલ રેતીની ગરમી છે, પગમાં રેતીના ડુંગરો ખૂંદ્યાનો થાક છે. પણ જીભ પર ખજૂરની મીઠાશ છે. પવનનો ગુંજારવ મારા કાનમાં છે. આ બધું મનશ્ચક્ષુ સામે જોતો હું બેઠો હોઉં છું ત્યાં બારીની પાળ પર બેસીને એક કાબર કલબલે છે. દિવાસ્વપ્ન તૂટી જાય છે. આ શિશિરની ઉષ્માહીન સવારે મેદાનમાં લીલી લીલી પાણી છાંટવાની પાઇપોના સર્પોને લંબાઈને પડેલા જોઉં છું.

15-12-72

*

# સ્પૃહણીય સૂર્ય

હવે સૂર્ય સ્પૃહણીય બનતો જાય છે. એની સાથે દૃષ્ટોદૃષ્ટ મેળવી શકાતી નથી, છતાં એને માથા પર રાખીનેય ચાલી શકાય છે. ઘરમાં એને બધાં બારીબારણાંમાંથી આવકાર મળે છે. એટલું જ નહીં, જ્યાં સૂર્યનો અણસાર વરતાય ત્યાં જઈને બેસવાનું મન થાય છે. સવારે આછા ધુમ્મસ વચ્ચેથી ઝંખાતી સૂર્યના ઇંગિતરૂપ અરુણાઈ જોઈને હવે હર્ષથી પુલકિત થઈ જવાય છે.

સામેના શિરીષનાં સન્ધ્યા સમયે બિડાઈ ગયેલાં પાંદડાં સવાર થઈ ચૂક્યા પછી, સૂર્ય ઊગી ગયા પછી પણ તરત ઊઘડતાં નથી. શિયાળામાં એની નિદ્રા લાંબી ચાલે છે. એ શિરીષ શાં સ્વપ્નો જોતું હશે? એની ડાળ પર કેટલીક વાર નાનાશા સક્કરખોરને જોઉં છું. પ્રકૃતિનો એ નાનો સરખો મધુર ઉદ્‌ગાર લાગે છે. આકડાના નાના સરખા છોડ પર એ પોતાનો ભાર લાદ્યા વિના બેસે છે. કુંવારના પર હમણાં કેસરી રંગનાં ફૂલ બેઠાં છે. એ ફૂલનું મધ આ સક્કરખોર ચૂસવા આવે છે.

મોટાં વૃક્ષો વહેલી સવારે યોગીની જેમ પોતાની જાતને પોતાનામાં જ સંગોપીને અન્તર્મુખ બનીને ઊભાં હોય છે. પરકીયાના આકસ્મિક સ્પર્શના જેવો પવન એકાએક આપણને ચોંકાવી દે છે. એનાથી બચીને ચાલવાનું મન થાય છે.

ઊગમણી બારી આગળથી પ્રભાત વેળાએ ખસવાનું મન થતું નથી. હુદહુદ બહુ વહેલું આવી ગયું હોય છે. કાબરબાઈ પણ ભારે ઉજમાળાં છે. આ સિવાય કિશોરો અને યુવાનોની દોડાદોડ પણ શરૂ થઈ ચૂકી હોય છે. ઘરમાં તો બધાં રજાઈની હૂંફ છોડીને

એકદમ બેઠાં થઈ જતાં નથી. પણ વિદ્યાર્થીઓને સુખ ક્યાંથી? એમને તો વાંચવા ઊઠવું જ પડે છે!

ધીમે ધીમે રસોડામાં સંચાર થતો સંભળાય છે, પ્યાલા રકાબીનો ખખડાટ સંભળાય છે. સોનાની લગડી જેવા અંગારાથી ભરેલી સગડી પાસે બેસવાનું મન થાય છે. પણ અનેક કરવાનાં કામની યાદી આંખ સામે તરવરી રહે છે. માટે હૂંફની માયા છોડીને ઊભા થઈ જવું પડે છે. નિષ્કામ કે અકર્મણ્ય થવાની આપણને તો છૂટ નથી. કર્મ કરતો છતાં નિષ્કામ જે રહે તે એવું ગીતાવાક્ય યાદ આવે છે, પણ એનાથી આપણે કેટલા દૂર!

ભીરુ, સંકોચશીલ હૃદયને અવારિત કરીને સૂર્ય સમક્ષ ખુલ્લું કરીને મૂકી દેવાના આ દિવસો છે. કોઈ કવિએ કહ્યું છે કે મૂરખ પવન આંધળો તો છે જ, પણ એની સ્પર્શશક્તિ પર સુધ્ધાં વિશ્વાસ બેસતો નથી. જો એનામાં સ્પર્શથી બધું ઓળખવાની શક્તિ હોત તો મારા ઘાને એ ઓળખી શકતો ન હોત? આ સૂર્યચન્દ્રનું પણ એવું જ છે. એ બંને આંધળાની આંખો જેવા છે. બધું અજવાળે છે, પણ પ્રેમ પ્રત્યે પીઠ ફેરવી દેનારની ઉદાસીનતાને એ અજવાળતાં નથી. પણ એ કવિને કોણ સમજાવે કે માનવી પ્રકૃતિનું કેન્દ્ર નથી. આપણાં સુખદુ:ખ સાથે પ્રકૃતિને કશો સમ્બન્ધ નથી. માનવી જ એક પ્રેમઘેલો છે. એનું હૃદય પત્થર પર પણ પોતાના સ્નેહને અંકિત કરવા મથે છે.

કોઈક વાર આજુબાજુનું બધું જ જાણે સહ્યું જતું નથી, સમુદ્ર એટલો તો ઊંડો કે એમાં ક્યાંય મારું સ્થાન દેખાતું નથી, શહેર એવું તો અટપટું ને ગૂંચવાયેલું ભાસે છે કે એની વચ્ચે ક્યાંય ઊભા રહી શકાતું નથી. ગામડું એટલું તો સ્થિર અને સ્થગિત લાગે છે કે આપણી બધી ચંચળતાને વારી લઈને ત્યાં રહી શકાતું નથી. કોઈક વાર અસ્તિત્વની આ સુરક્ષિતતા, એની સંકીર્ણતા, એની સીમા એ બધાંને ઉલ્લંઘી જઈને આપણે જ આકાશ, જળ, ભૂમિ બધું બની જઈએ છીએ. આપણા જીવનમાં પરસ્પર વિરુદ્ધ એવી આ અસીમતા અને સંકીર્ણતાના તાણાવાણા વણાયેલા છે. તેથી જ ઈશ્વર કરતાં માનવીનું જીવન ભારે અટપટું છે. ખૂબ જ અસહ્ય છે.

પ્રભાતના સૂર્યની ઉષ્મા પામીને હૃદય સૂરજમુખીની જેમ ખીલી ઊઠે છે ત્યારેય વીતી ગયેલી રાતનું એકાદ આંસુ એની ઉઘાડી રહેલી પાંખડી પર ઝિલાયેલું તો હોય છે

જ. પછી સૂર્ય એને વિખેરી નાખે ખરો, પણ તે પહેલાં એ આખાય સૂર્યને પોતાની ભંગુર સીમાઓ વચ્ચે પૂરી દે છે ખરું! આંસુ તથા સૂર્યને સહોદરની જેમ ઉછેરવા જેટલું શક્તિશાળી આપણું હૃદય હોવું જોઈએ.

હવે સૂર્ય ઉત્તરનો થયો. ભીષ્મ પિતામહની બાણશય્યાની યાતના હવે પૂરી થશે. શુભઅશુભના મુહૂર્તો સાથે આપણે સૂર્યચન્દ્ર ગ્રહોને સંડોવ્યા છે. એ રીતે એ આપણાં સુખદુ:ખમાં કશોક ભાગ ભજવે છે. પણ ઘણે ભાગે તો ગ્રહોની દુષ્ટતાને જ આપણે સંભારીએ છીએ. એ આપણને પકડે છે એની દુષ્ટતાની પકડમાં. એમાંથી છુટકારો મેળવવા માટે વ્રત. એ જે હોય તે, અત્યારે તો રસોડામાં થતી તલસાંકળીની વાસ ઘ્રાણેન્દ્રિયને તૃપ્ત કરે છે. ગુપ્તદાનનો મહિમા સંક્રાન્તિને દિવસે છે. બાળપણમાં મગના બનાવેલા લાડુની અંદર ચાર આની મૂકી દેતા તે ખાતી વખતે દાંત સાથે ટકરાતી તે યાદ આવે છે.

શબ્દના અન્તરાય વિના જેમ પ્રકૃતિના હાર્દ સુધી પહોંચી શકાય છે તેમ જો માનવીના હૃદય સુધી પહોંચી શકાતું હોય તો? માનવીનું હૃદય માનવીની આંખોમાં આવીને વસે છે એવું કહેવાય છે, પણ મને એ પૂરું સાચું નથી લાગતું. આંખ પણ કેવી છેતરામણી હોય છે! શબ્દોની પણ જાળ બની રહે છે. કેટલાકને એવી જાળ ગૂંથવામાં જ મજા આવે છે. છતાં આપણે શબ્દો પર જ ખૂબ આધાર રાખવાનો હોય છે. જે દૂર હોય તેને શબ્દો સિવાય શેના વડે પહોંચી શકાય? પણ શબ્દ જ દીવાલ ઊભી કરે અને તેને ઠેકી જવાનું ઘણી વાર અશક્ય બને. આથી જે શબ્દો વડે જ પારદર્શકતા સર્જે તે કવિ મોટો. શબ્દ અને તેના વડે વ્યંજિત થતો ભાવ કે પદાર્થ – આ બે વચ્ચેનો અવકાશ જે વિશાળ રાખી શકે તે કવિ મોટો. પણ સૌથી વિશેષ ભય પણ અવકાશનો જ લાગે છે. આથી એ અવકાશને શબ્દોથી ભરી દેવા માગે છે. આકાશ પણ જો તારાગ્રહનક્ષત્ર વિનાનું હોય તો કેવું ભયંકર લાગતું હોત! પણ કેવળ ભયથી જ તો વિશ્વ ચાલતું નથી. આથી જેને પામીએ તેને હ્રસ્વ કે સંકુચિત કરીને નહીં, પણ એની વિશાળતાના ગૌરવને અખણ્ડિત રાખીને પામીએ તો જ સારું. પણ આપણું ગૌરવ જાળવવાની જ જો દરેક પળે ચિન્તા કર્યા કરવી પડતી હોય તો એ ગૌરવનો ભાર જ આપણે વહોરવાનો રહે. જૂઈની નાજુક કળીનું ગૌરવ સૂર્ય જાળવે છે. એની ભયંકર ગરમીને એ જૂઈની કળી આગળ સાવ

કૂંણી બનાવી દે છે. આથી જ માનવીને પણ ઇતર સાથેના સમ્બન્ધમાં તદ્રૂપતા કેળવવાનું આવડવું જોઈએ. નહીં તો સાર્ત્રે કહ્યું તેમ ઇતર તે જ આપણું નરક બની રહે.

અત્યારે તો સૂર્ય સુખથી સેવવા જેવો લાગે છે. આ લખી રહ્યો છું ત્યારે શિરીષનાં પાંદડાં ખૂબ ખૂલી ચૂક્યાં છે, અને સૂર્યની આતપધારાનું એ પ્રાશન કરી રહ્યાં છે. એથી આવતી કાલના ફૂલની આશા બંધાય છે.

18-1-73

*

# અસ્તિત્વનો આધાર

નર્યા આશાવાદી થવા માટે જાણી કરીને અજ્ઞાની થવું પડે. પણ જ્ઞાનનું ફળ આદમે ચાખી લીધું, એનું ફળ આપણે ભોગવી રહ્યા છીએ. આ જ્ઞાન આપણને શૂન્ય તરફ લઈ જાય છે. આ પૃથ્વીના વાતાવરણને ભેદીને ઉપર જનારા ખગોળવિહારીઓ એ શૂન્યાવકાશમાં જે માનવહીન નિઃસ્તબ્ધતાનો અનુભવ કરે છે તે કોઈ નિરાશાવાદીની નરી કલ્પના મટીને વાસ્તવિકતા બની રહી છે. પણ જીવન જીવવા માટે અમુક માત્રામાં આશાની જરૂર તો રહે જ. આથી માનવી જ્ઞાન પામવા માટેના આટલા પુરુષાર્થ પછીથી પ્રાપ્ત થયેલા જ્ઞાનથી કેમ છૂટવું તેની મથામણમાં પડેલો દેખાય છે. જેને આશાવાદી થવાનું કશું જ કારણ નહોતું એવા આંખો ગુમાવી બેઠેલા જેઇમ્સ થર્બરે કહ્યું કે માનવીય ગ્રામોફોનની સોય અમુક શબ્દો (જેવા કે હતાશા, વિફલતા, એબ્સડિટી) આગળ આવીને અટકી ગઈ છે. આથી એના એ જ ચાર પાંચ શબ્દોનો ઘોંઘાટ કાને પડે છે. થર્બર અણસમજુ હતા એટલે એમને આશાવાદી થવાનું પરવડતું હતું એમ આપણે નહીં કહીએ. માનવીની આ નિયતિને જાણી લીધા પછી એને સ્વીકારી લેવાનું ખમીર એમનામાં હતું. સાથે હતી ઉદાર સહાનુભૂતિ. આજની પરિસ્થિતિ વચ્ચે જીવવા ઇચ્છનારને સૌથી વિશેષ જરૂર છે માનવીય ઉષ્માની અને સહાનુભૂતિની. બાકી આપણી ઉચ્ચાવચ્ચતાની ચઢતીઊતરતી ભાંજણીનો કશો અર્થ રહ્યો નથી. આ સર્વવ્યાપી શૂન્યમાં થતા પરપોટામાં કયો કેટલે ઊંચે ગયો કે કેટલું વધારે ટક્યો એનું શું મહત્ત્વ?

આમ વિચારનાર આ બ્રહ્માણ્ડની પડછે પોતાને મૂકીને જુએ તો પોતાને વિશેની નરી નગણ્યતા અને આ વિશ્વની નરી નિરર્થકતાના ખ્યાલમાંથી છટકી શકે એમ નથી. વિજ્ઞાને

અને કળાએ માનવીને એના પોતાનામાંથી બહાર ખેંચી કાઢ્યા છે. એમ કરવાને કારણે કેટલું મૂલ્ય ચૂકવવું પડશે એના પૂરા ભાન સાથે. માનવતાવાદને આ મૂલ્ય ચૂકવીને સ્થાપવો પડે છે. પણ નગણ્ય બનેલા માનવીને માટે માનવતાવાદનો કશો અર્થ ખરો? છતાં પોતાને પોતાને વિશેની અભિજ્ઞતાથી અળગો કરી શકે ખરો? સૂર્યની વાત કરનાર કેમ્યૂ જ આ છવાતા જતા અન્ધકારની સૌથી નિકટ રહીને જીવી ગયો.

પહેલા વિશ્વયુદ્ધ પછીના દસકામાં જ આવી પોતાને વિશેની અભિજ્ઞતાનો અણસાર સર્જનાત્મક સાહિત્યમાંથી વર્તાવા લાગ્યો છે. ત્યાર પછીના દાયકામાં તો બીજું વિશ્વયુદ્ધ સળગી ઊઠ્યું. એ ગાળાના જર્મન નવલકથાકારની પ્રખ્યાત નવલકથાનું નામ જ છે 'મેન વિધાઉટ ક્વોલિટિઝ' નિર્ગુણ માનવ. એના જીવનમાં બનતી ઘટનાઓનો આધાર એ નથી. એના અનુભવો વાસ્તવમાં તો એના પોતીકા છે જ નહીં. આ અનુભવોને હવે એના અનુભવનાર માનવીથી છૂટા પાડીને જોઈ શકાય છે, એ જગત સમસ્તમાં વહી રહેલા એક સંસ્કૃતિપ્રવાહમાં ઘસડાયે જતું કિંચિત્ દ્રવ્ય માત્ર છે. ગુરુત્વાકર્ષણનું કેન્દ્રબિન્દુ હવે વ્યક્તિમાં નથી રહ્યું, પણ પદાર્થો વચ્ચેના સમ્બન્ધમાં રહ્યું છે. આથી જ તો રોબ્બ ગ્રિયે એની નવલકથામાં જેને એ 'થિંગીઝમ' કહે છે તેનું આલેખન કરે છે. આજની આપણી નિયતિ તરફ આપણને હાંકી જનાર કશીક ભીષણ અનિવાર્યતા પ્રવર્તી રહ્યાનો અણસાર આપણને સાંપડે છે. એ આપણી પરત્વે બિલકુલ ઉદાસીન છે. આથી આપણું જીવન તે અમુક પ્રવૃત્તિનું અનૈચ્છિક પુનરાવર્તન માત્ર બની રહે છે. આપણે પોતે પણ અમુક કાર્યક્ષમ પદ્ધતિથી એક જ ધાતુમાંથી ઘડાયેલા હોઈએ એવું લાગે છે.

આમ આપણા અસ્તિત્વ જોડે કોઈ ચેડાં કરી રહ્યું હોય એવું લાગે છે ખરું; પણ એ કોણ હોઈ શકે તેની આપણને ખબર નથી. કહેવાતી વાસ્તવિકતાને નામે આપણે જે કમાયા છીએ તેની સામે આપણે સ્વપ્નોની બાબતમાં તો દેવાળું કાઢ્યું છે. મારા કાર્યની અને મારી વચ્ચેની સાંકળ તૂટી ગઈ છે. આથી ક્રમશઃ ઘટતી જતી જવાબદારીનો નિયમ પ્રવર્તી રહેલો લાગે છે. આવી પરિસ્થિતિમાં સદ્ગુણો હોવા બદલનું અભિમાન કે એના હોવા બદલનો અફસોસ બંને એકસરખાં નિરર્થક બની રહે છે, કારણ કે એનો સાચો અર્થ તો એનાં અભિપ્રાય, ઇચ્છા કે નિર્ણયની સીમાની બહાર જ ક્યાંક રહ્યો હોય છે, આથી

આપણું અસ્તિત્વ તો એક નર્યો સંકેત માત્ર, એક ચિહ્ન જેનું સમગ્ર ગણિતમાં શું સ્થાન તે આપણે કદી જાણી શકીએ નહીં.

આવા આપણા જમાનામાં પોતાને સર્વોપરિ સ્થાને માનનારો વર્ગ તે તન્ત્રવાહકોનો છે. એમનું વ્યક્તિત્વ અમાનુષી હોય છે. સમિતિઓમાં ઉચ્ચ કક્ષાએ 'પોલિસી' નક્કી કરવામાં એમના વ્યક્તિત્વની પરાકાષ્ઠા વર્તાય છે. એ સમિતિમાંનો દરેક સભ્ય એક બીજાને વાપરવા મથતો હોય છે. એમાં દબાયેલા અવાજે ચાલતી ગુફ્તેગો દ્વારા ષડયન્ત્રો રચાય છે. છેલ્લા નિર્ણયો વૈયક્તિક જવાબદારી વિના લેવાય છે. અનેકનાં જીવનમરણનો નિર્ણય કરનારાઓ એવા નિર્ણયોના પરિમાણથી પોતાના પરિમાણને સહેજ પણ બદલી શકતા નથી. એમનું સાચું અસ્તિત્વ તે સરકારી હોય છે. એમનું અંગત, વ્યક્તિગત અસ્તિત્વ એમને માટે અન્તરાયરૂપ થઈ પડતું હોય છે. આ તન્ત્રવાહકો ખૂબ સુલભ હોય છે, પરિણામે કોઈ ખુરશી ખાલી રહેતી નથી. ખુરશીને પરમ ધ્રુવની જેમ વળગી રહેનારા આ લોકો એ ખુરશી પર બેસવાનું કેવું તો કષ્ટદાયક હોય છે તેની વાત ભારે લિજ્જતથી કરતા હોય છે. સત્તાચાલક પ્રક્રિયાઓના એ લોકો ગુલામ હોય છે. એ પરત્વે દાવપેચ આંટીઘૂંટી રચ્યા કરવાનો એમને ભારે ઉત્સાહ હોય છે. સાધનોના ખડકલાના વિશ્વ વચ્ચે એઓ જીવતા હોય છે. કાર્ય કરવાની શક્તિ શોધવાનું એમને માટે શક્ય નથી, પણ કરાઈ ચૂકેલાં કાર્યને અર્થ આપવાનું ભારે મુશ્કેલ થઈ પડે છે. એઓ શરીરનું રૂંવાડું પણ ફરકવા દીધા વિના ભારે ઉત્પાતો સરજી શકે છે. પ્રવૃત્તિઓને ખાતાં અને ખાનાં પાડીને વહેંચી નાખવાનું આપણને આવડ્યું છે, પણ એ બધાનાં સમન્વયની ભૂમિકા આપણે રચી શક્યા નથી. ઉદાત્તતાપૂર્વકનો પ્રતિકાર કરવાનું આપણને આવડ્યું નથી. આથી બહુમતિએ નક્કી કરેલી નીતિનાં ચોકઠાંમાં આપણા અંતરાત્માને ગોઠવી દેવો પડે છે.

માનવને કેન્દ્રમાં રાખીને વિશ્વ વિશે વિચારવાનું વલણ હવે મોળું પડતું જાય છે. એની અસર આપણા સ્વત્વના ઉપર પણ પડી છે. ઘડી ઘડીમાં ઊથલી પડતી સત્તાઓએ રચેલી વાસ્તવિકતા સાથે બંધ બેસતા થતા જવામાં એક નવા જ પ્રકારના ભયાનકનું વાતાવરણ રચાય છે. આપણામાં અપરાધ કર્યાની દીનતા પ્રકટે છે અને આપણે એક પ્રકારની અકળ હતાશાના ભાર નીચે ઝૂકી જઈએ છીએ. ઈશ્વર આગળ ઝૂકીઝૂકીને

ખૂંધી થઈ ગયેલી પ્રજા હવે ઝૂકીને ફરી ચોપગાંના જેવી થઈ જશે એવી ભીતિ ઉત્પન્ન થઈ છે.

આદમી અદનો તો બની જ ચૂક્યો છે, પણ આવા તન્ત્રવાહકોની પાછળ એ અદૃશ્ય થતો જાય છે. તો પછી કયા પ્રકારનો માનવતાવાદ આપણે માટે શક્ય છે? આ નગણ્ય થઈ ગયેલા આદમીના રહ્યાસહ્યા સ્વત્વને ધ્યાનમાં રાખીને કોઈ માનવતાવાદની માંડણી થઈ શકે ખરી? એને રોમેન્ટિકો ધરાવતા હતા તેવા વ્યક્તિસ્વાતન્ત્ર્યના ખ્યાલ સાથે ગૂંચવી મારવાની જરૂર નથી. સમાજમાં વગ ધરાવનારાઓએ રચેલી શિષ્ટાચારની સંહિતા કે બુદ્ધિની ચતુરાઈ સાથે ગૂંચવવાની જરૂર નથી.

તન્ત્રવાહકોએ કરેલા વ્યક્તિત્વના વિલોપનની પ્રતિક્રિયા રૂપે રોમેન્ટિકોએ ફરી ફરીથી એની સ્થાપના કરવાની પ્રવૃત્તિ આદરી છે. ઓગણીસમી સદીમાં વિજ્ઞાને જે અભિગમ કેળવ્યો તેથી આ સ્વત્વ ટકી રહી શકે એવી પરિસ્થિતિ રહી નહીં. કામ્યૂએ આ પરિસ્થિતિને બરાબર ઓળખી લીધી હતી. રોમેન્ટિકોના ઉદ્રેકને એ બરાબર સમજ્યો હતો. એનામાં રહેલી બળવો કરવાની અનિવાર્યતા એને એક દિશામાં ઘસડી લઈ જતી હતી. પણ બળવા પછીથી વળી પાછી તત્સમવૃત્તિ જ સ્થિર થતી હતી. એને પરિણામે બળવો કરવાની પ્રેરણા આપનારનો જ ભોગ લેવાતો હતો. પ્રતિકારની પ્રવૃત્તિ આમ તો વિધેયાત્મક નથી, પણ નિષેધાત્મક છે. એ પ્રતિકારને અન્તે દૃઢ પ્રતિષ્ઠિત સ્વત્વની પ્રાપ્તિ થાય તો જ એ સાર્થક નીવડી છે એમ કહી શકાય. પણ રોમેન્ટિકોના અનુયાયીઓ બીજી પેઢીના જહાલો નથી હોતા, મવાળો જ હોય છે. આમ આ રોમેન્ટિક ઉદ્રેક એ આપમેળે પોતાને મર્યાદિત કરનારી પ્રવૃત્તિ છે. એ સ્વત્વને સ્થાપવા બળવો કરે છે, પણ એને પરિણામે સ્વત્વનો લોપ થાય છે.

આ પછીની ભૂમિકાએ અસ્તિત્વવાદીઓ આવે છે. અસ્તિત્વવાદ પણ એક પ્રકારનો રોમેન્ટિક ઉદ્રેક જ છે એવું પણ કહેવાયું છે. એમાં આપણા વ્યક્તિત્વની પ્રમાણભૂતતાને સ્થાપવાનો પ્રયત્ન હાથ પર લેવામાં આવે છે. રોમેન્ટિકોએ જે સ્વત્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો તે તો સમૂહ તરફથી આવતાં દબાણોને કારણે નષ્ટપ્રાય થઈ ગયો. આ પછી પણ આપણું અસ્તિત્વ તો પ્રમાણિત કરવાનું રહે જ છે. જેને આગવી રીતે પ્રમાણિત કરી શકાય એવા સ્વત્વની શોધ અસ્તિત્વવાદીઓ કરે છે. રોમેન્ટિકોનો બળવો ઈશ્વર સામે

કે રાજાઓ સામે હતો, અસ્તિત્વવાદીઓનો બળવો સૌ પ્રથમ 'ઇતરજન'ની સામેનો છે જે એના ચહેરાને ભૂંસી નાખે છે. લોકશાહીએ ઉપજાવેલી બહુમતિને કારણે આવેલી નગણ્યતામાંથી આપણા સ્વત્વનો ઉદ્ધાર કરવો રહ્યો.

માનવી એની વિશિષ્ટ અને વ્યક્તિગત પરિસ્થિતિમાં જીવે છે, કશાક આત્યન્તિક સન્દર્ભમાં નહીં. એ તો એક સહોપસ્થિતિ છે. એની કોઈ શાશ્વત ભૂમિકા નથી. એ ક્ષણ પછી ક્ષણમાં જીવે છે. એની એકે એક ક્ષણ કટોકટીની ક્ષણ છે. આપણને નિયન્ત્રિત કરનારાં અન્ય બળો, પરિસ્થિતિઓ, ઇતરજનો, સંસ્કારો આ બધું બાદ કર્યા પછી જે આપણું જ કહી શકાય એવું નર્યું સ્વત્વ એઓ શોધે છે, એટલું જ સ્વત્વ પ્રમાણભૂત ગણી શકાય. આમ આપણી આગવી સંજ્ઞા પામવી એટલે જ આપણી પ્રમાણભૂતતાની સાબિતી આપવી. આપણે કેટલે અંશે ઇતરજનો જોડે સંયુક્ત છીએ એના પર પણ એનો આધાર રહે છે. રોમેન્ટિકો સ્વતન્ત્રતાને નામે સમાજથી ઊફરા ચાલી ગયા. અસ્તિત્વવાદીઓ સમાજમાં રહીને પોતાની અખણ્ડતા અને અવિચ્છિન્નતા સ્થાપવાને મથી રહ્યા છે. 'હું કોણ છું?' એ પ્રશ્નના પડઘા ફરી ફરી માનવજાતિના ઇતિહાસમાં આપણને સંભળાયા કરે છે. રોમેન્ટિકો લોકોનું ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતા બતાવવાનો પાઠ ભજવવામાં પડ્યા હતા. અસ્તિત્વવાદીઓનો પ્રશ્ન આ છે : આપણે જે પાઠ ભજવી રહ્યા છીએ એ પૈકીના કયાને પ્રમાણભૂત ગણાવી શકાય? ઘણા એમ માને છે કે આપણું કોઈ એક અને અદ્વિતીય એવું સ્વત્વ નથી, પણ જેમ જેમ અસ્તિત્વ લંબાતું જાય તેમ તેમ અનેક સ્વત્વોની શ્રેણી રચાતી આવે છે.

રોમેન્ટિક ઉદ્રેકના એક ફણગારૂપે સાહિત્યમાં છોગાળો ફૂલણજી પણ આવી ગયો છે. આ ડેન્ડી એ મધ્યમ વર્ગમાંનો ખાનદાન ગણાવા માગતો માણસ છે. એ શહેરના વાતાવરણ વચ્ચે જ જીવી શકે છે. મોટાં શહેરોની જે 'અંડરવર્લ્ડ' હોય છે તેના ઉપલા સ્તર પર એ તર્યા કરતો હોય છે. આ ડેન્ડી હોવું એ પણ એક છોગું છે, મહોરું છે. પોતાનું નાયકત્વ સાબિત કરવાનો કોઈ રંગમંચ એને મળતો નથી. કોઈ દરબારીઓના ભભકાબંધ ટોળામાં એને હવે સ્થાન નથી મળતું. આથી કળાકારનો સ્ટુડિયો કે સર્જકોની ગાવામંડળીઓમાં એ મહાલતો દેખાય છે. એનું એકપાત્રી નાટક એ દર્પણ સામે ઊભો રહીને કરતો હોય છે. છટાથી જીવવું એ એનો આદર્શ છે. આવી તુચ્છ ગણાતી વિગતો

પરત્વે પણ અ ભાર વરણાગિયો બને છે. એ પોતાની સંવેદનાને સૂક્ષ્મ બનાવવા મથે છે. એના ફૂલણજીવડાને જોઈને એ પોતાને જ વધાવી લેતો હોય છે.

આ ડેન્ડીની પ્રમાણભૂતતાનું શું? એને પણ સમાજ સામે વિરોધ તો છે જ. સમાજમાંનો મોટો વર્ગ જડભરત હોય છે, એ ઉપચાર અને શિષ્ટાચારની શેખી મારતો હોય છે. ડેન્ડી એની સામે બળવો પોકારે છે. આ સમાજની નક્કર ગણાતી વસ્તુઓ સામે ડેન્ડી પોતે ખાસ કેળવેલી ભ્રાન્તિઓને મૂકે છે. સૌથી મહત્ત્વની ભ્રાન્તિ પોતાને વિશે જ હોય છે. પોતાનું અસ્તિત્વ નકલી છે એ જાણવા પૂરતો તો એ બુદ્ધિશાળી હોય છે. આમ એ નાયક જેવો લાગે છે. પણ અંદરથી એ એનાથી સાવ અવળો જ હોય છે. એ જે સભાનતાથી ઠાઠ કરે છે તે હાસ્યાસ્પદ નીવડે છે એવી એની ગણતરી પણ હોય છે. પોતાની આજુબાજુની સામાન્યતાની એ ઠેકડી ઉડાવે છે. પોતાના કંઈક અંશે ઉધાર અસ્તિત્વને એ બીજાથી નોખો પાડીને પ્રમાણભૂત ઠેરવવા મથે છે. બીજા સત્તા, કીતિર્લાલસા, ધનલાલસા પાછળ દોડે છે. એવો કશો વ્યવસાય એને નથી. આખરે તો એનું હૃદય મૃતવત્ થઈ જાય છે. જો એમ નથી બનતું તો એ વક્રદર્શી બની જશે એવો હંમેશાં એને ભય રહેતો હોય છે. એ સમાજને છળ પર આધાર રાખનારો લેખે છે. પણ સાથેસાથે પોતાનું વ્યક્તિત્વ પણ એક વાઘો જ છે એનું એને ભાન હોય છે. એ ઘણી વાર એકરાર કરવા તરફ વળે છે. એ એકરાર વડે પોતાના અસ્તિત્વની અપ્રમાણભૂતતાનું એને સતત ભાન રહેતું હોય છે. તેમાંથી સહેજ છુટકારો મેળવવા મથતો હોય છે. એને અનિશ્ચિતતાનો ભય પીડ્યા કરતો હોય છે.

આમ સ્વત્વની શોધમાં જ સ્વત્વને વિશેની શંકાઓનો ઉદ્ભવ થાય છે. એની પ્રમાણભૂતતા દીવાસ્વપ્નોમાં બાષ્પીભૂત થઈને ઊડી જાય છે. એ ક્રમશઃ પોતાને પોતાની જાતથી વેગળો પાડવા મથી રહેતો હોય છે. આવું પાત્ર આપણી નવલકથામાં આવ્યું નથી. પણ આજના ઘણા બધા નવા કવિઓનો ‘હું’ કે એમના પોતાના વિશેષ નામથી કૃતિમાં ઉલ્લેખાતી વ્યક્તિ આવું પાત્ર લાગે છે. આજનો આપણો કવિ પણ પોતાની તરફ ધ્યાન ખેંચવા મથ્યા કરે છે. અલબત્ત, કીતિર્ એ એક ભ્રાન્તિ છે જેને ટકાવી રાખવાનો પરિશ્રમ જ કંટાળાભરેલો છે એની એને ખાતરી થઈ ચૂકી છે. એનામાં થોડી રોમેન્ટિકોની

આત્મપ્રદર્શનની વૃત્તિ નથી એમ નહીં તેમ છતાં એ આત્મવિડમ્બનામાં પણ રાચે છે. આવી આત્મવિડમ્બના એ વિકૃત આત્મરતિ પણ હોઈ શકે.

રોમેન્ટિકોના ઉદ્રેક પછીથી જેને કેવળ આપણો પોતીકો કહી શકાય એવો શેષ રહેતો અનુભવ, એવી આપણી આખરે બચતી ચૈતસિક સત્તાને શોધીને આપણી સત્તાને પામવાનો પ્રયત્ન થતો જોવામાં આવ્યો. અસ્તિત્વવાદીઓની ‘સ્વતન્ત્રતા’ તે પોતાની આવી આગવી સત્તાને સમાજ વચ્ચે ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે.

હવે આપણા જમાનામાં સાંસ્કૃતિક પુરુષનું સ્થાન ટેકનિશિયને લીધું છે. એને રેઢિયાળ એવા થોડા નમૂનાની સામગ્રીમાંથી ઉતાવળે ઊભો કરી દેવામાં આવ્યો હોય છે. એનામાં વિશિષ્ટતા હોતી નથી. એ અનેકમાંનો અવિશિષ્ટ એક છે. સ્પૅનિશ ફિલસૂફ ઓર્તેગાએ કહ્યું છે તેમ હવે સમાજના ઉપલા થરમાંથી આ નવા પ્રકારની બર્બરતાનું આક્રમણ શરૂ થઈ ચૂક્યું છે.

સમાજ સાથે તત્સમવૃત્તિ કેળવીને રહેવું હોય તો પોતે કોઈ રીતે વિલક્ષણ નથી, સર્વસામાન્ય લોકોના જેવો જ છે એની સૌપ્રથમ ખાત્રી કરાવવાની રહે છે. પહેલા સ્વતન્ત્રતા આપણું મૂર્ધન્ય મૂલ્ય હતું. હવે સાધારણ રહેવા માટેનો ઇલાજ એનું સ્થાન લે છે. એને માટે તમે મનોચિકિત્સક પાસે જાઓ, કશી વિલક્ષણતાથી કે ગ્રંથિઓથી પીડાતા નથી એની ખાત્રી કરાવી આપો તે જરૂરી છે. સર્જકતા પણ આખરે તો એક પ્રકારની વિલક્ષણતા જ છે, એ ન્યૂરોસિસ છે.

ફ્રેન્ચ ફિલસૂફ બર્ગસોંએ આપણા અસ્તિત્વને સંવેદનામાં થતાં અસંખ્ય પરિવર્તનોની શૃંખલા રૂપે ઓળખાવ્યું. સાર્ત્રે આપણી ચેતનાને શૂન્ય રૂપે ઓળખાવી. શતરંજ રમતા હોઈએ ત્યારે જો ખાલી જગ્યા હોય તો જ પ્યાદાંઓ ખસી શકે, તેમ ચેતનાશૂન્ય રૂપ હોય તો જ બાહ્ય જગતની સાથેના સમ્પર્કને કારણે થતા પ્રતિભાવો અને પ્રત્યાઘાતોને ગતિ કરવાનું સ્થાન રહે. દરેક આવી ઘટના, બાહ્ય જગત સાથેનો આપણો આવો સન્નિકર્ષ, બની ચૂક્યા પછી અવશેષમાં કશુંક મૂકી જાય છે. આ અવશેષમાંથી ધીમે ધીમે એક પડ બંધાતું આવે છે. એને આખરે આપણે આપણું સ્વત્વ કહીને ઓળખાવીએ છીએ.

આપણી બદલાયા કરતી સંવેદનામાં અનુસ્યૂત થઈને એક અભિજ્ઞતા રહી હોય છે. એનું રૂપ એ જે સમયમાં થઈને ગતિ કરે છે તેને આધારે બંધાય છે. એ સમયના આકારને પારખવો હોય તો સ્મૃતિને તાગવી જોઈએ. પણ એમ કરવામાં આપણને સ્મૃતિએ વંચિત કરેલી સામગ્રી સાથે નિસબત નથી. એ સામગ્રી તો નિમિત્ત છે. એના વડે સમયમાં ઢળાયેલા આપણા સ્વત્વને પામી શકીએ છીએ.

જે સ્વત્વનો આપણે એક બૌદ્ધિક વિભાવના રૂપે વિચાર કરીએ છીએ તે તો બિનંગત છે, નિર્વૈયક્તિક છે. એ તો જે વિક્ષિપ્ત છે તેને જોડી આપનારું રેખાંકન છે, એક પ્રકારનો આલેખ છે. જે સદ્ય પ્રસ્તુત છે એ તો યાન્ત્રિક છે. જેનું હોવું એક સતત ચાલ્યા કરતી પ્રક્રિયા છે, તે માનવીનું અસ્તિત્વ છે. જર્મન લેખક હરમાન હેસે એની નવલકથા ‘સ્ટેપન વૂલ્ફ’માં કહ્યું છે કે આપણને આપણી પોતાની આગવી સંજ્ઞા છે એમ માની લેવું તે ભૂલભરેલું છે. આપણે સૌ ગૂંચવાયેલા મુંઝાયેલા અનેક અંશોના શંભુમેળા રૂપ છીએ : આથી આપણા કહેવાતા વ્યક્તિત્વનું અનેક અંશોમાં વિભાજન થતું હોય છે. આવી વિભિન્નતાને કારણે જનસુદઢ માણસલક્ષણોવાળું ચારિત્ર્ય કહેવાય તેવું કશું આપણને પ્રાપ્ત થતું નથી. એથી ઊલટું, આપણા વ્યક્તિત્વના પરસ્પરવિરોધી અંશોનો સંઘર્ષ આપણને હંમેશા ક્લેશભરી પરિસ્થિતિમાં મૂકી દે છે. આથી પ્રસન્નતા કે શાન્તિ આપણે માટે દુર્લભ બની રહે છે. પ્રેમ જેવી બે વ્યક્તિને એક બનાવનારી ગણાતી શક્તિ પણ આપણને કશી સુસંગતિ કે અભિન્નતા સાધી આપી શકતી નથી. બર્ગસોંએ કહ્યું છે તેમ આપણે જેને વ્યક્તિઓ તરીકે ચિહ્નિત કરીને ઓળખાવીએ છીએ તે વાસ્તવમાં તો સિનેમેટોગ્રાફમાં બને છે તેમ જુદા જુદા ખણ્ડો ઉત્કટ ગતિથી આપણી આગળથી પસાર થવાને કારણે ઊભી થતી એક સુરેખ વ્યક્તિત્વની ભ્રાન્તિ છે. આથી આંદ્રે જિદ પણ કહે છે કે જે લોકો પાત્રમાં સુસંગતિની વાતો કરે છે તેઓ નરી કૃત્રિમતા જ વહોરી લેતા હોય છે. દોસ્તોએવ્સ્કીના પાત્રમાં પણ આવા દ્વિધાવિભાજિત વ્યક્તિત્વનો આપણને પરિચય થાય છે. ‘ધ ઇડિયટ’માંનો પ્રિન્સ મિશ્કિન જો સન્ત જેવો છે તો એના જ બીજા અડધિયારૂપ રોગોઝીન તે ખૂની હત્યારો છે. માનવીય વ્યક્તિત્વના આ સત્યને, આ યાથાર્થ્યને જ દોસ્તોએવ્સ્કી ‘ફેન્ટેસ્ટિક રીઆલિઝમ’ કહે છે. આપણે જેને કપોલકલ્પિત કહી વાસ્તવિકતાને સામે છેડે મૂકીએ છીએ તે ખરું જોતાં આપણી યથાર્થતાનું જ એક અનિવાર્ય પરિમાણ છે. દોસ્તોએવ્સ્કીએ એની કૃતિ ‘ભોંયતળિયેનો આદમી’માં આવા

છિન્નવિચ્છિન્ન આદમીનું નિદાન કરેલું છે. એમાં એણે કહ્યું છે કે બે ને બે ચાર એમ ઝટ કહી દઈને નષ્ટ અને સુખી થનારો એક વર્ગ છે, તો બીજો બે ને બે પાંચ પણ હોઈ શકે કે કેમ એની મૂંઝવણમાં પડેલો છે. બે રકમનો એકબીજાથી છેદ ઉડાડી દઈએ, ઉપદ્રવ ઊભો કરનાર શેષ વધવા જ ન દઈએ ને નિરાંતે જીવીએ એ તો ઠીક. પણ સૅમ્યુઅલ બૅકેટ કહે છે કે કોઈ વાર બાવીસને સાતે ભાગવાનો પ્રયત્ન પણ કરી જોવો જોઈએ. અસ્તિત્વવાદીઓને મન પણ જાત સાથેની નરી પ્રામાણિકતા એ સૌથી મોટું મૂલ્ય છે. જે જાતને છેતરીને જીવે છે તેણે પોતે જ પોતાના વ્યક્તિત્વની પ્રમાણભૂતતા છીનવી લીધી છે. એ 'બૅડ ફેઇથ'થી જીવે છે. કશી નિશ્ચિતતા અહીં આપણને પ્રાપ્ત થતી નથી. તે છતાં નિશ્ચિન્તતા જાણે છે જ એમ માનીને આપણે જીવવાનું રહે છે. બુદ્ધિ તો ચારે બાજુના અંધારામાં થતો ક્ષણભરનો ચમકારો છે. એની બંને બાજુ અનન્ત અન્ધકાર વિસ્તરેલો છે. આપણું સત્ત્વ જ કુણ્ઠિત થઈ ગયું હોય, હ્રસ્વ થઈ ગયું હોય અથવા તો લુપ્ત જ થઈ ચૂક્યું હોય તો પછી અનુભવનો કશો અર્થ ખરો? આવો સ્વત્વનો લોપ જે ઊભો કરે તેને નિરૂપતું સાહિત્ય હજી આપણા જ જમાનામાં રચાયું નથી એ આપત્તિનું સાચું પરિમાણ હજી આપણા સર્જકને લાધ્યું નથી. પ્રચણ્ડ હોનારતો અને ગમખ્વાર સંહાર વચ્ચે આપણે જીવ્યા છીએ છતાં એ બધા સાથે કોઈ રીતે સંકળાયેલા હતા એવું આપણને લાગ્યું નથી.

આથી સ્વત્વની શોધ કરવી કે સ્થાપના કરવી એ વાત જ રહી નથી. એમાંથી છટકી નાસવું એનું નામ જ સ્વતન્ત્રતા નથી? અનુભવમાં અપરોક્ષતા હોવી એ જ અનુભવને વિશેની સૌથી મહત્ત્વની વસ્તુ છે. તેવી જ રીતે આપણા કાર્ય પણ આપણે પરોક્ષપણે નહીં પણ અપરોક્ષપણે કરી શકીએ તો જ એનો મર્મ હાથ આવે પણ આટલી સાદી વાત કહેવી એ જાણે બાઘાઈમાં ખપી જાય છે.

આપણે આપણી જિંદગી જીવતા નથી, પણ અમુક સમ્બન્ધોના એક તન્તુરૂપે આપણે ટકી રહેતા હોઈએ છીએ. એમાં જે કાંઈ બને છે તે બીજા કશાકના પ્રતીક રૂપ હોય છે, અને તેને વળી બીજી કોઈ દૂરની ઘટના સાથે સમ્બન્ધ હોય છે. આમ લંબાતા છેડાઓના એકાદ તન્તુરૂપ હોવું તેનો અર્થ શો? બ્રહ્માણ્ડમાંનાં પ્રચણ્ડ બળોના ગોઠવાતાં સમીકરણોની એક તુચ્છ નગણ્ય વિગત તે માનવી? આથી જ તો નાતાલી સારોતે બીજા

નવલકથાકારોને સલાહ આપી છે કે જો કોઈ તમારી આગળ મનોવિજ્ઞાનની વાત કરે તો તમારે શરમાઈને આંખો નીચી ઢાળી દેવી. ફ્રોઇડની વિચારણાને આપણે મનોવિજ્ઞાન કહીએ છીએ પણ એ વિજ્ઞાન છે ખરું? એ તો 'ઇડ', 'લિબિડો' અને 'એનિમા'નું ત્રિપાત્રી રમ્ય કથાપાત્ર છે. એણે આપણને આપણા જમાનાને અનુરૂપ પુરાણકલ્પનોની માંડણી કરી આપી છે. જે ઘડીએ આપણે આત્માને ખોઈ બેઠા તે ઘડીએ જ એણે એના પૃથક્કરણની વાત કરી.

બોલ્સ્તમાને કહેલું છે કે જેમ સમય વીતતો જાય છે તેમ પ્રકૃતિમાં જે નિયમિત નિયન્ત્રિત છે તે ધીમે ધીમે વેરવિખેર બનતું જાય છે. સુવ્યવસ્થિત વિશ્વ ધીમે ધીમે અરાજકતામાં સરતું જાય છે. એ જાણે અવળી ગતિવાળી વ્યસ્ત સ્વરૂપની ઉત્ક્રાન્તિ છે.

આપણી આજુબાજુ એક વિશાળ ઉદાસીન સત્તા વિસ્તરેલી છે. કામ્યૂનું 'આઉટસાઇડર'માંનું પાત્ર મ્યૂરસો ફાંસીની આગલી રાત્રે બારીમાંથી દેખાતા તારાખચિત આકાશમાં ખાલી ઉદાસીન તટસ્થ વિશાળતાને જુએ છે અને તેને શરણે જાય છે. એવા પાત્રની પૂર્વભૂમિકા તો જર્મન ફિલસૂફ શોપેનહાવરની વિચારણામાં મળી રહે છે. એણે કહ્યું જ હતું કે જેનામાં પોતાની આગવી સંકલ્પશક્તિ જ નથી તેને માટે આપણી આ દુનિયા, એના બધા નક્ષત્રમણ્ડળો સહિત, નરી મિથ્યા બની રહે છે. કાફકાએ પણ કદાચ આથી જ કહેલું કે જ્ઞાન પામ્યા એનું સૌથી પ્રથમ ચિહ્ન તે મરણને માટેની ઇચ્છા છે. સાર્ત્રે પણ કહ્યું છે કે આપણા અસ્તિત્વનો પાયો શૂન્ય છે. ને જો આ શૂન્ય જ આપણા અસ્તિત્વનો આધાર હોય તો આપણું સાચું અસ્તિત્વ તે આ શૂન્ય વિશેની ઉત્કટ સંવિત્તિ જ છે. આપણા અસ્તિત્વની ક્ષિતિજોનો છેડો તે આ શૂન્ય છે.

*9-2-73*

*

# માયાળુ હાથ

જીવનનું ચક્ર એવું ને એવું ફર્યા કરે છે. આમલીના ઝાડ નીચે બેસતી પેલી મુમુર્ષુ વૃદ્ધા સવારે વહેલી આવીને એને સ્થાને બેસી જાય છે. એના ખભા આસન્ન મૃત્યુના ભારથી ઝૂકી ગયા છે. એની આંખોનો જ્યોતિ હોલવાઈ જવા આવ્યો છે. કેવળ બુભુક્ષાના અગ્નિનો સ્ફુલ્લંગિ હજી નિર્વાણ પામ્યો નથી. અહીં ઘરમાં ભાવિ સંભોગસુખની અપેક્ષાથી અર્ધનિમીલિત નેત્રે ચકલી બારણા પર બેઠેલી દેખાય છે. પાસે ચકલો એની ચાંચ ઘસતો બેઠો છે. પ્રખર થવા આવેલો સૂર્ય ઘરમાં નિર્બાધ ગતિ કરે છે. બધું થોડી વાર અસહ્ય ઉજ્જ્વળતા પ્રાપ્ત કરશે. પણ એ બધાંની ઓથે હું એ છાયાને સરતી જોઉં છું.

દૃષ્ટિ સામે દીર્ઘ કાળથી મૃત બનીને પડેલા કોઈ સાગરના શુષ્ક જળહીન વિસ્તારને જોઉં છું. એની મૃત ઉષરતાને સૂર્ય પણ સજીવન કરી શકતો નથી. એના પર થઈને ચાલતાં સૂર્યનાં ચરણ ઘવાય છે અને હવામાં એનો ઉષ્ણ ઉત્તપ્ત નિઃશ્વાસ રહી રહીને સળગી ઊઠે છે. ભૂખરી દૂરતાની ત્રિજ્યાઓ ચારે બાજુ વિસ્તરે છે. નિર્જન કરાડો શૂન્યની ગર્તામાં ઝૂકી રહી છે.

મારા સુખ પર કશાક અજ્ઞાતનો અંચળો વિસ્તરે છે. એક ભયાનક અપરિચિતતાથી હું ઢંકાઈ જાઉં છું, પથ્થરમાં છુપાયેલી તાંબાની શિરાઓ તપી ઊઠે તેમ મારામાં કશું ધખધખી ઊઠે છે. નિર્જન ખડકો પર દેખાતી ગરમ હવાની ઝાંયના જેવું આવરણ મને ઢાંકી દે છે.

વૃક્ષોની ઘટા વચ્ચેથી સરતા પવનને કણ્ઠે કોઈ દેવકન્યાનું ગુપ્ત પ્રણયગીત રણકી ઊઠે છે, મારા શ્વાસ એના લયને અનુસરવા જાય છે. અને છોભીલા પડીને પાછા વળે છે. વહેલી સવારે ધુમ્મસના આવેષ્ટનથી ગોપિત આ પૃથ્વીને કોઈ ચુમ્બન કરવા ઝૂકે છે.

પણ સાંજ ઢળતા અન્ધકારના સંચય જેવા કોઈના નેત્રમાંથી અન્ધકારની અજસ્ર ધારાઓ વહ્યો જાય છે. એનો ઘુઘવાટ ચારે બાજુ પડછંદા પાડે છે. એની રેખાઓનાં ચિહ્ન મારી કાયા પર અંકાઈ જાય છે. મુમુર્ષુ સૂર્યની પડછે આ અન્ધકાર કોઈ કન્યાના કાળા કેશરાશિના જેવો વિખેરાઈ જાય છે. એની પ્રવાહી સ્નિગ્ધતામાં ડૂબકી મારીને ઘડીભર લુપ્ત થઈ જવાની વાસના જાગે છે.

ચારે બાજુ છવાયેલા અન્ધકારના અશબ્દ જળ પર થઈને એક છાયા સરે છે. એ છાયાને પોતાના વિસ્તારને સમેટીને લપાઈ જવા જેવું કોઈ સ્થાન મળતું નથી. આથી એ મારા હૃદયના પોલાણમાં પછડાયા કરે છે. આથી જ તો બધે જ એ છાયાને તરવરતી જોયા કરું છું. સ્મિતની કિનારને પણ એ છાયાથી ખણ્ડિત થતી જોઉં છું. આંખોની કાળાશને આંખ માંડીને જોવાની હિંમત કરી શકતો નથી.

આજે એક વેળાની ભોળી કલ્પનાઓને યાદ કરતાં હસવું આવે છે. ત્યારે તો એમ કલ્પેલું કે આપણી આ પૃથ્વીને કોઈ માયાળુ હાથે આસમાની ક્ષિતિજોની ઓઢણીથી સજાવી છે, ધાન્યક્ષેત્રોમાં મરકતમણિઓને વેર્યા છે, પર્વતોને હિમમણ્ડિત કર્યા છે, અને એના ઢોળાવોને હરિત આભાથી મઢી દીધા છે. એ જ માયાળુ હાથે સમુદ્રના છોળના મુગટને મોતીથી ખચી દીધો છે. આકાશને ઇન્દ્રધનુષથી શણગારી દીધું છે, ખીણના પોલાણને રૂપેરી ધુમ્મસના આવરણથી ઢાંકી દીધું છે, એ જ હાથે પંખીનાં પીંછાં અને ફૂલની પાંખડીઓને રંગ્યાં છે, વાદળોને અનેકવિધ શોભા આપી છે, સાંજના આકાશને અપાર્થિવ દ્યુતિથી શણગાર્યું છે, હવાના પારદર્શી સ્ફટિકના રચેલા ઘુમ્મટ વચ્ચે ચન્દ્રતારાના હાંડીઝુમ્મરને લટકાવ્યાં છે, સૂર્યના ઉજ્જ્વળ દીપને પ્રકટાવ્યો છે. એ જ હાથે મારા મુખની રેખાઓને ગોઠવી છે, મારી આંખમાં તેમનું કમળ ખીલવ્યું છે, મારા શ્વાસને પાંખો આપી છે.

પણ આજે જાણે એ માયાળુ હાથ અદૃશ્ય થઈ ગયેલો લાગે છે. ક્ષિતિજોનાં એ આસમાની

આવરણમાં કુત્સિત છિદ્રો પડી ગયાં છે. એક વિભીષિકાનો હાહાકાર ચારે બાજુ ગાજી ઊઠ્યો છે. ચન્દ્રની મૃત અપારદર્શકતા પૃથ્વી પર એક વજન બનીને તોળાઈ રહી છે, સમુદ્ર કોઈ વિરાટકાય પ્રેતના હાસ્યની જેમ ગાજી રહ્યા છે. પક્ષાઘાતના રોગીની સ્થિર આંખના જેવો સૂર્ય નિનિર્મેષ બળી રહ્યો છે.

આ વિભીષિકા વચ્ચે ક્યાંક શાન્તિની એકાદ ક્ષણ રહી હશે એવો ભાસ થયા કરે છે. એ શાન્તિને કોઈક વાર ગ્રીષ્મના પર્ણગુચ્છ વચ્ચે સંકોડાઈને બેઠેલી જોઉં છું. પણ એ શાન્તિ પતંગિયા જેવી છે. એને પામવાને હાથ લંબાવીએ ત્યાં તો એ ઊડી જાય છે. શાન્તિનું હોવું એ એક આભાસ છે. એ જેટલું અજવાળે તેટલું ખરું.

અહીં પાછા વળતાં રસ્તે બસમાંથી જોયું તો બળબળતી બપોરે આંખોને સ્નિગ્ધ કરતી એક નાનીશી તળાવડી હતી. એમાં જળકૂકડીઓ તરી રહી હતી. એ દૃશ્યમાં એક પ્રકારની સ્વયંસમ્પૂર્ણતા હતી. એ જાણે એક સ્વયંનિર્ભર વિશ્વ હતું. પણ દૃષ્ટિ એની રેખાઓને પૂરેપૂરી ઉકેલે તે પહેલાં તો એનાથી કેટલેય આગળ બસ દોડી ગઈ. છતાં અહીં બારી પાસે બેસીને બળબળતા મેદાન તરફ નજર નાખું છું ત્યારે ત્યાં જાણે એ તળાવડી અને જળકૂકડીઓ સજીવન થતાં લાગે છે. આભાસ અને સત્ય વચ્ચે શંકરાચાર્ય કેવા મૂંઝાયા હશે તે આવી ક્ષણે બરાબર સમજાય છે.

દર ગ્રીષ્મમાં શીમળા ને શિરીષની વાતો કરું તો મિત્રો કહેશે કે એકનો એક એકડો ઘૂંટ્યા કરો છો. વાત તો સાચી છે. પ્રકૃતિમાં જે એકવિધતા નથી લાગતી તે આપણે હાથે શા માટે એકવિધતાનું રૂપ ધારણ કરે છે? પ્રકૃતિનું જે રૂપ છે તે તો અર્ધું ખણ્ડ રૂપ છે. એને પૂર્ણ બનાવનારું રૂપ જ્યારે આપણામાં સંભવે ત્યારે જ એ રૂપ પ્રકટ કરવા જેવું થાય. જો એમ નહીં બને તો આપણી અપૂર્ણતાને કારણે આપણે પ્રકૃતિને નિન્દાપાત્ર બનાવીએ. આથી જેની રસવૃત્તિ સારી પેઠે સૂક્ષ્મ અને કેળવાયેલી છે તે પ્રજાના કાવ્યસાહિત્યમાં જ પ્રકૃતિ ઉત્તમ કાવ્યરૂપ પામી છે. વાલ્મીકિમાં પ્રકૃતિ જુઓ અને કાલિદાસમાં જુઓ. ભવભૂતિમાં પ્રકૃતિનું વળી એક નવું જ રૂપ દેખાશે, જે સમસ્ત સંસ્કૃત કાવ્યસાહિત્યમાં એક નવી જ ભાત પાડે છે. આપણા ચિત્તની કેટલીક ભૂમિ એવી છે જે પ્રકૃતિની પડછે જ ઉદ્ભાસિત થઈ ઊઠે એવી છે. પણ પ્રકૃતિહીન સંસ્કૃતિ એ આપણા યુગનું એક લક્ષણ છે. કાફકાની સૃષ્ટિ જુઓ. ત્યાં બરફ છે, વૃક્ષો જાણે દેખાતાં જ નથી. ચન્દ્ર છે, પણ સૂર્ય નથી. માણસો

સામસામે ઊભા રહીને એકબીજાને જોતા નથી. એમના ચહેરાઓ પણ જાણે બદલાયા કરે છે. બધું માયાવી છે, અસ્થિર છે. સૃષ્ટિકર્તાએ પોતે પણ જાણે એ બધું ધ્રૂજતા હાથે આલેખ્યું હશે એવો આભાસ કાફ્કા ઊભો કરે છે. એ પણ સૃષ્ટિનું એક રૂપ છે જેને આંખો ખોલીને જોવાની હિંમત કાફ્કા પહેલાં કોઈએ કરી નહોતી.

9-3-73

*

# અણીદાર ક્ષણો

પાંશુમલિન હતપ્રભ સૂર્યની સાક્ષીએ દિવસ શરૂ થાય છે. વાતાવરણમાં આપણને ન સદે એવી ઉષ્માહીનતા છે. પવનમાં શીતળતા છે, પણ તે આહ્લાદક નથી. દૂર દૂરની કોઈ હિમમણ્ડિત ગિરિમાળાનું પડખું સેવીને આવેલો પવન એના ધૃષ્ટ સ્પર્શથી આપણને અસ્વસ્થ કરે છે. આવું થવાનાં ધામિર્ક તેમ જ વૈજ્ઞાનિક કારણો ગાડીમાં કે બસની મુસાફરીમાં સાંભળવા મળે છે. બર્ટ્રાન્ડ રસેલે કહેલું જ કે ચન્દ્ર સાથે ચેડાં કરવાથી પૃથ્વીની આબોહવા ખતરનાક રીતે બદલાશે. પૃથ્વીને પણ આ યુદ્ધખોર રાજકર્તાઓએ ક્યાં છોડી છે? પૃથ્વીના પેટાળમાં કે સમુદ્રમાં અણુબોમ્બના અખતરાઓ ચાલ્યા જ કરે છે – વગેરે વગેરે. હું તો એટલું જ જાણું છું કે મન ઉદાસ રહે છે. મારી ઉદાસીનું કારણ પ્રકૃતિમાંથી જ મળી રહેવું જોઈએ એવું પણ નથી.

ઓક્તાવિયો પાઝની એક પંક્તિ યાદ આવે છે :

'મને એક કન્યાનો ભેટો થાય છે. ગ્રીષ્મના સૂર્ય અને શિશિરના સૂર્ય વચ્ચે થયેલી સન્ધિ તે એ કન્યાની આંખો!' આવી સન્ધિસ્થાન રૂપ આંખોનું દર્શન કાંઈ હંમેશાં ભાગ્યમાં હોતું નથી કે આંખોની કિનાર વચ્ચે આકાશને વિસ્તરતું જોઈ શકાય. તેની સાથે એકદમ આત્મીયતા સ્થાપી ન શકાય, એમાં ખોવાઈ જવાનો ભય લાગે. આપણને સમાલી લઈને દુનિયાથી ગુપ્ત રાખવા જેટલો જ જેનો વિસ્તાર હોય તે આંખ ગમે. પણ કેટલીક આંખો સૂર્ય જેવી હોય છે. એની સામે જોતાં આપણું તેજ ખોઈ બેસીએ છીએ. બીજાના પ્રભાવથી મારા પ્રભાવને ખોઈ બેસવાનું મને કે મારા અહંકારને પરવડતું નથી. પણ જે

એક વાર પ્રેમનું વિશ્રામસ્થાન હતું તેના ખણ્ડેરરૂપ બની ગયેલી આંખોને જોતાં છળી મરાય છે.

સમયનું પડ કોઈ વાર સ્ફટિકકઠિન બની જાય છે. ક્ષણો અણીદાર બને છે. પણ હમણાં તો સમય કશીક ભીનાશથી ભૂલો થઈ ગયેલો લાગે છે. એને ગમે તેમ વાળી શકાય છે. સવારે હું એને એક છેડેથી વાળું છું. તો બીજે છેડે પાણ્ડુર ચન્દ્રવાળી ઠંડી રાતને પણ જોઈ લઈ શકું છું. નાનાં છોકરાંઓ કોઈક વાર કાતર લઈને બેસે અને કાગળ કાપીને એની નાની કાપલીઓને ઉડાડી મૂકે તેમ આ સમયને ઉડાડી મૂકવાનું મન થાય છે કારણ કે કશાક ભેજને કારણે આ સમય આપણને ચોંટી રહે છે.

કોઈક વાર મારી આજુબાજુ અજ્ઞાનની ગીચ ઝાડી ઊગી નીકળે તો કેવું એવું મને થાય છે. અતિપરિચિતતા કરોળિયાની જાળ જેવી બની રહીને આપણને ચોંટે છે. બધાંની નજીક રહેવું, બધાં વચ્ચે રહેવું એ કોઈક વાર એટલું તો ઘોંઘાટભર્યું ને શ્વાસને રૂંધી નાખનારું લાગે છે કે મન નિર્જનતાને ઝંખે છે. બાળપણમાં જે જગત પર ચક્રવર્તીની જેમ મહાલતા હતા તેની ભૂગોળમાં નિર્જનતાના ઘણા દ્વીપો હતા. ત્યારે ચહેરામહોરા પારખી ન શકાય એવી, એકદમ ચિત્તમાં ગોઠવી દઈ ન શકાય એવી, ઘણી લાગણીઓ ઉદ્ભવતી. એને લઈને આવા એકાન્તના દ્વીપમાં સરી જતા. જેની પાસે આવા એકાન્તના દ્વીપ ઘણા તે જ સાચો ચક્રવતી.

મોટા થયા પછી નવા જ પ્રકારના ભયનું ધણ સામું મળ્યું. બાળપણનો ભય તો ક્રીડાની સામગ્રી. એને પંજાવાળા હાથિયા થોરની શૂળમાં ભેરવી દઈ શકાય, કૂવાના ચોરખિસ્સામાં સંતાડી દઈ શકાય, નહીં તો સાથે વિના સંકોચે રમતી પેલી શારદા વિમલાના વાળમાં ગૂંથેલી ફીતની વચ્ચે છુપાવી દઈ શકાય. પણ આ ભય તો અણધારી જગ્યાએથી જ ફૂટી નીકળે, વિશ્રાન્તિપૂર્વક દૃઢ પકડમાં આપણે જે હાથ ઝાલી રાખ્યો હોય તેની આંગળીઓ વચ્ચેથી જ એ ફૂટી નીકળે. જે શબ્દોનું શ્રવણ આપણે અમૃત ગટગટાવતાં હોઈએ એવી રીતે કરતાં હોઈએ તે શબ્દોમાંથી જ આ ભયનું વિષ ટપકી પડે. આ મોટપણમાં જે ભયનો સામનો કરવો પડે છે તેને દાટવાનો, પૂરવાનો કોઈ ઉપાય જડતો નથી. નવા ઘરમાં રહેતાં પહેલાં એના ખૂણેખૂણા જોઈ લઉં છું. પરિચિત કે અપરિચિત વ્યક્તિને જોતી વેળાએ મારી આંખો સૌ પ્રથમ આ ભયના ઉદ્ગમસ્થાનની

શક્યતાને જ તપાસી લે છે. પણ આવી કશી સાવધાની કામમાં આવતી નથી. જે અગોચર કે અર્ધગોચર છે, જે અમૂર્ત કે અર્ધસ્ફુટ છે તે જ ભયનું ઉદ્‌ગમસ્થાન છે, જ્યાં રહસ્ય છે ત્યાં ભય છે. જે સંવાદી નથી તે જ ભયપ્રદ છે. આથી જ તો પરમ સૌખ્યને પામવું તે ગીતાનો આદર્શ, પણ એને પામવાની વાત સહેલી નથી. જે નર્યો જડ છે તે એને સહેલાઈથી પામી શકે. જે સ્થિતપ્રજ્ઞ છે તે એને સહેલાઈથી પામી શકે. પણ જે આ બે વચ્ચેની કોઈ અવાન્તર સ્થિતિમાં છે અને સાથે અત્યન્ત સંવેદનપટુ છે તેનું શું?

આવા પ્રશ્નો પૂછવા એટલે જ ભયને વધારવો, આથી સમાજનો મોટો ભાગ આશ્વાસનપરાયણ હોય છે, એમને આશ્વાસનો હાથવગાં હોય છે. સૌથી મોટું આશ્વાસન ઈશ્વર. ઘરમાં તો એ હાથવગો હોય છે જ. બહાર ડગલે ને પગલે એને મન્દિરમાં બેસાડી દીધો છે. કથાવાર્તા પણ એને વિશે ક્યાંક ને ક્યાંક ચાલ્યા કરે છે. આજે તો હોટેલ સિનેમા જેવાં પ્રમોદસ્થાનોમાં પણ એની છબિ દેખાય છે. એક બાજુથી નિરીશ્વર થતી જતી દુનિયા, બીજી બાજુથી ઈશ્વરને કેવી ભયની મારી વળગીને રહેલી દેખાય છે!

આથી જ તો શિશુના સ્મિતની છાયામાં રહેવાનું મન થાય છે. બાળકોની વાણીના કલરવના ખળખળ વહેતા ઝરણામાં વહી જવાનું મન થાય છે. આમ બાળપણ ઝંખવું એટલે ગુમાવેલા સ્વર્ગને માટે ઝૂરવું, તે હું જાણું છું. પણ આજના એ પુખ્ત વયના ઘોઘરા અને પુરુષકણ્ઠ પાછળ ક્યાંક એ કલકલ વહેતું ઝરણું છુપાયેલું છે, એવું લાગ્યા તો કરે જ છે.

શ્રમજીવી કીડીઓની હાર ચાલી જાય છે. એક મરી ગયેલી કંસારીના શરીરને કણકણ કરીને લઈ જાય છે. દૂરથી જોતાં જાણે વેંતિયાઓ ગુલિવરના શરીર પર નિસરણી મૂકીને હરફર કરતા હોય એવું લાગે છે એવું તાબ્લાદા નામના મેક્સિકોના કવિએ કહેલું તે યાદ આવે છે. મારી ભાવજગતની દરેકે દરેક ઘટનાને જાણે કોઈક ને કોઈક કવિનો સ્પર્શ થયેલો છે.

પાસેના બોટનિકલ ગાર્ડનમાં ખરેલાં પાંદડાંઓનો ઢગલો થયો છે. એ જોતાં આશ્ચર્ય થાય છે. અરે આટલાં બધાં લીલાં પાંદડાં વૃક્ષ પર જોયાં હતાં ખરા?

ગઈ કાલે રાતે આછો ઝાંખો ચન્દ્ર પોતાની જાળમાં ફરતા કરોળિયા જેવો લાગતો હતો. ચન્દ્ર જોવો તો પૂર્ણ બિમ્બવાળો જ જોવો એવો હું હઠાગ્રહી નથી. અમાસની રાતે પણ કોઈ ચમત્કારથી ચન્દ્રદર્શન થાય એવી ભ્રમણામાંથી પૂરેપૂરા મુક્ત થવાનો દાવો હું કરી શકતો નથી. આથી જ તો હું ચન્દ્રગ્રસ્ત છું.

16-3-73

*

# આળસની ભરતી

શરીરની શિરાએ શિરાએ નર્યા આળસની ભરતી આવે છે. આંખ અધી બિડાઈ જાય છે. અંગો આ સંકેત સમજી લઈને નિષ્ક્રિય બનતાં જાય છે. પણ મન એની ખટપટમાંથી છૂટતું નથી. એ વર્તમાનમાંથી બંને બાજુ કૂદકા મારે છે. મનને શાન્ત રાખવાનું આપણું ગજુ નથી. એ સાવ શાન્ત થઈ જાય તો આપણે કોઈ ભૂતિયા મહેલની નિર્જનતા વચ્ચે ઊભા હોઈએ એવું લાગે છે. આથી જ તો મનને આપણે સક્રિય રાખીએ છીએ. પણ એ સક્રિયતાનો ઘોંઘાટ આપણને એકાન્ત આપતો નથી. એ બધું ડહોળી નાખે છે. કશું સ્થિર સ્વચ્છ રૂપે જોઈ શકાતું નથી. શાન્તિ ગભરાવી નાખે છે. અશાન્તિ અકળાવી મૂકે છે, એકાન્ત અસહ્ય બની જાય છે, માનવીઓનો સમ્પર્ક એનાથી દૂર ભાગી જવા પ્રેરે છે. આથી પરમહંસને માટેનો માર્ગ આપણો નથી.

આ ગ્રીષ્મની બપોરે આવા વિચારો કરીને મારા અળવીતરા મનને ફોસલાવ્યા પટાવ્યા કરું છું. આમ ક્ષણો વીતે છે. પણ આપણા જેવા સામાન્ય માનવીને માટે તો એમ જ હોય એવું આશ્વાસન લઉં છું. આપણું મન નર્યું નિશ્ચિહ્ન, કશા ચેપ કે બગાડ વિનાનું હોય તો તેને કદાચ આપણે જ ઓળખી નહીં શકીએ. રિલ્કેએ પણ આવા ચિત્તની કલ્પના કરતાં ભય અનુભવ્યો છે. એ કહે છે કે ‘આવા બધા ચેપથી મુક્ત અને શુદ્ધ કરેલો જીવ તો કોઈ આસુરી ઉપદ્રવ જ થઈ પડે. એ તો કોઈ નિશાળિયાની નોટબૂકનું રાતી સહીથી સુધારેલું પાનું જ જાણે ન હોય! છતાં આપણું મન કળાને નામે વાસ્તવિકતા જોડે કેવાં ચેડાં કાઢે છે! નીત્શેએ તો કહેલું કે દરેક સર્જક નામે વાસ્તવિકતાનો શત્રુ હોય છે. એનો બધો જુલમ વાસ્તવિકતાના પર જ હોય છે, એને રોમેન્ટિક અભિનિવેશથી

ઢાંકી દેશે. એના સીમાડાને ખેંચીને એ છેક અતિવાસ્તવિક અને કપોલકલ્પિત સુધી લઈ જશે, વાસ્તવિકતાની પાયારૂપ સંગતિને એ અસ્તવ્યસ્ત કરી નાખશે. જે જીવને સંવાદિતા કળાના ભયંકર અતિરેકમાંથી જ મેળવવાની રહે, જેને સમતોલપણું જાળવવું હોય, અતિરેકનાં અન્તિમો તરફ ખેંચાઈ જવું ન હોય તો મનનું સહેજ પણ અનુકરણ ન કરનારાઓના શરીરને શરણે જવું જોઈએ. શરીર નિયમોને વશ વર્તે છે, એ કશાય અતિરેક સામે બળવો પોકારે છે, પણ અવળચંડું મન આપણા શરીરની સુરેખ આકૃતિ તે જાણે ઠઠ્ઠાચિત્રની રેખા હોય એમ માનીને એની હાંસી ઉડાવે છે.

સંસ્કૃતિ મનના અળવીતરાપણાની જ નીપજ છે એમ કહું તો મને કોઈ પ્રાકૃત અથવા વક્રદ્રષ્ટા કહેશે, પણ કોઈક વાર મને તો એવું જ લાગે છે. આપણી ઇન્દ્રિયો પ્રત્યક્ષ પ્રમાણો આપણને સંપડાવે, વાસ્તવિકતાને પ્રમાણભૂત રીતે આપણી આગળ રજૂ કરે તે પહેલાં તો મન એનાં તૈયાર કોષ્ટકો લઈને વચ્ચે કૂદી પડે છે. મનમાંથી કાંતી કાંતીને ઊભાં કરેલાં ફિલસૂફીના જાળાંમાં જગતને પૂરી દેવાનો મિથ્યા ઉદ્યમ જ બૌદ્ધિકોની એક મોટી પ્રવંચના બની રહે છે. સામેના વૃક્ષને, હાથમાંના પાણીના પ્યાલાને કે દર્પણમાં દેખાતા મારા ચહેરાને હું મનનાં ઊભાં કરેલાં જાળાંની ઓથેથી જ જોતો હોઉં છું. એનો અન્તરાય મને નડે જ છે. હું તાજમહાલ જોતો હોઉં કે ઓછા પગારવાળાઓની વસાહતનાં મકાનો જોતો હોઉં. મારું મન એની પાછળ રહેલા ભૌમિતિક આકારોનાં રેખાંકનો મારી આંખ સામે ધરી દે છે. આમ વસ્તુજગત સાથેનો મારો પ્રત્યક્ષ ઇન્દ્રિયગોચર સમ્બન્ધ એ બાંધવા જ દેતું નથી. મનની આ પ્રવૃત્તિને જ કદાચ શંકરાચાર્યે માયા કહી હશે.

ગ્રહનક્ષત્રોની દૂરતાને મન પરિમેયતાની સીમામાં ઘસડી લાવે છે અને આઠ દસ આંકડાની સંખ્યામાં એનું માપ કાઢી આપે છે. એથી દૂરતાનો જે આગવો સ્વાદ છે તે આપણે ખોઈ બેસીએ છીએ. માનવીએ ઉચ્ચારેલ એક શબ્દ, ખોટી જોહુકમીના કશા ઘોંઘાટ વિના મારી શ્રવણેન્દ્રિયનાં પરિમાણને વિસ્તારે છે. ચિત્તની રૂંધામણથી આપણે ગૂંગળાતા હોઈએ છીએ ત્યારે જ એકાએક કોઈનું હાસ્ય રણકી ઊઠે છે. એ હાસ્યની પારદર્શકતા હવાની જેમ કશો અન્તરાય ઊભો કર્યા વિના મારી આજુબાજુ વિસ્તરે છે. હું મને એક વિશાળ અવકાશની સમૃદ્ધિ વચ્ચે કોઈ ચક્રવતી સમ્રાટની જેમ ઊભેલો જોઉં છું. જન્મોજન્મની વાતની તો મને ખબર નથી, ઈશ્વરસાક્ષાત્કારનો મારો દાવો નથી, પણ

આ મારા નશ્વર દેહે એની ઇન્દ્રિયો દ્વારા કેવી અદ્ભુત અનુભૂતિઓ મને કરાવી છે. દરરોજ કેવી અશક્ય લાગતી વસ્તુઓ એણે સિદ્ધ કરી આપી છે. તડકાથી ઝંખવાઈ જતી મારી આંખ, એના ઉષ્ણ સ્પર્શથી દઝાઈ જતી મારી ત્વચા એ અનુભૂતિના અપરોક્ષ સમ્પર્કમાં મને મૂકી દે છે. એનાં કેવાં તો અદ્ભુત પરિણામો આવે છે! આ દેશ સૂર્યના પ્રાચુર્યથી અભિશપ્ત નહીં, અભિષિક્ત દેશ છે. પણ સૂર્યને જોઈને મસ્તક નમાવી આંખો બંધ કરનારા કયા સૂર્યનું પ્રત્યક્ષ દર્શન કરે? એથી વેદકાળમાં જ્યારે ઇન્દ્રિય અને વસ્તુજગત વચ્ચે કશા પ્રત્યવાય નહોતા ત્યારે ગ્રીષ્મની બપોરનું સ્મૃતિચિત્ર આપણને મળે છે. પણ એ તડકાની કવિતા પછી ક્યાં છે? કેટલાં સૂર્યસ્તોત્રો લખાવા જોઈતાં હતાં! કળામાં સ્થાપત્યમાં તો સૂર્યમન્દિરો ઊભાં થયાં, સૂર્યના રથ મૂર્ત થઈ ઊઠ્યા. આ સદા ચલિષ્ણુ એવા જગતની ગતિ આ દોડતા રથ દ્વારા મૂર્ત થઈ, પણ કવિતાનું શું? વર્ષા એ આપણી એક બીજી વિશિષ્ટ ઋતુ છે. વેદમાં પર્જન્યસૂક્તો છે. પણ વર્ષાનાં બદલાતાં રૂપો, એની સાથે બદલાતી ચિત્તની આબોહવા – આ બધું કાંઈ થોડા ‘ઋતુસંહાર ’કે ‘મેઘદૂતો’માં સમાઈ જાય એટલું જ નથી.

માનવીનાં મનને કારણે બધું હાસ્ય સંકુચિત અને દરિદ્ર બનતું ગયું છે. મન તો નોંધણીકારકુન છે. એ સર્વેસર્વા બની બેસે તો એ એક અત્યાચાર જ ગણાય. આને કારણે આપણું વસ્તુજગત આજે કોઈ પ્રાચીન ખણ્ડેર જેવું આપણે માટે બની ગયું છે. દરરોજ નવો સૂર્ય ઊગે છે તે આપણે ભૂલી ગયા છીએ. આથી તડકાને નામે થોડી ચબરાકી કરી શકાય. પણ એની અપરોક્ષ મૂતિર્ છબિઓ આંકવાનું અઘરું. વૈશાખ જેઠમાં પવનો દૂર દૂરથી આપણે આંગણે આવી ચઢશે. એમની સાથે કેટલાય ગિરિઓની ઉત્તુંગતા અને કેટલાંય આકાશોની વિશાળતા લાવશે. ઇન્દ્રિયો સાથે એનો પ્રત્યક્ષ સમ્પર્ક થવા દઈશું તો આપણાં પરિમાણો વિસ્તરશે.

પ્રેમ એ આપણી આવી જ એક અદ્ભુત અનુભૂતિ છે. એ આપણી જડ સીમાઓનું ઉલ્લંઘન કરવાનું સાહસ કરવાને પ્રેરે છે, જે અશક્ય છે તેને પામવાનું ઇંગિત એ જ આપે છે. કેવળ આત્મસન્નિષ્ઠ એવું આપણું હૃદય કેવું તો સાહસિક બની શકે છે. એનો એ આપણને પરિચય કરાવે છે. આવું સાહસ કરતાં પહેલાં જ વિચારોની બેડીથી જકડાઈ જનારાની કેવી દુ-ર્ગતિ થાય! તેમાંય વળી એવા દોઢડાહ્યાઓ કંઈક અદેખાઈથી ને કંઈક

ખંધાઈથી જુવાન પેઢીને ઉપદેશના બે બોલ કહેવા બેસે ત્યારે એમને ક્ષમા કરવાનું કઠિન થઈ પડે, રિલ્કેએ આ પ્રેમના સમ્બન્ધને ફુવારાનાં ઉપરનીચેનાં બે પાત્ર જોડે સરખાવ્યો છે. નીચેના થાળામાંથી સંચિત થઈને પાણી ઉપરના થાળામાંથી ઊંચે ઊડે છે. પણ ઊંચે ઊડીને પાછું એ થાળામાં જ ઝિલાય છે. વળી પાછું એ ઊંચે ચઢીને ઊડે છે. આમ એકબીજાને અભિષિક્ત કર્યા કરવાની પ્રવૃત્તિ પ્રેમમાં છે. આ રીતે દરેક વખતે કેટલી બધી સમૃદ્ધિ આપણી આંગળી વચ્ચેથી છલકાઈને સરી પડે છે! પણ એ ઝીલી લેનાર કોઈક છે જ, જે આપણું છે. માટે જ કશું નષ્ટ થતું નથી. અત્યાચારથી સજીવન કરવાની સાધના આપણા સર્જકોએ કરવાની છે. આજે તો એ ડાહ્યાડમરા બનીને જીવનની વિફલતા, અસારપનો ઉપદેશ આપે છે, આ બોધપ્રધાન કવિતાનું સ્થાન વિસ્મયપ્રધાન કવિતાએ લેવાનું છે. અહો બત કિમાશ્ચર્યમ્ એવો ઉદ્‌ગાર કાઢનારો કવિ ક્યાં છે?

20-4-74

*

# શણગારરૂપ આંખ

કદાચ સ્વપ્ન જ હશે. જે અક્ષરોને બાળપણથી ઓળખતો આવ્યો છું તે એકાએક આંખ સામે સ્પષ્ટ દેખાતા નથી. 'ક'ની રેખાઓ જાણે એકાએક પ્રવાહી બનીને રેલાઈને પાસેના 'ખ'માં ભળી જવા લાગી છે. બારાખડીમાં હારબંધ ગોઠવેલા અક્ષરો વહેવા લાગે છે, એમાં મોજાંઓ અને તરંગો દેખાય છે. અનુસ્વાર, કાનો, માત્રા – બધું અળગું થઈને દૂર જઈ પડે છે. ફરી બધું અક્ષરહીન બની જશે, માંડ દૃશ્યજગતના વિવિધ આકારોમાંથી જુદી પાડેલી આ બારાખડી એ વિવિધ આકારોમાં અભિન્ન બનીને ખોવાઈ જશે કે શું એવું લાગે છે. ચશ્માની દુકાને જઈને બેઠો છું. દુકાનદાર આંખ સામે એક લેન્સ ગોઠવીને પૂછે છે : 'બોલો, શું દેખાય છે તમને?' મને એક યહૂદી કવિ યેહુદા યેમીચાઈની કવિતા યાદ આવી જાય છે. એમાંય પેલો દુકાનદાર સૂચના આપે છે; તે કહે છે : સાહેબ, જરા પાછળ ખસો, તમારી ડાબી આંખ બંધ કરો, હજુ પાછળ! હા, હજી જરા પાછળ ખસો, તમારી ડાબી આંખ બંધ કરો, હજુ પાછળ? હા, જરા પાછળ ખસો. દીવાલ આગળ વધી ગઈ છે. બોલો, હવે તમે શું જુઓ છો? આ ધૂંધળાપણામાં તમને શું વરતાય છે? મને એક મધુરું ગીત યાદ આવે છે. એની પહેલી પંક્તિ હું ગૂંજવા માંડું છું... બોલો, હવે? હવે શું દેખાય છે? હજી? હજી નહીં, હંમેશાં. મને છોડી જશો નહીં, મહેરબાની કરો. ના, તમારે જવાનું નથી. વારુ, હું જતો નથી. એક આંખ બંધ કરો. જોરથી મોટે અવાજે બોલો, હું કશું સાંભળતો નથી. હું તો ક્યાંય દૂર નીકળી ગયો છું. બોલો, તમને શું વરતાય છે? તમે શું જુઓ છો? તમારી એક વિષાદભરી આંખ બંધ કરો. હા, હવે મને દેખાય છે. બસ, બીજું કશું નહીં.

આંખ ચોળીને જોઉં છું તો ખરેખર અક્ષર ઝાંખા લાગે છે. મનમાં ભય લાગે છે. રખે ને મારા પ્રિય કવિઓ સાથેનો મારો સમ્પર્ક પરોક્ષ બની જાય! પ્રત્યક્ષતાનું જ મને ભારે આકર્ષણ છે. કશા અન્તરાય વિના જ આ જગતને જોવા, સ્પર્શવા ઇચ્છું છું. આ નિકટતાનો લોભ છે એમ કોઈ કહે તો ભલે. રિલ્કેએ એક સ્થળે કહ્યું છે કે જેને નિકટતાથી પામ્યા છો તેને દૂરતાને ખોળે મૂકીને જુઓ તો એ નવા મહિમાથી મણ્ડિત થયેલું લાગશે. પણ મારું તો એવું ગજું નથી. સૌથી વધુ મહિમાનો લોભ ઈશ્વરને છે, માટે જ આપણે એને સૌથી દૂર રાખીને જોઈએ છીએ. પણ ઋષિઓએ તો એને નિકટ લાવીને પણ જોયો. એનું વર્ણન કરતાં કહ્યું – તદ્દૂરે તદ્વન્તિકે. પણ દૂર અને નિકટને ભેગાં કરીને પૂર્ણ મણ્ડલાકાર રૂપને જોનારી દૃષ્ટિ મને તો હજી લાધી નથી. આથી દૂરતા એ દૃષ્ટિભ્રમ છે એવી ફિલસૂફીમાં હું માનતો નથી. કહે છે કે આંખો મૂળ તો દૂરનું જોવા માટે જ બનાવેલી. નિકટની વસ્તુને માટે તો સ્પર્શેન્દ્રિય પર્યાપ્ત હતી. પણ આપણી સૌથી લોભી ઇન્દ્રિય આંખ જ છે, એ જોઈને ધરાતી નથી. રાત્રે આંખ બંધ કરીએ છીએ. વળી સ્વપ્નોની સૃષ્ટિ પ્રગટ થાય છે. અન્તઃચક્ષુ ખૂલી જાય છે. ચક્ષુના પણ કેટલા પ્રકાર! તિરસ્કારમાં વેદાન્તવાળા કહેશે 'ચર્મચક્ષુ,' પછી ભગવાને અર્જુનને પોતાનું રૂપ જોવા માટે આપેલાં દિવ્યચક્ષુ, આ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ. મને તો સૂર્યચન્દ્ર કરતાં આંખોનો મહિમા મોટો લાગે છે. સૂર્યચન્દ્રને અસ્તોદય છે, પણ આંખ કદી અસ્ત પામતી નથી. બહારથી બિડાય છે તો અંદરથી ખૂલે છે.

આંખની ઉપરની બે ભ્રમર – જાણે પંખીએ ઊડવાને પ્રસારેલી આંખ, આથી જ મને આંખ એક અદ્ભુત પ્રકારનું પંખી લાગે છે. એ પંજિરમાં બદ્ધ છે છતાં એક સાથે બે આકાશમાં ઊડે છે, આ સદા ઊડ્યા કરતી ચક્ષુપંખિણીને કારણે જ આપણું મન ચંચળ બની ઊઠે છે. આથી ધ્યાન ધરવાનું કહેનારાઓના આક્રમણનું પહેલું નિશાન આંખ જ છે. ધ્યાન ધરતાં પહેલાં આંખ બંધ કરવી એવી સૂચના હમેશાં આપવામાં આવે છે. ભગવાનનાં દર્શન કરવા જઈએ ત્યારે પણ આંખો બંધ કરીને પ્રણામ કરવાની પદ્ધતિ સ્વીકારાઈ છે. આંખો બંધ કરીને આપણે એકાગ્ર હોવાનો દંભ કરી શકીએ છીએ. બાળપણમાં નાના નાના બે હાથ પાછળથી આવીને આપણી આંખોને બંધ કરીને ખૂબ મોટો 'દાર્શનિક' પ્રશ્ન પૂછતા, 'હું કોણ છું?' ત્યારે આપણી અંદરનાં ચક્ષુ ખૂલી જતાં. આપણે તરત સાચો જવાબ આપી દેતા.

વ્યક્તિત્વનો સૌથી મોટો શણગાર પણ આંખ. આથી જ સામુદ્રિકશાસ્ત્રમાં આંખનું ઘણું મહત્ત્વ છે. આંખમાં આંખ માંડીને જોવું એ સહેલી વાત નથી. મેં એવા ઘણા લોકો જોયા છે જેઓ આપણી સાથે વાત કરતી વેળાએ આંખ ઊંચી જ કરતા નથી. કોઈ મુગ્ધા ષોડશી એમ કરે તો તે વધુ સુન્દર લાગે. એની પાંપણ પર નવજાત પ્રેમનું સુખદ વજન તોળાઈ રહે તેથી એ દૃષ્ટિ ઊંચી કરી શકે નહીં. પણ પોતાના મનના ભાવો કળાવા દેવા નહીં હોય તેથી ધૂર્ત માનવીઓ કદી દૃષ્ટિ ઊંચી કરતા નથી.

આંખ એટલે આંખ એમ કહી દઈએ તેથી કાંઈ ચાલવાનું નથી. આંખ કેટલા બધા પ્રકારની હોય છે. સંસ્કૃત કવિઓએ તો નીલોત્પલ જેવી આંખો કહી. સ્ત્રીઓની આંખો ચંચળ હોવી જોઈએ માટે એમને કમલાક્ષીની સાથે હરિણાક્ષી અને મીનાક્ષી કહી, પણ કોઈની આંખ મગર જેવી પણ હોય છે. એની પાંપણો ફરકે જ નહીં, ડોળો હાલે જ નહીં. એમાં ખંધાપણું અને નિષ્ઠુરતા રહ્યાં હોય. કોઈકની આંખો સાપ જેવી હોય. કોઈકની આંખો ઘુવડ જેવી હોય. કોઈની આંખો સળગતા અંગારા જેવી હોય. આથી જ આંખને પારખી લેનાર જ ખરો કુશળ કહેવાય.

આંખો તો આંગળીને ટેરવે પણ ખૂલે. પ્રખર ન્યાયાધીશ ગૌતમ મુનિ અન્ધ હતા, પણ એમને અન્ધ નહીં કહેતાં અક્ષપાદ કહ્યા. એમના પગને તળિયે જ જાણે આંખ હતી. માનવીએ હાથને લંબાવીને યંત્રોથી અદ્ભુત કાર્યો સિદ્ધ કર્યાં. તેવી રીતે કૅમેરા, દૂરબીન, ટૅલિસ્કોપ, ટૅલિવિઝનથી આંખનો વિસ્તાર કરી અદ્ભુત સિદ્ધિ મેળવી. પણ આ સિદ્ધિઓ ખતરનાક પણ નીવડે. શિવનાં બે નેત્રો કલ્યાણમય, પણ ત્રીજું નેત્ર તો બધું ભસ્મીભૂત જ કરે.

નદીમાં પણ માનવીએ આંખને ઊઘડતી જોઈ. એક નદીનું નામ છે મયૂરાક્ષી. તારાઓને પણ આંખરૂપે કવિઓએ જોયા છે. કૂવાને પણ કાણો કહીને એને એક આંખ તો આપી જ છે. પ્રતિભા પણ એક પ્રકારનું નેત્ર જ છે. ઘડિયાળમાં સમયની આંખ ઊઘડે છે. ઘર બારીની આંખે બહારના વિશ્વને જુએ છે. પુષ્પની બંધ આંખો સાથે સરખામણી કરી છે. રિલ્કેએ ગુલાબ બંધ પાંપણવાળું છતાં બધું જોતું નેત્ર કહીને વર્ણવ્યું છે. એ જ એની દૃષ્ટિએ કવિનું કર્તવ્ય છે. દેવમૂર્તિની આંખોની નિષ્પલકતા એમને અપાર્થિવ બનાવી મૂકે છે. દેલવાડાના દહેરામાંની જૈન મૂર્તિઓની ચળકતી આંખો એ મૂર્તિઓની સ્નિગ્ધતા

સાથે વિરોધ ઊભો કરતી લાગે છે. આંખોમાં તેજ હોય તો તે પણ શીળું હોય. એમાંથી અમૃત વરસતું હોય. ભયનો અને પ્રેમનો પ્રથમ અણસાર આંખમાં જ વાંચી શકાય. બધી ઇન્દ્રિયોમાં આંખનો જ પ્રપંચ સૌથી વધુ વિસ્તરેલો છે. મોટા ભાગની કળાઓ આંખની તૃપ્તિ માટે છે. ભાષા તો પહેલાં બોલવાની અને સાંભળવાની વસ્તુ હતી, પણ પછીથી લિપિ શોધાઈ, સંકેતોની માયા વિસ્તરી, આપણે સાહિત્ય લખતા થયા, વાંચતા થયા. આપણી અમરતાનો પુરાવો પણ આંખ પાસે જ મંજૂર કરાવવો રહ્યો. આથી શિલાલેખો, તામ્રપત્રો ઉદ્ભવ્યા.

આ આંખમાં કવિઓએ શું શું નથી જોયું? એમાં આકાશ જોયું છે, તો સમુદ્ર પણ જોયો છે. એ આંખમાંનાં ભંગુર આંસુ પર તો કાવ્યની કેટલીય તોતિંગ ઇમારતો ખડી કરવામાં આવી છે. સૌથી મોટો મહિમા દર્શનનો. ભગવાનની વાણી તો આપણને સાંભળવા ન મળે, પણ આપણે સૌ એમનાં દર્શન કરી શકીએ. ફિલસૂફો અને યોગીઓ આથી જ આંખથી બહુ ભડકેલા રહે છે. સૂરદાસે તો ભયના માર્યા આંખ ફોડી નાખી. યોગીઓએ દૃષ્ટિને બહાર ભટકતી રોકીને અન્તરમાં વાળવાની શીખ આપી. પણ સાચો વિહાર તે દૃષ્ટિવિહાર. આપણે માનવી હોવા છતાં વિહંગાવલોકન કરીએ. આપણે અનેક દૃષ્ટિબિન્દુ અને દૃષ્ટિકોણ ધરાવીએ. આપણો સૌથી ઉત્તમ અલંકાર ઉત્પ્રેક્ષા, સૌથી ઊંચું મિલન તે તારામૈત્રક.

6-8-73

*

# સર્જકની લોકપ્રિયતા

ખુશનૂમા કહેવા લલચાઈ જઈએ એવી આબોહવા છે. સૂર્યનો આભાસ છે. તાપ નથી. પવન ઉદ્ધત નથી. શીતળતા છે, પણ યોગ્ય માત્રામાં, છતાં વિષાદ પુષ્ટ થાય એવું વાતાવરણ તો છે. વૃક્ષો અને એની છાયાનું અદ્વૈત સિદ્ધ થયું છે. બધું અર્ધપારદર્શક છે. આથી દૃશ્ય માત્રમાં વ્યંજનાનું તત્ત્વ રહ્યું છે. થોડુંક આપણી કલ્પનાથી ઉમેરવાનું રહે છે. પણ સાહિત્યશાસ્ત્ર જેને ઉચ્ચ કોટિની કવિતા કહે છે તે લોકપ્રિયતાના દરબારમાં માન્યતા મેળવી શકતી નથી. આગલી પેઢીનો શિષ્ટ જનસમૂહ અને આ પેઢીનો સમકાલીન લોકસમૂહ – બે તરફથી વિરોધ થાય છે. વચલો એક વર્ગ છે જે તટસ્થ છે એમ નહીં કહું, એ વર્ગ ઉદાસીન છે. એ કળાવિહીન વર્ગ ભદ્ર લોકોમાં છે, ધનિકોમાં છે અને શિક્ષિતોમાં પણ છે. આનન્દકુમાર સ્વામીએ આ અભણ શિક્ષિતોની અશિક્ષિતતાની ચિન્તા કરેલી. દુર્ભાગ્યે એ વર્ગ વધતો જાય છે.

આવી પરિસ્થિતિને કારણે સર્જક સાથે લોકપ્રિયતાને જોડવા જઈએ તો એ સર્જકની નિન્દા કરીએ છીએ એવું લાગવાનો સમ્ભવ રહે છે. વાલેરીએ આ લોકપ્રિયતાની ઠેકડી ઉડાવેલી. વાલેરીએ કહેલું : ‘ત્રીસ લાખ લોકોની કદમબોસી કરવાનું વિચારી તો જુઓ, કમર ભાંગી જશે!’ બ.ક.ઠાકોરે તો કહી દીધેલું : જુવો, ઉઘાડું આ કમાડ. આમ કમાડ ચીંધીને એમણે લોકપ્રિયતાને વિદાય કરેલી. સો જણને ખુશ કરવા હોય તો બહુ ઓછાંની જરૂર પડે. વળી ત્રીસ લાખને સન્તોષનાર પોતાની જાતથી પણ વધુ સન્તુષ્ટ હોય છે એવું પણ કેટલાક માને છે. આપણે ત્યાં તો જડભરતોને ખોટી રીતે પંપાળવામાં નથી આવ્યા. સાહિત્ય અને કળા તો તદ્વિદ અને સહૃદયના પરિતોષ માટે જ છે.

સાહિત્યમાં જ્યારે નવાની ટીકા થાય અને જૂનાની પીઠ થાબડવામાં આવે ત્યારે આપણે માત્ર જો આટલું જ વિચારીએ કે જો આજનું નવું પચ્ચીસ વર્ષ પહેલાં લખાયું હોત અને જૂનું જો હમણાં લખાતું હોત તો શું થાત? સાહિત્યજગતમાં અમે જ આ શોધ કરી એવું કહેવું બાલિશતા છે. આ બધી 'શોધો' અમુક તબક્કે થતી રહે છે. ફરી એ બધું જૂનું થાય છે, ફરી નવાંને રૂપે રજૂ થાય છે.

લોકોને ચકિત કરી દેવા એ સાહિત્યનું લક્ષ્ય હોઈ શકે ખરું? આપણે ત્યાં 'ચમત્કાર'ને લક્ષ્ય માન્યું છે. પણ એ વિસ્મય એક વિશિષ્ટ પ્રકારનો વિસ્મય છે. મર્યાદિત સ્વરૂપના વિસ્મયને સાહિત્ય સાથે કશી લેવાદેવા નથી. જેનાથી ચેતોવિસ્તાર થાય તે વિસ્મયની જરૂર છે. કશુંક અણધાર્યું ઓચિંતું બની આવે તે સ્વરૂપનો વિસ્મય પરમ્પરા સજી આપે, જેથી ઉન્મેષે ઉન્મેષે બધું નવીન લાગે તે સાચો વિસ્મય. સૌન્દર્ય આપણને ચકિત કરે છે તે અણધાર્યો આઘાત આપીને નહીં. એમાં એવો અભૂતપૂર્વ અન્વય હોય છે જેની આપણે આપમેળે કલ્પના જ કરી ન હોત.

વસ્તુના ક્ષયિષ્ણુ તત્ત્વમાં એની નવીનતા રહેલી છે એ જો ન સમજીએ તો નવીનતાની બડાશ મારવાનું કદાચ ન સૂઝે. નવીનમાં ભય એ રહ્યો હોય છે કે એ આપોઆપ નવીનતા ખોઈ બેસે છે, જેમ આપણે જુવાની ખોઈ બેસીએ છીએ તેમ. આ ક્ષતિનો પ્રતિકાર કરવો એટલે નવાનો વિરોધ કરવો, હું નવું જ મરણિયો બનીને શોધું તો આત્મવિનાશ વહોરી લઉં. જો હું આત્મવંચના કરું તો કદાચ બચી જાઉં. જે લોકો કેવળ કોઈ પણ પ્રકારના પરિવર્તનમાં રાચે છે તેમને જ નવીન અપીલ કરે છે. આપણી જ કોઈ જૂની ખેવનાને સન્તોષવામાં જ નવી નવી શ્રેષ્ઠતા રહી છે.

ટકી રહેવું, કાલજયી થવું એટલે શું? દરેક કળાકારને આવી છૂપી કે પ્રગટ મહત્ત્વાકાંક્ષા રહી હોય છે. એ ભવિષ્યના પર પોતાની છાપ આંકી દેવા ઇચ્છે છે. પણ ભવિષ્યની પેઢી આપણી કૃતિનું પરિવર્તન કરી નાખે છે. આપણે એને જે રૂપે જાળવી રાખવા ઇચ્છતા હતા એ રૂપે એ રહેતી નથી. આપણી સાથેનો એનો સમ્બન્ધ છૂટી જાય છે, પછી મમત્વનું સૂત્ર છેદાઈ જાય છે. એને 'મારી અમરતા' કહેવાનો કશો અર્થ રહેતો નથી. જે કૃતિ આવાં પરિવર્તન પામીને ટકી રહે તે જ કાલજયી કહેવાય. આવાં રૂપાન્તરોની શક્તિ એણે પોતાનામાં એના સર્જકથી પણ અણજાણપણે પ્રગટાવી હતી માટે એ ટકી

રહે છે. તેથી જ એનાં અનેક મર્મઘટનો શક્ય બની રહે છે. આથી એના સર્જકોથી સ્વતન્ત્રપણે નિપજી આવે છે. એ તો એની પછીની પેઢીનું સહૃદયોનું અર્પણ હોય છે. તબક્કો બદલાય, રાષ્ટ્રનો મિજાજ બદલાય તેમ એનું મૂલ્ય વધતું જાય છે. એવા તબક્કા પણ વચ્ચે આવી જાય છે કે જ્યારે એ કૃતિની કશી ઉપયોગિતા કે કશું પણ મૂલ્ય જ લોકોને મન ન વસે. આપણા કાલિદાસ ભવભૂતિને દયારામે કે પ્રેમાનન્દે જાણ્યા હતા? એ આખા કાવ્યસાહિત્યને આ કવિઓ વગર ચાલ્યું. એકાદ ભાલણ બાણ તરફ વળ્યો. પણ્ડિતયુગમાં એ બધી કૃતિઓના અનુવાદો થયા, એનો પરામર્શ થયો. એની પછીના ગાંધીયુગમાં વળી એની ઉપયોગિતા ઘટી. પણ્ડિતયુગની આબોહવામાં જ જેઓ ઊછર્યા હતા તેમનામાં થોડી આસક્તિ રહી. આજે પશ્ચિમના વિપુલ કાવ્યસાહિત્યનાં પૂર બધે ફરી વળ્યાં છે ત્યારે વળી એ કવિઓની ઉપયોગિતા ઓછી થઈ છે. છતાં ભવિષ્યમાં વળી એમની ઉપયોગિતાનો તબક્કો આવશે. આને જો કહેવી હોય તો અમરતા કહી શકાય. ગાંધીએ જે આદર્શો માટે જીવન સમર્પિત કર્યું તે આદર્શો ઉદાત્ત હતા, સનાતન હતા. પણ એ પ્રતિધ્વનિ રૂપે લખાયેલ કવિતા કેમ માત્ર પ્રાસંગિક બની ગઈ? ગાંધીજી આજે ભુલાયેલા લાગે, વળી એવો તબક્કો આવશે જ્યારે એમની ફરી પ્રતિષ્ઠા થશે પણ ગાંધીઆશ્રયી કવિતા પુનર્જીવન નહીં પામે. આમ જે થઈ ચૂક્યું છે તે મરી ગયું છે એવું માનવાને કારણ નથી. એવી 'મૃત' કૃતિ પરીકથાની નિદ્રિતા રાજકુંવરીની જેમ આળસ મરડીને એકાએક બેઠી થઈ જાય તો નવાઈ નહીં. આથી પોતાનું રહસ્ય દીર્ઘકાલ સુધી પ્રચ્છન્ન રાખી શકે તે કૃતિ શ્રેષ્ઠ. દરેક તબક્કાએ રહસ્યની શોધ થાય, સહૃદયો એનું પુનર્ભાવન કરે છતાં દીર્ઘકાળ સુધી તો એવી જ ભ્રાન્તિ વ્યાપી રહે કે જાણે એમાં કશું રહસ્ય નથી. રહસ્ય હોય ત્યારે જ એનો ઉપરદેખાડો હોતો નથી.

આમ છતાં કેટલીક કૃતિઓ એવી હોય છે જેણે આકસ્મિક રીતે સર્જકથી નિરપેક્ષ રીતે, કેટલીક વિલક્ષણતાઓ નિપજાવી હોય છે. આ વિલક્ષણતાનું મહત્ત્વ નથી, પણ એ નવી દિશા તરફ અંગુલિનિર્દેશ કરે છે. પોતે એ દિશામાં જઈ શકતી નથી હોતી. પણ એની દ્વારા જ નવી આશાની ઝલક દેખાય છે, નવા ક્ષેત્રનો અણસાર મળે છે, અને કૃતિ રચીને તેના ઢગલા નીચે દટાઈને મરી જનાર પણ સર્જકો હોય છે. એ સર્જક તો વિસ્મરણમાં જ લુપ્ત થઈ જાય છે. પણ એ ઢગલા ઉપર ઊભો રહીને પાંખો ફફડાવીને કોઈ નવીન સર્જક પોતાનું ઉડ્ડયન આરંભે છે. જ્યાં પેલો લેખક થાકીને ઢળી પડ્યો હોય છે ત્યાં કોઈ

નવી જ શક્તિવાળો સર્જક આવીને પોતાનો આરમ્ભ કરે છે. પેલા લેખકની જીર્ણતાના ખણ્ડેરમાંથી જ એ નવીનતાનું બીજ શોધી કાઢે છે. પેલા લેખકના સંશયોની ઓથે સંતાયેલા સત્યનો એ ઉદ્ધાર કરે છે. સાહિત્યનો સાચો ઇતિહાસ આ બધાંની નોંધ લે છે.

માનવીના એવા પ્રચણ્ડ પુરુષાર્થને અન્તે જે સિદ્ધ થતું આવે છે તેને આપણે ‘પ્રભુની પ્રેરણા’ કહીને ઓળખાવીએ છીએ. કદાચ ઈશ્વર કરતાં માનવી વધુ નમ્ર છે કે પછી પોતે જે કહી રહ્યો છે તેમાં નિષ્ફળ જવાની ભીતિથી એ નિષ્ફળતાનો ભાર ઈશ્વર પર નાંખી દેવા માંગે છે? છતાં, આવા પ્રચણ્ડ પુરુષાર્થથી સર્જાયેલી કૃતિઓની જ માનવીએ હોળી ક્યાં નથી કરી? આથી જે ઊગરી ગયા તેનું ઊગરી જવા પૂરતું તો ભાગ્ય ખરું જ.

કોઈ કૃતિનું અનુકરણ થયા પછી જ આપણને ખબર પડે છે કે એમાં કેટલું અનુકરણ ન કહી શકાય એવું હતું. આ અનુકરણની પ્રક્રિયાને પણ વખોડી કાઢવાની જરૂર નથી. અપહરણ કરનારમાં અણજાણપણે અહંકારનો કેવો લોપ સિદ્ધ થયો હોય છે. પોતાના અનુકરણની પીઠિકા પર મૂકીને એ મૂળ કૃતિને ઊંચી ચઢાવે છે. એની જ ફરીથી પ્રતિષ્ઠા કરી આપે છે. અનુકરણો વધે ત્યારે જ કદાચ સાહિત્યના ઇતિહાસકારોને પહેલવહેલી એંધાણી મળે કે કોઈ અસાધારણ કૃતિ પ્રગટી ચૂકી છે. આમ અનુકરણ કરનારા સાચા સહૃદયો છે. અસાધારણતાને સૌપ્રથમ એ લોકો જ પારખે છે. પોતે અનુકરણમાં ખપી જાય છે અને મૂળ કૃતિને પ્રતિષ્ઠિત કરે છે.

*27-7-73*

*

# વાસ્તવનો નવો અન્વય

સત્તા અને ધન – આ બેનું માનવીને અજબ આકર્ષણ હોય છે. એનું કારણ શું? સત્તા અને ધનને વિશે હંમેશાં સન્દિગ્ધતા રહ્યા કરે છે. એ દ્વારા પ્રાપ્ત થતી શક્તિનું કોઈ ચોક્કસ સ્વરૂપ નથી હોતું. એના કાર્યક્ષેત્રની સીમાઓ પણ ચોકસાઈથી આંકી શકાતી નથી. આથી સત્તા તથા ધન જે કરી શકે તેની સીમાને વિસ્તારવામાં જ માનવી એટલો બધો વ્યસ્ત રહે છે કે સત્તા કે ધન ભોગવવાની એને ફુરસદ નથી જ મળતી અથવા આપણે એમ કહીશું કે આ વ્યસ્તતા જ ભોગવટો છે?

સત્તાની ઝંખના આપણે શા માટે કરીએ છીએ? સત્તાની પ્રાપ્તિથી અનેક અસ્પષ્ટ સ્વરૂપની શક્યતાઓ આપણી આગળ ખૂલી જાય છે. એ અસ્પષ્ટ છે અથવા અર્ધસ્પષ્ટ છે એથી જ એને વિશે આપણે વધુ ઉત્તેજિત હોઈએ છીએ.

આવતી કાલે મારે શું જોઈશે, હું શેની ઇચ્છા કરીશ, તે વિશે હું આજે નિશ્ચિતપણે કહી શકતો નથી. જે સુલભ છે તેને માટે તો મારી દોડાદોડ હોય જ નહીં. જે ખરીદી શકાતું નથી તે જ મારે ખરીદવું છે. તેથી જ તો લોકો મારી ઈર્ષ્યા કરે છે. મારા સુખ કરતાં બીજા બળે એનો આનન્દ વિશેષ હોય છે. લોકો મને ભાગ્યવાન ગણે છે.

આવા બધા આનન્દ ભાગ્યાધીન હોય છે એવી લોકોની માન્યતા હોય છે. કોઈ પ્રકારનો પુરુષાર્થ એ સંપડાવી આપે એ તો અશક્યવત્ જ લેખાતું હોય છે, આપણે સત્તાના દુરુપયોગની વાત કરીએ છીએ, પણ દુરુપયોગની શક્યતા જ કદાચ સત્તાના આકર્ષણનું મુખ્ય કારણ છે.

આપણને આપણી પોતાની જ ઈર્ષ્યા થાય તેવી રીતે જીવવાની પણ એક રીત છે. એમાં બહારનો કશો માપદણ્ડ કામમાં નહીં આવે. આપણા જ કાર્યની સાથે આપણા જ કાર્યની તુલના થાય. જે સ્પૃહણીય છે તેનો નિર્ણય પણ બીજાને આધારે કરવાનો રહે નહીં. આપણો આજનો દિવસ ગઈ કાલના દિવસ કરતાં સારો નીવડ્યો છે કે નહીં તેની જ એમાં ગણતરી કરવાની રહે. જેને માટે હું યોગ્ય છું તે બીજાને ભાગે ન જાય એ માટે જ ઈર્ષ્યા થાય છે. એ કોઈ વસ્તુ નથી, પણ એ વસ્તુને પ્રાપ્ત કરવાની મારી ક્ષમતા છે, અથવા એમ ન કરવાની પણ મારી ક્ષમતા છે!

કહેવાતી શહાદત અને બલિદાનની પાછળ ઘણી વાર પોતાને પજવ્યા કરતી કશીક લાગણી (અથવા કહો કે ભાવના, આદર્શ...)થી છુટકારો મેળવવાની જ વૃત્તિ નથી હોતી? એ એક લાગણી કે ભાવનાનો કોઈ રીતે અન્ત લાવી શકાતો હોય તો માનવી પોતાનો અન્ત નહીં લાવે. પણ આપણે જ્યારે એમ કહીએ છીએ કે ‘હું’ આ ભાવનામાં માનું છું ત્યારે એ ભાવના પોતે જ ભાવના હોઈને આપણી આગળ સ્પષ્ટ હોતી નથી. આ અસ્પષ્ટતા જ આપણી માન્યતાને વળ ચડાવે છે. આખરે આપણને પોતાને તો સમજાઈ જાય છે કે મારો રસ માન્યતામાં છે, એ માન્યતા શેને વિશેની છે તેમાં નથી.

આપણી પાપપુણ્યની વિભાવના પણ અચરજ પમાડે તેવી નથી? જો આજે હું કશુંક કામ કરું તો તે ભૂતકાળના મારા પાપપુણ્યને ધોઈ નાખે. જે બની ચૂક્યું હોય, જે મારા વ્યક્તિત્વનો અંશ બની રહ્યું હોય તે પણ ભુંસાઈ જાય? પણ એથી વધુ અચરજ પમાડે એવી વાત એ છે કે જો હું એનો અનુશોચ કરું તો એ ભુંસાઈ ગયેલું પાછું આવી જાય. જો આ દૃષ્ટિબિન્દુ સ્વીકારીએ તો અનુશોચ જ આચરવા જેવો પુરુષાર્થ બની રહે! પ્રાયશ્ચિત્તનો વિધિ આચર્યો કે તમે જેવા હતા તેવા થઈ ગયા! આથી બધો જ ગ્રહણીય ભૂતકાળ લુપ્ત થઈ જાય.

સાહિત્યની બાબતમાં ઘણાં એવા જોઉં છું કે જેઓ એમ કહેતા હોય છે, ‘અમારે શું કહેવું છે તેની તો અમને ચોક્કસ ખબર નથી, પણ અમને કશુંક કરી નાખવાની અનિવાર્યતા વરતાયા કરે છે.’ આનું પરિણામ શું આવે છે? આવી વ્યક્તિ એના મનમાં જે આવે છે તે લખી કાઢે છે. એનું કશું મૂલ્ય ચૂકવવું પડતું નથી. એનું કશું વજન હોતું નથી. પછીથી એ પહેલા વાપરેલા શબ્દો કરતાં વધુ સારા શબ્દો વાપરે છે. એમાં વધુ અર્થ ઠાંસે છે. લખવું

એક ગણિતની રમત બની રહે છે. પહેલાં વાપરેલા શબ્દોની અવેજીમાં બીજા શબ્દો, એની અવેજીમાં વળી ત્રીજા શબ્દો, આમ સાહિત્ય આવી અવેજીમાં ગોઠવવાની પ્રવૃત્તિ જ માત્ર બની રહે. આ અવેજીનું કોઈએ શાસ્ત્ર રચી કાઢવું જોઈએ.

માનવી જો દુષ્ટને દુષ્ટ લેખે જાણીને સભાનતાપૂર્વક આચરે તો તે આચરવા દેવું જોઈએ. પછીથી દુષ્ટ અને અદુષ્ટ વચ્ચે વિવેક કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી. પછી એ દુષ્ટની સમ્ભાવના ક્યાંથી થઈ તેની ઊંડી ફિલસૂફી ચર્ચવાની રહેતી નથી. પછી નરકના નકશાઓ પણ દોરવાની જરૂર રહેતી નથી. આ વિશ્વમાં અનિષ્ટની જવાબદારી એને સમજનાર ઈશ્વરની જ છે એમ કહીને ઈશ્વરને ભાંડવાની પણ જરૂર રહેતી નથી. દુષ્ટ આચરનાર દુષ્ટતાનાં પરિણામો, દુષ્ટતાની રચના વિશે ખન્તપૂર્વક વિચાર કરે અને પછી એમને અજમાવી જુએ તો એનું દુષ્ટ કાર્ય કળામાં તાટસ્થ્યપૂર્વક સિદ્ધ થાય. એની ગણતરીમાં કદાચ આ દુષ્ટમાંથી જ શુભ નિપજી આવે એવી પણ યોજના હોય. જો એમ હોય તો એની આસક્તિ તો આખરે તો શુભ માટેની જ ગણાય. એ શુભને સિદ્ધ કરવા જતાં દુષ્ટને વાપરીને એનાથી કલંકિત થવાનું એ સ્વીકારે ને પ્રતિષ્ઠાનો ભોગ આપે એ પણ શુભને ખાતર કરેલો ત્યાગ જ ન ગણાય? આથી એ પોતે જ સ્વેચ્છાએ પશ્ચાત્તાપને માર્ગે છટકી જવાના છીંડા પણ પૂરી દે. આવી ‘દુષ્ટતા’ તે કાયરની દુષ્ટતા ન હોઈ શકે તે દેખીતું છે.

મૂલ્યોની બાબતમાં મને એક વાત હંમેશાં વિલક્ષણ લાગ્યા કરી છે. તમે એક અથવા બીજા અન્તિમે જવાનું કબૂલ રાખો છો તો જ મૂલ્ય સિદ્ધ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરો છો. સત્ય પણ આપણા આચારનું એક અન્તિમ છે. મોટા ભાગના માણસો તો અર્ધસત્ય કે શંકાસ્પદ સત્યની ધૂંધળી સન્દિગ્ધતામાં જ અટવાયા કરતા હોય છે. છતાં આ સામાન્ય માનવીઓ જ સત્યને પ્રતિષ્ઠા આપે છે. એમની દૃષ્ટિ સમક્ષ સત્ય એક અશક્ય આદર્શ તરીકે સદા રહે છે. પોતે નમ્ર રહીને એઓ સત્યને મહાન બનાવે છે. આમ જગતમાં જે કાંઈ અસાધારણ છે તે સાધારણતાની સંગીન પીઠિકા પર જ ટકી રહે છે. આ સાધારણતા જ ઘણાં મૂલ્યોની આધારશિલા છે.

આપણામાં પણ આ સાધારણતા અને અસાધારણતા જોડાજોડ વસે છે. ઘણી વાર આપણે એકરાર કરી દેતા હોઈએ છીએ, ‘હું કેવો મૂરખ કે મૂરખ હોવું એ નરી

સાધારણતા છે, પણ એના પ્રામાણિક એકરારમાં અસાધારણતા રહી છે. આપણી મૂર્ખાઈમાં રાચનાર, એમાંથી માત્ર લાભ ઉઠાવનાર પણ આપણામાં જ વસતો હોય છે. આમ આપણી સાધારણતા એ કેવડું મોટું આશ્વાસન છે! એ આપણને સમગ્ર માનવજાતિ જોડે સાંકળનારી કડી છે. એ જ આપણને સાધારણતા તરફ દોરી લઈ જનારું સોપાન પણ છે.

ઘણાંનો સ્વભાવ જ આશ્વાસન શોધવાનો બની જાય છે. ફ્રેન્ચ કવિ વાલેરીએ એની લાક્ષણિક રીતે આનો એક નમૂનો આપ્યો છે : 'ઝંઝાવાત આખા શહેરને ધૂળ ભેગું કરી શકે, પણ એ બંધ પરબીડિયું ખોલી ન શકે, એક ગાંઠ પણ છોડી ન શકે.' સાહિત્યની ખૂબી જ આમાં રહી છે. વાસ્તવિકતા તો એની એ જ છે. પણ એના અન્વયો બદલવાથી આપણે કશુંક નવું જ જોતા હોઈએ એવો આભાસ થાય છે. આથી જ તો સાહિત્યની વ્યાખ્યા આપતાં પ્લેટો જેવાએ એને ચરમ આભાસ કહીને જ ઓળખાવ્યું છે. સાચા પ્રતિભાશાળી લેખકને વાંચતાં આપણને આપણી સ્વતન્ત્રતા વિસ્તરતી લાગે છે. આપણને થાય છે કે ભાષાના સાંકડા સીમાડામાં આપણે નાહકના પુરાઈ રહ્યા હતા, ભાષા જોડે પણ ઘણી તોડફોડ થઈ શકે એમ છે. આખા માત્રાસ્પર્શના જગતને કોઈ રેંબોની જેમ અસ્તવ્યસ્ત કરી દઈ શકે. ઇન્દ્રિયવ્યત્યયો યોજીને નવો જ સ્વાદ ઊભો કરી શકાય. આપણી પાસે જે નૈસર્ગિક ભાષા છે તે તો ચિહ્નહીન છે, એમાં રહેલી ગુપ્ત સંકેતોની શક્યતા આપણે પ્રગટ કરવાની રહે છે. પણ નબળા લેખકોને વાંચીએ છીએ ત્યારે સંયમની અનિવાર્યતા આપણને સમજાવા લાગે છે.

સ્પર્ધા, હોંસાતૂંસી જોઉં છું ત્યારે મને હસવું આવે છે. આપણો પ્રતિસ્પર્ધી જોડેનો સમ્બન્ધ વિશિષ્ટ પ્રકારનો છે. એને આપણે ધિક્કારીએ છીએ, છતાં એના જેવા નથી થઈ શક્યા એનું જ આપણને દુ:ખ હોય છે. એને નકારતા હોવા છતાં એની સ્વીકૃતિનું આપણે મન સૌથી મોટું મૂલ્ય હોય છે. સૌથી પહેલી નોંધ આપણે આપણા પ્રશંસકોની નથી લેતા, પણ પ્રતિસ્પર્ધીઓની લઈએ છીએ. આપણી વ્યૂહરચનાનું નિયન્ત્રણ પણ એના જ હાથમાં હોય છે : ઊંડે ઊંડે આપણા પ્રતિસ્પર્ધી આપણું પોતાનું જ અડધિયું હોય એવું આપણને લાગ્યા કરતું હોય છે, મિત્રને પ્રેમથી નજીક ખેંચીએ, પ્રતિસ્પર્ધીને તિરસ્કારથી. મિત્રની નિકટતા વિશે આપણે ઝાઝા ચિન્તાતુર હોતા નથી, પણ પ્રતિસ્પર્ધી પર તો

આપણે એકસરખી નજર નાખ્યા કરીએ છીએ. આપણો કિલ્લો છોડીને આપણે એના જ કિલ્લાને ઘેરો ઘાલીએ છીએ.

ગમે તે કહો, માનવી પોતાને અનેક માર્ગે ખરચી છૂટવા ઇચ્છે છે. જે માનવી પોતાને વધારે ખરચી જાણે છે તેનું જ મૂલ્ય વિશેષ હોય છે. જે પોતાને કેવળ સાચવી રાખે છે, તેના જેવો દરિદ્ર બીજો કોઈ નથી.

3-8-73

*

# પથ્થરનું નેપથ્ય

પાસેના રોઝરી સ્કૂલના ચર્ચમાં ઘણ્ટ વાગે છે ને આજના દિવસને દફનાવી દીધાની જાહેરાત કરે છે. તેજ ઓસરવા માંડે છે. એટલે પડછાયાઓ પોતાને સંકેલીને ખૂણાઓમાં ભરાઈ જવાની તૈયારીમાં છે. કૃપાળુ ભગવાનની કરુણાભરી આંખના તેજબિન્દુ જેવો ઘીનો દીવો પ્રગટી ચૂક્યો છે. નિર્માલ્ય ઉતારી લેવાઈ છે. ધૂપસળીની સુગન્ધિત ધૂમ્રસેર હવામાં લહેરાય છે. છેલ્લું પોપટનું ટોળું કિલકિલાટ કરતું પાછું વળી ચૂક્યું છે. રડીખડી થોડી કાબર હજી મેદાનમાં છે. મારા જ ઓરડામાં વસતાં ને સંસાર માંડતાં ચકલોચકલી પોતપોતાને સ્થાને આવી ગયાં છે. આ પાછા વળવાનું મુહૂર્ત છે. ઘરે પાછા વળીએ છીએ ત્યારે કેટલો બધો સમય રજની જેમ આપણાં વસ્ત્ર સાથે ચોંટીને આપણી સાથે આવે છે. જે ક્ષણ અગ્નિની શિખા જેવી હતી, જે ક્ષણ તીક્ષ્ણ તીરની અણી જેવી હતી, જે ક્ષણ હળાહળના બિન્દુ જેવી હતી તે બધી ક્ષણો હવે ફૂંક મારીને ઉરાડી દેવાય એવી રજ બનીને ચોંટી રહી છે. મારાથી અદૃશ્ય રહીને એ રજનો થર બાઝે છે, ધૂલિભૂત સમય ધીમે ધીમે અશ્મીભૂત થતો જાય છે. આથી જ તો પથ્થરને સ્પર્શવાનું એકાએક સાહસ કરી શકાતું નથી. શાન્ત નિશ્ચેષ્ટ પડેલો પથ્થર – એમાં કેટલો દીર્ઘ સમય પૂંજીભૂત થઈને પડ્યો હશે, ન જાણે યમુના નદીમાંનો કાલીનાગ તે આ સમય. કોઈ અવતારી મર્યાદાપુરુષોત્તમ જ એને જગાડી શકે.

પથ્થરના નેપથ્યમાં શું શું રહ્યું હશે! આથી જ તો એ નેપથ્યનાં દ્વાર ખૂલતાં નથી તે સારું જ છે એમ મને લાગે છે. સૂર્યને પણ પ્રવેશ નથી, ચન્દ્રને પણ પ્રવેશ નથી. પવન એની

ખુશામતિયા આંગળીઓ એના પર પસાર્યા કરે છે, જળ એના રન્ધ્રમાં ઓતપ્રોત થઈ જવા માટેની કાકલૂદી પથ્થરના કાન આગળ હંમેશાં કર્યા કરે છે.

સૈકાઓની છાપ એના પર ઝિલાય છે ને ભુંસાય છે. પથ્થરના હાર્દમાં જો પ્રવેશવાનું મળે તો સ્પર્શથી જ ઈશ્વરને હાથે અંકાયેલી વિશ્વરચનાની ભૂમિતિને ઓળખી લઈ શકાય. મને પાકો એવો વહેમ છે કે પથ્થરે જ માનવીને ભૂમિતિ તરફ દોર્યો હશે. એક પથ્થરમાં કેટલાય આકાશની વિશાળતા ઈશ્વરે ઠાંસી ઠાંસીને ભરી છે. આથી જો પથ્થરને સ્પર્શીને એનો મર્મ પ્રગટ કરતાં આવડે તો ઘણાં બધાં આકાશ અનેક સૂર્યચન્દ્ર અને ગ્રહનક્ષત્ર સાથે સજીવન થઈ ઊઠે. પણ એટલી બધી વિશાળતાને સહન કરવાનું આપણું ગજું નહીં. તેથી જ તો પથ્થર અકિંચનની જેમ, મૂઢની જેમ પડ્યો રહે છે. એના સાચા સ્વભાવનો અણસાર માનવીને પહેલેથી જ વરતાયો તો હશે જ, નહિ તો એણે દેવમૂર્તિઓ એમાંથી કોતરી કાઢી ન હોત. સૌર જગતને છોડીને, પ્રકાશની માયા છોડીને, કેવળ અન્ધ બનીને એ આપણી સાથે રહેવા આવે છે. પાયામાં પુરાય છે, ઇમારતોની ઉત્તુંગતાને આધાર આપે છે. ચક્રવર્તી રાજાઓની કીર્તિના ઉઝરડા સહી લે છે, અશ્રુથી બાષ્પીભૂત થઈને વિલાઈ જતી સ્મૃતિને સાચવનાર સ્તૂપ કે સ્મારક બને છે. માઇલસ્ટોન બનીને જડાઈ જઈને એ આપણને અંગુલિનિર્દેશ કરી માર્ગ ચીંધે છે. પથ્થરના હૃદયની નિસ્તરંગ શાંતિ અણજાણપણે આપણને સ્પર્શી જાય છે. પોતે નિઃશબ્દ છતાં જળને એ ભાષા શીખવે છે. અખાએ ભલે મશ્કરીમાં કે વ્યંગમાં કહ્યું હોય કે 'પથ્થર એટલા પૂજે દેવ' પણ પથ્થરને મારાથી તો નમન થઈ જાય છે.

સાંજ ઢળે, બધું પોઢે. અનેક જન્મોમાં પાપપુણ્યની કર્મરૂઅકર્મની જાળમાં અટવાતો આપણો આત્મા નિદ્રાની સમાધિને પામીને ઘડીભર એ બધાંથી અળગો થાય. મને લાગે છે કે ત્યારે આપણો દેહ કોઈ શિલાખણ્ડની જેમ સમસ્ત કાળને પોતાનામાં ઢબૂરીને પોઢાડી દેતો હશે. દરરોજ રાતે આપણામાં ઈશ્વર ફરીથી વિશ્વરચનાનો પ્રારમ્ભ કરતો હશે. એથી જ તો ઊઠીએ છીએ ત્યારે આપણાં પોપચાં પર થોડો ઈશ્વરનો ભાર વરતાય છે, આપણા શ્વાસમાં એનું શ્વસન ઓતપ્રોત થયેલું જણાય છે. આપણો જીવ જાગીને ફરી માયાના સુવર્ણમૃગ પાછળ દોટ મૂકે છે. વળી થોડી કર્મરજ ચોંટે છે, વળી થોડાં પાપ વળગે છે, વળી થોડાં પુણ્ય જમા થાય છે. જળના પ્રવાહ સાથે રસળતા

જતા ગોળમટોળ કાંકરાની જેમ આ સમયપ્રવાહ સાથે આપણે ઘસાતા જઈએ છીએ. આત્યન્તિક વિલયનાં દ્વાર ઠોકીએ છીએ. પાછા આવીએ છીએ. પણ એક દિવસ એ દ્વાર ખૂલી જાય છે.

પણ ત્યાં અન્ત નથી. ફરી ફરી નવા પ્રારમ્ભનું તૂર્ય આપણા નવા શ્વાસ સાથે બજી ઊઠે છે. પાબ્લો નેરૂદાએ એની એક કવિતામાં કહ્યું છે. 'હું મારા આત્માને કહું છું : ચાલો, જઈએ તો ખરા જે ક્ષણે કલાકનો અને મિનિટનો કાંટો એકબીજાને સલામ ભરે છે તે ક્ષણે આપણે બધું ફરીથી સજીવન કરીએ. એ બિન્દુએ સમયનું બખ્તર તડાક દઈને ખૂલી જાય છે. એ મુહૂર્તે આપણે ફરીથી જગતની તાઝગીનો સ્પર્શ કરીએ છીએ.'

આપણી બે આંખનો સરવાળો તે ઇતિહાસ. એ ઇતિહાસને પંજિર બનાવીને આપણે શા માટે એમાં પુરાઈ જઈએ? ઉપનિષદ કહે છે તેમ આપણે આપણામાં રહેલા ભૂમાતત્ત્વની જ પ્રતિષ્ઠા કરવી જોઈએ. આપણે વૃક્ષોની જેમ પાદપ નથી. આપણે આંખથી, શ્વાસથી જીવીએ છીએ. વૃક્ષમાં આકાશ ખૂલ્યું નથી. આપણી આંખમાં તો એ ખૂલ્યું જ છે. વૃક્ષ પોતાનું શ્રેષ્ઠ ફળમાં સંચિત કરે છે. પોતાના પુનર્જન્મને સુધ્ધાં એમાં સંગોપીને રાખે છે. વૃક્ષનાં મૂળ ભિખારીનાં બુભુક્ષુ આંગળાંની જેમ પ્રસરે છે. પણ આપણાથી અગોચરે પ્રકૃતિના નેપથ્યમાં માનવીની જેમ એની બુભુક્ષા બહાર હાથ પ્રસારતી નથી. બહાર તો એનો પુષ્પવૈભવ, પલ્લવવૈભવ, ફળવૈભવ જ પ્રસરે. વૃક્ષો નગ્ન, માનવી આવરણ શોધનારું પ્રાણી છતાં એનું બધું ઉઘાડું પડી જાય. સંસ્કૃતિના હિરણ્મય પાત્ર વડે એ બધું ઢાંકી શકે નહિ. એની પાસે સ્મૃતિનું કાણું ભિક્ષાપાત્ર છે. એ ધરીને એ સમય આગળ યાચક બનીને ઊભો રહે છે. વૃક્ષનું પાંદડે પાંદડું પવને ગોખાવેલું મહિમ્નસ્તોત્ર ઉચ્ચારે છે. માનવીની રચના માત્રમાં કૃત્રિમતા છે. શ્રાવણની ઝરમર વરસે છે. વળી નથી મેઘગર્જના, નથી વિદ્યુતનો કષાઘાત, નથી મૂશળધાર વર્ષા, પણ કરુણાળુ આર્દ્રતા છે, માફકસરની ભીનાશ છે. પારિજાતની પાંખડી સહી શકે એટલાં હળવાં વરસાદનાં ટીપાં છે.

સામેનાં વૃક્ષો વાદળછાયા આ દિવસમાં પ્રકાશનો કદીક આવતો સંદેશ એકાએક ઝીલી લે છે. આ સંદેશ ઝિલાયો તેની ખબર પાંદડે પાંદડે ચમકી ઊઠેલાં આશ્ચર્યચિહ્નોથી આપણને પડે છે. વર્ષાભીના ઘાસમાં ચાલવાનો આનન્દ જુદો જ છે, પણ વનસ્પતિમાં

જ્ઞાતિભેદ નથી. એટલે બ્રાહ્મણ કોટિના દર્ભની સાથે જ ગોખરુ પણ ઊગી નીકળે છે. એ એના પ્રશ્નાર્થનો કાંટો તરત જ ભોંકી દઈને આપણને ઊભા રાખે છે. દરમાં પાણી પેસી જવાથી લાખ્ખોની સંખ્યામાં કેટલાંક જંતુઓ હિજરત કરે છે. એમની પ્રવૃત્તિની ધમાલ ચાલે છે. પણ એનો સહેજસરખો અવાજ કાને આવતો નથી.

કોઈ વાર રાત્રિ કશાક અસહ્ય ભારને લઈને મારી છાતી પર ચાંપી દે છે. કદાચ એ વણઆથમ્યા સૂર્યોનો ભાર હશે. કદાચ કોક અકાળે બુઝાઈ ગયેલા નક્ષત્રનો ભાર હશે. પૃથ્વી પોતાનો પહોળો ખોળો પાથરીને કેટલું ઝીલી છે! આવા નક્ષત્રીય ભારથી હું કચડાઈ જતો હોઉં છું, ત્યારે જ પાસેની કરેણ રાત્રિની શાન્તિમાં એના ફૂલના લાલ ગુલાબી રંગને ઘૂંટતી હોય છે તેનો અવાજ સંભળાય છે. પાસેના સ્વીમીંગ પૂલનું બંધિયાર પાણી દૂરનાં વાદળાંમાંથી વરસેલાં જળ જોડે જે ઉત્તેજનાથી વાત કરે છે તે સંભળાય છે. પતંગિયાં વહેલી સવારે ઊડવા માટેની પાંખો રંગતાં હોય છે. સાથે સાથે ચાંદનીની શ્વેત વાચાળતા પણ ખળખળ વહેતી આવે છે. આ બધા અવાજની ધારામાં રાત્રિના એ ભારને હું ધીમે ધીમે ઓગાળીને વહાવી દઉં છું. છતાં સવારે જૂઈની કળીના જેવી હળવાશ મારામાં હોય છે એવી હું બડાશ મારી શકું નહીં, ભાદરવાના તડકામાં સુકાઈને હવે સમય કકરો થઈ જશે, સોનાનાં પતરાંની જેમ ચળકવા લાગશે. પણ વૈદ્યરાજો કહેશે કે હવે જ પિત્તનો પ્રકોપ થશે. માટે લીંબુનું સેવન કરવું, અગ્નિમાંદ્યને કારણે ભારે ખાવું નહીં. ડાંગર હવે સોનાવરણી થઈને ખેતરોમાં લહેરાશે, એનાં સોનેરી મોજાં કલકત્તા જતા રસ્તામાં દૂર દૂર સુધી વિસ્તરેલાં ખેતરોમાં જોયાં હતાં તે યાદ આવે છે.

31-8-73

*

# માનવદ્રોહનું પાપ

લખવા ધારેલાં પણ નહીં લખી શકાયેલાં વીસેક પુસ્તકોનો ભાર છાતી પર લઈને હું સવારે ઊઠું છું. દોષિત હોવાનો ભાવ મનને પીડ્યા કરે છે. પ્રમાદને કારણે નથી લખતો એવું નથી. આપણો પોતાનો કહી શકાય એવો સમય જ બહુ થોડો રહે છે. બાલ્ઝાક પેરિસ શહેરમાં ઊંચે એક કાતરિયામાં બેસીને વહેલી સવાર સુધી જાગીને લખતો. આપણા ધર્મની કર્મસંન્યાસની ફિલસૂફીના આશ્રય લઈને બચી જઈ શકાય તે જાણું છું. પણ એ તો એક પ્રકારની અપ્રામાણિકતા જ કહેવાય. હું જે નથી લખી શકતો તેથી દુનિયાને મોટી ખોટ જશે એવી કોઈ બાલિશ લાગણી મારામાં નથી. જે નથી લખતો તેથી હું પોતે જ મારી આગળ તેટલે અંશે અવ્યક્ત રહું છું. ઈશ્વરને પોતાને પણ વ્યક્ત થવાની લીલા ગમે છે, એમાં અચરજ શું?

સમાજમાં ચાલતી જુદી જુદી સર્જનાત્મક પ્રવૃત્તિઓ એકબીજાથી અળગી થઈ ગઈ છે. સમાજ પોતે આવી પ્રવૃત્તિનાં ઇષ્ટ પરિણામોથી અસ્પૃષ્ટ થઈને રહે છે. હું આને આપણી સંસ્કૃતિનું એક સંકટ ગણું છું. કોઈ પણ કારણે આવતું આવું વેગળાપણું એ અમાનુષી અનિષ્ટ છે. મારું એકાન્ત માનવી જોડે વધુ સૂક્ષ્મ ભૂમિકાએ ઘનિષ્ઠતા સ્થાપિત કરવા માટેનું હોય છે. મારા મનમાં હું માનવીઓ માટે કશી નફરત સંઘરીને એકાન્ત ભોગવવા ઇચ્છતો હોઉં તો તે માનવદ્રોહનું પાપ જ લેખાવું જોઈએ. માનવસમ્પર્ક તે રાજકીય નેતા કેવળ ચૂંટણીને સમયે જનસમ્પર્ક સાધે છે તે સ્વરૂપનો હોતો નથી. એની અનેકવિધ ભૂમિકાઓ છે, અનેકવિધ શક્યતાઓ છે. પ્રેમની શક્તિ વિના એ બધાંની ઝાંખી નહીં થઈ શકે.

આથી જ તો એકાકીપણું એ સદા ભયાનક લાગ્યું છે. સમ્બન્ધની, સંપર્કની કડીઓ સંધાતી નહીં હોય, સૌ એકબીજાને કેવળ આ કે તે સ્વાર્થ સિદ્ધ કરવામાં સાધનરૂપે વાપરતાં હોય ત્યારે આ ભયાનકની અનુભૂતિ સંવેદનશીલ સહૃદયને થાય છે. આ બધાંની અવેજીમાં બીજું કશું ચાલી શકતું નથી. માસ મીડિયાના આ દિવસોમાં તમારા મોઢામાં બધું બહારથી મૂકવામાં આવે છે. તમારા મનમાં બહારથી વિચારો અને લાગણીઓને ઠાંસવામાં આવી છે, તમારી આગવી રુચિ જેવું કશું રહેવા દેવામાં નથી આવતું. આને કારણે તમારું આગવાપણું, તમે છો એનું ભાન, ભૂંસી નાખવામાં આવે છે. આમ આપણે કેવળ ચિહ્નરૂપ બની જઈએ છીએ. આ જ કારણે વ્યક્તિગત સમ્બન્ધની ભૂમિકા નષ્ટ થઈ જાય છે. રોજ-બ-રોજનાં નૈમિત્તિક કાર્યોની યાંત્રિક ઘટમાળમાં આપણે અટવાયા કરીએ છીએ. પણ ધીમે ધીમે એક પ્રકારનું ઠાલાપણું આપણને પીડ્યા કરે છે.

આવી ઠાલાપણાની લાગણીથી બચવા માનવીઓ અનેક આશ્વાસનો શોધી કાઢે છે. ધર્મને જાણ્યા વિના એ ધાર્મિક બન્યાનો સન્તોષ લેતો જાય છે. સમાજને ઓળખ્યા વિના એ સમાજકલ્યાણની પ્રવૃત્તિ આચરી રહ્યો છે, એવું માનતો થઈ જાય છે. સાચું સર્જન કોને કહેવાય તે સમજ્યા વિના એ સર્જક બન્યાનું ગૌરવ લેતો થઈ જાય છે. આમ ધીમે ધીમે એ સો ટકા સાચી વસ્તુથી દૂર ને દૂર થતો જાય છે.

આ આપણી દુનિયા જ આખી જાણે સાચી દુનિયાની અવેજીમાં મૂકેલી કોઈ નકલી દુનિયા છે. આથી જ તો એ સાચી છે એવી ભ્રાન્તિ ટકાવી રાખવાનો પ્રયત્ન આપણે મરણિયા બનીને કરીએ છીએ. સત્ય આપણને હચમચાવી નાખે, આથી ભ્રાન્તિ જ આપણો પરમ આધાર. આથી જ ધર્મમાં પણ સ્વરૂપાનુસન્ધાનને બદલે એકાદ બે ચમત્કારથી આપણું કામ ચાલી જાય. આથી આપણે સન્તપુરુષ અને જાદુગર વચ્ચે કશો ભેદ નહીં જોઈએ. રમણ મહર્ષિ કે રામકૃષ્ણ પરમહંસ આપણને ખપમાં નહીં આવે.

આપણા જમાનામાં સર્જકને પણ માસમીડિયાના ભોગ થવાનું આવ્યું. આથી બહુજનનું આરાધન એ કરતો થઈ ગયો. મારી કૃતિથી હું મારો જ આવિષ્કાર કરું છું એવું નથી, એથી કોઈ પણ સહૃદય ભાવકને પણ પોતાનો સાક્ષાત્કાર થાય છે. પણ બહુજનની રુચિની ખુશામત કરતો લેખક આવા સાક્ષાત્કારથી બહુ દૂર રહે. આથી છાપામાં આવતી ચાલુ નવલકથા, બે ઘડી મન બહેલાવવા વાંચીને ફેંકી દઈ શકાય એવાં ફરફરિયાં

આ બધાંથી કામ ચાલી જાય છે. સાચા સાહિત્યની અવેજીમાં આ બધું આવી ગયું છે. એવી જરૂરિયાતને વરતી જઈને એનું જથ્થાબંધ ઉત્પાદન કરનારા પણ મળી રહ્યા છે. આપણી જીવનની સમસ્યાઓ વિશેની અભિજ્ઞતા પણ અપરોક્ષ સ્વરૂપની નથી. આપણા પ્રશ્નો પણ ઉછીના લીધેલા છે, આથી એને વિશેનાં ઊંડા કે મૌલિક ચેતનનો અભાવ હોય એમાં નવાઈ નથી. કોઈ વાર એકાદ રડ્યોખડ્યો વિદ્યાર્થી ભારે ગમ્ભીરતાથી જિજ્ઞાસાવૃત્તિ ધારણ કરીને ચર્ચા કરવા આવે છે, ત્યારે જોઉં છું તો એના પ્રશ્નો, એની ભાષા બધું જ બીબાંઢાળ અને ઉછીનું હોય છે. ન જાણી શક્યાની વેદના એમાં હોતી નથી. એક પાઠ ભજવી નાખ્યાનો સન્તોષ જ એમાં હોય છે.

મને લાગે છે કે સમ્બન્ધની કડી છેદાઈ ગયાનો, અળગા પડી ગયાનો સાચો અનુભવ હજી થયો નથી. એવી અપરોક્ષ અનુભૂતિ થાય પછી જ એ વિશે વિચાર કરવાની અનિવાર્યતા વરતાય. એ અનિવાર્યતા ઊભી નહીં થાય ત્યાં સુધી કેટલાંક સુફિયાણાં સૂત્રોનો શુકપાઠ કરીને આધુનિકમાં ખપવાની વૃત્તિ જોર કરે ત્યાં સુધી આપણે ક્રિયાપ્રતિક્રિયાના આવર્તનમાં ફસાયેલા રહીએ.

કેટલાક આશુતોષ જીવ જે કાંઈ છે તેનાથી તરત જ સન્તોષ માની લેવાનું શીખી જાય છે. અજંપો, અસન્તોષ, બેકરારી એઓ કદી અનુભવતા નથી. આત્મતુષ્ટિની લાગણી એ આત્મસંરક્ષણ માટેનું એમનું મુખ્ય શસ્ત્ર હોય છે. એમની પાસે પોતાનું કશું માપ હોતું નથી, એવી પરિસ્થિતિને અનુકૂળ એવું માપ એઓ સદા વેતરતા રહે છે. સન્માન કે અપમાન જેવા શબ્દો એમને અજાણ્યા હોય છે. જડતા એ એમનું રક્ષાકવચ હોય છે.

થોડો આઘાત સહેવો, વેદના અનુભવવી, એ પણ આપણો માનવી તરીકેનો એક વિશિષ્ટાધિકાર છે. સાધનાનો પાયો વેદના જ હોય છે. પૂર્ણત્વને માટેની અપૂર્ણની ઝંખના તે આ વેદનાનું ઉદ્ભવસ્થાન હોય છે. પણ જે છે તે ઠીક જ છે એવી તત્સમ વૃત્તિ કેળવનારને આ વેદના અજાણી જ હોય છે. આથી જ તો ક્યિર્કેગાર્દે કહેલું કે જેણે આ વેદના જાણી નથી, સંવેદનાની આ અતિમાત્રા જેણે અનુભવી નથી તે એ જ સૌથી મોટું દુ:ખ છે તે પણ જાણતો હોતો નથી.

*7-12-73*

અહો બત કિમ્ આશ્ચર્યમ્

*

# અભિનવ માનવતાવાદ

જેઇમ્સ થર્બરે એક વાર અકળાઈને પ્રશ્ન પૂછેલો : માનવજાતિના આ ગ્રામોફોનની રેકોર્ડ પર પડી ગયેલા ખાંચામાં અટકી ગયેલી સોય ક્યાં સુધી ‘ભય ભય’, ‘હિંસા હિંસા’નો એકસરખો ચિત્કાર કર્યા કરશે?’ આ પ્રશ્ન આજે આપણે પણ આપણી જાતને પૂછી રહ્યા છીએ. જે ક્રાન્તિનું આજ સુધી કોઈ ઘેલા પ્રેમીની જેમ સંવનન કરતા હતા તે ક્રાન્તિ આવી ગઈ. અપરાધી કોણ ઠર્યું ને દંડ કોને દેવાયો? જે નીતિને નામે આ થયું તેને જ છેલ્લા દૃશ્યમાં આપણે બેહાલ અવસ્થામાં અપરાધીના પાંજરામાં ઊભેલી જોઈ. આપણા શુભ આશયોને જ દંડ દેવાયો. એ હવે નીચે મસ્તકે લજ્જિત બનીને ઊભા રહ્યા છે. કોનો જય થયો? એનો જવાબ આપવો તે પથ્થરોને પોતાની જાત તરફ આકર્ષવા જેવું છે.

આ પરિસ્થિતિમાં આપણી કૃતકાર્યતા કેટલી? આમેય તે આપણા આ જમાનામાં આપણે આપણી એક સરખી અકૃતકાર્યતા અને એને પરિણામે અનુભવાતી તુચ્છતાની લાગણીથી પીડાઈ રહ્યા હોઈએ છીએ. કોઈ વાર એની સામે આપણે માથું ઊંચકીએ છીએ અને આપણને ખબર નહીં પડે એ રીતે સોહામણાં નામે વળી અનિષ્ટ બળો આપણો કબજો લઈ લે છે. આપણે મોઢે એ બળો એનું સમર્થન કરાવે છે. આથી પેલી અકૃતકાર્યતાની લાગણી વધુ તીવ્ર બને છે. આ બધાંને અન્તે, હજી આત્મનિરીક્ષણ કરવાની સ્વસ્થતા ટકાવી રાખનારને એક પ્રકારની નિરર્થકતાની કે બેહૂદાપણાની લાગણી ઘેરી વળે છે.

વિજ્ઞાન અને કળા – બંનેએ માનવીને પોતાના કેન્દ્રની બહાર મૂકી દીધો છે. આ દરમિયાન માનવી પોતે જ આ કેન્દ્રચ્યુતિનું શું મૂલ્ય ચૂકવવું પડશે તે વિચારી રહ્યો છે.

માનવીની એના કેન્દ્રમાં પુન:પ્રતિષ્ઠા એ જ કોઈ પણ માનવતાવાદી કાર્યક્રમની સૌથી પ્રથમ આવશ્યકતા છે.

આમ છતાં, આ માનવતાવાદી વલણ જ આજના સન્દર્ભમાં અસંગત લાગવા નથી માંડ્યું? માનવી પોતાને પોતાની ચેતનાથી તો અળગો પાડી નહીં શકે. આ વિકટ પરિસ્થિતિ કોઈ ને કોઈ રૂપે આજના સાહિત્ય અને કળામાં પ્રગટ થાય છે. આવું સાહિત્ય આપણને અભિનવ માનવતાવાદની સ્થાપનાની કોઈ ભૂમિકા રચી આપશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે.

આજે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોય માનવી પોતાને હંમેશાં સમૂહો વચ્ચે જુએ છે, આ ભેગા રહેવાનો જમાનો છે. અસ્તિત્વ પોતે જ સાથે મળીને ઉપાડેલું એક મોટું સાહસ બની રહે છે. આ જ ક્ષણે માનવીને લાગે છે કે એના પોતાના જીવનના પ્રસંગો પણ વાસ્તવમાં એના પોતાના પર આધાર રાખતા નથી. એ જેને પોતાના અનુભવો કહે છે તે કેટલે અંશે નર્યા પોતાના છે એ વિશે પણ એને શંકા થાય છે. અનુભવોને હવે માનવીથી અળગા કરી દઈ શકાય છે. સર્વસામાન્ય એવા સાંસ્કૃતિક પ્રવાહમાં એ તો માત્ર તર્યા કરતું તણખલું છે. એને પોતાની કોઈ આગવી દિશા કે લક્ષ્ય નથી. એ પોતાના આદર્શોની વાતો કરતો હોય છે ત્યારે પણ એને ઊંડે ઊંડે એનું ભાન હોય છે. ગુરુત્વાકર્ષણબિન્દુ હવે વ્યક્તિમાં રહ્યું નથી પણ વસ્તુ વસ્તુ વચ્ચેના અન્વયમાં રહ્યું છે.

આ આપણા જીવનની એક અદ્‌ભુત સ્વરૂપની નિયતિ છે. આપણું ભાવિ નિર્માણ કરનારાઓના મુખ પર જે ઉદાસીનતા આવી છે તે એક મહોરું છે. આપણું જીવન કેટલીક ક્રિયાઓનું અનૈચ્છિક પુનરાવર્તન બની રહે છે. આપણે પોતે પણ અમુક સર્વસામાન્ય પ્રકારની સામગ્રીમાંથી અમુક કાર્યક્ષમ ગણાતી પ્રક્રિયાને પરિણામે નિપજાવેલી વસ્તુના જેવા છીએ. આમ આપણા અસ્તિત્વની પાછળ કશોક દોરીસંચાર ચાલી રહ્યો છે એવું લાગે છે, પણ એ દોરીસંચાર છે કોનો? આ પ્રશ્ન એ દોરીસંચાર પ્રમાણે વર્તી ચૂક્યા પછી આપણે આપણી જાતને પૂછતા હોઈએ છીએ.

વાસ્તવિકતાની દૃષ્ટિએ આપણે ઘણું જમા કરતા હોઈએ છીએ એવું બતાવીએ છીએ, પણ સ્વપ્નોને પાંગરવાની ભૂમિ હવે રહી નથી. ઉત્તરોત્તર આપણી જવાબદારીનું ભાન

આપણા દરેક કાર્ય સાથે ઘટતું જાય છે. સદ્‌ગુણ અને દુર્ગુણ એ આપણા અભિપ્રાય, ઇચ્છા કે નિર્ણાયક બુદ્ધિ પર આધાર નહીં રાખતાં હોય ત્યારે એકસરખા તુચ્છ બની રહે છે. આમ વ્યક્તિગત જવાબદારી જ જો વિક્ષિપ્ત થઈ જતી હોય તો આપણા અસ્તિત્વનું ગૌરવ જ શેમાં રહે?

તન્ત્રવાહકોના વ્યક્તિત્વને વિશિષ્ટ પ્રકારે અમાનવીય બનાવી દેવાતું હોય છે. એ લોકો વ્યૂહ રચે છે, નીતિઓ ઘડે છે. આ બધું જે સમિતિમાં થતું હોય છે તેમાં છૂપાં કાવતરાંને રૂપે ઘડાતું હોય છે. એ સમિતિનો દરેક સભ્ય એકબીજાને ઠગવા મથતો હોય છે. એના અન્તિમ નિર્ણયોને કશી વ્યક્તિગત જવાબદારી સાથે કશો સમ્બન્ધ હોતો નથી.

કાર્યોના ભેદ પાડવામાં આપણે ઉત્સાહી છીએ. વર્ગીકરણનાં કોષ્ટકો આપણે ખંતથી બનાવીએ છીએ, પણ આ કાર્યો વચ્ચેના સમ્બન્ધો જોડવામાં મુશ્કેલી ઊભી થાય છે. એ સમ્બન્ધોને દૃઢ બનાવવા માટેની સંસ્થાઓ આપણે ઊભી કરી શકતા નથી. આમ આપણે કરુણાન્ત કાર્યોનો ઢગલો કરતા જઈએ છીએ. એને પરિણામે થતાં મરણોને પણ આપણે શણગારીએ છીએ, આપણી નિષ્ફળતાને પણ આપણે રૂપાળે રંગે રંગીને જોઈએ છીએ. આપણે આપણા અન્તરાત્માને બહુમતિના નિર્ણય જોડે બંધબેસતો કરવાની પ્રવૃત્તિમાં મચ્યા રહીએ છીએ. આ માનવીની કેન્દ્રોત્સારી વૃત્તિ બહેકી ઊઠી છે. હવે માનવી જ ધીમે ધીમે લુપ્ત થતો જાય છે.

હવે વિજ્ઞાનમાંથી પણ કાર્યકારણનાં માળખાં ગયાં છે, નિશ્ચિતતાનું સ્થાન સમ્ભવિતતાએ લીધું છે. સમાજમાં પણ જ્યાં જુઓ ત્યાં મધ્યમ કક્ષાનાં માનવીઓ જૂથબંધી કરીને પોતાનાં હિતોનું રક્ષણ કરવા મથી રહેલાં દેખાય છે. જો હું અને તું વચ્ચેનો સંવાદ ચાલે એ માટેની કોઈ ભૂમિકા જ ન હોય તો આપણું વ્યક્તિત્વ 'સમાજ' નામની અમૂર્ત સંજ્ઞાથી લેપાઈ જાય. રોમેન્ટિક વલણ વ્યક્તિત્વો ઉપજાવીને ભૂંસી નાખવામાં આનન્દ માણે છે.

આપણો ક્રાન્તિવીર એ રોમેન્ટિક હીરો છે. એ ક્રાન્તિમાં ભાગ લેવા અધીરો બને છે, એમાં ઝંપલાવે છે. અને આખરે સમાધાન સ્વીકારીને પદપ્રતિષ્ઠા સાથે બેસી જાય છે. ક્રાન્તિઓ ક્રાન્તિ કરનારાને ભૂંસી નાખીને જ પૂરી થાય છે. પ્રતિકાર કરનાર કેવળ પડકાર ફેંકીને અટકી જાય તે ઇષ્ટ નથી, એણે પોતાના વ્યક્તિત્વને એથી વધારે આગળ લઈ જવાનું

રહે છે. બીજી પેઢીના મવાળો આગલી પેઢીના ક્રાન્તિકારીઓના પ્રથમ શિષ્યો બની રહે છે. સ્વતન્ત્રતાના સંકેત પણ આવી પરિસ્થિતિમાં બદલાઈ જાય છે. માનવી માનવી સાથેના સમ્બન્ધોમાંથી મુક્તિ પામે તેનું નામ સ્વતન્ત્રતા એવું માનવામાં આવે છે. આથી આવી મુક્તિ કોઈ એકલદોકલ છૂટુંછવાયું પરાક્રમ કરીને મેળવી શકે નહીં. પછીથી વ્યક્તિ એક આંકડો કે સંખ્યા બની રહે. જે બહુમતિ છે તેની પડછે આપણે આપણા પ્રમાણભૂત ગણી શકાય એવા અસ્તિત્વને પામવાનું રહેશે. આજે આપણને આપણું જુદું નામ છે. પણ નામ આપણી વિશિષ્ટતા નથી. મારી સહીસલામતી માટે મારે કોઈ પક્ષ કે કોઈ જૂથ શોધી જ લેવાનાં રહે છે. પછી મારે આગવી પ્રમાણભૂતતાની ચિન્તા કરવાની રહેતી નથી. એ બધું હું જૂથને કે પક્ષને સોંપી દઉં છું.

જો પરિસ્થિતિ આવી હોય તો મારે માટે એક જ નૈતિક પ્રકારનું મૂલ્ય રહે છે. મારા જૂથ પ્રત્યેની આંધળી વફાદારી, જે મારું જૂથ આચરે તે જ મારો સદાચાર. રાજતન્ત્ર એ પણ એક જૂથ હોય છે. સમાજ પણ અમુક વર્ગ ધરાવનાર જૂથનો બનેલો હોય છે. આવી પરિસ્થિતિમાં હું ડગલે ને પગલે અગવડરૂપ બનતાં મારાં વ્યક્તિત્વથી છૂટવાના પ્રયત્નને સ્વતન્ત્રતા માટેનો પુરુષાર્થ કહું તેમાં નવાઈ શી?

29-3-74

*

# પળેપળની તીવ્ર અભિજ્ઞતા

બાળવાર્તાઓમાં પણ ધનના ચરુ દાટેલા જ હોય. મણિધર નાગ એનું રક્ષણ કરતો હોય, આયુષ્યનાં મોંઘામૂલાં વર્ષોનો ખજાનો લુંટાવી બેઠેલાં દાદીમા બાળકોને વાર્તા કહેતાં હતાં, આવા જ એક ખજાનાની વાર્તા બાળકો વિસ્ફારિત નેત્રે અચરજથી સાંભળતાં હતાં. દાદીમાએ વાર્તા શરૂ કરી : એક ચક્રવર્તી રાજા હતો. એની આણ ચારે દિશાએ વરતાય પણ ભગવાનનું કરવું તે એના ધનોતપનોત બેઠા. રાજા અકાળે મરણ પામ્યો. પણ મરતી વેળાએ પોતે ખજાનો ક્યાં દાટ્યો હતો તે કોઈને કહી જવા પામ્યો નહીં. મહેલનાં ખંડિયેર થઈ ગયાં. દેવકુંવર જેવો રાજકુમાર ચીંથરેહાલ દશામાં ભટકી ભટકીને ભીખ માગવા લાગ્યો. રાજકુમાર એક દિવસ થાક્યોપાક્યો એક ઝાડ નીચે સૂતો હતો. સ્વપ્નમાં એણે જોયું કે કોઈ દેવી એની સામે મરક મરક હસી રહ્યાં છે. દેવીએ એને પૂછ્યું : 'તું તારા બાપનો ખજાનો શોધે છે?' કુંવરે કહ્યું : 'હા', દેવીએ કહ્યું : 'તો ચિન્તા કરીશ નહીં. મને ખજાનો ક્યાં છે તેની ખબર છે. હું કહું તેમ કરજે,' કુંવરે કહ્યું : 'વારુ,' પછી દેવી બોલ્યાં : 'મહેલમાં ઊગમણી બારી પાસે એક મોટી શિલા છે, એ શિલાને ઉપાડીને આઘી મૂકજે, ત્યાં થોડુંક ખોદશે એટલે તને પગથિયાં દેખાશે. એ પગથિયાં ઊતરીને નીચે જશે એટલે ભોંયરું આવશે, એ ભોંયરાના પ્રવેશદ્વાર આગળ એક રાક્ષસ ઊભો હશે. ભયંકર મસમોટો રાક્ષસ, પણ એ રાક્ષસની એ ખૂબી છે કે એ ઝટ ગુસ્સે થતો નથી. તું એને ગુસ્સે કરી શકશે તો એ તરત તારે તાબે થઈ જશે.' રાજકુંવરને મનમાં થયું, કોઈને ગુસ્સે કરવામાં તે કેટલી વાર, અને તેમાંય આ તો વળી રાક્ષસ, આથી કુંવરે કહ્યું : 'વારુ.' દેવીએ આગળ ચલાવ્યું, 'પછી એક બીજું દ્વાર આવશે, ત્યાં ઊભી હશે રૂપરૂપના અમ્બાર જેવી કન્યા. એ મધુર સ્મિત કરતી હશે, એ તને ભેટવા આવે કે તરત

એના હાથમાં બેડી પહેરાવી દેજે.' કુંવરને થયું : આ જરા અઘરી વાત તો ખરી. આવી સુન્દર કન્યા ભેટવા આવે ને ભેટવાનું નહીં! કાંઈ નહીં એ તો જોયું જશે, એમ વિચારીને એણે કહ્યું, 'વારુ.' પછી દેવીએ કહ્યું, 'તું આગળ વધશે એટલે ત્રીજું અને છેલ્લું દ્વાર આવશે ત્યાં આગળ એક કિશોર ઊભો હશે. એના મોઢા પર ભારે ઉદાસી હશે, એને તું હસાવી શકશે તો બેડો પાર. તો એ દ્વાર ખૂલી જશે અને ખજાનો તારો થઈ જશે.' રાજકુંવરની નજર સામે એ કિશોરનો ગમગીન ચહેરો નજરે ચઢ્યો ને એને દુનિયાનાં બધાં દીનદુ:ખિયારાં યાદ આવ્યાં. ઈશ્વરે વેરેલા આ લખલૂટ ઐશ્વર્ય વચ્ચે ઊભા હોવા છતાં એમનાં મુખ પર હાસ્ય નથી. એ વિચારે ચઢ્યો, એને થયું : 'લાવ ને, દેવીને જ પૂછી લઉં', એમ વિચારીને એ દેવીને પૂછવા જાય છે, ત્યાં તો દેવી અદશ્ય! રાક્ષસને તો ગુસ્સે કરી શકાય, રૂપસુન્દરીને પરવશ કરીને બેડી પહેરાવી શકાય, પણ આ ઊંડી ગમગીનીને દૂર કરીને એ કિશોરને શી રીતે હસતો કરી શકાય? કહે છે કે હજી એ રાજકુંવર હરેક ગમગીન કિશોર આગળ ઊભો રહે છે ને એને હસાવવાનો પ્રયત્ન કરે છે, પણ હજી સુધી તો એ સફળ થયો નથી.

આ બાળકથાનો અન્ત 'ખાધું, પીધું ને રાજ કર્યું'થી નથી આવતો, કારણ કે આ તો આપણા યુગની બાળવાર્તા છે. બુદ્ધે નિર્વાણને નકાર્યું તે પણ લોકોનાં દુ:ખનો નાશ કરવાનું બની શક્યું નહોતું તેથી. દુ:ખનું જ તેજ એટલું બધું છે કે આપણી સુખને વિશે સેવેલી બધી જ ભ્રાન્તિનાં ધુમ્મસ એનાથી ઓગળી જાય છે. દુ:ખ ગરીબોને જ છે એવું નથી, ધનિકોને પણ એમનાં આગવાં દુ:ખ છે જ. આપણા દરેક સુખને દુ:ખનો પાસ બેઠેલો છે. દોસ્તોએવ્સ્કી પણ નિર્દોષ બાળકોનાં ચીમળાયેલાં મુખ જોઈને એમના દુ:ખથી પીડાઈને ઈશ્વર સામે બળવો પોકારી ઊઠેલો.

ક્રોધીનો નાશ તો એનો ક્રોધ જ કરે છે, આપણને પોતાની મોહિનીથી ભેળવીને આલંગિનમાં જકડી લેવા ઇચ્છનાર તો એ પરવશતાનો પોતે જ ભોગ બનીને બેડીમાં જકડાઈ જાય છે. પણ દુ:ખનું શું? દુ:ખ એટલે જ પળેપળની તીવ્ર અભિજ્ઞા. આ તીવ્ર અભિજ્ઞાનો શાપ લઈને આપણે જીવીએ છીએ. સ્થળ અને સમય વચ્ચે જકડાયેલા, મરણની નિશ્ચિતતાથી કચડાયેલા, માટે જ તો ક્ષણભર જો આ ગ્લાનિનો પડછાયો ખસેડી

શકીએ, ક્ષણભર જો કોઈકને સહેજ સ્મિત કરતાં કરી મૂકીએ તો એ સુખદ ક્ષણ તે જ આપણું પરમ ઐશ્વર્ય. અવતારી પુરુષો ને સન્તો હજી શોધી રહ્યા છે એ કીમિયો!

19-5-74

*

# હિંસાનું નવું રસશાસ્ત્ર

આપણા ઘરની બારીમાંથી નજર કરીએ છીએ તો આકાશ કે ક્ષિતિજરેખા દેખાતી નથી, દેખાય છે માત્ર મકાનો, આપણી ચારે બાજુ બધું યાન્ત્રિક ઢબે એક સરખી રીતે ગોઠવાયેલું લાગે છે, આપણી નજર સામેનું 'પ્રાકૃતિક દૃશ્ય' કેવળ એન્ટીસેપ્ટિક છે, અહીં આટલે દૂર બેઠો હોઉં છું તોય કોઈ વાર દૂરના કોઈ રાસાયણિક કારખાનામાંથી છટકી નાઠેલો એમોનિયા ગૅસ મારી આંખમાં ઝળઝળિયાં લાવી દે છે. આજુબાજુ જે જીવે છે તેનો ચેતનવંતો થનગનાટ કે રણકાર સંભળાતો નથી. આપણી સમ્ભવિતતાનું ક્ષેત્ર હવે હ્રસ્વ થતું જાય છે. કેટલીય ભાવિ શક્યતાઓ હવે આપણાથી અણજાણપણે એમાંથી બાદ થઈ ગઈ છે. બહારનાં રૂપોમાં જે ભૌમિતિક એકવિધતા છે તેની પાછળ કેટલાંય વિકસવાની ક્ષમતાવાળાં આન્તરિક રૂપોના વિનાશની કથા લોપાઈ ગઈ છે.

એક બાજુ છે વિરતિ – એ આપણને ઊધઈની જેમ ખોતરી નાખે છે. તો બીજી બાજુ હિંસાનું આખું નવું ઊભું કરેલું રસશાસ્ત્ર છે. હવે આપણા કહેવાતા બૌદ્ધિક સમાજનો મોટો ભાગ અમાનુષીપણાને ઓછેવત્તે અંશે આવકારતો થઈ ગયો છે. વાસ્તવિકતાના ઘટ્ટ વણાટવાળા ટકાઉ પોતમાં હવે અનેક અસંગતિઓનાં અને દુર્ઘટનાઓનાં છિદ્રો પડ્યાં છે. હવે આ વાત કહેવા જતાં જ સાવ ચવાઈ ગયેલી અને રેઢિયાળ લાગે છે. હવે આપણે સિતમો ગુજારનાર ને વ્યક્તિઓને બાનમાં પકડીને દમદાટી આપનારી રાજનીતિના યુગમાં જીવી રહ્યા છીએ. મોટી સંસ્થાઓ પાસે સેવાભાવી વ્યક્તિઓ નથી, પણ અમુક રકમના બાનમાં પકડેલી લાચારીભરી વ્યક્તિઓ જ છે. નગરમાં છડેચોક જાહેરમાં થતી હિંસા ઉપરાંત પડદા પાછળ થતી એથી વધારે ભયંકર અને

જુગુપ્સાજનક હિંસા થતી રહે છે. એની છોળો નગરના દેહ પર ગંદાં ચિહ્નો મૂકી જાય છે. હવે ઇતિહાસમાં એક પ્રકારની સંકડામણ અને રૂંધામણ છે, જીવનમાં હવે એવાં સ્થાનો વધી ગયાં છે જ્યાં ભયની પ્રલમ્બ છાયાઓ આપણા પર ઝળુંબી રહેતી હોય. કોઈની યદૃચ્છા આપણને ગુલામ બનાવીને હાંકે છે. કોઈ વાર આપણને એ નેસ્તનાબૂદ કરવાને પણ ઉશ્કેરાય છે. કોઈ સદીમાં આટલી બધી અનિશ્ચિતતા, અસહાયતા કે લાચારી માનવીએ અનુભવ્યાં નહિ હોય.

આમ છતાં ભૌતિક દૃષ્ટિએ આપણી આગેકૂચ અસાધારણ રહી છે. ટેકનોલોજીએ સર્જેલા ચમત્કારો, ઔષધવિદ્યા અને શલ્ય વિદ્યામાં થયેલા વિકાસને કારણે આપણું વધેલું સ્વાસ્થ્યપૂર્વકનું આયુષ્ય એને કોઈ નકારી શકે નહિ. વૈજ્ઞાનિક બુદ્ધિથી આપણે ઘણી વસ્તુને સમજી શકીએ છીએ. એક પ્રખ્યાત લેખકે કહ્યું છે : ‘ક્લોરોફોર્મ વગરનું જગત કલ્પી તો જુઓ!’

પણ આ આધિભૌતિક સુખસગવડના વિકાસના એક અનિવાર્ય જોડિયા અંગ રૂપે ભય વધ્યો છે. આ વિકાસે પ્રકૃતિ અને માનવ વચ્ચેના સમ્બન્ધની સમતુલાને વ્યસ્ત કરી નાંખી છે. યન્ત્રવિદ્યામાં થયેલી પ્રગતિ વિસ્મયકર છે. પણ એણે માનવસમાજ અને એના પરિવેશમાં અનિષ્ટકર પરિવર્તનો આણી દીધાં છે. આદમનું જાણે ફરીથી એક વાર ઇડનના ઉદ્યાનમાંથી પતન થયું છે. ઐતિહાસિક વિકાસ હવે સીધી રેખાએ નહિ પણ ચક્રાકાર ગતિએ થઈ રહ્યો હોય એવું લાગે છે. હવે આપણે જે સ્વર્ગની કે રામરાજ્યની કલ્પના કરીશું તે માનવીય શક્યતાઓ વિનાના કશાક શૂન્યમાં રમાતા કેવળ યન્ત્રનિર્ભર અને રોગમુક્ત એવા આદર્શ રાજ્યની જ હશે?

મૂડીવાદી સમાજમાં આપણે રહેતા આવ્યા હોવાથી આપણે ભોળપણથી એવી શ્રદ્ધા રાખેલી કે જ્યાં જ્યાં પ્રગતિ થશે ત્યાંથી એનાં સારાં પરિણામો બધે જ વિસ્તરશે અને એનો લાભ બધાંને મળશે પણ આજે આપણે શું જોઈ રહ્યા છીએ? એક બાજુ કુત્સિત એવો બિનજરૂરી વસ્તુનો અપચય છે તો એની સાથે જ પૃથ્વીના મોટા ભાગ પર કોઈ મહામારીની જેમ ગરીબાઈની રંગીન છબિઓ પરદેશી સામયિકોમાં છપાય છે. એ છબિઓમાં આપણી ગરીબીએ ચૂસેલાં હાડપંજિરો સુરેખ રીતે આલેખાયાં હોય છે. યન્ત્રવિદ્યા અને ઔષધવિદ્યામાં થયેલા વિકાસથી આયુષ્ય, સ્વાસ્થ્ય વધ્યું. વિધિની

વક્રતા જુઓ – એને જ પરિણામે સન્તતિ વધી, વસતીવધારો થયો જે ભૂખમરાને નોતરતો આવ્યો. આમ આ વળી એક બીજું વિષચક્ર શરૂ થયું. ઘણી વાર તો ગરીબી કે ભૂખમરો ટાળવા માટે જરૂરી પુરવઠો અને એ યોગ્ય સ્થળે પહોંચતો કરવાનાં સાધનોની આડે ધૂર્તતા આવે છે.

આમ પ્રગતિની વાત કરવી એ આપણી જ આપણે હાથે થતી એક ભયંકર વિડમ્બના છે. પણ માનવજાતિમાંની કેટલીક બડભાગી પ્રજા આ વિકાસનાં સારાં પરિણામોને યથેચ્છ ભોગવી રહી છે તે પણ આપણે જોઈએ છીએ. હવે આ કારણે આપણી આશા પણ કલુષિત બની ગઈ છે, કારણ કે આપણે કોઈકને ભોગે આપણાં સુખસમૃદ્ધિની આશા સેવતા હોઈએ છીએ. આપણે માનવજાતિના ઇતિહાસમાં એક એવા બિન્દુએ આવીને ઊભા છીએ જ્યાંથી માનવજાતિના અધઃપતનનું ભાવિ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ વિશદ દૃષ્ટિને હવે કશી ભ્રાન્તિથી ઢાંકી શકાય તેમ નથી. મને નિરાશાનો નશો ચઢી રહ્યો છે તેથી આ લખી રહ્યો નથી. શિક્ષણની ઉત્તમ તકો મોટા ભાગની પ્રજાને પ્રાપ્ત થશે એટલે આપોઆપ સમાજ ઉન્નતિ સાધશે એવી ભ્રમણામાં આપણે આ સદીની એક પચ્ચીસી વેડફી નાંખી. શિક્ષણ એટલે જ આપોઆપ સામાજિક વિકાસ એવું સમીકરણ હવે માંડી શકાય એમ નથી. શિક્ષણના પ્રસારને આંકડાશાસ્ત્રની મદદથી પુરવાર કરો એટલે સમાજજીવનમાં સ્થિરતા અને રાજકારણમાં તર્કસંગતતા પુરવાર થઈ ચૂક્યાં એવું હવે આપણે સ્વીકારી લઈ શકીએ તેમ નથી. કપરી સાધનાને અન્તે પ્રાપ્ત થતી કળાઓનું આજે હીનીકરણ થઈ રહ્યું છે. અબ્દુલ કરીમખાંના ઝીંઝોટીના સ્વર રેડિયો પર રેલાતા હોય ને એની બાજુમાં બેસીને લોકો શરાબખોરી, વ્યભિચાર કે જુગારમાં રાચતા હોય.

વાસ્તવિકતાને અપરોક્ષ રીતે ઓળખાવવાનો આપણો અબાધિત અધિકાર હવે રહ્યો નથી. એ વાસ્તવિકતા જાહેરખબરો, રેડિયો ટી.વી. વગેરેમાંથી ચવાઈને જે રૂપ પામીને આવી છે તે રૂપે જ આપણે ઓળખીએ છીએ. જો આપણી સંસ્કૃતિ આવી અવદશાને પામી હોય તો એનો વારસો ભાવિ પેઢીને આપી જવાને માટેની આટલી બધી ચિન્તા શા માટે? હવે આપણે ફરીથી એક વાર પાષાણયુગના બર્બરોને માટેનો માર્ગ ખુલ્લો મૂકી દીધો છે તો પછી ઉદાત્ત માનવતાવાદનાં શુકપાઠી પારાયણો શા માટે?

23-6-74

*

# જીવનનું ઉદ્યોગપર્વ

આ તો જાણે જીવનનું ઉદ્યોગપર્વ છે. ચારે બાજુ ભારે ઉદ્યમ ચાલી રહ્યો છે. સામેની નિશાળનાં છાપરાં પરનાં નળિયાંની સંખ્યા એક કીડી ગણવા નીકળી છે. પાસેના વૃક્ષની શાખાઓ આન્દોલિત થઈને હવાનું પોત વણી રહી છે, અહીં થોડીક મરઘીઓ ગઈ કાલના વાસી સૂરજના પ્રભાત વેળાનાં કિરણો વીણી લે છે. નગરનો રાજમાર્ગ ચાલતાં પગલાંને ગણી રહ્યો છે અને એનું વર્ગીકરણ કરી રહ્યો છે. સૂતેલી અથવા સૂવાનો અભિનય કરતી, પ્રિયતમાની આંખની પાંપણના વાળને ઘેલો પ્રિયતમ ગણી રહ્યો છે. કોઈ ભવિષ્યવેત્તાએ એને કહ્યું છે કે એ વાળની સંખ્યા જેટલું બંનેના સહજીવનનું આયુષ્ય છે.

શહેરમાં સોનીની દુકાને અગ્નિની સુવર્ણશિખા અને સુવર્ણનું અદ્વૈત રચાય છે. ફુગ્ગાવાળાની દુકાને એક ખોખામાં નિષ્પ્રાણ પડેલા ફુગ્ગાને આકાશ આખું પોતાનામાં પૂરી દેવાની મહત્ત્વાકાંક્ષા જાગે છે. પંચમહાલનાં ખેતરોમાં મકાઈના દાણા દોડામાં ગોઠવવાનો ઉદ્યમ શરૂ થઈ ગયો છે. અહીં મારા શહેરને માથે કાલી નાગની ફણાની જેમ મેઘની ફણા મંડાયેલી છે. દૃષ્ટિને નદીઓ ઊંડે ઊંડેથી આવકારી રહી છે. મંકોડાઓ હાથે ચઢી તે પાંખો પહેરીને ઊડવા નીકળી પડ્યા છે. હવામાં ભીનાશ છે, એને મેંદીની સુવાસનો પાસ બેઠેલો છે, કોઈક વાર લીમડાની પાકેલી લિંબોળીની કડવી સુવાસનું મોજું આવી જાય છે. ગાયના વાંસા પરથી વરસાદનાં બિન્દુઓ નાનાં ભૂલકાંની જેમ લસરે છે. કરેણે લાલ ધજાપતાકા ફરકાવીને ઉત્સવ ઊજવ્યો છે. વર્ષાને કારણે આપણાં પગલાં

ધરતી પર અંકાઈ જાય છે, એને કારણે આપણને આપણી અમરતાની ભ્રાન્તિ થાય છે. પણ એ ભ્રાન્તિને થોડી જ વારમાં જળ પોતે જ ભૂંસી નાખે છે.

પાણીમાં રેલવેના પાટા ડૂબી ગયા છે, સાથે ચક્રોની ગતિએ પણ ડૂબકી મારી દીધી છે. સિગ્નલોની રાતી પીળી લીલી આંખો ઘડીભર બિડાઈ ગઈ છે. થોડીક કાબરો તારના થાંભલા આગળ બેઠી બેઠી ગુજરાત એક્સપ્રેસની રાહ જોઈ રહી છે. નિશાળિયાઓના દફ્તરમાં એક ખિસ્સું ભરાય એટલો વરસાદ ઘૂસી ગયો છે. ભૂગોળની થોડીક નદીઓ એના વાળમાં દોડવા લાગી છે. સવારની નિશાળ છે. એટલે માંડ માંડ પ્રસરેલી ઊંઘને સંકેલીને એ ચાલી નીકળ્યો છે. એનો અદૃશ્ય પડછાયો એની ઊંઘ સૂંઘતો સૂંઘતો સાથે ચાલે છે. કોઈ વાર એને પોતાના જ સ્વપ્નની ઠોકર વાગે છે ને એ સફાળો ચમકીને જુએ છે તો એક અડાબીડ વન એની ઠોકરથી ઠેલાઈને ગબડી જતું દેખાય છે. એક જ વૃષ્ટિની ધારાથી ભીંજાયા હોવાને કારણે માનવીઓના ચહેરા પરથી થોડી અપરિચિતતા ભુંસાઈ જાય છે. દૃષ્ટિનો ભેજ દરેક ચહેરાને એક આગવી રહસ્યમયતા અર્પે છે. ભેજને કારણે લૂલા પડી ગયેલા પુસ્તકના પાના જેવો પવન દેખાતો નથી છતાં સ્પર્શથી વરતાય છે. સૂરજમાં એને થોડો સૂકવવા મૂકીએ એવું થાય છે. રાતે થોડાક તારાઓની ચિણગીઓ દેખાય છે. અંધારામાં કોઈ સિગરેટ પીતું બેઠું હોય તે થોડી થોડી વારે કસ લેતાં લાલ લબકારો દેખાય તેવી. વરસાદ અટકી ગયો હોય છે. આમ, તો નિઃસ્તબ્ધતા છે, પણ પૃથ્વીમાં પચતા ભેજનો એક આગવો અવાજ સંભળાય છે. વરસાદે બધા પથ્થરોને માંજીને વીછળી નાંખ્યા છે. આકાશે આપણી આંખોને ગળીથી ધોઈ નાખી છે. બહુ ચોખ્ખી થયેલી આંખ એને પ્રાપ્ત થયેલી નવી વિશદ પારદર્શકતાથી જ સહેજ અંજાઈ જાય છે.

પાણીનું ક્ષણભંગુર બિન્દુ – એમાંથી કેવી નક્કર ફિલસૂફી ચિન્તકોએ તારવી છે! છાપરેથી નેવાં ટપકે, ધારા હોય ત્યારે તો વાત જુદી. પણ વરસાદ થંભે પછી થોડી થોડી વારે એક એક ટીપું ટપકે (નથી લાગતું કે ‘ટપકવું ક્રિયાપદ પણ ‘ટીપું’માંથી જ બનાવવું પડ્યું હોય!) એ આખી ક્રિયાને એનાં બધાં સ્થિત્યન્તરોમાં સૂક્ષ્મતાથી જોઈએ તો? છાપરાંની ધારે ટીપાંનો આભાસ દેખાય છે. ટીપાનો આકાર બંધાય છે. પછી ગોળાકારમાંથી લંબગોળ થાય છે, પછી વચ્ચેનો ભાગ ફૂલે છે. પછી ટપકવાની ક્રિયા

થાય છે પણ ટીપું નાશ પામતું નથી, એનો અવશિષ્ટ અંશ ઉપર ખેંચાઈ જાય છે, વળી એ પહેલાંની જેમ વચ્ચેથી સ્ફીત થાય છે અને વળી ટપકે છે. આમ આ ક્રિયામાં ક્યાં આદિ ક્યાં અન્ત? આ બધું જ અખણ્ડ, ભંગુર લાગતું ટીપું પણ શાશ્વત નથી બની જતું?

દેવળનો ઘણ્ટ વરસાદમાં ખોખરો વાગે છે. બધા જ અવાજોના પોલાણોમાં ભેજ ઘૂસી જાય છે. બારાખડીમાંના અક્ષર મારી સામે તરવરે છે. 'ડ'ના આડી લીટી ઉપર નીચેના પોણા ભાગોમાં ભેજને માટે કેટલી બધી જગ્યા.' 'બ' તો અળસિયાની જેમ જાણે ચાલતો નહીં થઈ ગયો હોય! સૌથી પોલો અક્ષર 'દ' છે એ તો પાણીમાં તણાતી કીડીના જેવો જ લાગે છે.

વરસાદ થંભી ગયા પછી પંખીઓ જાણે પોતાની ભીની થયેલી પાંખોનું વજન કાઢવા ઊડવા લાગ્યાં છે. સાપ એના દરમાંથી બહાર નીકળીને કાંચળી ઉતારવાનું મુહૂર્ત શોધે છે. ગોકળગાય પોતાની થંભી ગયેલી દીર્ઘ યાત્રા ફરી ચાલુ કરે છે. લીમડાની ડાળીઓ વરસાદનું પાણી પોષીને કાળી થઈ ગઈ છે. કોઈ નાનું છોકરું હાથમાં લખોટી રમાડે તેમ આંબાનાં પાંદડાં જળબિન્દુને રમાડે છે. ભીનાં ગાદલાં સૂકવવા નાખ્યાં હોય તેવાં વાદળાં અહીંતહીં દેખાય છે. દર્પણની પારદર્શકતા આછા આવરણથી ઢંકાઈ જાય છે. પડછાયાઓ સૂર્યની હૂંફે ફરી બીતા બીતા બહાર આવે છે અને પોતપોતાનાં બિમ્બને શોધી લે છે. મકાનોની ભૂમિતિ ફરીથી ગોઠવાઈ જાય છે. સૂર્યને જોતાં જ, આંસુ લૂછ્યા વિના જ કોઈ શિશુ એકાએક ખડખડ હસી પડે તેમ, પાંદડાંઓ હસવા લાગે છે. પથારીમાં દબાઈને ચપ્પટ થઈ ગયેલા માંકડના જેવી ક્ષણો હવે કંઈક સજીવ બને છે ને ધીમે ધીમે સરકવા લાગે છે.

પારિજાત એની સુગન્ધનો સંચય કરી રહ્યું છે. કેતકીનો ઉદ્દણ્ડ દણ્ડ ઊંચો ને ઊંચો થતો જાય છે. કદમ્બ ખીલ્યાં છે. નાનાં નાનાં તૃણદલ આકાશને એકીટશે જોઈ રહે છે. પછી થાકે ત્યારે પાસેના પથરાને ખભે માથું ટેકવી દે છે. દિવાસાની ખીરની શોધમાં માખીઓ ખભે માથું ટેકવી અત્યારથી જ નીકળી પડી છે. પવન અને ધૂળ વચ્ચેનો પકડદાવ પૂરો થયો છે. કૂવાઓમાંનો અન્ધકાર જાગીને વટવાગળાં બનીને વડ પરથી ઊંધે માથે લટકે છે. વાડને ઘસાઈને કાચબાઓ ચાલતા થઈ ગયા છે. તળાવડીઓની કાયા પુષ્ટ થવા લાગી છે.

વૃષ્ટિધારા જોરથી પડવાથી જમીનમાં દટાઈ ગયેલું હાડકું બહાર નીકળી આવ્યું છે. શો હશે એનો ઇતિહાસ? શી હશે એની જીવન્ત આકૃતિ? મરણની તર્જનિકાની જેમ એ શું ચીંધી રહ્યું છે? કૂતરું દોડીને એને દાંત વચ્ચે દબાવે છે. એને એ અસ્થિના કેવળ અસ્તિ સાથે જ સમ્બન્ધ છે.

રવીન્દ્રનાથે વર્ષા પછીના આકાશને પ્લેટીનમની અંગૂઠી જોડે સરખાવેલું. જે નિરાકાર છે તે જ કવિને માટે પ્રબળ પડકાર છે. નિરાકાર આકાર લે ત્યારે સૌ પ્રથમ આકાર કયો છે? સીધી રેખાનો કે વર્તુળનો? કેટલાક માને છે કે વર્તુળનો. પૃથ્વીનો આકાર ગોળાકાર છે, ગ્રહોના આકાર ગોળાકાર છે, કારણ કે વર્તુળનો આકાર મર્યાદિત હોવા છતાં એનાં આદિ અને અન્ત ક્યાં છે તે કહી શકાય નહીં. જ્યારે રેખાને તો આદિ અને અન્ત હોવાનાં જ.

દૃષ્ટિનાં પદચિહ્ન બધાંએ ઝીલ્યાં છે. દેવમન્દિરના ઘુમ્મટ પર પણ એ છે ને ખાબોચિયામાં પણ એ છે. સૌથી વધુ ગમે એવી વૃષ્ટિધારા તે મધરાત વેળાની છે. એથી આપણી ઊંઘનું નવું પોત ઊઘડે છે. વૃષ્ટિ કેવળ શ્રવણગોચર રહે છે.

રસ્તા પરથી હાથી ડોલતો ડોલતો ચાલી જાય છે. એની ઘંટડીનો અવાજ વરસાદમાં બોદો થઈ જાય છે. ચોટલાકાબર રહી રહી કોઈ બામણીની જેમ એનો ભીનો ચોટલો ખંખેરે છે. ક્યાંકથી આવી ચઢેલા કાગડિયા કુંભારને દુષ્ટ કાબરો પજવે છે. પોપટો લીમડાની ડાળે શીર્ષાસનનો પ્રયોગ કરી જુએ છે. બધું જ અવળુંસવળું કરી નાખે છે આ વૃષ્ટિ!

14-7-74

*

# અપરિમેય વિશ્વ

સવારે ઊઠીને આંખો ખોલું છું કે તરત જ આ અપરિમેય વિશ્વ મારા કાવ્યછન્દને છલકાવી દે છે. 'આ મારી મુષ્ટિમેય ભાષામાં એ સમાતું નથી. એના બૃહત્ પરિમાણને આવરી લે એવો કોઈ છન્દ મને જડતો નથી. એની સાથે મેળવી શકાય એવો પ્રાસ પણ ક્યાં છે?'

અનેક ગતિના આવર્તો જેવા આ વિશ્વને હું નિસ્તબ્ધ નિશ્ચેષ્ટ બનીને જોઈ રહું છું. ગમે તેટલી મોટી વસ્તુ પોતાના નાનકડા હાથમાં સમાઈ જશે એવી ભોળા શિશુને શ્રદ્ધા હોય છે. એવી જ કશીક શ્રદ્ધાથી મારી હથેળી ખૂલી જાય છે. જાણે હમણાં જ આખું વિશ્વ આજ્ઞાંકિત બનીને ગોઠવાઈ જશે, એટલું જ નહીં એ વિશ્વ ગોઠવાઈ જાય પછી પણ મારી હથેળીમાં બીજી અનેક અનન્તતાઓને નિમન્ત્રીને વસાવવા જેટલો અવકાશ રહે.

સૂર્યના સૅન્ડપેપર સાથે ઘસાઈને મારા ઘરના આકારની બરછટ રેખાઓ ભુંસાઈ જાય છે. મારા ચક્રવર્તીપણાને જાહેર કરતા ધ્વજની જેમ આકાશ ફરફરી રહે છે. દિવસનો પ્રકાશ ગાઢી વૃક્ષઘટાઓમાં પણ પ્રસરી જઈને મારી આણ વર્તાવે છે. આ બાજુ નિદ્રાના વિસ્તરેલા ખણ્ડની સામુદ્રધુનીને ઉલ્લંઘીને અને બીજે છેડેના મરણના સામ્રાજ્યનો સીમાભંગ કર્યા વિના હું મારો મહિમા જાળવી રાખું છું.

પહેલું પંખી ઊડીને દિશાનું નામ પાડી મારી ભૂગોળની પ્રથમ રેખા દોરે છે. એના ઉડ્ડયન સાથે મૈત્રીનો વિશાળ ઉડ્ડયનપ્રદેશ ઊઘડી આવે છે. નદીની આછી ધૂસર રજતરેખા મારા નિયમિત લેખ જેવી અંકાઈ જાય છે. એમાં કેટલાંય આકાશ વિલીન થઈ ગયાં છે.

માટે જ તો એમાં આટલું બધું રહસ્ય ઘુંટાયા કરે છે. એ રહસ્યને ઉકેલવા મથતો સૂર્ય દિવસને છેડે આખરે થાકીને એમાં જ ડૂબકી મારીને એ જ રહસ્યમાં ઓગળી જાય છે.

પર્વતો મારી વિભાવના રૂપે પ્રથમ દેખા દે છે. એ વિભાવનાઓની ઊંચી કરાડોને ઓળંગ્યા પછી સત્યના પ્રદેશમાં જવાય છે. પણ એની હમણાં ઉતાવળ નથી. એ દરમિયાન હિમાલય છો ને કુટુમ્બ વિસ્તારે.

રાત્રિનું એકાદ શાન્તિભર્યું સપનું ક્યાંક સરી ગયું હોય તો તેને હું શોધું છું. મારી બુદ્ધિ એની ઉદ્દણ્ડતા છોડીને ઠાવકી અને ઠરેલ થઈને એ શાન્તિને ખોળે બેસવા ઇચ્છે છે, મારાં ગુપ્ત રહસ્ય આ બુદ્ધિથી છળી નહીં મરે એવી મારી ઇચ્છા છે. તો જ કદાચ નાજુક રમણીયતાનો અહીં પદસંચાર થશે.

વનનો વિસ્તાર ગૌરવવંતો લાગે છે, એનાં ગૌરવ સાથે મારી આત્મીયતાની સીમાઓ પણ વિસ્તરે છે. મારો ઈશ્વર વાચાળ નથી. એની નિઃશબ્દતા જ એનો મહિમા છે. મારી બિડાયેલી પાંપણો વચ્ચેની નિમેષહીનતામાં મેં એનું સંહિાસન માંડ્યું છે. આ નિઃશબ્દતા જ એનો એક માત્ર સંકેત છે.

સર્વત્ર એક પ્રકારની હળવી પારદર્શક અલસતા છે. એમાં વહેતાં વહેતાં પોતાની જ ગતિથી સંમોહિત થયેલાં જળની ઘૂર્ણાયિત સ્થિરતા છે. એ સ્થિરતાને જ એકધારી સાંભળ્યા કરવાનું આ મુહૂર્ત છે. મારા રહ્યાસહ્યા શબ્દો આ નિઃશબ્દતાના ઉત્સવનાં ધજાતોરણ બની જાય છે. છીપલીએ છીપલીએ સાગર એનું અગાધ મૌન ઉલેચે છે.

પવનના સ્પર્શમાં પિતાનું કલ્યાણવાંછું વાત્સલ્ય છે. એ મારા દરેક પગલાની આગળ ચાલે છે ને મને આશ્વસ્ત કરે છે. વૃક્ષોની છાલમાં પવનની આંગળીની છાપ છે. શિરીષનાં પાંદડાં પવનની આંગળીનાં ટેરવાંને ચૂમે છે. સમડીની પાંખની અંદરની બાજુએ પવનનો રંગ છે. બહુ સ્થિર નજર કરીને જોઉં છું તો પવનની છબિ કોઈક વાર સ્પષ્ટ દેખાઈ જાય છે.

ભટકેલ સ્મૃતિનું એક ટોળું દિવસ થયો છતાં પાછું નહોતું ફર્યું. તે હવે અજવાળાથી મોઢું સંતાડીને આશ્રય માંગે છે. એના પાછા વળ્યાથી હૃદયનું વજન સમધારણ બની રહે છે.

આકાશ આટલું સનાતન લાગે છે તે કદાચ એની નિ:શબ્દતાને કારણે. શબ્દ જ શાશ્વતતાના શત્રુ છે, દરેક શબ્દ સીમાચિહ્ન છે. આટલો બધો પ્રકાશ ઝરણામાં વેરાઈ ગયો છે. એ બિચારું એનો ભાર શી રીતે ઝીલશે? આથી એના થોડા ખણ્ડ એકઠા કરી લેવાનું મન થાય છે. મને જો મોહ હોય તો કેવળ ઉજ્જ્વળતાનો છે. આથી નરી ઉજ્જ્વળતાના પર્યાયરૂપ દીપશિખાને હું અદેખાઈથી જોઈ રહું છું. એ અદેખાઈનો પડછાયો મારા ઇષ્ટ દેવતા પર પડે છે ને એઓ ત્રીજું નેત્ર ખોલવા જાય તે પહેલાં હું અલોપ થઈ જાઉં છું.

કોઈના પ્રેમથી છલકતા હાથોનો ઠેલો મારી હથેળીને વાગે છે ત્યારે મારા આનન્દની ઘડી આવી લાગી હોય એવું અનુભવું છું. એ ઠેલાથી જ તો ગ્રહો ગતિમાન બને છે. રાહુ એની અમંગળ છાયા સંકેલીને ચાલવા માંડે છે. શનિનાં વલયો ફરવા માંડે છે. મંગળને પણ સ્થાનફેર કરવો પડે છે.

નદીકાંઠેનાં બરુ જેમ નદીનાં પાણીનાં આન્દોલનને તાલ આપ્યા કરે તેમ હું આ વિશ્વના લયને તાલ આપતો ડોલું છું. આ મુહૂર્તે મારા શત્રુની ‘હા’માં ‘હા’ ભેળવી દેવા જેવી સુખભરી અસાવધતાથી છલકાઈ ઊઠ્યો છું.

28-7-74

*

# શૂન્યનો ભાર

બધી ક્ષણો એક પ્રકારના શૂન્યના ભારથી વજનદાર બની ગઈ છે. સમય સરતો નથી. આખો દિવસ જાણે માથા પર તોળાઈ રહે છે. ઘાસમાં ઊગી નીકળેલું નાનું સરખું ફૂલ હું જોઉં છું ને મને અચરજ થાય છે : આટલું નાજુક ફૂલ માથે તોળાઈ રહેલા આકાશનું વજન શી રીતે ઝીલતું હશે? એની પાસે આ ભારને હળવો કરવાનો કશોક કીમિયો હશે. પણ એ જાણવું શી રીતે?

હું તો અત્યારે પુસ્તક ખોલવાની પણ હિંમત કરી શકતો નથી. અક્ષરોનો એ સમૂહ મને ભયભીત કરી મૂકે છે. અક્ષરો વચ્ચેની જે ખાલી જગ્યા છે એ જ મારે મન મોટું આશ્વાસન. નિશાળિયાઓનાં પુસ્તકોથી તસતસતાં દફતર જોઈને મને આ જ વિચાર આવે છે : આટલો બધો ભાર એ શી રીતે ઉપાડતા હશે? પણ એમ તો પતંગિયાં ઊડાઊડ કરે જ છે ને? જે છે તેને નહિવત્ કરી નાખવાની કળા જો આવડે તો જ કદાચ આ અસ્તિત્વનો ભાર હળવો બને.

અત્યારે તો સહેજ સરખા સ્વાભાવિક કુતૂહલનો પણ ભાર સહન થતો નથી. પવનનો સ્પર્શ પણ જાણે કશાક ભારથી કચડી નાખે છે. માત્ર એક નરી સ્થાવરતા જ અત્યારે તો ગમે છે. આ લીમડા કે શિરીષની જેમ કેવળ ઊભા રહી જવું, શાખાપર્ણીનાં આન્દોલનને પણ નિઃસ્પૃહભાવે જોઈ રહેવું! મારી આજુબાજુની નિઃશબ્દતા પણ કોઈ ઘટાદાર વૃક્ષની જેમ ફાલી છે. એ વૃક્ષ પરનાં પંખીનો ટહુકો પણ નરી નિઃશબ્દતા જ છે. મારી વેદના પણ મને કોઈ નિઃશબ્દ જન્તુની જેમ કોરી ખાય છે. આથી જ તો નરી

નિ:શબ્દતામાં એ એવી તો એકરૂપ થઈ જાય છે કે એને 'વેદના'ની જુદી સંજ્ઞાથી ઓળખાવવાનો પ્રયત્ન પણ વ્યર્થ લાગે છે.

સામેની નિશાળનાં બધાં નળિયાં પહેલો વરસાદ આવ્યો હતો ત્યારે એક્કી અવાજે નિશાળનાં બાળકોની જેમ સામૂહિક પ્રાર્થના કરી ઊઠ્યાં હતાં. હમણાં જોઉં છું તો એ બધાં જ મૂંગાં બની ગયાં છે. અવાજો ક્યાંક શોષાઈ જાય છે.

વરસાદ ઝરમર રૂપે જ આવે છે ત્યારે જાણે મૌનવ્રત ધારણ કરીને આવે છે. ત્યારે વૃન્દગાન ગવાતું નથી. જ્યારે મોટું ઝાપટું આવે છે ત્યારે ઘરનાં છાપરાં નેવાંરૂપે બોલે છે, વૃક્ષો બોલે છે, અને પછી બધાંનો લય બરાબર જામે છે. આખા વિશ્વને આવરી લેતો એક અશ્રુત ધ્વનિ બધે વિસ્તરી જાય છે, અત્યારે કદાચ એ ધ્વનિની અપેક્ષામાં જ બધે નરી નિ:સ્તબ્ધતા વ્યાપી ગઈ છે. હું જોઉં છું તો સૂર્યની આજુબાજુ પણ એ નિ:સ્તબ્ધતાનું આવરણ છે. ભગવાન પોતે પણ આ નિ:સ્તબ્ધતા ઓઢીને પોઢી ગયા છે.

આમ છતાં સંસારની બધી પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે. નિશાળોના ને દેવળોના ઘણ્ટ વાગે છે, બગીચામાં થોડાં ગુલાબ નિયમિતપણે ખીલે છે. લોકોની અને વાહનોની અવરજવર પણ રાબેતા મુજબ ચાલ્યા કરે છે પણ આ બધા વ્યવહારની પાછળ એક અપરિચિત એવી આબોહવા છે. પશુપંખી પણ એને અકળ રીતે અનુભવે છે. રાત્રે તારા જોઈને ઘુવડ પણ વિચારમાં પડી જાય છે. ખેતરમાં ઊભા કરેલા ચાડિયા પણ ઘણા દિવસથી સ્નાન કર્યા વિનાના પોતાની અપવિત્રતાથી અકળાઈ રહ્યા છે.

જે કામ કેવળ કામ હોવાનો આભાસ માત્ર છે તે કામમાં હું પણ આમ તો રોકાયેલો રહું છું તેમ છતાં કશું ન બનવાનું એક પોલાણ જ ચારે બાજુ અનુભવું છું. વર્તમાનપત્રો હાથમાં લઈને જોવાનું મન સુધ્ધાં થતું નથી. અરે ન છૂટકે બોલવો પડેલો મારો જ શબ્દ કેવો ઉચ્ચારાયો તે સાંભળવાની પણ ઇચ્છા થતી નથી. આવી સ્થિતિ કોઈ ભવિષ્યની આધ્યાત્મિક અનુભૂતિની પૂર્વભૂમિકા હશે કેમ તે હું જાણતો નથી પણ આ નૈષ્કર્મ્યની અવસ્થામાં હું જાણે ધીમે ધીમે ઓગળતો જાઉં છું.

આ સ્થિતિ જો વધારે લાંબો વખત ચાલે તો કદાચ અસહ્ય બની રહે એવું લાગે છે. પણ

આશ્વાસન એ જ વાતનું છે કે કોઈ સ્થિતિ ઝાઝો વખત ટકતી નથી. આમ નવી સ્થિતિ જોડે મેળ બેસાડવાનો ઉદ્યમ જ જાણે જીવનનો મુખ્ય પુરુષાર્થ બની રહે છે.

આમ છતાં આ બધી પરિસ્થિતિની સાક્ષીભૂત અભિજ્ઞતાનો એક અવિચ્છિન્ન તન્તુ મારી ચેતનામાં અનુસ્યૂત થઈને રહેલો હું અનુભવું છું. એ તન્તુ કોઈ વાર અસહ્ય વેદના બનીને વીંધે છે તો કોઈ વાર એ તન્તુ ટકી રહેવાનો આધાર પણ બની રહે છે. કોઈક વાર એને છેદી નાખવાના મરણિયા પ્રયત્નો પણ કરી છૂટું છું પણ એવી સંજ્ઞાહીનતા હજુ તો સિદ્ધ થઈ નથી.

11-8-74

*

# અહીં નહીં, અહીં નહીં

જન્માષ્ટમીને બીજે દિવસે ભાગ્ય ખૂલ્યું. જયદેવે ‘ગીતગોવિન્દ’માં વર્ણવેલી મેદુરતા દેખાઈ. વાતાવરણ બદલાઈ ગયું. વર્ષાની આહ્‌લાદક શીતળતા વાતાવરણમાં છવાઈ ગઈ. આ મેદુરતાએ એક નવું જ એકાન્ત રચી આપ્યું. આવડી વિશાળ સૃષ્ટિ બહુ અનુકૂળ રીતે સંકોચાઈ ગઈ. રવીન્દ્રનાથે આવા જ દિવસ માટે કહ્યું છે : આજ શુધુ ચોખે ચોખે ચે યે થાકાર દિન – આજે તો કેવળ આંખમાં આંખ પરોવીને જોઈ રહેવાનો દિવસ છે. વાણી પણ વિક્ષોભકર લાગે છે. વર્ષાનો ધ્વનિ આવી નિ:સ્તબ્ધતાની પડછે જ ઊપસી આવે છે.

પવન જળના ભારથી સહેજ નમ્ર થયો છે, કૃશકાય નદીમાં એકાએક જીવનનો સંચાર થયો છે. ધરતીને હજી સન્તોષ થયો નથી. હજી એના અભ્યન્તરમાં આર્દ્રતા વ્યાપી ગઈ નથી. મધરાતે મોર ટહૂકતા હતા. પણ દાદુરનો અવાજ સંભળાતો નહોતો. ઘરમાં મંકોડા ઊભરાયા. એ વરસાદ વરસશે એનો સંકેત ગણાય છે. આથી આશા બંધાય છે.

પણ આકાશમાં ઘેરાં વાદળો છવાયાં. એનો નવ ઘનશ્યામ રંગ જોઈને જ પુલકિત થઈ જવાયું. એની પડછે બગલાંની પંક્તિને ઊડી જતી જોઈ. એ દૃશ્ય જોઈને રામકૃષ્ણ પરમહંસને હર્ષાતિરેકથી આનન્દસમાધિ આવી ગઈ હતી. રવીન્દ્રનાથે પણ આ બલાકાપંક્તિને એમની કવિતામાં અમર કરી છે. ચારે બાજુની નિ:સ્તબ્ધતાનો તપોભંગ કરીને એ શબ્દમયી ચંચલ અપ્સરા ચાલી જતી દેખાય છે. એને જોતાં જ આપણાં ચિત્ત પણ ચંચલ થઈને બોલી ઊઠે છે : હેથા નય, હેથા નય, અન્ય કોનો ખાતે – અહીં નહીં,

અહીં નહીં, ચાલો અન્ય કોઈ સ્થળે. કાલિદાસે પણ 'મેઘદૂત'માં ગર્ભાધાન સમયે ઉત્સુક બનેલી બલાકાપંક્તિને વર્ણવી છે.

વસન્તમાં જે ચંચળતા અનુભવીએ છીએ તેનાથી કંઈક નિરાળી ચંચળતા વર્ષામાં અનુભવીએ છીએ. વર્ષાની હિક્કળ પણ શિશિરની હાડ ધ્રુજાવનારી ઠંડીથી જુદી હોય છે. ગ્રીષ્મમાં પણ પાછલા ભાગમાં પવન અને ધૂળના પકડદાવની રમત ચાલે છે, મોટા વૃક્ષરાજ પણ ડોલવા માંડે છે. ધીમે ધીમે જેઠ આગળ વધતાં ઉપરનું આકાશ પણ ચંચળ બનતું દેખાય છે.

આ જુદા જુદા પ્રકારની ચંચળતા કયા કવિએ વર્ણવી છે? આથી જ તો પ્રકૃતિનાં રહસ્યો હજી અણખૂલ્યાં રહી ગયાં છે. વર્ષાની ચંચળતા પછી શરદની પ્રસન્નતા આવી છે. વર્ષાના કાદવથી ડહોળાયેલા કાસારમાં પંકજ ખીલી ઊઠે છે, નદીનાં જળ નીતર્યાં બને છે. શરદના સ્વચ્છ આકાશમાં પૂર્ણિમાના ચન્દ્રનું પૂર્ણ બિમ્બ જોઈએ છીએ ત્યાં એની પરાકાષ્ઠા આવે છે. પછી આછી આછી ધૂસરતા શરૂ થાય છે, નિહારની ઝાંય વરતાવા લાગે છે, શિશિરમાં તો વળી પૃથ્વી આછું અવગુણ્ઠન ઓઢી લે છે. બધું સ્થિર થઈ ગયેલું લાગે છે ત્યાં જ વસન્તપ્રસરની એંધાણી વર્તાય છે. દક્ષિણાનિલ આપણને અકારણે વિહ્વળ કરી મૂકે છે. વળી કેસૂડાં-મહુડાંનો મદિર કોલાહલ સંભળાવા લાગે છે. કોયલના પંચમ સૂરમાં આ પ્રગટ થાય છે.

સ્થિતિમાંથી ગતિ અને ફરી ગતિમાંથી સ્થિતિ આવાં આન્દોલનો વિસ્તર્યા જ કરે છે. સમયને આપણે વહેતા પ્રવાહરૂપે કલ્પ્યો છે, 'જગત' અને 'સંસાર' શબ્દમાં પણ ગતિનો જ અણસાર છે, એટલું જ નહીં મરનાર પણ 'સદ્ગતિ'ને પામે એવી જ આપણી પ્રાર્થના હોય છે. આમ છતાં ગતિથી માનવી મુંઝાય છે, એના આવર્તબુદ્બુદ્ને દાર્શનિકોએ તો માયાનો પ્રપંચ જ ગણ્યો છે. આથી જ તો ધ્રુવ, કૂટસ્થ, અવિકારી, અવ્યય એવા પરમ તત્ત્વની કલ્પના કરવામાં આવી છે. આખરે આપણું સાધ્ય તો એ ધ્રુવતત્ત્વ જ, એ 'પરમમ્ સામ્યમ્' અવસ્થા.

આમ છતાં સ્થિતિ એટલે આધાર આપનારી સ્થિરતા, ધારક બળ એવું જ હમેશાં રહેતું નથી. સ્થિતિ એટલે જડતા એવું પણ બની જાય છે. આથી જ તો 'સ્થિતસ્ય સમર્થનમ્'ની

નીતિ અપનાવનારા અળખામણા લાગે છે. એની સામે વિદ્રોહ ઊભો થાય છે. ક્રાન્તિ આવે છે અને બધું અસ્તવ્યસ્ત કરી નાખે છે. કવિઓ ઉશ્કેરાઈને ઇન્દ્રિયસંવેદ્ય જગતમાં અરાજકતા લાવી મૂકે છે. બધાં પરિમાણોને એઓ ધરમૂળથી બદલી નાખે છે. ઘડીભર આપણી વાસ્તવિકતાનો પણ આપણને આધાર રહેતો નથી.

પણ અરાજકતાનેય આખરે તો એનું આગવું રૂપ પામીને પ્રગટ થવાનું રહે છે, જો એમ નહીં બને તો એ અનાવિષ્કૃત જ રહી જાય છે. રૂપ એટલે સીમા, મર્યાદા; માટે જ કળાધર્મના મૂળમાં આવો વિરોધાભાસ રહ્યો છે. રૂપ ખરું, સીમા ખરી, મર્યાદા ખરી પણ એ અસીમના ભૂમિના ઇંગિતરૂપ હોવાં ઘટે. કવિતામાં શબ્દ દ્વારા શબ્દને ઉલ્લંઘી જવાનો રહે, માધ્યમ દ્વારા જ માધ્યમલોપ સિદ્ધ કરવાનો રહે. ધર્મ પણ 'પુરુષોત્તમ'ની કલ્પના કરીને એની આગળ 'મર્યાદા' એવી સંજ્ઞા મૂકી દે છે.

મરણને પણ માનવીએ અન્તિમ વિરામરૂપે સ્વીકાર્યું નથી, રવીન્દ્રનાથે પણ એને બીજા લોકમાં જવાનું સંહિદ્વાર કહ્યું છે. પણ આમ એક લોક પછી બીજા અનેક લોક ઊઘડતા આવે એવી કલ્પના કરીએ તો ક્યાં અટકીએ? અનવસ્થાદોષ નહીં થાય? મરણને રીઝવવાના પણ ઘણા પ્રયત્નો થાય છે. જે બધું કેવળ ગતિરૂપે વિક્ષિપ્ત થઈ જાય છે તેને એક કેન્દ્રમાં સ્થાપીને સીમિત કરવાની લાલસા કે આસક્તિ પણ આપણા લોહીમાં જ છે. જ્યાં સુધી વહેતા રહીએ છીએ ત્યાં સુધી શુદ્ધિઅશુદ્ધિના કે નીતિ- અનીતિના પ્રશ્નો ઊભા થતા નથી. પણ લાલસા આપણને આકર્ષે ને એક બિન્દુ આગળ લાવીને સ્થિર કરી દે પછી બધા વિકલ્પો ઊભા થાય, એ વિકલ્પોમાંથી આપણને પસંદગી કરવાની રહે, એ પસંદગીનાં ધોરણની અપેક્ષા ઊભી થાય, એમાંથી નૈતિક મૂલ્યો ઊભાં થાય. આમ આપણે વધુ ને વધુ બંધાતા જઈએ, આખરે એ બધાંથી સાવ ઊફરા જઈને મુક્ત થવાનું મન થાય. આમ ક્રાન્તિ, અરાજકતા અને એમાંથી વળી સ્થિર થવાની મથામણ. આ દ્વન્દ્વમાં આપણે ફસાયેલા છીએ, આથી જ ગીતામાં નિર્દ્વન્દ્વ અને નિત્યસત્યસ્થની પ્રતિષ્ઠા કરી છે.

રવીન્દ્રનાથે કહ્યું છે કે કાલિદાસે 'મેઘદૂત'માં પણ પૂર્વમેઘ ઉત્તરમેઘ એવા ભાગ પાડ્યા છે. પૂર્વમેઘમાં નરી ગતિ છે, ચંચળતા છે. માટે જેટલું યાત્રાસુખ છે, તેટલી વેદના નથી. ઉત્તરમેઘમાં ગન્તવ્યસ્થાન આવી ગયું છે. ગતિ થંભી ગઈ છે, વીણાના તાર પણ હવે તો

ઝંકૃત થતા નથી. ત્યાં વેદના પ્રસ્તરીભૂત બનીને ભારે લાગવા માંડે છે ત્યાં ગતિ કેવળ આંસુની જ ગતિ છે.

ગતિસ્થિતિના દ્રુત અને વિલમ્બિત લયના સમન્વયથી જે સંગીત જન્મે છે તે પાયથાગોરાસે સાંભળ્યું હતું. આપણે જ્યારે લય ચૂકી જઈએ છીએ ત્યારે ગતિ કે સ્થિતિ તરફ વધારે ઝૂકીએ છીએ. આપણે તો આ અનેક સૌર જગતોવાળાં બ્રહ્માંડને નટરાજના નૃત્યરૂપે કલ્પ્યું છે. નૃત્યમાં સ્થિતિનું સ્થિર કેન્દ્ર છે માટે જ અનેક ગતિભંગીઓ શક્ય બની રહે છે.

આપણામાંય બે પ્રકારની ચેતના છે : એક છે વહનશીલ, એ પોતે તો શૂન્ય છે. જેના સન્નિકર્ષમાં એ આવે છે તેનો એ આકાર ધારણ કરે છે. પણ એ આકારને એ પકડી રાખતી નથી. આ સિવાયની બીજી ચેતના છે તે સાક્ષીભૂત ચેતના છે. એ આ બધી માનસિક ઘટનાઓમાં સૂત્રરૂપે અનુસ્યૂત થઈને જ રહેલી હોય છે. સ્મૃતિ અને વિસ્મૃતિ, સંસ્કાર અને અધ્યાસ એના અંશો છે. આથી જ આપણે કેવળ એક કાળના નથી. ભૂતકાળનો ભાર પણ ઉપાડીને આપણે ચાલવાનું છે, ભવિષ્યની દિશા સદા શોધતા રહેવાનું છે.

13-8-74

*

# પ્રભુની શોધ

મનુષ્યને જીવવા માટે સૌથી મોટો આધાર કોનો? હું વક્રદ્રષ્ટા નથી, છતાં મને તો આ પ્રશ્નનો એક જ જવાબ સૂઝે છે. માનવીને જીવવા માટેનો સૌથી મોટો આધાર છે ભ્રાન્તિનો. વળી પરિસ્થિતિ કરુણ તો એટલા માટે છે કે એ ભ્રાન્તિને ભ્રાન્તિ તરીકે ઓળખે છે, છતાં એને આધાર ગણીને વળગી રહે છે.

માયાને આભાસરૂપ કહી છે. એ જે રૂપે દેખાય છે તે વાસ્તવમાં નથી. છતાં આપણો બધો વહેવાર એને આધારે જ ચાલે છે. ભગવાને સત્ય કરતાં માયાને જ વધારે સુન્દર બનાવી છે. પણ એ તરફ આપણે આકર્ષાઈને તેને નંદ્યિ ગણ્યું છે. ઘણી વાર તો એવું લાગે છે કે જે સ્વાભાવિક છે તે જ સ્વીકારવા જેવું નથી. મારી સામેના લીમડાને કે શિરીષને શું સ્વીકારવું અને શું નહીં સ્વીકારવું એ વિશે કશી દ્વિધામાં પડતાં હું જોતો નથી. પણ મનુષ્યે તો વિવેકશક્તિ કેળવવી રહે. આથી જ તો કોઈ વાર જીવન ઘણું અટપટું લાગે છે. આપણું સ્વાભાવિક વર્તન ક્યારથી વિકૃત ગણાવા લાગ્યું એ પ્રશ્ન પૂછવાનો કશો અર્થ નથી. મનુષ્યનો સ્વભાવ જ બદલાતો રહે છે. લીમડો લીમડાપણું છોડતો નથી, પણ માનવી તો ઘણી વાર પશુના નિમ્ન સ્તરે સરી પડે છે તો ઘણી વાર દેવ થવાને માટે પણ મથે છે.

દ્વિધાવૃત્તિ, અનેક વિકલ્પોનો સામનો કરવો, સ્વભાવને વશ ન વર્તવું આ બધું માનવીને માટે શાપરૂપ છે. પણ આ મથામણને કારણે જ મનુષ્યના જીવનમાં અનોખો રસ ઉમેરાય છે. માનવીનું માનવ્ય એ કેવળ સુખમય જીવન જીવી શકે એમાં નથી. કેટલીક વાર તો એ સુખને ઠોકર મારીને જ મહાન બનતો હોય છે. જેમ ભ્રાન્તિ એના જીવનનો આધાર

છે તેમ દુ:ખ અને પ્રતિકૂળતા એની મહત્તાનાં મુખ્ય કારણો છે. આથી જ તો માનવીએ કેટલીય વાર સામે ચાલીને દુ:ખને વધાવ્યાં છે. સુખની શોધમાં ગયેલાને આપણે ઝાઝા સંભાર્યા નથી.

હું જે કરું છું તેમાં મને સન્તોષ નથી તે છતાં સન્તોષ માનવો, એ પરિસ્થિતિને સહી લેવી, એમાં આપણે સાત્ત્વિકતા જોઈ છે. મહત્ત્વાકાંક્ષા એ રાજસી વૃત્તિનો આવિષ્કાર ગણાઈ છે. આ જ રીતે સમાધાનની વૃત્તિને પણ આવકારવામાં આવી છે. સમતા દઢીભૂત કે ઠોસ બનાવવા માટે અહંકાર તો અમુક માત્રામાં જોઈએ જ. પણ એ માત્રા કોણ નક્કી કરે? દક્ષિણના દાર્શનિક અપ્પય દીક્ષિતે કહ્યું કે અહંકારને વધારવો હોય તો વધારો પણ તો પછી એને એટલો વધારો કે એની બહાર કશું નહીં રહે, પણ એ તો કેવળ ઈશ્વરને માટે જ શક્ય છે.

અહંકારની સાથે સ્વાર્થ સંકળાયેલો છે. આ સ્વાર્થ આપણને સંકુચિત કરે છે, કાફ્કાએ આ સમ્બન્ધમાં નોંધ્યું છે, ‘જીવનના ઉંબર પર ઊભા હોઈએ ત્યારે બે કાર્યો કરવાનાં રહે. તમારું વર્તુળ વધુ ને વધુ સાંકડું કરતા જાઓ, સદા એ વાતની ખાતરી કરતા રહો કે એમ કરતાં પહેલાં તમે પહેલેથી જ તમારી જાતને વર્તુળની બહાર ક્યાંક સંતાડી તો નથી દીધી ને?’ પણ આ ધૂર્તતાથી માનવી બચી શક્યો હોય તો ને?

આમ સમ્બન્ધો સંકોચાય છે, વિસ્તરે છે, એકબીજાને ભૂમિતિની રેખાની જેમ છેદે છે. એમાંથી વેદના ઉદ્‌ભવે છે. પણ બધી જ વેદનાનું કાવ્ય બનતું નથી. આથી કાવ્ય નહીં બનેલી વેદનાનો ભાર સમ્બન્ધોને કચડી નાંખે છે. આ ઉપરાંત સહીસલામતીને નામે કેટલા બધા વિધિનિષેધોની અટપટી જટાજાળ આપણે ઊભી કરીએ છીએ! પછી તો આ બધી ગૂંચો ઊભી કરવામાં ને એને ઉકેલવાનો ડોળ કરવામાં જ આપણને મજા પડવા માંડે છે.

સંસ્કૃતિ અમુક અર્થમાં તો વિકૃતિ છે જ. એમાં કશું મૂળ સ્વરૂપમાં રહેતું નથી. બધી વસ્તુના પર સંસ્કાર થાય છે. સંસ્કાર થવાથી કદાચ એ વધારે સોહામણી લાગે, પણ એનો સ્વભાવ તો ઢંકાઈ જ જાય. એ મૂળ સ્વભાવને ઢાંક્યા પછી વળી પાછો એને પામવાનો પ્રયત્ન મનુષ્ય છોડતો નથી.

બન્ધન માત્ર સાપેક્ષ હોય છે. આથી જ તો એકની અપેક્ષાએ બીજાએ ગોઠવાવું પડે છે. ટોમસ માને કહ્યું છે કે જે વધારે ચાહે છે તેને જ દુ:ખી થવાનું રહે છે, પછી આ દુ:ખ જ જાણે પ્રેમનું ગૌરવ બની રહે છે. આ દુ:ખથી પૂર્ણ જગતમાં એ અનિવાર્ય દુ:ખને સહ્યા બનાવવા માટે માનવીએ કેવી કેવી ભ્રાન્તિ ઊભી કરી છે.

મનુષ્યે પ્રભુની શોધ કરીને એક પરિસ્થિતિ ઊભી કરી છે કે જેમાં હૃદય સમસ્તથી વારી જવાય, પણ સામે પક્ષેથી કશાય પ્રતિભાવની આશા રાખવાની જ નહીં, સંસારના સમ્બન્ધોને આથી જ તો જુદ્ઘા કરીને આપણે ભગવાન સાથેનો સમ્બન્ધ સાચો ગણ્યો. મીરાંએ કૃષ્ણ નામની જ ચૂડી પહેરી તો ચણ્ડીદાસે એક નારીના અસામાજિક નિષિદ્ધ પ્રેમ દ્વારા જ ભગવાન સુધી પહોંચવાનું યોગ્ય ગણ્યું.

8-9-74

*

# સ્વપ્નનો સમય

મારી આજુબાજુ આ નગરના માનવીઓએ ઉચ્ચારેલા ઉદ્‌ગારેલા ધ્વનિની ઘટા વિસ્તરે છે. એની વીથિકામાં હું ચાલ્યો જાઉં છું. હું ચાલતાં ચાલતાં ધીમે ધીમે ધ્વનિનાં આન્દોલનોમાં ભળી જાઉં છું અને આકાશમાં લય પામું છું. આકાશરૂપ બની જતાં મને તસતસતા શૂન્યની અનુભૂતિ થાય છે, એકાએક હું ગ્રહતારાનક્ષત્રખચિત બની જાઉં છું. અયુત પ્રકાશવર્ષોનો સમય અનેક નિહારિકાઓમાં પ્રસરી જાય છે.

આમ દરરોજ મારા દેહનું પૃથ્વીતત્ત્વ થોડા શા આકાશનો ઉમેરો કરે છે; થોડું તેજ મારી બહાર વિચ્છુરિત થાય છે. એથી ક્યાંક કોઈ ફૂલ રંગ ધારણ કરે છે. ક્યાંક કોઈક પંખીનાં પીંછાંનો વિસ્તરેલો કલાપ સોહી રહે છે. કોઈક વાર પવનનો અંગુલિસ્પર્શ મારા દેહને નિરાકાર બનાવી દે છે. તો કોઈ વાર જળનો નિ:શબ્દ અનુનય મને વહેતો કરી દે છે.

શરદના પ્રારમ્ભના આ દિવસોમાં બાળપણમાં અનુભવેલી કશીક સુગન્ધ મને ઘેરી વળે છે. એને હું નામ પાડીને ઓળખાવી શકતો નથી. એ ડાંગરના ખેતરમાં થઈને, ગલગોટાના વનમાં થઈને, પાતળા ઝરણાના જળમાં ઝબકોરાઈને મારી પાસે આવતી હતી. એથી ગણિતના દાખલાની રકમોની વ્યવસ્થિત કિલ્લેબંધી વચ્ચેથી હું ક્યાંક સરી જતો હતો. સમસ્ત શિશુદેહ સુગન્ધની લહેરખી બનીને શરદના પ્રાણ સાથે એકરૂપ થઈ જતો હતો.

આજે એવી જ કશી અન્યમનસ્કતા મને વિહ્વળ કરી મૂકે છે. મારી આંખો ગલગોટાને શોધે છે. એક સમારમ્ભમાં ગયો હતો. ત્યાં સભામંચ પર ગલગોટાના હાર ઝૂલતા હતા.

નાના શિશુની જેમ કૂદકો મારીને એ ફૂલોમાં સંતાયેલા મારા બાળપણને લઈ લેવાનો લોભ થયો હતો. પણ ત્યારે તો હું ઠરેલ માણસને છાજે એવી ભારેખમ ગમ્ભીર વાણી બોલી રહ્યો હતો. મારા ખભા પર અડધી સદીનો ભાર હતો.

અહીં આ નગરમાં ફુવારો જોઉં છું ત્યારે જ માત્ર જળ અને પવનનું દ્વન્દ્વનૃત્ય જોવાનો લહાવો મળે છે. પણ રેલવેના પાટા પાસેના એ ઉમરાના ઝુંડની છાયા ઝીલતા પાતળા ઝરણાનો સદા કાન દઈને સાંભળેલો અસ્ખલિત છંદ અહીં સંભળાતો નથી. પશ્ચિમને છેડે મખમલી લીલના લેપવાળી કિલ્લામાંના ખંડિયેર બનેલા મહેલની દીવાલો અને બીજે છેડે આ પાતાળઝરણું આ બેની વચ્ચે ત્યારે મારું કલ્પનાજગત વિસ્તરેલું હતું. વસ્તુઓના આકાર હજી બંધાયા ન હતા. રૂપ બંધાય તે પહેલાં બધું ઓગળીને લોપ થઈ જતું હતું.

હવે તો આ નરી વાસ્તવિક દુનિયા. અનાવૃષ્ટિ, દુકાળના ઓળા, ઓસરતી માનવતા એની વાતો કરું છું. ઘાસનાં મેદાનો પર સેલારો મારતો, વડની છાયામાં ગાયોના ધણ ભેગો આરામથી પડી રહેતો કે સાંજે પ્રગટાવેલા દીવેલના દીવાની લઘુજ્યોત જેવો સ્થિર સમય અહીં નથી. અહીંનો સમય બરડ છે, રુક્ષ છે. ત્યારે તો નિશાળમાં જતી વખતે સમયને સંકેલીને ખિસ્સામાં મૂકી દેતા, છૂટતાંની સાથે જ સમય પણ અમારી સાથે હરણફાળ ભરીને યુગોના યુગ કૂદી જતો. અહીં તો ટાવરની ટોચે ઊભો રહીને સમય બરાડે છે. એ સન્ત્રી જેવો છે. એ લીલાનો સહચર નથી. એ હાથના કાંડા પર બેઠો બેઠો મારી પ્રવૃત્તિ પર ચોકી ભરે છે. એથી જ તો ગલગોટાના સોનેરી ગુચ્છોમાં પ્રસરી ગયેલા એ શૈશવના સમય માટે મારું મન આજે ઝૂરે છે.

અહીં કોઈક વાર ભર બપોરે ગાઢ નિરન્ધ્ર અન્ધકાર છવાઈ જાય છે. બધું જ એના પ્રલેપથી ભુંસાઈ જાય છે. આંખો આ અન્ધકારના એટલાન્ટિકમાં ક્યાંક અલોપ થઈ જાય છે. હું અન્ધકારના જ પરિમાણને પામીને બધે પ્રસરી જાઉં છું. આ નિ:શબ્દ અસીમનો સાક્ષાત્કાર આધ્યાત્મિક અનુભવ કહેવાય કે કેમ તેની ખબર નથી. પણ મને લાગે છે કે આવા વિલયની સ્થિતિ જ કદાચ આપણા માટે વધુ ઇષ્ટ છે. તન્મય થઈ જવું તદાકાર થઈ જવું એનું જ ઘણું માહાત્મ્ય છે. આથી જ તો બ્રહ્મનો સ્વભાવ બૃંહણનો છે. સન્તોએ કહ્યું છે કે બ્રહ્મસંકોચ જેવું બીજું કશું પાપ નથી. સન્ત દાદુ દયાળે કહ્યું કે એક નાની

શી કળી પણ જો ઉપર અસીમ આકાશ નહીં હોય તો ખીલવાનું મંજૂર રાખતી નથી. પણ આપણને તો સંકોચાઈ જવાની મીઠી કસક ગમે છે. પ્રિયતમાની આંખની નાની સરખી કીકીમાં આખા બ્રહ્માણ્ડને આપણે પૂરી દઈએ છીએ. અણુ અને વિભુ વચ્ચેની આપણી આ આવનજાવનના તાણાવાણાથી કબીરે વર્ણવેલી પેલી ‘ચૂનરી’ વણાઈ છે. પણ એને ‘જ્યોં કિ ત્યોં’ ભગવાનને ચરણે ધરી દેવાની વાત અઘરી છે. પ્રભુને પણ આપણે આપણી અંગરજમાંથી મલિન થવામાં ધન્યતાનો અનુભવ નહીં થતો હોય?

વાસ્તવિકતાને વફાદાર રહેવાની ફરજનું મને ઘણી વાર ભાન કરાવવામાં આવે છે. વસ્તુ નરી વસ્તુ છે. એને દૃઢ રૂપરેખા છે. એનો મર્મ એ પોતે જ છે. એ બીજા કશાકનો સંકેત નથી. સંકેતની ત્રિજ્યા વિસ્તારવાની લીલા વાસ્તવિકતાનો દ્રોહ છે. હું મારા ઘરના કબાટને કેવળ કબાટ રૂપે કેમ જોઈ શકતો નથી? એ કેવળ મારા ઉપયોગનું સાધન બનીને કેટલું હ્રસ્વ થઈ જાય છે? એને હું બીજા અધ્યાસ, સંસ્કાર વગેરેનું આરોપણ કરીને કેટલું બધું ભૂંસી નાખું છું! આ રીતે વસ્તુ સાથેનો પ્રત્યક્ષ સમ્પર્ક આપણે સ્થાપી શકીએ છીએ ખરા? આપણે સ્મૃતિસંસ્કાર વગેરેના જાળાથી ઘેરાઈને જ જીવતા હોઈએ છીએ. આથી સાચા અર્થમાં આપણને ઇન્દ્રિયપ્રત્યક્ષ થતા જ નથી હોતા.

હું બાળપણ સુધી વારે વારે પહોંચી જાઉં છું તે જોઈને કોઈ મનોવિજ્ઞાની કહેશે કે ‘આ તો ઇન્ફન્ટાઇલ રીગ્રેસનની વૃદ્ધિ થઈ’, એના મૂળમાં કશો ‘ટ્રાઉમેટિક શોક’ હશે. આ એક ‘ફિક્સેસન’ પણ હોય વગેરે. પણ મને ઘણી વખત લાગે છે કે હું કોઈક વાર સરી જતી ક્ષણ સાથે કોઈક જુદા જ સમયમાં લસરી પડું છું. એને હું જુદો સમય કહું છું કારણ કે મારી વર્તમાન સમયની અભિજ્ઞતાનો લોપ થતો નથી. કદાચ એમ કહેવું વધારે સાચું કહેવાય કે જુદા જુદા સમયની રેખાઓ જ્યાં એકબીજાને મળીને છેદે છે ત્યાં, એ છેદબિન્દુ આગળ હું જીવું છું.

સ્થળના એક નાના શા બિન્દુ પર કેટલીક વાર કેટલો બધો સમય ઘનીભૂત થઈને પડ્યો હોય છે! પિંડીભૂત સમયના આધારરૂપ આ અવકાશ કવિતાનો વિષય છે. આ અવકાશ પાસે આપણે જતા નથી. તેથી આપણા ઘણા અનુભવો કવિતામાં ખીલી ઊઠતા નથી. એ અનુભવોની અવેજીમાં આપણે થોડીક સુફિયાણી વાતો, થોડા ઉદ્ગારો કે પછી થોડી વાચાળતા મૂકી દઈએ છીએ. પછી એને અમર ગણાવવાનો ઉદ્યમ આચરીએ છીએ.

આથી જ તો ઘણી વાર કોઈ એક સ્થળ આગળ મન કશુંક આગવું આકર્ષણ અનુભવીને અટકી જાય છે.

સ્વપ્નમાં એક નવો જ સમય ઊઘડે છે. એ ભૌમિતિક રેખાની ક્રમિકતાનો બનેલો હોતો નથી. એમાં સ્થળનાં પરિમાણ પણ જુદાં જ હોય છે. વાસ્તવિકતાથી એ બીજે છેડે છે એમ માનવું કેટલે અંશે સાચું લેખાશે? હું અહીં રાત્રિનાં સ્વપ્નોની વાત નથી કરતો. પણ દિવસના આ વાસ્તવિકતાથી ઘેરાઈને બેઠા હોઈએ છીએ ત્યારે ધીમે ધીમે એક નવું જ વિશ્વ આંખ સામે પ્રગટ થતું જાય છે. સામેની દીવાલો અલોપ થઈ જાય છે. એક નવો અવકાશ અસ્તિત્વમાં આવે છે. આપણી પોતાની પણ એક નવી જ વ્યક્તિતા જાણે શાપમુક્ત થઈને સજીવન થઈ ઊઠે છે. આપણું નામ બરફના તરતા પહાડ જેવું દૂર ને દૂર સરતું જાય છે. આ અનુભવ ભલે ને એક ક્ષણનો હોય પણ એમાંથી કેટલીક વાર યુગો પાંખ ફફડાવી ઊડવા માંડે છે. અસ્તિત્વના સીમાડા નાસ્તિ સુધી વિસ્તરે છે.

સાયંકાળની આરતીથી ઝંકૃત સમય અહીં અનુભવાતો નથી. અહીં તો ફેક્ટરીની સાયરન જુદા જુદા સમયની ઘોષણા કરે છે. પાસેની બે નિશાળના ઘણ્ટ પણ એમનો જુદો સમય ઉચ્ચારે છે. રસોડામાં ટપકતો નળ ટીપે ટીપે સમય ગણે છે. દર્પણમાં ચાલતા સમયનાં થોડાંક પદચિહ્નો નોંધાય છે. અહીં સમુદ્ર નથી, નહીં તો ઊછળતા ઓસરતા મોજાઓ સમયને અનન્ત બનાવી દે તેનો અનુભવ થાય.

આપણે તો સમયનો ભાર ઉપાડીને ચાલીએ છીએ. પણ દોડતા-કૂદતા શિશુનો ક્રીડાસાથી સમય પણ એના જેવો જ હળવો હોય છે. ઘરમાંની બધી વ્યક્તિઓના જુદા જુદા સમયની કેવી તો અથડામણ થતી હોય છે! વૃદ્ધ દાદાનો સમય ધીમે ધીમે રુદ્રાક્ષની માળાના મણકે મણકે સરતો હોય છે. ઘરમાં પુરાઈ ગયેલી વધૂનો સમય પાંખો ફફડાવીને ઊડી જવાને અધીરો બની ગયો હોય છે. તાવની પથારીમાં શેકાતો સમય આપણને પણ દઝાડે છે. ઘીના દીવાની આંચે દેવ બેઠા બેઠા પોતાની મુદ્રા છાપે છે.

અવકાશનું પણ એવું જ છે. વિષ્ણુ બેઠા છે તો સાંકડા ગોખલામાં પણ એમની આજુબાજુ ક્ષીરોદધિ વિસ્તરે છે. કોઈક વાર પવનના અળવીતરાથી મારા ઓરડામાંનો અવકાશ અવળસવળ થઈ જાય છે. વર્ગમાં શીખવતો હોઉં છું ત્યારે એકાએક અવકાશ

સંકોચાઈને મને રૂંધવા લાગે છે, તો ક્યાંક અવકાશ મહાવૃક્ષની જેમ ઘટાદાર બની જાય છે.

આ સ્થળ અને સમયનાં બદલાતાં પરિમાણો પ્રમાણે મારી ચેતનાના અક્ષાંશ રેખાંશ અંકાતા રહે છે. એ જ પ્રમાણે ઉષ્ણ કટિબન્ધ અને સમશીતોષ્ણ કટિબન્ધ પણ ફેરવાતા રહે છે. છતાં કોઈ વાર એ બધું જ ભુંસાઈ જઈને નર્યું શૂન્ય ચારે બાજુ ઘૂઘવી ઊઠે છે.

10-9-74

*

# વિદ્રોહ

ફાટેલા ખિસ્સામાં ક્રોધથી વાળેલી મૂઠી સંતાડીને જેમ એક દિવસ ફ્રેન્ચ કવિ રેંબો ચાલી નીકળ્યો હતો તેમ ચાલી નીકળવાનું મન થાય છે. એકાએક જાણે કારાગારમાં પુરાઈ ગયા જેવું લાગે છે. જીવનનાં વીતેલાં વર્ષો જ દીવાલ બનીને ઘેરી વળ્યાં છે. બાળપણમાં જોયેલું, કશી દોઢડાહી ફિલસૂફીથી રંગાયા વિનાનું આકાશ હવે દેખાતું નથી. હવે બધી વસ્તુ પર એને વાપર્યાના ડાઘ પડી ગયા છે. બાળપણની તાજગી સાથે એક પ્રકારની અવ્યવહૃત શુભ્રતા સંકળાયેલી હતી. એને માટે હવે મન ઝૂરે છે. વૃદ્ધના કરચલીવાળા ચહેરા જેવો ચોળાયેલો સમય – એને ખંખેરીને દૂર ફેંકી દેવાનું મન થાય છે. કોઈ વાસી ઉબાઈ ઊઠેલા બંધિયાર સમયમાં શ્વાસ શી રીતે લઈ શકે?

વિચારો, સ્મૃતિઓ, અધ્યાસો, સંસ્કારો – આ બધાંનો ભાર મારા પર તોળાઈ રહ્યો છે. બધા જ ઇન્દ્રિયપ્રત્યક્ષોના પરિમાણોને અસ્તવ્યસ્ત કરી નાખીને આ જડવ્યવસ્થાના પર બને તેટલો આસુરી જુલમ ગુજારવાનું મન થાય છે. માટીના દટાયેલા બીજના કાનમાં આ વિદ્રોહનો મન્ત્ર ફૂંકી આવવાનું મન થાય છે. આકાશને વિદ્રોહના ધ્વજની જેમ ફરકાવવાની ઇચ્છા થાય છે. નીચી નજરે વહી જતા જળને ઉશ્કેરીને એના ઉન્નત મસ્તકને આકાશનો સ્પર્શ કરાવવાની ઇચ્છા થાય છે. મૃત્યુના ગુપ્તચરોની જેમ મારામાં સંચરતા શ્વાસને સળગાવી મૂકવાનું મન થાય છે. ઓગણપચાસ મરુતોના અશ્વને પલાણીને દિશાઓને ઉલ્લંઘી જવાની આ મુહૂર્ત હોય એવું લાગે છે.

પરિચિત આકારોની ભૂમિતિથી ટેવાઈ ગયેલી આંખોને નવાં રૂપ જોવાની દીક્ષા આપવાનું પણ આ મુહૂર્ત છે. સ્પર્શબધિર આ ત્વચાને શેનાથી ફરી રોમાંચિત કરવી તેનો વિચાર

કરું છું. ધ્વનિના પુનરાવર્તનભર્યા આંદોલનોને ફરીથી એક વાર શૂન્યમાં સ્તમ્ભિત કરી દેવાનું મન થાય છે. ઈશ્વરને ઘડીભર શીર્ષાસન કરાવવાની પણ ઇચ્છા થાય છે.

ટેવના માળખાને ઊંચકી ઊંચકીને ફરવાનો હવે થાક લાગે છે. આ શિરાઓના જાળાઓમાં ફસાઈને રહેવાનો હવે સખત અણગમો થયો છે. હોવું અને નહોવુંના દ્વન્દ્વને ભેદીને પલાયન કરી જવાને હું ઉશ્કેરાઈ ગયો છું. ઘરના ખૂણામાં જાપ જપતી શાન્તિનો ચોટલો પકડીને બહાર કાઢી મૂકવાને હું અધીરો થયો છું. મારા પડછાયાની વફાદારીથી હું અકળાયો છું. મેં પુસ્તકમાં પૂરેલા બારાખડીનાં પંખીઓને હું ફૂંક મારીને ઉરાડી મૂકવા ચાહું છું.

હું આ પ્રલાપ કરું છું તે મારી સામેનું દીવાલ પરનું ઘડિયાળ કાન દઈને ઠાવકું બનીને સાંભળે છે. દર્પણ ખંધું હસે છે ને એનો પડઘો બીજા ઓરડાના દર્પણમાં પડે છે. ખુરશી આ સાંભળીને ફરી વનમાં કોઈ શાખાવાળું વૃક્ષ બનીને મહાલવાનું સપનું જોવા લાગી છે. ઘરમાં કાતરિયાના જરઠ ઉંદરને પાંખો ઉઘાડીને ઊડી જવાનું મન થાય છે. પણ રસ્તાઓ હજી વફાદારીથી દોડી રહ્યા છે, રસોડામાં ટપકતા નળને મોઢે વફાદારીનું રટણ છે. સૂર્ય ચન્દ્ર વફાદારીનો બિલ્લો લટકાવીને ફરે છે. પવન વફાદારીની છડી પોકારે છે. જળ વફાદારીનો જ રેલો છે. ભાષા શબ્દોની વફાદારીની જ કવાયત છે. દરેક મકાનમાં ભૂમિતિની વફાદારી બુલંદ બની છે. આ વફાદારીના વન વચ્ચે હું મારા વિરોધનું અરણ્યરુદન કરી રહ્યો છું. મારા હૃદયમાંની કસક વફાદારીથી નિયમિત ધબક્યા કરે છે.

તો શું કરીશું? કારાગારને મહેલ માનીશું? આ દીવાલોને ફિરસ્તાની શ્વેત પાંખો માનીશું? આ ઘરના છાપરાને આશીર્વાદ આપવા ઝૂકેલી ઈશ્વરની હથેળી માનીશું? આ દર્પણને બુદ્ધના ખૂલેલા અનુકમ્પામય ચક્ષુ માનીશું? આકાશને શાશ્વતતાનો અમરપટ્ટો માનીશું? ઘરની બારસાખને વિજયતોરણ માનીશું? પવનને ભગવાનનું લહેરાતું પીતામ્બર માનીને એના સ્પર્શથી ધન્યતા અનુભવીશું?

કોઈ વાર કાન માંડીને સાંભળું છું તો દૂરના નગરના અવાજો છેદાયેલી પાંખવાળા પંખીના ચિત્કાર જેવા સંભળાય છે. મનુષ્યોના પદધ્વનિઓમાં આદિકાળના કોઈ સરિસૃપના સર્યે જવાનો સ્પન્દ સંભળાય છે. જીર્ણકાળનું આવરણ આ પૃથ્વી પરથી સરી

ગયું હોય એવું લાગે છે. જળને મુખે સૃષ્ટિના શૈશવકાળની કાલી કાલી વાણી ફરી ફૂટે છે. વનરાજના પર્ણમર્મરમાં એ આદિકાળનો છન્દ સંભળાય છે.

તો વળી કોઈ વાર ચારે બાજુ કેવળ ભગ્નાવશેષ જ દેખાય છે. ઘુમ્મટ કે કળશ વગરના બોખલાં મન્દિરોમાં ખોખલા પવનનો ફાટી ગયેલો અવાજ સંભળાય છે. મહાલયોના અવશેષરૂપ રહી ગયેલા સ્તમ્ભ હવે આકાશનો ભાર ઝીલી રહ્યા છે. માનવીનાં ચરણચિહ્નોને વનસ્પતિએ હાથ લંબાવીને ભૂંસી નાંખ્યા છે. મહાનગરોને સ્થાને રિક્ત અવકાશ અશ્રુત હાહાકારથી છલકાઈ ઊઠ્યો છે.

આપણે એક સાથે ચારેચાર યુગોમાં જીવતા હોઈએ છીએ. હમણાં જ તો હજી જાણે મત્સ્યની જેમ જળમાં સરતા હતા, પછીથી કચ્છપગતિએ ચાલતા થયા, વરાહની જેમ દન્તૂશળ સાથે દોડતા થયા, પછી પશુમાંથી અર્ધમાનવ થઈને નૃસંહિ બન્યા, વામન બનીને ધૂર્તતાનાં પ્રથમ પગલાં ભર્યાં, રામ થઈને બે સંસ્કૃતિ વચ્ચેનો સેતુબન્ધ બાંધ્યો, કૃષ્ણ થઈને મહાભારતના યુદ્ધના સાક્ષી બન્યા અને આખરે બુદ્ધની કરુણા અને મુદાભરી આંખો ખોલી અને હજી કલ્કિનો શ્વેત અશ્વ પલાણીને સંહારયાત્રા કરવાની બાકી છે. સંસ્કૃતિના સીમાડાના પથ્થરોનો ભાર ઊંચકીને ફરતા યુગપુરુષોને હાંફતા સાંભળું છું. ગાંધીના પડછાયાને ગામને પાદરે રઝળતો જોઉં છું ને નગરના ચોકમાં એના પૂતળાની પૂજા થતી જોઉં છું.

વાસ્તવિકતાને ખોદીને એની નીચેનાં ઊંડાં ભોંયરામાં ચાલ્યો જાઉં છું. ત્યાં ખેતરના ચાડિયાઓ ખોળિયું બદલવા ભેગા થયેલા દેખાય છે. મન્દિરના દેવો પણ ઘડીક ગપસપ કરવા ગુપચુપ મન્દિરમાંથી અહીં ચાલી આવ્યા છે. રાજકુંવરનો ઊડતો ઘોડો એની પાંખ ઉતારીને અહીં મૂકી ગયો છે. જગતભરનું સોનું અહીં માનવીના હાથના સ્પર્શનો મેલ ઉતારવા ફરીથી ઊંડે ઊતરી ગયું છે. સૂર્ય અહીં આગિયો બનીને વેશ બદલીને આવે છે.

પણ સવારે જોઉં છું તો નરી વાસ્તવિકતા મને ઘેરી વળી છે. મારા ટેબલ પર બોદલેર અને રિલ્કે, અભિનવગુપ્ત અને મધુ રાય સાથે બેઠા છે, 'સ્પોર્ટસ વીકલી'ના પૂઠા પરનો ખેલાડી જાણે હમણાં છલાંગ મારીને બહાર કૂદી આવશે એવી અદાથી ઊભો છે. 'રીડર્સ

ડાયજેસ્ટ'માંની જાહેરખબરમાંની સુંદરી હમણાં જ નાહીને નીકળી છે. એના મુખ પર પાણીનાં ટીપાં બાઝ્યાં છે ને જાણે એ સુગંધી સાબુની સુવાસ મારા ઓરડામાં પ્રસરી જાય છે.

હું દર્પણમાં જોઈને ખાતરી કરી લઉં છું કે મારું ખોળિયું તો બદલાયું નથી ને? પહેલો શબ્દ ઉચ્ચારતાં સંકોચ અનુભવું છું. મારા હાથની આંગળીઓ એકબીજાની ઓળખ ફરીથી તાજી કરી લે છે.

અર્ધાં રહી ગયેલાં સ્વપ્નોની માયા હજી મારો આંખોમાં અંજાયેલી છે, એટલે મને બધું ધૂંધળું દેખાય છે. ત્યાં સૂર્ય ઊગે છે ને મારી આજના પાઠની વેશભૂષા પહેરવાની હું તૈયારી કરું છું. આજનો આખો દિવસ પાર કરાવી જાય એવી એકાદ કવિતાની પંક્તિ શોધું છું. પણ મારું મન તો ફિનોમિનોલોજીની સીડી પર ચઢઊતર કરે છે.

1-10-74

*

# કૃતક આશાવાદ

નિરાશાવાદી વલણ પ્રગટ કરનારા સાહિત્યકારોએ માનવતાનો દ્રોહ કર્યો છે. નિરાશાવાદ આપણને કશા પુરુષાર્થ માટે પ્રોત્સાહિત કરતો નથી. એથી નિષ્ક્રિય બનીને આપણે યાતના સહી લઈએ છીએ, એટલું જ વધુ સક્રિય બનાવીએ છીએ. આથી નિરાશાવાદ એ કશાકને પ્રતિકાર કર્યા વિના શરણે જવાની કાયરતાનું અધમમાં અધમ સ્વરૂપ છે.

આ પ્રકારનો આરોપ બે પ્રકારના લોકો મૂકતા હોય છે. એક તો જૈફ લોકો, જેમણે જીવનની અંતિમ વ્યવસ્થામાં પરિસ્થિતિઓ અને સમસ્યા સાથે સમાધાન કરાવી આપે એવી શ્રદ્ધા શોધી લીધી હોય છે. એઓ હવે ફરી વાર કશી નિરાશાથી સંક્ષુબ્ધ થઈને પોતાની શ્રદ્ધામાંથી ચ્યુત થવા ઇચ્છતા નથી. બીજા છે સામ્યવાદી મિત્રો એક રીતે એઓ પણ પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાની કલ્પનામાં રાચતા હોય છે. એને માટે સંઘર્ષ અનિવાર્ય છે. આથી આશાવાદી ભવિષ્યની કલ્પનાથી પ્રોત્સાહિત થઈને પુરુષાર્થી બનવું જ આપણને પરવડે. એમને આશા હતી કે ક્રમશઃ રાજસત્તાનું વિલોપન થશે. એવું તો બન્યું નથી. યુદ્ધોએ ભૌગોલિક રાષ્ટ્રવાદને વધુ ઉગ્ર બનાવ્યો છે.

નિરાશાવાદી કહેવાતા લેખકોમાં દોસ્તોએવ્સ્કી, કાફ્કા, માલરો, સાર્ત્ર, કેમ્યૂ જેવા જગતના પ્રથમ પંક્તિના લેખકોને મૂકવા પડે. આ લેખકોએ આપણને આશાવાદને પુષ્ટ કરે ને આધાર આપે એવી કશી દાર્શનિક પીઠિકા એમની કૃતિઓ દ્વારા રચી આપી નથી એ સાચું. છતાં, કેમ્યૂએ જ નથી કહ્યું કે ઈશ્વર વગરની આ દુનિયામાં સન્ત બનીને જીવવાનો પડકાર આપણને ઝીલવાનો છે. આ લેખકોએ જ માનવને

પ્રગટ કર્યો નથી? સર્જક માનવને સમર્પિત છે એવી ઘોષણા પણ આ લેખકોએ જ નથી કરી? માનવી પ્રત્યેના ધર્મ વિશે એઓ સજાગ હતા એવું તો એમને ન્યાય કરવા આપણે સ્વીકારવું જ રહ્યું. તટસ્થ વસ્તુલક્ષી દૃષ્ટિએ જોઈશું તો લાગશે કે આ કહેવાતી નકારાત્મક ફિલસૂફી પણ વાસ્તવિક રીતે તો સ્વતન્ત્રતા કે ધૈર્યનાં મૂલ્યોની વિરોધી નથી. કહેવાતી નિરાશાપ્રેરક પરિસ્થિતિ સામે આંખમીંચામણાં કરવાનું ટાળીને એ નિમિત્તે પણ માનવહૃદય પરત્વે નવી સૂઝ પ્રગટ કરવાનો પુરુષાર્થ શું એમણે નથી કર્યો?

નિરાશાવાદી દર્શન અને પુરુષાર્થનિર્ભર નૈતિક આચાર – એનું સહઅસ્તિત્વ નકારી કાઢી નહીં શકાય. આ બેને સાથે રાખીને જીવનારાની સમસ્યાને આપણે ટાળી શકીએ નહીં. એક રીતે કહીએ તો આપણી અર્વાચીન સંસ્કૃતિનો એ સૌથી વિશેષ કનડતો પ્રશ્ન છે. આપણે માટે એ જાણી લેવું અનિવાર્ય છે કે માનવી કોઈ અનન્ત તત્ત્વ કે બુદ્ધિનિર્ભર વિચારની મદદ વિના એકલો, પોતાનાં મૂલ્યોનું નિર્માણ કરી શકે ખરો? આ પ્રશ્નને જમાનાજૂના પરમ્પરાગત ઉત્તરથી ઉડાવી દઈ શકાય નહીં.

સંસ્કૃતિનું નિર્માણ યાતના ગુજારવાથી થતું નથી. એને માટે તો પરસ્પરવિરોધી ગણાતી વિચારસરણીઓની અથડામણ જરૂરી છે, એને માટે તિતિક્ષા અને ધૈર્ય પણ એટલાં જ જરૂરી છે. એને કાયરતા કહીને ઉડાવી દઈએ તે નહીં ચાલે. કોઈ સર્જકે જીવનના દીર્ઘકાળ સુધી નિષ્ઠાપૂર્વક પ્રવૃત્ત થઈને જે કર્યું હોય તેને માત્ર તર્જની ચીંધવાથી ઉડાવી દઈ શકાય નહીં. એ માનવમનનું એક મોટું સાહસ છે. ટૂંકી દૃષ્ટિવાળી પરમ્પરાને અનુકૂળ રહીને જ ચાલનારી આવૃત્તિઓને ઉતારી પાડે તે સાવ બેહૂદું છે.

વસ્તુલક્ષી તાટસ્થ્યથી વિચારવાનું વલણ કેળવવું તે અઘરું છે. લોકોમાં ઝાઝા વખતથી ધર્મભાવના કે પ્રચારનો ધજાગરો ફરકાવતી કોઈ વિચારસરણીની ઓથ લઈને કૃતક ગમ્ભીરતાથી આ પ્રકારની ઘોષણાઓ રહીરહીને કર્યા કરવાનું સહેલું છે. આજે જે વૈફલ્ય ચારે બાજુ દેખાય છે તે એક ન ઉવેખી શકાય એવી હકીકત છે. જો એમ નહીં હોત તો ઉપર ગણાવ્યા છે તે પૈકીના ત્રણ લેખકોને નોબેલ પારિતોષિકને પાત્ર શાથી ગણ્યા? એ લેખકોએ પોતાના માનવને એની સર્વ સંકુલ સમસ્યાઓ સહિત મૂર્ત કરી આપ્યો. આ વૈફલ્યને ને આપણને કશી જ નિસ્બત નથી એવું, આ જમાનામાં જીવનારા આપણે શી રીતે કહી શકીએ?

એ જમાનાના માનવીથી આપણે વેગળા છીએ એમ કહીને કેળવેલા કૃતક આશાવાદનું મૂલ્ય કેટલું? આપણો જે યુગસન્દર્ભ છે તેમાં જ રહીને આપણે જીવવાનું છે અને વિચારવાનું છે. આ યુગનો જે સંઘર્ષ છે તેની સાથે ઓતપ્રોત થઈને જીવીશું તો જ તેનું સત્ય આપણને લાધશે. જો એમાં શૂન્યવાદનો પ્રભાવ વરતાતો હોય તો તે શૂન્યવાદ સાથે આભડછેટનો સમ્બન્ધ રાખવાનું આપણને પરવડશે નહીં. એમ કર્યા પછી આપણે આપણી આચારનીતિ ઘડી શકીશું, એ નિમિત્તે સ્વૈરાચારને નહીં જ વધાવી લઈએ. બધું નકારાત્મક છે કે અસંગત છે એમ કહીને ગાળો ભાંડવી ન પરવડે. આપણા યુગના માનવીને એની જોડે બાથ ભીડાવવી પડી છે. જે સમસ્યાઓ બેચાર આકર્ષક પંક્તિઓ લખવાથી ઉકેલી શકાય એવી નથી, જેની સાથે સર્જકોને જીવનભર ઝઝૂમવું પડતું હોય છે તેને વિશે આપણે આવી અગમ્ભીરતાભરી બેજવાબદારીથી વાત કરી શકીએ? એ સર્જકોને સમજવાને આપણે સહેજ ઉદારતા, સહિષ્ણુતા કે ધૈર્ય નહીં બતાવી શકીએ? એ લેખકો પ્રત્યેનો આપણો અભિગમ નમ્રતાભર્યો નહીં હોવો ઘટે?

આ વાત હું કશા અનુચિત આક્રોશથી કે અભિનિવેશથી કહેવા નથી ઇચ્છતો. પણ આવું વલણ પ્રગટ કરનારાઓ પ્રત્યેનો મારો વિરોધ હું સબળપણે પ્રગટ કરવાનું જરૂર ઇચ્છું છું. બાકી તો ધર્મના ચોકઠામાં બધું માપસર ગોઠવી આપનારા કે સરકારી પંચવર્ષીય યોજનાની સફળતાના અહેવાલોના કોષ્ટકોનાં ખાનાંમાં પોતાની બારાખડીને પૂરી દેનારા લેખકોની કાંઈ ખોટ પડવાની નથી. પ્રવાહની સામે જોઈને, સરકારને કે જનતાને રીઝવવાનાં પ્રલોભનમાંથી મુક્ત થઈને, માનનો નહીં, નરી સ્વીકૃતિ પણ નહીં, ઊલટાનું અપમાન અને અવગણના પામીને વગોવવાની પૂરી તૈયારી સાથે કેવળ માનવ પ્રત્યેના સ્નેહ ખાતર આ અસૂર્યલોકના અન્ધકારને તાગનારા સર્જકો જ વિરલ રહેવાના.

બીજે છેડે પણ એક ભય રહ્યો છે. આ નિરાશાની લપટી થઈ ગયેલી વાત, હતાશાનો શુકપાઠ, દુ:ખી થવાનો ડોળ – આ બધાંને ઘડીના છઠ્ઠા ભાગમાં અપનાવી લઈને ભારે આસાનીથી કવિતા કાંતનારાઓનો પણ તોટો નહીં હોય. પશુસુખ માણનારા, ભોગસામગ્રીની લુબ્ધ દૃષ્ટિએ શોધ ચલાવનારા અને ગરીબાઈનો કદરૂપો પડછાયો પણ પોતાના શણગારેલા દીવાનખાનામાં ન પડે એની કાળજી રાખનારા પણ ફુરસદને સમયે, વ્હીસ્કીનો એકાદ પેગ ચઢાવીને વિરતિની વાત કરી શકે. જે અત્યન્ત સંસ્કારી હોવાની

શેખી કરતા હોય છે તે જ બધું ભોગવવાની પૂરી રતિ હોવા છતાં વિરતિનું ગાણું ગાતા હોય છે.

આ ઉપરાંતનો એક વર્ગ છે, જે બહુ આસાનીથી ઇહલોક અને પરલોક વચ્ચે સીડી ગોઠવી દઈ શકે છે. એકતારાની રમઝટમાં એ બધું ભાન ભૂલી જાય છે. એને માટેની શબ્દાવલિ જ નહીં, પદાવલિ સુધ્ધાં, અનેક સન્તોએ અને મર્મીઓએ તૈયાર કરી આપી હોય છે. આ માર્ગ ભારે સુવિધાભર્યો છે, સમાજ તો અહોભાવથી પ્રેરાઈને આ ‘સન્તવાણી’ પર ભક્તિનાં પુષ્પો ચઢાવે જ, પણ સંસ્કારી ગણાતો વર્ગ પણ ભોગના અતિરેકથી ઓચાઈ જઈને આ ‘અક્ષયરસ’ ચાખવા પ્રેરાય. આ કવિઓ વર્તમાનને માયા ગણીને કેવળ સનાતન સાથેની અનુસન્ધિત્સાથી પ્રેરાઈને જ કાવ્યસાધનામાં પ્રવૃત્ત થાય. એઓ ઇન્દ્રિયાતીતને જ ઝંખે માટે એમને કશા ઇન્દ્રિયપ્રત્યક્ષની આવશ્યકતા નહીં. એમનું કામ કેવળ આત્માથી નભી જાય. એમાં માનવનો સમૂળગો મોક્ષ થઈ જાય અને ભગવાનનો આવિર્ભાવ થાય. હું તો, જેવા છે તેવા, માનવને ઝંખું છું.

8-10-74

*

# રુચિની કૃપણતા

હવે સવારના તડકામાં એક જુદા જ પ્રકારની ઉજ્જ્વળતા છે. પવનમાં કોઈ અજાણ્યા શીતળ પ્રદેશનો સ્પર્શ છે. આપણે આવડી સરખી કાયાના કારાગારમાં પુરાઈને જીવીએ છીએ એમ વૈરાગી કવિઓ કહે છે. પણ પવનનો સ્પર્શ થતાં જ એક વિશાળ વિસ્તારમાં આપણે પ્રસરી નથી જતા? આકાશને જોતાં જ આપણી આંખ આકાશ બની જતી નથી? આ નાનકડા કરેણના પુષ્પે પોતાની પાંખડીના પાત્રમાં કેટલા સૂર્યને સારવી લીધા છે?

ના, હું ફિલસૂફી હાંકવા નથી બેઠો. જે તડકાની ઉજ્જ્વળતાની હું વાત કરું છું તેની ઉજ્જ્વળતા હું પોતે જ જોઈ શકતો નથી, કારણ કે મારી આંખો બળે છે. પવનનો સ્પર્શ થતાં જ મારા દેહમાં કોઈ અસુર વકરી ઊઠે છે. છતાં મારી આવી નિર્બળતાઓ અને મર્યાદાઓને કારણે હું એમ નહીં કહી દઉં કે પવન દુષ્ટ છે, સૂર્ય નિષ્ઠુર છે.

આ જગતને જોવા જાણવામાં એક એવી અવસ્થા આવે છે જ્યારે જે આપણે માટે પ્રતિકૂળ અને સુખસંવેદ્ય ન હોય તેને આપણી મર્યાદાઓથી પર રહીને આપણે એવી રીતે આલેખી શકીએ છીએ કે જેથી બીજાઓ એનો આસ્વાદ કરી શકે. કોઈ કવિતા, મારી અંગત રુચિને અનુકૂળ નહીં લાગતી હોય તેમ છતાં એની વિશિષ્ટતાઓ તથા ગુણવત્તાનો હું પરિચય કરાવી શકું. આ કેવળ તટસ્થતાનો પ્રશ્ન નથી. જેણે કળાનું સેવન દીર્ઘ કાળથી કર્યું હોય છે તે આવી સમુદાર વૃત્તિ કેળવી શકે છે.

આથી કોઈ પણ ક્ષેત્રમાં ચડસાચડસી કે હોંસાતૂંસી જોઉં છું ત્યારે દુઃખ એ વાતનું થાય છે કે ઉત્તમ વસ્તુને આપણે શા માટે આવી અનુદાર અસહિષ્ણુ વૃત્તિના પ્રદર્શનનું નિમિત્ત

બનાવીએ છીએ? એનો અર્થ એવો નથી કે બધું જ મુગ્ધ દૃષ્ટિથી, કશા વિવેક વિના જોવું. કળાનો પ્રત્યક્ષ સમ્પર્ક જ આપણને ઉચ્ચાવચતાનો આ વિવેક શીખવે છે. જે સમાજમાં આવી વિવેકશક્તિ કેળવી શકનારા વિશેષ તેની સંસ્કારિતા ઊંચી કોટિની ગણાય.

જેમણે ભદ્રતા અને શિષ્ટતાની જ હંમેશાં હિમાયત કરી હોય છે તેમનામાં જ કેમ વધુ અસહિષ્ણુતા જોવામાં આવે છે? કેટલીક વાર તો સહેજસહેજમાં નાકનું ટેરવું ઊંચું ચઢે કે ભ્રમર ઊંચી ચઢે તેને સંસ્કારિતાનું લક્ષણ ગણવામાં આવે છે. તમને શું ગમે તે નહીં પણ તમને શું નથી ગમતું એને આધારે પણ તમારી સંસ્કારિતા નક્કી થાય છે. ઘણાંને ગૌરવપૂર્વક (કે સાચી રીતે કહીએ તો તોછડાઈથી) એવું કહેતા સાંભળીએ છીએ 'એવું તેવું તો અમે નજરમાં લઈએ જ નહીં.'

એન્ટિસૅપ્ટિક છાંટીને શુદ્ધ રાખેલી આ રુચિનો જીવન સાથેનો પ્રબળ પ્રત્યક્ષ સંસ્પર્શ હોતો નથી. આથી એમાં પ્રાણની નૈસગિર્ક કાન્તિ હોતી નથી. એ જે કાંઈ પ્રબળ કે પ્રચણ્ડ હોય છે તેનાથી ચેતીને ચાલે છે. કલુષિત થવાના ભયે આ આખી જિન્દગી એક પ્રકારના ક્વોરેન્ટાઇનમાં જ કાઢે છે. જો બહારના 'અશુદ્ધ' વાતાવરણની એકાદ લહરી પણ જો એમને સ્પશી જાય તો પ્રાણાંતક ભયથી એઓ ધ્રૂજી ઊઠે છે. જેણે અરાજકતાનો સામનો જ નથી કર્યો તેઓ કેવળ વ્યવસ્થાના ગણિતનાં ચોકઠાંમાં જ પુરાઈ રહે છે.

આમ છતાં, સમાજમાં, આવો વર્ગ જ ઊંચા આસને બિરાજતો હોય છે. જેને આવા શિષ્ટ લોકો માન્યતા અર્પે છે તે જ પ્રતિષ્ઠા પામે છે. પણ એવું જોવામાં આવ્યું છે કે જ્યારે સર્જનશક્તિની ઓટ આવી હોય છે ત્યારે જ શિષ્ટ લોકોનું નિયન્ત્રણ વધુ આકરું બનતું હોય છે. સર્જનશક્તિનો જુવાળ આવ્યો હોય છે ત્યારે તો આવી છોછને કોઈ યાદ કરવાય રહેતું નથી. એની અજસ્રતા, એનું ઐશ્વર્ય, એનું કૌવત, એની વિપુલતા આપણને અભિભૂત કરી નાખે છે. ભરતી આવી ગયા પછી ફીણ સાથે ઘસડાઈ આવેલા કચરાની ગણતરી કરવાનો ઉદ્યમ શરૂ થઈ જાય છે.

બૃહત્ જીવનના સન્દર્ભથી જેઓ વેગળે જઈ પડ્યા છે, જેમણે જીવનના તેમ જ સાહિત્યના, એકાદ અનુકૂળ ખણ્ડ પર પડાવ નાખીને સન્તોષ કેળવ્યો છે, પણ સમુદાર રુચિ નથી કેળવી તેઓ સર્જનપ્રવૃત્તિને સાચા પરિપ્રેક્ષ્યમાં જોવાની પ્રામાણિકતા બતાવતા

નથી. આમ છતાં આધ્યાત્મિકતાની પરિભાષા વાપરવાથી જ બીજાને ડુબાડી દઈને પોતે મોક્ષ પામતા હોય એવું માનવાનું એમનામાં ભોળપણ હોય છે.

જીવનમાં તો આપણી અંગત મર્યાદાને અનુસરીને જ આપણે તિરસ્કારપુરસ્કાર કરતા હોઈએ છીએ, પણ કળા આપણને અનીતિમાં રાચવા માટે કે કુત્સિતનું કામણ કરવા માટે જ શિષ્ટ સમાજે નિષિદ્ધ ગણેલા ક્ષેત્રમાં લઈ જાય છે? જો એમ કહીએ તો રસાસ્વાદની પ્રક્રિયા જ આપણે સમજ્યા નથી એમ જ કહેવું પડે. એમાં વ્યક્તિ તરીકેનાં આપણાં દૂષણભૂષણને પંપાળવાના હોતા નથી. જે કાલિદાસ વાંચીને 'સેક્સ'ની ફરિયાદ કરે, ભવભૂતિ વાંચીને 'ગ્રોટેસ્ક'ની ફરિયાદ કરે, બોદલેર વાંચીને 'કુત્સિત'ની ફરિયાદ કરે તેને કળાનો સ્પર્શ જ થયો નથી એમ કહેવાનું રહે. જીવનની પ્રાકૃતતાને ઢાંકવા માટે ચોંટાડવાનું સોનેરી વરખ તે કળા નથી. આ અદમ્ય અસીમ જીવના વેગને સામી છાતીએ ભેટનારા, એમ કરવા જતાં વિશીર્ણ થઈ જનારા, સર્જકોની આપણે આપણી કહેવાતી 'શિષ્ટતા'ની કોટડીમાં બેસીને હાંસી ઉડાવીશું? ભણેલા છતાં કળાના ક્ષેત્રમાં નિરક્ષર એવા સમાજના મોટા ભાગના લોકો એમના અજ્ઞાનમૂલક આદરના ઉચ્ચાસને આપણને બેસાડે તે અસહિષ્ણુતાનો ધજાગરો ફરકાવવા? શિષ્ટ સમાજની શિષ્ટ ગાળ પુણ્યપ્રકોપને નામે ઓળખાય છે. દરેક પોતાનાં થોડાં દેવલાંની પોટલી સાચવતું બેઠું હોય છે. પણ એ દેવલાં સામી વ્યક્તિના પર ઘા કરવાનું સાધન હોય એવી રીતે એને વાપરવામાં શિષ્ટતા રહી છે ખરી? એ દેવલાંમાંથી સાચો દેવ પ્રકટ કરવાનો પુરુષાર્થ એથી વધુ સમુચિત નહીં લેખાય? આપણે આપણું પૂરું મન લઈને જીવતા નથી, આપણે આપણી ચેતનાના સર્વ ખણ્ડોમાં વસતા નથી. જે ઓરડા બંધ રાખ્યા હોય છે તે ભૂતિયા ઓરડા થઈ જાય છે. ત્યાં પ્રવેશવાનું ભયાવહ બની જાય છે. કળા પોતાના વિષય તરીકે કુત્સિતને સ્વીકારે છે કે સુન્દરને તે મહત્ત્વનું નથી, એ તો કાચી ધાતુ છે એનું કળાકાર શું કરે છે તે મહત્ત્વનું છે, નહીં તો ઈશ્વર કરતાં સેતાનનું પાણી વધારે પ્રભાવશાળી આલેખનાર મિલ્ટનને આપણે શું ફાંસીએ ચઢાવીશું? ઇયાગોના પાત્રને રચવામાં પોતાની શ્રેષ્ઠ શક્તિ ખરચનાર શૅક્સપિયરને આપણે મૂરખ કહીશું?

આપણે આપણા પૂર્વગ્રહો આપણા ઘરની ચાર દીવાલ વચ્ચે ઊછેરીએ તો તેનો વાંધો નહીં, પણ એને ત્રિકાલાબાધિત સત્યના વાઘા પહેરાવીને સમાજ પર વર્ચસ્વ સ્થાપવાનો

પ્રયત્ન કરીએ તો તે એટલું જ અશિષ્ટ ગણાય. નીતિ આચરવામાં ભયસ્થાન નથી, પણ નીતિનો દુરાગ્રહ આપણને અનીતિ તરફ ખેંચી જાય.

કળા જે અખણ્ડતાનું પ્રત્યક્ષ આકલન કરાવે તેને આપણે આપણને સદી ગયેલી નીતિની કાતર ફેરવીને આપણા માપની વેતરી લઈએ તો એમાં કેવળ આપણને જ ખોટ જાય. એ પણ યોગ્ય તો ન જ કહેવાય. પણ એથી આગળ જઈને જો આપણે સમાજને આપણા જ માપદણ્ડ સ્વીકારવાનો દુરાગ્રહ રાખીએ તો એમાં કળા કે નીતિનું ગૌરવ થતું નથી.

જો આ વલણ વધુ બળવાન થતું જશે તો વાલ્મીકિ, કાલિદાસ શૅક્સપિયરની જ નહીં પણ આપણા ઘણા બધા ધર્મગ્રન્થોની પણ સુધારેલી કાટછાંટ કરેલી આવૃત્તિઓ જ વાંચવાની મળશે. આપણા ઘરનો બગીચો તે શિષ્ટ અને વન તે અશિષ્ટ એમ કહીશું?

ગ્રીસમાં પણ એક વિવેચકે પ્લેટોએરિસ્ટોટલના જમાનામાં ‘હોમરને ચાબખા મારો’ એવી કૃતિ લખી હતી. આ વલણ જૂનું છે, એણે પણ ઊંડી જડ નાંખી છે. બોદલેરની કવિતામાં અર્વાચીન માનવસન્દર્ભ પહેલી વાર સમર્થ રીતે પ્રગટ થયો હતો, તેમ છતાં ફ્રાન્સની એકેડેમીના સભ્ય એક અધ્યાપક મહાશયે બોદલેરની ભર્ત્સના કરી હતી. હેન્રી મિલરે આવા સોગિયા લોકોની મશ્કરી કરતાં કહ્યું છે : ‘એવા સજ્જન વરસાદ પડવાના પછી ઘાસના મેદાનમાં ફરવા નીકળે ને કૂણા ઘાસને વરસાદ પડ્યાને કારણે ભીની ધૂળથી ખરડાયેલું જુએ તો અવશ્ય ઠપકો આપીને કહે : ‘મૂરખ, જોને, મોઢું કેવું ગંદું કર્યું છે!’

15-10-74

*

# નવો શૂન્યાવકાશ

કોઈ વાર જોઉં છું કે આકાશમાંથી લોહીનાં ટીપાં વરસે છે. ચારે બાજુ મૃત માનવીઓ રોપાઈ જાય છે અને એનાં વન વિસ્તરે છે. ઘરનાં છાપરાં કોઈ રાક્ષસી પંખીની પાંખ પ્રસારીને ઊડવા માંડે છે. પવન ફાંસો ખાઈને ઝૂલ્યા કરે છે. ઘરના ગોખલામાંના દેવો ગુપચુપ કોઈની નજર ન પડે તેમ, કોઈ નવા માયાલોકમાં સરકી જાય છે. જીવનભર ભદ્રની જ ઉપાસના કરનારને તો આવી 'અશુચિ' કલ્પના કદી પજવતી જ નહીં હોય; હું પણ ઘણું મથું છે ને વિચારું છું કે વરેણ્યભર્ગ સૂર્યને જ જોઉં, અન્ધકારનું અસ્તિત્વ જ ન સ્વીકારું. બધે કેવળ સત્ય છે એમ જ માનું ને અસત્યને તો પાપીઓએ ઉપજાવેલી ભ્રાન્તિ જ માનું. ક્યાંય દુ:ખ નથી. વેદનાનો ચિત્કાર નથી. છે કેવળ મુદા – એમ જ મારાં હઠીલા હૃદયને સમજાવું છું. પણ આ સૂર્ય જ ભ્રાન્તિને ટકવા દેતો નથી. મારી આંખો એની પ્રામાણિકતા છોડવા ઇચ્છતી નથી. દુ:ખના મુખ પર પહેરાવેલું સુખનું મહોરું સરી પડે છે. સૌન્દર્યની પાછળથી વિષનો ફુત્કાર સંભળાય છે.

મને કોઈક વાર લાગે છે કે જે લોકો ઇન્દ્રિયનિરોધ કરી શકે છે તે લોકો કેટલાક ન લેવા જેવા અનુભવોનો નિષેધ કરી શકે છે. પણ મને તો એમ લાગે છે કે ઈશ્વરે મને કેવળ છઠ્ઠી સાતમી જ નહીં પણ દસમી ઇન્દ્રિય આપી છે. આથી એકલો સૂર્ય જ એમાં થઈને પ્રવેશતો નથી પણ મને અનનૂભુત ભયથી અભિભૂત કરી નાખનાર અન્તરીક્ષનો કોઈ નવો જ શૂન્યાવકાશ એની પ્રચણ્ડ નિ:શબ્દતા સાથે મારામાં પ્રવેશે છે. મારા નાનકડા ઘરના નાનકડા ઉંબર પર પ્રગટાવેલા દીપથી અજવાળાનું નાનું શું અનુકૂળ જગત આ ઇન્દ્રિયોના દ્વારેથી ધસી આવતા પ્રચણ્ડ હાહાકારથી હતું ન હતું થઈ જાય છે. છતાં

શ્રદ્ધાળુ મુરબ્બીઓના કરસંપુટમાંથી જો એક બે બિન્દુ શ્રદ્ધાનાં ટપકે તો હું ઝીલી લેવા આતુર છું. મારી આંખને હું અદૃષ્ટથી આકર્ષાઈ જતાં વારું છું. કોઈ અશ્રુત ધ્વનિથી હું ઉત્કર્ણ થવા ઇચ્છતો નથી. ચાર દીવાલની અંદર બંધ બારીબારણાંથી સુરક્ષિત રહીને મારાથી જીરવી શકાય એટલો જ નાનકડો ઈશ્વર નિપજાવી લેવા ચાહું છું. આ બાવન અક્ષરની બારાખડીનો પણ મને લોભ નથી. અતલ ઊંડાણવાળા કે ખંધા ધૂર્ત શબ્દોની સોબત મનેય ગમતી નથી. છતાં એકાએક આ બધું પાનાંના મહેલની જેમ કડડભૂસ તૂટી પડે છે. હું ચીંદરડાની જેમ ઊડતી શ્રદ્ધાને ઝાલી રાખીને મને ઢાંકવા મથું છું.

વૃક્ષો જટાવાળા ઋષિમુનિ થઈને શાન્તિપાઠ કરે, નદીઓ કોઈ પુણ્યશાળી સંત પુરુષની વાણીની સ્રોતસ્વિની બની રહે, દરેક પાષાણને મુખેથી સ્વસ્તિવચન સાંભળું. દરેક તૃણાંકુર આશાની વિજયપતાકા લહેરાવે. આવું બધું મને નથી થતું એમ નહીં, પણ મારી દશમી ઇન્દ્રિયમાંથી કોઈ નવું જ તત્ત્વ પ્રવેશે છે. એ શ્રદ્ધાથી વધારે વિશાળ છે. આશાથી વધારે ઉજ્જ્વળ છે. મારા ઘરના નાના નાના અંધારિયા ખૂણામાં લપાયેલા તુચ્છ ભયથી વધારે ભયાનક છે. મારા ગોખલામાં બેઠેલા બટુકડા ઈશ્વરથી કેટલાય ગણું વિરાટ છે – એ મારાથી જિરવાતું નથી.

આથી થોડી ઉછીની લીધેલી શ્રદ્ધા મારી આંગળીઓ વચ્ચેથી સરી પડે છે. આવડી સરખી સિગરેટના ખોખાની અંદરના ચાંદીના કાગળ જેવી ચળકતી આશા ભડકો થઈને ખાખ થઈ જાય છે. મારો નાનકડો ઈશ્વર ઘીના દીવાની જ્યોતની ઓથે ધ્રૂજતો ધ્રૂજતો લપાઈ જાય છે. મેં સમજાવીપટાવીને ઢબુરી રાખેલા શબ્દો નવી જ અહાલેક જગાવીને આસુરી નૃત્ય કરવા માંડે છે.

મારી આજુબાજુ પુસ્તકોની થપ્પી છે. મારા ઘરની દીવાલ પર એકાદ ગણપતિ કેલેંડરના વાહન પર બેસીને ઝૂલે છે. એક સહીસલામત ચકલો ચકલી ભાવિ સંસારનાં સ્વપ્નો અધબીડી આંખે જોતાં બેઠાં છે. ક્યાંક કીડીઓની હાર શિસ્તબદ્ધ રીતે, સ્વસ્થતાથી ચાલી જાય છે. આ બધું જોઈને હું શ્રદ્ધાળુ થવા મથું છું. આ પુસ્તકો એમની સહસ્રજિહ્વાએ મને આશીર્વાદ આપશે એવી આશા રાખું છું. પણ કબાટના ચોરખાનામાં સંતાડેલી મારી છબિમાંથી જાણે વિષાદના ફુવારા ઊડે છે. આથી હું શ્રદ્ધાવાન થઈ શકતો નથી. આશાવાદી થઈ શકતો નથી. મારા ઉદ્દણ્ડ શબ્દો બધે જઈ

જઈને શ્રદ્ધાની હાંસી ઉડાવે છે. ઈશ્વર દયામણે મુખે મારા તરફ જોઈને ઉદ્ગાર કાઢે છે. ‘અલ્યા તું!’

એથી તો કહું છું મારા શબ્દોને તમે બહુ ચગાવશો નહીં. મારા પડછાયાને સુધ્ધાં તમારો ઉંબર ચઢવા દેશો નહીં, અરે, મારા ઘરનો ભ્રષ્ટ પવન પણ ચોરીછૂપીથી તમારા ચન્દનઅચિર્ત ગ્રંથનાં પૃષ્ઠ વચ્ચે લપાઈ જાય નહીં તેની તકેદારી રાખજો.

20-10-74

*

# ભયાવહ પ્રલોભન

સવારે ઊઠીને આંખ ખોલતાંની સાથે એક પ્રબળ પ્રલોભન મારા મનનો કબજો લઈ બેસે છે. નિદ્રા દરમિયાન ચેતનાના સાતમા પાતાળમાં જઈને જે જોયું હોય છે તેને સવારના આપણા સચ્ચાઈભર્યા વાસ્તવિક સૂર્ય પાસે પ્રમાણિત કરાવી લેવાનું મન થાય છે. એ સાતમા પાતાળમાં નથી કોઈ પાતાળકન્યા કે નથી બલિરાજા. રત્નો કે મોતીનો ભંડાર પણ નથી. ત્યાં થીજેલાં આંસુનો એક બિલોરી મહેલ છે. એ મહેલમાં જે વસે છે તે તો એક પ્રકારનો અગ્નિ, પણ આપણને પરિચિત અગ્નિનો જે વર્ણ છે તે એનો નથી, માટે હું એને અગ્નિ કહેતાં સહેજ ખચકાઉં છું. વળી એ અગ્નિ હોવા છતાં થીજેલાં આંસુને પિગળાવતો નથી. છતાં પોતાની જિહ્વા ફેલાવીને અણુએ અણુમાં વ્યાપી જવાની એની પ્રવૃત્તિ અગ્નિના જેવી જ છે. એ અગ્નિને તેજ નથી. આથી જ તો એ સૃષ્ટિની રૂપરેખા હું જોઈ શકતો નથી. આથી જ તો સૂર્ય એને વાસ્તવિક રૂપ આપે એવો મને લોભ છે.

હું જાણું છું કે આવું પ્રલોભન ભયાવહ છે. પાતાળની ગુફામાં નાગકન્યા જ નથી હોતી, અસુરો પણ હોય છે. વળી બે વિશ્વને સમાવવા જેટલો વ્યાપ આપણી પાસે ક્યાં હોય છે? ઘણી વાર આ આકાશની વિશાળતા પણ રૂંધી નાખે એવી સાંકડી લાગે છે. આંખ એવી તો ફેલાઈ જાય છે કે આ પરિચિત વિશ્વ તો નાનું ટપકું બનીને ક્યાંનું ક્યાં દૂર સરી જાય છે. બધાં પરિમાણો અસ્તવ્યસ્ત થઈ જાય છે. આપણને વિશ્વસ્ત કરનારા આધારો ખસી જતાં લાગે છે.

આથી સવારે જાગતાંની સાથે જ જાણે સફાળો કૂદકો મારીને આ પરિચિત વાસ્તવિકતાની સીમામાં આવી પડું છું. મને એવું લાગે છે કે જો ક્ષણાર્ધનો પણ વિલમ્બ

થાય તો કદાચ કોઈ અજાણ્યા શૂન્યાવકાશમાં ફેંકાઈ જાઉં. પછી આ સૃષ્ટિનું કશું ગુરુત્વાકર્ષણ મને અહીં ખેંચી લાવી નહીં શકે. આથી જાગતાંની સાથે જ મારા ખાટલાની પાસે પડેલી વૃદ્ધ જર્જરિત ખુરશીના હાથા પર હાથ ટેકવું છું. પછી બેઠો થઈને બારીના સળિયાનો આધાર લઉં છું. ત્યાં સુધીમાં તો મારું ઘર પૂરો આકાર લઈ લે છે. દીવાલને એની નક્કરતા પ્રાપ્ત થાય છે. દર્પણ દેખતું થાય છે. દેવો પણ પૂરો દેહ ધારણ કરીને તરભાણામાં સ્નાનોત્સુક થઈને બેસી જાય છે.

ધીમે ધીમે ટેબલ પરનાં પુસ્તકો વચ્ચે પોઢેલો પવન જાગે છે. કેલેંડર જીવતું થાય છે. ઘડિયાળ જાગીને કોઈ ગભરુ બાળકની જેમ ભુલાઈ ગયેલા આંક એક્કી શ્વાસે બોલી જાય છે. માટલામાંનું પાણી આળસ મરડીને જાગે છે ને જળપરીઓ બુદ્‌બુદ બનીને સંતાઈ જાય છે. પછી અગ્નિ જાગે છે ને નિયમિત કામ કરનારા વફાદાર કામગરાની જેમ કામે ચઢી જાય છે. માળિયા પરના અનાજના ડબ્બાઓમાં ચોખા દાળ એકબીજાને સાદ દઈને જાગે છે. ઘઉંનો લોટ ઘીના ડબ્બા તરફ નજર નાખે છે. મરચાંની તીવ્રતા નાકને ઉશ્કેરે છે.

ત્યાં સુધીમાં તો સૂર્ય પૂર્વ તરફના બંને ઓરડામાં બધે ફરી વળ્યો હોય છે. શિરીષ માથું હલાવીને પ્રાતઃકાળનું અભિવાદન જણાવે છે. કરેણ પોતાની પાંખડી વચ્ચેના રહ્યાસહ્યા અન્ધકારને ખંખરી નાખે છે. કાંટાસેરિયાનો સુવર્ણપુંજ સૂર્યની પગલીનાં ચિહ્ન ઝીલી રહે છે.

મેદાનમાંનું કીટજગત ઝાકળથી ભીની માટીની નીચે લપાઈ જવાને એનાં અનેક પગે ચાલી નીકળે છે. પંખીઓની પાંખમાંથી હજી ગઈ કાલના સાંજના આકાશની ગન્ધ આવ છે. કીટ મટીને જે પતંગિયું થયું છે તે હજી તો પોતાની પાંખો પર સૂર્યના હસ્તાક્ષર લેવા ઊડે ન ઊડે ત્યાં પતરંગો એને ઝડપી લે છે. ગઈ રાતના ચન્દ્રને તળાવમાં તળિયે સંતાડી આવીને બગલો અધબીડી આંખે જગતની માયાનું ચિન્તન કરી રહ્યો છે.

અનેક પ્રકારના અવાજોનાં ટોળાં ને ટોળાં ધસ્યાં આવે છે. એમાંના કેટલાક ખોડંગાતા ચાલે છે, કેટલાક ઝાડની ડાળી વચ્ચે ખુંતાઈ ગયેલા પવનની જેમ ધ્રૂજ્યા કરે છે. કેટલાક મારા ઉમ્બર ઓળંગીને અંદર આવીને કબાટની પાછળ લપાઈ જાય છે.

સવાર થતાંની સાથે જ થોડા આંકડાઓ મારી આંગળીને ટેરવે બેસી જાય છે. પછી દસ આંકડાની કૂદાકૂદ શરૂ થાય છે. એકબીજામાં ગુંથાઈ જતી આંગળીઓનો ગુણાકાર, આંગળીઓનાં પોલાણ વચ્ચેથી થતી બાદબાકી, આંગળીના કાપા પરથી ચઢતીઊતરતી રકમો – આ બધું હું જોયા કરું છું.

માથું અંદર ખેંચી લઈને ચિન્તનમગ્ન બનેલા કે આત્મવિલોપનની સુખદ ભ્રાન્તિમાં રાચતા કાચબાના જેવા મારા પગ જાગે છે. અંગૂઠો બહાર આવે છે, આદિકાળના કોઈ ભૂચર પ્રાણીની જેમ એ ચાલવા માંડે છે. પણ એને ખબર નથી કે હજી મારું માથું તો મેં ધડ પર બરાબર ગોઠવ્યું નથી. હજી આંખોના ઊંડાણમાં ઠેઠ સુધી સૂર્ય પ્રવેશ્યો નથી.

ક્યાંક જર્જરિત ભિખારણના જેવી અનેક છિદ્રવાળી કન્થા ધારણ કરનારી આ નગરની શાન્તિને કોઈ ઉપાડી લઈ જઈ રહ્યું છે. કોઈ ઘરડા નક્ષત્રની કરચલિયાળ પાંપણ પર હવે એ જઈને આરામ લેશે. દરેક વૃક્ષની ઘટામાં એની ફાટેલી કન્થાની ચીંદરડી લટકે છે. દરેક કૂવાના કાનમાં એનો વદાય વેળાનો શબ્દ રણકી રહે છે.

નકશામાંની સંકળાયેલી પોતાની કાયાને ઉકેલીને નદી અંગ પ્રસારે છે. પાસે જ અખાડાબાજની જેમ ખભા ઊંચા કરીને પર્વત ઊભો છે. એની ટોચ પર બેઠેલાં અમ્બા માતા ઘીના દીવાની વાટ સંકોરે છે. તળેટીમાંની નાની નાની કેડીઓ ફરીથી દોડતી થઈ ગઈ છે. બાજુમાંથી બાળકની દીવાસળીનાં ખોખાંની બનાવેલી આગગાડી સરી રહી છે. મસ્જિદના ખણ્ડેરમાં સૈકાઓ પહેલાં કોઈ મુલ્લાંએ પુકારેલી બાંગ ઘૂમી રહી છે. ભોગળ વગરના તોતંગિ દરવાજા પોતાનું પોલાણ સાચવતા એમના એમ અડીખમ ઊભા રહ્યા છે.

મારી આંગળીના નખના ગુલાબી આકાશમાં પણ અર્ધચન્દ્ર ઊગ્યો છે. એના નીચેના વેઢામાં સુવર્ણમુદ્રાની પ્રદક્ષિણા ચાલ્યા કરે છે. અનામિકા ધૂર્ત બનીને પોતાનું નામ કોઈને કહેતી નથી, તર્જનીની તોછડાઈથી બધા ચીંધાયા કરે છે. અંગૂઠા પરનાં ચક્ર ફર્યા જ કરે છે. એક નખમાં કોઈના કેશનો એક તન્તુ ભેરવાઈ રહ્યો છે. એને તાંતણે તો કેટલી બધી પરીકથાઓએ આશ્રય લીધો છે.

આ દરમિયાન ક્યારનોય મારો પડછાયો મારી પાછળ આવીને ઊભો રહી ગયો છે. એ ભારે ચાલાક છે. એનો ધકેલેલો હું ચાલું છું છતાં દુનિયાને એ એમ બતાવે છે કે એ જાણે મારો અનુચર છે. એ સૂર્યની સાથે કાવતરું કરીને આખો દિવસ મારાં પરિમાણોની અદલબદલ કર્યા કરે છે. આથી કાંઈક હું પોતે જ ભુલાવામાં પડીને મારી જાતને ખોઈ બેઠાની ભ્રાન્તિથી વ્યાકુળ બની જાઉં છું.

પાંદડાંઓના ઘુમ્મટમાંથી આઝાનનો અવાજ સંભળાય છે. ગયા જનમનો કોઈ ફિરસ્તો સાપ થઈને એ સાંભળે છે. પવનની કિનાર એનાં આંદોલનથી હાલે છે. પવનથી ચિરાયેલા વહાણના શઢ જેવી મારી છાતી હલબલે છે. બારીબહારનું જગત ડોલતા વહાણના જેવું અસ્થિર બની જાય છે. હું મારી નાની દીકરીના ભાર ઝીલવા નહીં ટેવાયેલા ખભાનો આધાર લઈને સ્થિર થાઉં છું.

મરેલી ભાષામાં ઢબુરાઈને પડેલા મરેલા યુગોને એક અંધારા ઓરડામાં હું પૂરીને આવ્યો છું. ત્યાં ડહાપણભરી એક કીડી એ મરેલી ભાષાનાં ખોખાંને ખોતરતી એ યુગોને ઢંઢોળી આવે છે. કીડીની કેડ પર કાંઈ એક સૂર્યનો ભાર શી રીતે લાદી શકાય? છતાં એ પુસ્તકોમાંથી ધીમે ધીમે એક કિરણસેર પ્રસરે છે, યુગો જાગીને આળસ મરડે છે.

મારી દીવાલોના કાનમાં મન્ત્ર ફૂંકીને હું એમને પાંખો પસારીને ઊડી જવાને ઉશ્કેરું છું. એ સાંભળીને ત્યાં બેઠેલા ગણપતિ અસ્થિર થઈને એમની સૂંઢ ડાબી બાજુથી જમણી બાજુએ ફેરવે છે. ખીંટી પરના ખમીસમાં સૂતેલું કોઈ પ્રેત સળવળે છે. એકાએક દીવાલો ઘટા વિસ્તારીને નિબિડ અરણ્યમાં ફેરવાઈ જાય છે.

સૂર્યને હું થોડીક સીધી રેખાઓનું ચોક્કસ માપ આપી જવાને વિનવું છું. પણ બહારના લીમડા અને શિરીષ પોતાના શાખાપલ્લવનું નકશીકામ મારા ઓરડામાં આંકી દેવા સૂર્યને લલચાવે છે. સૂર્યનાં શતાબ્દીકુશળ ટેરવાં જોતજોતાંમાં કાંઈ કેટલીય ભાત મારી દૃષ્ટિ સમક્ષ ઉપસાવી આપે છે.

આ દરમિયાન ઘરના નળને વાચા ફૂટે છે. એના કણ્ઠ્ય સ્વરોનો ઘુરઘુરાટ હું સાંભળું છું. એ સ્વરોની ધારામાં ભીંજાતી એક ચકલી જાણે એનો મર્મ સમજતી હોય તેવો ઢોંગ

કરતી બેઠી છે. થોડાં તડકાનાં ફોરાં પણ અહીંતહીં ઊડે છે. બુલબુલની આંખમાં એનું આશ્ચર્ય છે, પણ પચનક તો જાણે સદીઓનું ડહાપણ સંઘરીને બેઠું હોય તેમ સહેજ પણ હાલતુંચાલતું નથી.

દિવસની ગતિ બદલાય છે. સૂર્ય જરાક ત્રાંસો થાય છે. એ તિર્યક્તા સૃષ્ટિને પણ જરાક ત્રાંસી કરે છે. આથી કબાટની ભગવદ્ગીતામાંના સોળમા અધ્યાયમાં જુદી જુદી રાખેલી આસુરી અને દૈવી સંપત્તિ અવળસવળ થઈ જાય છે. હોસ્પિટલનો મુમુર્ષુ દર્દી આખરી પડખું બદલે છે. ધોળા ધોળા પડદાને પવનની આંગળીએ હડસેલીને ધોળું ધોળું મરણ અંદર પ્રવેશે છે. આ નગરમાં ક્યાંય કોઈ એ મરણના પડછાયાનો અણસાર પામતું નથી.

22-10-74

*

# બાળવાર્તાની દુનિયા

ઘરના ઉંબર પર પગ મૂકતાં કોઈક વાર અજાણ્યો ભય લાગે છે. ઘરમાંની વ્યક્તિઓ, અસબાબ બધું જ પરિચિત છે. ઘરમાં સૌથી મોટી વયનું વડીલ તે દીવાલ પરનું ઘડિયાળ છે. ઇયોનેસ્કોના પેલા નાટકમાંના ઘડિયાળની જેમ એ સ્વેચ્છાએ વર્તે છે. સાંજે સાત વાગે એ બારના ટકોરા પાડી દે છે. એનો ચિરપરિચિત ટિકટિક અવાજ એ મારા ઘરની નિશ્ચિતતાનો એક પાયો છે.

ચોપડીઓની થપ્પીમાં ઘરમાંનાં બાળકો માટેની બાળવાર્તાની ચોપડીઓ છેક નીચે દબાઈ ગઈ છે. હવે એ દુનિયા છોડીને એ બાળકો ઇજનેરી, સ્થાપત્ય અને અર્થશાસ્ત્રના વિશાળ જગતમાં વિહાર કરવા જતાં રહ્યાં છે. છતાં, કોઈ ન જુએ તેમ હું કોઈક વાર એ ચોપડીઓને બહાર કાઢીને એનાં રંગીન ચિત્રો ને મોટા મોટા અક્ષરોની સૃષ્ટિમાં ચાલ્યો જાઉં છું. સાથે ચંચળ હાથે, નૃત્ય કરવાની અદામાં ઝડપાઈ ગયેલા, કેટલાક બારાખડીના અક્ષરો પણ જોઉં છું. એ ‘એક હતો રાજા’ ને એની ‘સાત રાણી’ હજી ત્યાં રાજ કર્યા કરે છે. કોઈ વાર રાતે મારાં ઘણાં બધાં વર્ષો કોઈ પરી એની નાજુક પાંખ પર મૂકીને ઉપાડી જાય છે ત્યારે ફરી હું પેલી રૂમઝૂમ રૂમઝૂમ ઝાંઝર રણકાવતી ચાલનારી, રૂપરૂપના અમ્બાર જેવી, દિવસે ન વધે તેટલી રાતે વધે ને રાતે ન વધે તેટલી દિવસે વધે એવી રાજકુંવરીને શિશુની વિસ્ફારિત આંખે જોઈ રહું છું.

સવાર થતાં વીતેલાં વર્ષોનો ભાર મારે ખભે ચંપાયો છે, મારા જકડાઈ ગયેલા પગને સમજાવતો પટાવતો હું ઊભા થવાનો પ્રયત્ન કરું છું ત્યારે મેદાનમાં પંદરસો મીટરની દોડ દોડનાર જુવાનને જોઈને હું અદેખાઈથી બળી મરું છું.

કોઈ વાર સવારે હું ઘરમાં એકલો જ જાગી જાઉં છું. ત્યારે આરામખુરશી પર કોઈકને બેઠેલું જોઉં છું. એ બદામી રંગનો, બાંયની ચાળ આગળથી ફાટેલો કોટ, એ પમ્પ શુઝ – હું તરત ઓળખી કાઢું છું. એ તો મારા પિતાજી, બેઠા બેઠા, બહાર જવાની તૈયારીમાં, પાન ખાઈ રહ્યા છે. એમના હોઠ પર મેં આપેલા ભાતના અબીલ કંકુરંગ્યા પંડિના દાણા ચોંટેલા છે. એમના પર થઈને મીંઢોળા નદી વહી રહી છે. હું ઊભો થાઉં તે પહેલાં એઓ ઊભા થાય છે, ચાંદીની મૂઠવાળી લાકડી હાથમાં લે છે ને જવા માટે ઊભા થાય છે. જતાં જતાં કેલેંડરનું પાનું ફાડતા જાય છે. એમને છાજે એવા નીરવ પગલે એઓ ચાલી જાય છે ને બારણું ખખડે છે. હું સફાળો ઊભો થઈ જાઉં છું. દૂધવાળો આવ્યો છે. હું ખાલી આરામખુરશી તરફ મૂઢ બનીને તાકી રહું છું.

કોઈ વાર મધરાતે જાગીને જોઉં છું તો ઘરની વચ્ચોવચ છાપરાને ફાડીને એક મહાવૃક્ષને ઊગી નીકળેલું જોઉં છું. એ ઊંચું ને ઊંચું વધ્યે જ જાય છે. એ વૃક્ષનાં પાંદડાં પવનમાં હાલે છે ને એનો અવાજ ઘરની દીવાલો સાથે પટકાઈને મને વાગે છે. ઝાડની દરેક ડાળ પરથી એક એક સાપ લટકે છે. ક્યાંક બેઠેલા ઘુવડની આંખ તગતગે છે, એની બખોલમાં કોઈ અજાણ્યા પંખીનાં ઈંડાં છે. એની ઘટામાંથી કોઈ પશુનો અવાજ સંભળાય છે. હું પડખું ફરીને સૂઈ જઉં છું પણ બીજી સવારે બહારથી આવીને મારી પથારીમાં પડેલાં એકાદ બે પાંદડાં જોઈને હું હબકી જાઉં છું.

કોઈ વાર ઘરમાં એકાએક ભોંયરું છતું થાય છે. હું બધાની નજર ચુકાવીને એનાં પગથિયાં ઊતરી જાઉં છું. ક્યાંક વહેતા જળનો ખળખળ અવાજ સંભળાય છે. અંધારામાં કાંઈ કેટલાય અવાજો ઘુસપુસ કરતા હોય એવું લાગે છે. કોઈક વાર કશુંક ભીનું લાળઝરતું મને સ્પર્શે છે. પણ હવે તો ચારે બાજુ નર્યો અન્ધકાર જ અન્ધકાર છે. એટલે ચાલ્યા ગયા સિવાય બીજો ઉપાય નથી. ત્યાં થોડેક છેટેથી ઘોડાનો હણહણાટ સંભળાય છે, પછી થોડું થોડું અજવાળું દેખાય છે. એ અશ્વ પર કોઈક બેઠું છે એ મને સંકેત કરે છે અને હું અશ્વ પલાણું છું. એડી મારતાંની સાથે ઘોડો પૂરપાટ દોડે છે. કોઈક વાર બીજી વ્યક્તિનું મુખ થોડુંક દેખાય છે. ધીમે ધીમે એના હાથ મને વીંટળાઈ વળે છે પછી તે નાગચૂડની જેમ મને ભીંસે છે. હું સફાળો જાગી ઊઠું છું. મારે શરીરે પરસેવો વળી ગયો છે. એફિડીન લઈને હું શ્વાસના ઉન્મત્ત લયને ઠેકાણે લાવું છું.

બધાં બારીબારણાંની ગણતરી કરી લઉં છું. બહાર મ્યુનિસિપાલિટીની ઘરના નંબરની ભૂરી પટ્ટી તપાસી લઉં છું. બધાં તાળાં અને ચાવી મેળવી લઉં છું. બારણે મેલેરિયાના તાવની નોંધનું કાર્ડ પણ સહીસલામત છે. ઘરની બધી વ્યક્તિઓ હેમખેમ છે. આ બધું નક્કી કરી લીધા પછી હું નિશ્ચિન્ત બનીને તકિયે અઢેલીને બેસું છું. આ વાસ્તવિકતાનો પડદો કેવો જર્જરિત થઈ ગયો છે, એથી જ એનાં છિદ્રોમાંથી તો આ બધું એકાએક મારા પર ધસી આવે છે.

ગોખલામાંના દેવ જાગે છે. અંધારામાં તો એ પણ અલોપ થઈ જાય છે. રાતે સૂતી વેળાએ ચાર દીવાલોને પહેરો ભરવાનું કહું છું, દર્પણને આંખ ખુલ્લી રાખવાનું કહું છું. છતાં દરરોજ રાતે હું ક્યાંક ને ક્યાંક અટવાઈ જાઉં છું.

3-11-74

*

# પાંચ ઇન્દ્રિયોની પાંખડી

હજી આકાશમાં કોઈક વાર વાદળો ચઢી આવે છે. ચન્દ્રની ચાંદની હજી એને કારણે પાંખી લાગે છે. હજી પ્રકાશના પદવિન્યાસમાં વચ્ચે વાદળોના અલ્પવિરામ છે. છતાં પ્રકાશ જ હવે વધશે. પણ તે ગ્રીષ્મ જેવો આકરો નહીં હોય એનું આશ્વાસન છે. સૂર્ય હવે સુખદ બનશે, જેટલો સૂર્ય આ ઋતુમાં આત્મસાત્ કરીએ તેટલું તેજ વધારે. આપણી પાછળ જે છાયાઓને આપણે મૂકી આવ્યા તેને પાછું વાળીને જોવાની આપણી હિંમત છે ખરી? એક એક વીતેલો દિવસ હવે આપણે માટે નવું રહસ્ય ધારણ કરતો જાય છે. કેટલાક દિવસો પુરાણા ખણ્ડેર પર બાઝેલી લીલ જેવા છે, કેટલાક દિવસો ગાઢ વનમાં વર્ષોથી રહેતા જરઠ અન્ધકારમાં જઈને ભળી ગયા છે. કેટલાક દિવસો ક્યાંક કોઈ અજાણ્યા વિષુવવૃત્તીય પ્રદેશમાં અનામી ફૂલ બનીને મહેકતાં હશે. પણ જેને હજી ગઈ કાલ સુધી આપણો દિવસ કહેતા હતા તે એક રાત વીતતાં કેવા અગોચરમાં જઈને ભળી જાય છે!

એવું જ બને છે આપણા શબ્દોનું, આપણી દૃષ્ટિનું, આપણી સ્પર્શસંવેદનાનું અને ઘ્રાણેન્દ્રિયનું. જે શબ્દો આ પહેલાંની ક્ષણે બોલેલા તે હવે આકાશરૂપ બની ગયા છે. પણ બધા જ શબ્દો આકાશમાં તારાની જેમ ચમકે એવા તો નહોતા. આથી ઘણાં શબ્દોનાં તો ખોખાં જ વચ્ચે અવકાશમાં અદૃશ્ય અશ્રાવ્ય બની ગયા છે. સુગન્ધનું પણ એવું જ છે. સુગન્ધ એના પરિવેશથી ઓળખાય છે, બાકી સુગન્ધની વિશિષ્ટતા શી? સામેના ખુલ્લા મેદાનની પણ એક પ્રકારની સુવાસ છે. જીવનાનન્દ દાસ જેવા કવિને સમડીની પાંખમાંથી ગઈ કાલના તડકાની સુગન્ધ આવતી હતી. સુગન્ધ એ એક અત્યન્ત અંગત અનુભવે

છે, આથી એને વિષે જાહેરમાં ચર્ચા કરવાનું સાહસ હું નહીં કરું. છતાં જિન્દગીમાં ઘણી વાર નદીના જળની માણેલી સુવાસ યાદ આવી જાય છે. જે ઓરડામાં બેસીને બાળક મનના પર પહેલવહેલો કશાક અકળ અનુભવનો હળવો શો ભાર અનુભવેલો તેની પણ એક સુવાસ મારી સ્મૃતિમાં છે. કોઈક વાર નિકટતા એટલે સામી વ્યક્તિના શ્વાસને સૂંઘી શકીએ એટલું સમીપવર્તીપણું એવું લાગે છે. બધા કહે છે કે સ્પર્શમાં જ અત્યન્ત નિકટતા છે. એ કદાચ સાચું હશે પણ એ નિકટતા રૂંધી નાખે એવી નથી લાગતી? પણ ઘણી વાર આપણા સ્પર્શ આંધળા હોય છે. બધિર પણ હોય છે. સુવાસની શ્વાસ દ્વારા પ્રાણમાં ભળી જવાની અજબની શક્તિ હોય છે.

સ્વાદનું પણ એવું જ છે. સ્વાદ સાથે અમુક પ્રકારની સ્થૂળતા સંકળાયેલી છે. આથી જ તો સંસ્કારી લોકો સ્વાદની વાત નથી કરતાં. સ્વાદને ક્ષુધા જોડે સાંકળી દીધો છે. પણ જો હું કહું કે આકાશની નીલિમાનો પણ એક સ્વાદ છે તો એમ ન માનશો કે હું કવિવેડા કરું છું. મને અમુક પ્રકારના એકાન્તનો સ્વાદ ખૂબ રુચે છે. અજાણ્યા ગામડાની સીમમાં કોઈ કૂવાના થાળા પર, ઘટાદાર વડની છાયામાં બેસીને કોઈક વાર શીતળતાનો જે સ્વાદ ચાખેલો તે પણ યાદ આવે છે.

દૃષ્ટિનો પણ કોઈક વાર અદ્ભુત જાદુ થઈ જાય છે. કોઈ વાર એકાએક દૃષ્ટિ અત્યાર સુધી નહીં દીઠેલા એવા અજાણ્યા વિશ્વની ભાળ લાવી આપે છે. કોઈ વાર દૃષ્ટિમાં ભારે વેધકતા આવી જાય છે. જેને આપણે અપારદર્શી માનતા હતા તેને પણ એ વીંધીને જોઈ લે. દૃષ્ટિ કોઈ વાર પાંખો બનીને આપણને ક્યાં ને ક્યાં ઉડાવી લઈ જાય છે. આથી જ તો જિંદગીમાં હજી ભારેખમપણું કે ઠરેલપણું આવતું નથી.

સ્પર્શનો તો તકાજો એવો હોય છે કે એને માણતા હોઈએ ત્યારે બીજી બધી જ ઇન્દ્રિયોને ભૂલી જવી જોઈએ. બીજી કોઈ ઇન્દ્રિય સ્પર્શસુખમાં ભાગ પડાવે એ ગમે નહીં. સ્પર્શને કેટલીક વાર વ્યક્તિ સાથેની પૂરી અભિન્નતાથી ઊણું કશું ખપતું નથી. આથી જ સ્પર્શથી બધા ભયભીત થાય છે. આથી જ તો સમ્બન્ધમાં સ્પર્શની ભારે જટિલતા માનવીએ ઊભી કરી છે.

આ પાંચ ઇન્દ્રિયોની પાંખડી ખીલે ત્યાં જ બધું અટકતું નથી. કેટલીક વાર એ પાંખડીની

નીચે સંતાયેલી બીજી પાંખડી દેખાય છે. પાંચ ઇન્દ્રિયો જ સજીવ માનવીથી જિરવાતી નથી, આથી જ તો સ્પૅનિશ કવિ લોર્કા ચિત્કાર કરી ઊઠ્યો હતો : ‘હું એક સાથે પાંચ પાંચ ખંજરથી ઘવાયો છું.’ પણ કોઈ પંચેન્દ્રિયની દીપશિખા પ્રગટાવીને આ જગતને ભક્તિભાવથી પણ જુએ છે.

ઇન્દ્રિયોનાં દ્વાર બંધ કરવાથી જે એકાન્ત પ્રાપ્ત થાય તે કેવું તો ભયાવહ હશે! જો એક ઇન્દ્રિય મંદ પડે તો આપણે કેવાં વ્યાકુળ થઈ જઈએ છીએ? ઇન્દ્રિયોથી જ આપણે બ્રહ્મવિહાર કરીએ છીએ. ઇન્દ્રિયોથી જ આપણે વ્યાપીને વિભુ થઈએ છીએ, આથી શરદની આ સુરખીભરી સવારે સૌથી વિશેષ આનન્દ ઇન્દ્રિયોનાં દ્વાર ખોલીને જગતને આવકારવાનો છે.

10-11-74

*

# આંસુની ખીણ

હું મારા મનને ઉત્સવ માટે તૈયાર કરું છું. ઉત્સવ સુધી પહોંચવા માટે કેટલી આંસુની ખીણો ઓળંગવી પડે! ઉત્સવના દીપ પ્રગટાવવા માટે કેટલો અન્ધકાર ઉલેચવો પડે? પ્રકૃતિમાં તો જોતજોતાંમાં બધું જીર્ણ ખરી પડે છે, ક્યાંય એનો હાહાકાર સંભળાતો નથી, કશા દમામ વગર નવીનનો આવિર્ભાવ થાય છે. પણ આપણા જીવનમાં એવું નથી. બાળપણમાં આપણે કેવા હળવા હતા! સહેજ સરખો મન પર ભાર વરતાય કે ન વરતાય ત્યાં એ આંસુમાં ઓગળીને વહી જતો. આથી જેને મોટી વયે પણ આંસુ સુલભ છે તેની મને અદેખાઈ આવે છે. મારાં વર્ષોની હું સંખ્યા ગણતો નથી. પણ એ વર્ષોમાં જુદે જુદે સમયે વેદનાના જે ભાર ચંપાયા છે તેની ગણતરી કરું કે ન કરું એ ભારને કારણે જ આજે હું થોડો ઘણો ભારેખમ બની શક્યો છું, થોડાં વરસો સુધી તો આંસુમાં નહીં તો હાસ્યના ફુવારામાં એ ભાર બહાર વહાવી દેવાનો ઉદ્યમ પણ કરી જોયો, પણ હવે વેદનાના ગૌરવને બીજાઓ તરફથી માન્યતાઓ મળતી જાય છે, એ મારા વ્યક્તિત્વનો અંશ પણ બનતો જાય છે. એટલે મને પણ એની થોડી ઘણી માયા થતી જાય છે.

આથી જ તો ઉત્સવના દિવસો હું મારા ગૌરવ નીચે કચડાતા મનને ફોસલાવીને એની નહીં ઊગેલી પાંખો ફફડાવવાનું કહું છું ત્યારે મને માલાર્મેની કવિતાનો પેલો હંસ યાદ આવે છે. એ હંસ થીજીને બરફ થઈ ગયેલા જળમાં જકડાઈ ગયો છે. જળ છે પણ એમાં તરી શકાતું નથી, પાંખ છે, આકાશ છે, પણ ઊડી શકાતું નથી. કેવળ થોડા બરફમાં ધોળી પાંખોને અભિન્ન બનાવી દેવાનું સુખ છે.

મોટા સુખને આવકારવા જેટલો સમયનો અવકાશ મારી પાસે બચ્યો નથી. છતાં કેવળ

આનન્દમયી કોઈ માયા મારે ઉમ્બરે આવીને ઊભી રહે એની આશા મેં છોડી નથી. કોઈ વાર હું આનન્દની અત્યન્ત નિકટ હોઉં એવું લાગે છે, પણ એવી જ ક્ષણે છદ્મવેશે છુપાયેલી વેદના એકાએક મારા પર ધસી આવશે એવો ભય મને અસ્વસ્થ બનાવી મૂકે છે. કોઈ વાર વેદનાને મૂળ સમેત ઉખેડી ફેંકવાનો પુરુષાર્થ કરવો ગમતો હતો, હવે મારા બે શ્વાસ વચ્ચેના પડમાં કોઈ વાર હર્ષનો રોમાંચ થાય એવું કશું અનુભવાય છે. ફરી અધીરી આંગળીઓ એની અન્ધતા છોડીને ચોક્કસ દિશામાં પ્રસરે છે તેનો મારે જગતને હિસાબ નથી આપવાનો કે એને વ્યક્ત કરવા કવિતાની બે પંક્તિ લખવાનો લોભ પણ નથી કરવો ગમતો.

આવું સુખ, અરવ પગલે ઘરમાં પ્રવેશતી છાયાના જેવું, અણજાણપણે સ્પર્શી જતી પવનની લહેરીના જેવું, અજાણી અનામી સુગન્ધના જેવું હજી જીવનમાં આવી ચઢે છે. એને લોભથી હું રોળીચોળી નાખવા નથી ઇચ્છતો, છતાં વર્ષોના થરને ભેદીને એકાએક નવાંકુરના જેવી કોઈ વાસના પ્રસ્ફુટિત થઈ ઊઠે છે.

આથી જ તો ઉત્સવને પ્રસંગે મારી વેદનાઓને પણ પ્રફુલ્લિત થતી જોઈને હું ખેદ અનુભવતો નથી. પ્રફુલ્લિત થયેલી એ વેદનાની પાંખડી પર આનન્દને ઝાકળના બિન્દુની જેમ ઝીલવાને હું ઉત્સુક છું, આ ઉત્સવના દિવસોમાં આપણા દેશની યુગજૂની યાતનાઓ સહન કરીને રીઢી બની ગયેલી પ્રજા સ્નેહહીન જીવનમાં પણ દીપ પ્રગટાવવાનું દુ:સાહસ કરે છે ત્યારે કેવળ મારી વેદનાને વહાલી ગણીને બેસી રહેવાનો મને શો અધિકાર?

આશ્ચર્યચકિત કરી દે એવી વાત છે પણ એક સાથે આખો એક જીવનભરના આનન્દોનો સમૂહ મારે ઉંબરે આવીને ઊભો રહે છે. આથી હું પણ દીપ પ્રગટાવીને થોડો પ્રકાશ પ્રસરાવવાનો આશાવાદ સેવું છું.

એક પ્રકારની સમજપૂર્વકની કૃતકૃત્યતાનો મને અનુભવ થાય છે. મને લાગે છે કે મારી સાથે વેદના પણ જોડાયેલી જ રહી છે. કેટલાંક મુખ વેદનાની અગ્નિશિખાને અજવાળે જ હું જોઈ શક્યો છું. આનન્દની ઊછળતી છોળમાં કેટલાક સાથે મેં મને પણ છલકાતો જોયો છે. આ નૂતન વર્ષે મારું હૃદય આભારની ભાવનાથી સભર છે.

હવે ખોટી આશા કે વન્ધ્ય નિરાશા મને ફોસલાવી શકે એમ નથી. વેદનાની છીપમાં આનન્દનું મોતી ક્યારે બંધાશે તેની પણ હું રાહ જોતો નથી. મારી સામે કેવળ આનન્દથી ચમકતી બે આંખોને જોઉં છું.

17-11-74

*

# વિશ્વસનીય અન્ધકાર

ઘણી વાર અન્ધકાર બહુ વિશ્વસનીય લાગે છે. દિવસના પ્રકાશમાં મારો પોતાનો જ જમણો હાથ ડાબા હાથ પર વિશ્વાસ મૂકતો નથી ને એની પાસે જતો નથી. અન્ધકારમાં બંને એકબીજાને સરળતાથી મળે છે, દીવો પ્રગટાવ્યો હોય તો પણ બુઝાઈ ગયો હોય અને તાપણી માટે સળગાવેલાં લાકડાંમાંથી એકાદ અંગારો એ અન્ધકારમાં પ્રકાશ ફેલાવતો હોય એ જોવાનું કેવું ગમતું! શિયાળાની રાતે અન્ધકારમાં શબ્દો બોલવા જઈએ ને શબ્દો થીજી જાય, એની શ્વેત રેખા માત્ર આછી આછી વાતાવરણમાં લહેરાયા કરે, ઇતિહાસ બની ગયેલી ગઈ કાલનો આછો ભાર અન્ધકાર પર તોળાઈ રહ્યો છે. અન્ધકારના છિદ્રને ભેદીને સમય સૂસવે છે. પ્રકાશનું એકાદ કિરણ જો ક્યાંક દેખાય તો કેવો સંઘર્ષ ઊભો થાય! પ્રકાશ નથી માટે જ અન્ધકાર નર્યો શાન્તિમય લાગે છે.

બહાર આછી ચાંદનીમાં ધુમ્મસ પ્રસરે છે અને ધીમે ધીમે મકાનની રેખાઓને ઝાંખી બનાવી દે છે. વૃક્ષોનાં પાંદડાં વચ્ચે થઈને ધુમ્મસની આંગળીઓ સરકે છે. એ ધુમ્મસ પવનને ભેદીને આરપાર ચાલ્યું જાય છે. અહીં મારી બંધ બારીના કાચ આગળ એ કોઈ વન્ય પશુની જેમ એનું મોઢું ઘસે છે ત્યારે મને ટી.એસ.એલિયટ યાદ આવી જાય છે.

વહેલી સવારે જાગીને જોઉં છું તો ઠંડી હજી સંકેલાઈ ગઈ નથી. કાગડાઓ કશો અવાજ કર્યા વિના ઊડે છે. પર્વતને ખભે માથું ઢાળીને સૂતેલાં ઝરણાં જાગે છે. નદીઓ સૂર્યસ્પર્શને માટે ઉદ્યત થઈ જાય છે. શેરીઓમાં ગઈ રાતના થીજી ગયેલા અવાજો આળસ મરડીને જાગે છે.

દૂરથી રેલવે એન્જિનની વ્હિસલ થરથરતી કંપતી મારા ઘરની દીવાલ સુધી આવી પહોંચે છે. રસોડામાંનો નળ વેદકાળના ઋષિની જેમ ત્રિષ્ટુભ છન્દમાં ઋચા કહે છે. પાસેની કરેણ સોડિયું વાળીને ઊભી છે. રંગોની રમત પૂરી થવા આવી છે. બધે આ હેમન્તની સવારે જાણે એક જ રંગ પ્રસરેલો દેખાય છે. એનું કોઈ નામ નથી, પણ એ હેમન્તનો વર્ણ છે.

વહેલી સવારે ઘરનું બારણું ખૂલતાંની સાથે જ બહાર દોડી આવેલા શિશુની જોડે ઘરમાંની ઉત્તપ્ત હવા પણ નિરાંતનો દમ ખેંચીને બહાર નીકળી આવે છે. હું નિશાળ પરનાં નળિયાંને રાજા મિડાસની આંગળીનો સ્પર્શ થતો જોઉં છું. પવન કોઈએ વિદાય વેળાએ ફરકાવેલા રૂમાલની જેમ ફરફરે છે. દીવાલ પરનું કેલેન્ડર નવા નવા આંક શીખેલા બાળકની જેમ એ ફરફરતા પવનમાં એકી સાથે કાંઈ કેટલીય તારીખના આંકડા બોલી જાય છે, ઘરમાં જે હજી જાગ્યાં નથી તેમની આંખની પાંપણને પવનની આંગળી ખોલી નાખે છે.

દિવાળીના રંગબેરંગી કાર્ડ પરનો સોનેરી રંગ સૂરજના પહેલા કિરણ આગળ જરા બડાશ મારી લે છે. એ કાર્ડ પરની દીપાવલિના દીપ હજી એવા ને એવા ટમટમે છે. સવારની સુરખીમાં માનવીઓના ચહેરા વધુ સ્વચ્છ લાગે છે. હું લખવા માટે ધોળો કાગળ ટેબલ પર મૂકું છું. થોડી જ વારમાં મારા અક્ષરો હિમાચ્છાદિત ભૂમિ પર ઊડતા કાળા પંખીની જેમ એના પર છવાઈ જાય છે.

રસ્તેથી થોડાક ખ્રિસ્તીઓ દેવળમાં જઈ રહ્યા છે. એમનાં શ્વેત વસ્ત્રોમાં ઇસુ ખ્રિસ્તનું શાન્તિભર્યું આશ્વાસક સ્મિત ફોરી ઊઠે છે. દેવળના ઘણ્ટનો રણકાર કોઈ નવસ્ત્રા માનવીના જેવો હવામાં કમ્પે છે. એક સોળ વર્ષની ગૌરાંગી કન્યા એના હૃદયમાં નવા જાગેલા નવા અજંપા જોડે ધર્મને ગોઠવવાનો પ્રયત્ન કરતા મુંઝાઈ ગયેલી દેખાય છે.

ઘરમાં પ્યાલારકાબી રણકી ઊઠે છે. બધી પરિચિત સુગન્ધ આવવા લાગે છે. વાસી થયેલો ગલગોટાનો હાર હજી બારણે લટકે છે. એનું સોનું ઝાંખું પડ્યું નથી. બહાર મેદાનમાં હુદહુદનું જોડું ચંચળતાથી અહીંથી તહીં ફરે છે. પચનક એને નિરપેક્ષ ભાવે જોઈ રહે છે. ધીમે ધીમે જગતનો નકશો ઉવેખાતો આવે છે. દિશાઓનાં નામ હું ફરીથી

ગોખી લઉં છું. હિમાલયનું ગૌરવ મારા ગૌરવને સ્પર્શે છે. થોડી જ વારમાં રેખાઓ સંકોચાતી જાય છે અને આખું જગત મારી બારી આગળના વિસ્તારમાં સમાઈ જાય છે. ભગવાનના દસ અવતારનો ભાર મારે ખભે ઉપાડીને હું ઊભો થાઉં છું, મારા ચરણથી ચંપાઈને બલિને પાતાળમાં જતો રહેતો જોઉં છું. ગણપતિને ચઢાવેલી દુર્વા ચકલો ખેંચીને લઈ જાય છે.

છાપાની હેડલાઇન્સમાં શું છે તે જોવાનું મને કુતૂહલ નથી. મારી આજુબાજુ કશો નવો ઇતિહાસ રચાઈ રહ્યો છે એની મને ભ્રાન્તિ નથી. છતાં સામે ઊભેલા શિરીષનો કે મારો વિસ્મય એક જ પ્રકારનો છે તેનો મને અનુભવ થાય છે. પંખીઓના ઉડ્ડયનનો મારી કાયામાં સંચાર થાય છે ને ઘરમાં આવતી ચકલી થોડા સરખા આકાશને લાવીને મારા ઓરડામાં મૂકી દે છે.

24-11-74

*

# અપાણિપાદ ધુમ્મસ

હવે તો નીચેની જૂઈ મારી બારી પાસે આવીને ડોકિયું કરે છે. રાતભર એની સુગન્ધની આંગળી મારા પર ફર્યા કરે છે. એથી હવે દુ:સ્વપ્નોનો ભાર લાગતો નથી. ગુલાબને તો હું બારીમાંથી જ જોઉં છું. એની સુગન્ધ અહીં સુધી આવતી નથી પણં કોઈ વાર મધરાતે આખી પૃથ્વી કોઈ સહસ્રદલ કુસુમની જેમ મહેંકી ઊઠે છે. પાયથાગોરાસને નક્ષત્રોનું સંગીત સંભળાતું હતું. મને બધેથી સુગન્ધનાં આન્દોલનોનો સ્પર્શ થાય છે.

કોઈ વાર દિવસ ભારે આસાનીથી પસાર થઈ જાય છે. ક્યાંય કશું જ વજન વરતાતું નથી. કશી ખેંચતાણ વરતાતી નથી. શરીરને જાણે પાંખો ઊગે છે. આંખોનો જ્યોતિ નક્ષત્રની જેમ દૂર દૂર વિસ્તરે છે. ક્યાંય કશો અન્તરાય અનુભવાતો નથી. બધા માનવીઓ સાથે એક શબ્દ પણ બોલ્યા વિના હું તાદાત્મ્ય અનુભવું છું. હું મારાપણું ઓગળી જતું અનુભવું છું. પણ રાત સાથે ભયનાં ધણ ચાલ્યાં આવે છે. સાતકાશીના વાંસના વનમાંથી પીળા પટ્ટેદાર વાઘ દોડે છે. અજાણ્યાં ભોંયરાંઓનાં ઊંડાણ એનાં મોં ઉઘાડીને મારી સામે ઊભાં રહે છે. એ ઉપરાન્ત એવી કશીક નિ:સ્તબ્ધતા છવાઈ જાય છે, જે જિરવી શકાતી નથી.

સવારે ઊઠું છું ત્યારે આ નિ:શબ્દતાની શિલા નીચેથી કોઈ તુચ્છ કીટની જેમ મારા શબ્દો બહાર આવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય છે, ત્યારે મને પંખીનો કિલ્લોલ સ્પૃહણીય લાગે છે. આદમે જ્ઞાનનું ફળ ચાખ્યું ત્યારથી ધ્વનિને અર્થનો કીડો કોતરવા લાગ્યો. ગોઠવાયેલા અર્થથી કેટલી બધી કવિતા કચડાઈ જાય છે!

પણ આ અર્થથી આપણે છૂટી શકીએ તેમ નથી. અર્થ જ આપણે મન વ્યવસ્થા છે આથી નિરર્થક અરાજકતાથી ભડકી ઊઠીને આપણે અર્થની વ્યવસ્થાનો આશ્રય લઈએ છીએ. પણ ધીમે ધીમે અર્થ નિષ્પ્રાણ થતા જાય છે, પછીથી એ ઉબાઈ ઊઠે છે. કેટલીક વાર આપણને રૂંધી નાખે છે. આથી વળી પાછો રોમેન્ટિક ઉદ્રેક પ્રગટ થાય છે. એનો સૂર વિદ્રોહનો સૂર હોય છે. એ બધા જ ચીલાચાલુ રેઢિયાળ ઇન્દ્રિયપ્રત્યક્ષોને તોડીફોડીને અસ્તવ્યસ્ત કરી નાખે છે. ઠરીને પ્રસ્તરીભૂત થઈ ગયેલી ભાષાના પેટાળમાંના જ્વાળામુખીને એ ફરીથી જગાડે છે. વર્ષોનો પ્રમાદ, વર્ષોની નિષ્ક્રિયતા એક ભડકામાં બળીને ખાખ થઈ જાય છે. વળી કવિ નિ:શબ્દતા વચ્ચે આવીને ઊભો રહે છે.

આવી નિ:શબ્દતા સૂર્યોદય પહેલાંના ધુમ્મસમાં છવાઈ ગયેલી જોઉં છું. અપાણિપાદ ધુમ્મસ બધે પ્રસરતું જાય છે. ભૂમિતત્ત્વ જાણે એની નક્કરતાનો ભાર ઉતારીને આકાશતત્ત્વમાં સમાતું જાય છે. ત્યાં આંધળા માણસની ફંફોળતી આંગળીની જેમ સૂર્યનાં કિરણો ધુમ્મસને ખસેડે છે. સૌથી પ્રથમ શબ્દ તે સૂર્યનો શબ્દ છે. પછી પંખીઓ એ શબ્દોનો ટહુકો બનાવીને એને સંગીત અર્પે છે. પવનના હોઠ ઉપર ઋચાનો ધ્વનિ છે. વૃક્ષ પણ એ ઋચાને પ્રતિધ્વનિત કરે છે. મારા હોઠ પર પણ અજાણપણે પ્રાર્થના ગોઠવાઈ જાય છે.

મેદાનમાં રાત્રિના હૃદયમાંથી દ્રવી ગયેલા શબ્દો જેવા ઝાકળબિન્દુઓ હજી દેખાય છે. કૂણાં ગોખરુ બધે છવાઈ ગયાં છે. ઉઘાડે પગે મેદાનમાં દોડવાનું મન થાય છે. ત્યારે ગોખરુનો ડંખ પણ કેવો આહ્લાદક લાગશે તેની કલ્પના કરું છું, દૂરથી ક્યાંકથી ચાસ પાડેલા ખેતરની ગન્ધ આવે છે. ચારે બાજુ, આ ક્ષણે બધું કેવું સરળ અને અર્થહીન લાગે છે. અત્યારે તો ઈશ્વર પણ એના ગૌરવનો અંચળો ઉતારીને નાનકડા નગ્ન શિશુના જેવો ઊભો રહેલો દેખાય છે.

અત્યારે તો ચારે દિશાઓ અવારિત અનિરુદ્ધ દેખાય છે. સામેના નિશાળના મકાનની દીવાલ પણ જાણે સંકેલાઈને કોઈ વિદ્યાર્થીની ચોપડીના પાના વચ્ચે લપાઈ ગઈ છે. અત્યારે તો નવા પ્રગટેલા તૃણાંકુરની સાથે સમકક્ષ બનીને સાવ નરવા રહીને ઊભા રહવાનું મુહૂર્ત છે.

થોડી જ વારમાં નરવી કુંવારી હવાને ડીઝલનો ગંદો સ્પર્શ થાય છે, શાન્તિને કચડી નાંખીને શહેરની લાલ બસ દોડી જાય છે. થીજી ગયેલા ઘાસમાં લથડતે પગલે સૂર્ય ચાલવાનું શરૂ કરે છે, નિશાળનો ઘણ્ટ અચાનક જાણે દુ:સ્વપ્નમાંથી જાગીને બરાડી ઊઠે છે ને ક્યાંકથી ખંખેરાઈને વિદ્યાર્થીઓનું એક ઝૂમખું ત્યાં આવી પડે છે.

બારીની પાળ પર કાળી કીડીની હાર એના ધોળાં ધોળાં ઈંડાં લઈને ચાલી રહી છે. બારીની પાછળ દીવાલ સાથે અભિન્ન બનીને ભળી જતી ગરોળીની સ્થિર આંખો દેખાય છે. ધીમે ધીમે થોડાક રંગો આંખ ખોલે છે. કાકડિયા કુંભાર તો જાણે ઊડતા રંગનો જ લિસોટો બની રહે છે. આકડાના ભૂરાશ પડતા ફૂલમાં આકાશની થોડીક નીલિમા છંટાયેલી છે. સૂર્યના થોડા સ્ફુલ્લંગિ કરેણની હથેળીમાં ઝીલાઈ રહ્યા છે. કોઈ શિશુ એની બંધ મુઠ્ઠીમાં રંગબેરંગી લખોટી સંતાડી રાખે તેમ શિરીષે એના જાંબુડી રંગનાં ફૂલ સંતાડી રાખ્યાં છે, ગ્રીષ્મ આવશે ત્યારે એ મુઠ્ઠી ખોલીને એનો ખજાનો ખુલ્લો કરી દેશે.

હિમાલયની ગિરિમાળાઓ પર છવાયેલી કશીક ઉદાસી એના મ્લાન મુખ સાથે ઊતરી આવે છે. એની હેમન્તના સૂર્યોજ્જ્વળ દિવસનું મુખ મ્લાન થઈ ગયું છે. એથી બધા રંગ ભોંઠા પડી જાય છે. મને એકાએક આ બધું ખૂબ કરુણ લાગવા માંડે છે. નાના શિશુના અશ્રુમ્લાન મુખ જેવી નિ:સહાયતા આ બધાંમાં અનુભવાય છે.

ઉદ્યોગનો રાક્ષસ જાગ્યો છે. એનાં અસંખ્ય ચક્રોનો ધણધણાટ અને એનો મલિન ઉચ્છ્વાસ હું અહીં બેઠો બેઠો અનુભવું છું. એ મને પણ પાંગોટું ઝાલીને ઊભો કરે છે ને દોડધામમાં ધકેલી દે છે.

એમ તો હવામાં પારદર્શકતા છે, પણ તે પ્લાસ્ટિકની પારદર્શકતા છે. એના સ્પર્શમાં કુમાશ નથી. એમાં નિર્જીવતાનું પોત છે. હજી ક્યાંય હળવાશ અનુભવાતી નથી. બધે જ કશોક ભાર ચંપાયો હોય એવું લાગે છે. એથી જ તો રસ્તેથી જતા માણસોના ખભા પણ સહેજ ઝૂકી ગયેલા દેખાય છે. પેલી કવિતામાં દેખાયેલી હેમન્તની સુરખિભરી સવારને હું શોધું છું.

મેદાનમાં કબૂતર પણ ખરડાયેલા પગે ચાલે છે. એનાં પીંછાંમાં પણ ભરાઈ ગયેલા ધુમ્મસનો ભાર છે. કશુંક અદૃશ્ય જાણે આકાશમાં છવાઈ ગયેલી ગ્લાનિમાંથી ટપક્યા કરે છે. વહેલી સવારે ગતજન્મનું બ્રાહ્મણત્વ યાદ કરીને એક બુલબુલે સ્નાન કરવાની મૂર્ખાઈ કરી છે. હવે એ શિશુ નીચે આસોપાલવના પર બેઠું બેઠું ધૂ◌્રજે છે. એની ચાંચમાં રાત્રિની નિઃશબ્દતાની એક પાંખડી છે.

ધોળા બગલા જેવા કિશોરકિશોરીથી મેદાન હવે ભરાઈ ગયું છે. એમનાં ચપળ ચંચળ અંગોથી મેદાન તરંગિત આંદોલિત થઈ ઊઠ્યું છે. દૂર એકલો અટૂલો એક ઘોડો ચરે છે. ધીમે ધીમે થોડા અવાજોનું ટોળું આગળ વધે છે. મારું ઘર એનાથી ભરાઈ જાય છે. એ અવાજો મને હડસેલીને બહાર ધકેલી રહ્યા છે.

ખરી પડેલાં પાંદડાં હવામાં પંખીઓનાં ટોળાંની જેમ ઊડી જાય છે. વાતચક્ર ફરતું ફરતું મેદાનને એક ખૂણેથી બીજે ખૂણે જાય છે. પાસેના ઝાડ પર સૂતેલી એકાદ ચીબરીને કોઈ મશ્કરો કાગડો પજવે છે. બામણી મેના એનો ભીનો ચોટલો સૂકવતી તાર પર બેઠી છે. એ બધાંની સાક્ષીએ હું દિવસનો પ્રારમ્ભ કરું છું. એના પર કોઈ આશાઆકાંક્ષાનો ભાર નથી, સમયની અનિવાર્ય ગતિમાં ફરજ અર્થે જવાની કેવળ તત્પરતા જ છે. મારા ચરણ ચાલે તે પહેલાં આંખો દૂર સુધી ફરી આવે છે. મારી આડીઅવળી ગતિએ ચાલતી આંખોની છાપ આકાશમાં અંકાઈ જાય છે. નીચે સુધી ઊતરી આવેલાં વાદળોમાં ઘડીભર મારી આંખો ખોવાઈ જાય છે. કેવળ આકાશમાં આકાશ બનીને સમાઈ જવાનું ગમે તો છે, પણ બીજી જ ક્ષણે હું મારી ખોવાઈ ગયેલી ઇન્દ્રિયોને ભયભીત બનીને શોધવા માંડું છું.

સૂર્ય મારી ઓરડીમાં ઠીક ઠીક આગળ વધી જાય તે પછીથી હું એને પગલે પગલે ચાલું છું. દરેક પગલે મારો આખો ઇતિહાસ સજીવન થતો આવે છે. હું ફરીથી મારામાં ગોઠવાઈ જાઉં છું. મારી ટેવ-કટેવ લક્ષણ-અપલક્ષણ બધું પોતપોતાને સ્થાને બરાબર ગોઠવાઈ જાય છે. મારું આ ઓળખપત્ર મને મળી જાય છે. આ ઓળખમાં મને પોતાને જ વિશ્વાસ નથી. એમ તો મને શેનામાં વિશ્વાસ છે? આ પ્રશ્ન હું મારી જાતને પૂછું છું. એ સાંભળીને ગોખલામાંના દેવ હસે છે.

પણ કોઈ વાર આ બધા પ્રશ્નો મને મિથ્યા લાગે છે. સામેનું શિરીષ જેમ ભૂતકાળનો કે ભાવિનો વિચાર કરતું નથી તેમ હું કેવળ હોવાનું સત્ય જ સ્વીકારીને જાણે કૃતાર્થ થઈ જાઉં છું. સંસાર એની બધી માંગણીઓને લઈને મારી પાસે આવે છે. કોઈ દિવસ કશાનો સરખો હિસાબ હું રાખી શક્યો નથી. આથી જ મને એક સગવડ મળી રહે છે. કશું કરવાનું રહી ગયું એનો મને બહુ પસ્તાવો થતો નથી.

છતાં જ્યારે સ્મિત કરવું જોઈતું હતું ત્યારે જો મેં કૃપણતા બતાવી હોય તો તે મને સાલે છે. મીંઢાપણું ને મૌન મને ગમતાં નથી, છતાં એક શબ્દ જ માત્ર બોલવાની ઉદારતા કોઈ વાર નથી બતાવી શકાઈ તેનો મને અફસોસ થાય છે.

3-12-74

*

# સમયનો શિલાલેખ

સવારે જાગીને જોઉં છું તો શબ્દો હજી હાજર થયા નથી. થોડાક મારી અજાગ્રત ચેતનાના ઊંડાણમાં ખોવાયેલા છે. થોડા હજી શ્વાસમાં જ રહી ગયા છે, હજી આકાર પામવા જેટલો આધાર એમને પ્રાપ્ત થયો નથી. દરેક પથ્થર પર સમયે પોતે લખેલો શિલાલેખ છે. એની લિપિમાં મારા થોડા શબ્દો ગૂંચવાઈ ગયા છે. થોડા હજુ વનસ્પતિની યોનિમાં જ રહી ગયા છે. પવનની હથેળીમાંથી વેરાઈ ગયેલા શબ્દો હજી વીણું ન વીણું ત્યાં સવાર પડી જાય છે.

હું સામેના કબાટમાંના આયનામાં જોઉં છું. રડતાં રડતાં થાકીને હીબકાં ભરતા બાળકની જેમ મારી આંખો લાલ છે અને સૂજી ગયેલી છે, હજી જાણે નિદ્રાના જળમાંથી એક જ પગ બહાર મૂક્યો છે. પણ ઉતાવળો સૂર્ય તો છલાંગ ભરતો કૂદી આવ્યો છે. જગત બધું ચાલવા મંડ્યું છે. સંસાર સરવા લાગ્યો છે. મડદાંઓએ સ્મશાન તરફ ચાલવા માંડ્યું છે; વ્યાધિનો વિકાસ રોગીના શરીરમાં આગળ વધી રહ્યો છે. શ્રમિકોની નાડીમાં રક્તનો વેગ વધ્યો છે. નગરના વાતાવરણમાં ઝેરી વાયુની માત્રા વધી છે. સંસ્કારી લોકોનો કંટાળો વધ્યો છે. લોકોના ટોળામાં હિંસાનું પોષણ થઈ રહ્યું છે.

આ જગતમાં જાગીને હું નિઃશબ્દતાથી જાણે નિરાધાર બની ગયો છું. બાળપણનાં સંસ્કારને જોરે વિષ્ણુસહસ્ર નામમાંનાં થોડાં નામ, ભગવદ્‌ગીતાનો બારમો અને સોળમો અધ્યાય મારા હોઠ પર છે. પછી બોદલેર અને રિલ્કેની પંક્તિ ગણગણું છું, ત્યાં સવારનું છાપું આવે છે ને શબ્દોનો નાયગ્રા ધોધ ગજી ઊઠે છે. જાહેરખબરના મસમોટા ઘોંઘાટિયા શબ્દો, નેતાઓના ભાષણના લાઉડસ્પીકરમાંથી સીધા છાપાની અઢીત્રણ

ઇંચની હેડલાઇનમાં ગાજતા શબ્દો, જેનું ખૂન થયું છે તે અભાગિયાની ચીસ, થોડાં લગ્નની શરણાઈઓ, ક્યાંક ચાલતાં નાટકોના સંવાદો, ફિલ્મી હીરોહીરોઇનના પ્રેમલાપ્રેમલીનાં લટકા, સરકારની ઘોષણાઓ, વિરોધપક્ષના નેતાના પડકારો, અકસ્માતના કર્કશ ચિત્કારો, શેરીના અંધારિયા ખૂણાઓમાં થતી ગુસપુસ વાતોના ખંધા ધીમા અવાજો, આ બધું છાપામાંથી વંટોળની જેમ ચકરાવા લાગે છે.

રોઝરીના દેવળમાંથી પ્રાર્થનાના ઘોંઘાટથી ચમકીને નાથેલી શાન્તિ ધ્રૂજતી ધ્રૂજતી અહીં આવીને બેઠી છે. મેદાનમાં ઝાકળને ટીપે ટીપે મૌન છે. શિરીષના મુખ પર તપોમગ્ન ઋષિની સ્તબ્ધતા છે. પણ હું જાણું છું કે આ બધું ઝાઝું ટકી રહેવાનું નથી. સામેના રસ્તા પરથી કેટલાય અવાજોનું ટોળું શાન્તિના લીરા ઊડાવતું ધસ્યું આવે છે. મારી બારી પાસેના રસ્તા પરથી કેટલાક વિદ્યાર્થીઓ જાય છે. એમની વાતોના અવાજમાં ગઈ રાતના ઉજાગરાનો ભાર છે, એમના હાસ્યમાં ઉદ્ધતાઈનો રણકો છે. પછી આકાશવાણીનાં ભજનો રણકી ઊઠે છે. એને એકાએક અટકાવીને સમાચાર વાંચનારનો તટસ્થ અમાનુષી અવાજ સહેજ કમ્પ વિના ગઈ કાલના વિમાની અકસ્માતમાં માર્યા ગયેલાનો આંકડો બોલે છે.

મને લાગે છે કે હું જાણે અવાજોના ઢગલા નીચે દટાઈ ગયો છું. શિયાળાની આવી જ એક સવારે બાળપણમાં ખુલ્લા પાઠ્યપુસ્તકના અક્ષરો વચ્ચે થંભીને મારી આંખો ખોવાઈ જતી તે યાદ આવે છે. ત્યારે એકાએક ન સમજી શકાય, ન જીરવી શકાય તેવી એકલતા ઘેરી વળતી, એનું શું કરવું તે સમજાતું નહીં. અત્યારે તો આ એકલતાને પણ કોતરીને એના પર નકશીકામ કરું છું. એ એકલતા પણ મારા લોભથી બચી શકી નથી. પણ ત્યારે તો એકલતા એ કેવળ એકલતા હતી. એ કશાનું પ્રતીક નહોતી. એમાંથી કશી ફિલસૂફી ખોતરી કાઢવાની સૂઝતું નહોતું. ત્યારે એ અમૂર્ત એકલતાની એક છબિ આંખ સામે અંકાઈ જતી હતી. એને આજે હું સજીવન કરી શકતો નથી. પણ એની ધૂંધળી સ્મૃતિ હજી છે ખરી.

કોઈ કવિના જગતમાં પ્રવેશ કરું છું ત્યારે શબ્દોની નરવી કાન્તિ જોઈને તૃપ્ત થાઉં છું. ત્યાં શબ્દોના પર ડાઘ હોતા નથી. પણ કોઈ વાર નિર્દોષ નિરુપદ્રવી લાગતો શબ્દ એકાએક કોઈ અજાણ્યા જ પ્રદેશમાં લઈ જાય છે. ત્યાં કશોક અજાણ્યો અનનુભૂત

ભય મને ઘેરી વળે છે. વિશ્વયુદ્ધનો સંહાર, કોન્સન્ટ્રેશન કૅમ્પની યાતનાઓ, બેયોનેટની અણીએ વીંધાયેલાં માસુમ બાળકો – આ બધાં વચ્ચે એકાએક હું જઈ ચઢું છું. ઇસુ ખ્રિસ્તને અસંખ્ય શૂળીઓ પર વીંધાયેલા જોઉં છું.

અહીં કોઈ માર્ક્સવાદી કવિ એના શબ્દોને પીડિતશોષિતના લોહીમાં ઝબકોળીને લાલ ઝંડાની જેમ લહેરાવે છે. કોઈક વાર એના શબ્દોમાં સ્ફોટક બોમ્બ સંતાડેલો હોય છે. કોઈક વાર એના શબ્દોનું પોત ચાર દિવસના વાસી બાજરીના રોટલા જેવું હોય છે. કોઈક વાર એના શબ્દો મજૂરોની કાળી મજૂરીના ખાટા પરસેવાથી લદબદ હોય છે, તો કોઈક વાર એના શબ્દોમાંથી શહેરના નરકની બદબૂ આવે છે.

ચાર તારની ચાસણીમાં ઝબકોળેલા, મોઢું ભાંગી નાખે એવા મીઠા શબ્દોવાળા પણ કવિઓ છે. એના ચીકણા શબ્દો આપણને ચોંટી જાય છે. ચાંદનીમાં ચળકતા રેશમી દુકુલો, બંસીનાદ, કોયલનો ટહુકો, મોરની કેકા, જમનાનાં જળ, ગોરી રાધા અને કામણગારા કાનની સૃષ્ટિમાં રાસમાં ચક્રાકારે ઘૂમતા શબ્દોથી પણ હું દૂર જતો રહું છું. એથી જે ઘેન ચઢે છે તે લઈને ફરી મારી આ આઠ બાય બારની ઓરડીમાં દીવાલોની નક્કર વાસ્તવિકતા જોડે માથું પછાડવાનો શો અર્થ?

હજી હું શિશુઓના મુખમાંથી દડી જતા શબ્દોને મુગ્ધ બનીને જોઉં છું. શિશુ એની ચંચળતા સહિત ક્યાં ને ક્યાં દોડી જાય છે અને એના ઉચ્ચારેલા શબ્દો એની પાછળ રહી જાય છે. કોઈ વાર એના શબ્દોને પરીઓની પાંખ ઊગે છે. તો કોઈ વાર એ શબ્દોની ભીતરમાં ભેદી ખજાનાથી ભરેલા ભોંયરાઓ ખૂલી જાય છે. કોઈક વાર એના શબ્દો વચ્ચેથી કોઈ કોઈ રાક્ષસનું મોઢું પણ દેખાઈ જાય છે.

મરમી કવિઓ અશ્રુત ધ્વનિની વાત કરે છે. કોઈક વાર એવો અશ્રુત ધ્વનિ મને પણ સંભળાઈ જાય છે. ગ્રીષ્મની બપોર વેળાએ એકાએક બધું નિઃશબ્દ, નિઃસ્તબ્ધ બની જાય છે ત્યારે આખાયે મેદાનમાંથી કશોક ધ્વનિ પ્રસ્ફુરિત થતો સાંભળું છું. કોઈક વાર રસ્તે જતા કોઈએ એકાએક પાછળથી મને બોલાવ્યો હોય એવું લાગતાં હું ઊભો રહી જાઉં છું ને પાછો વળીને હું જોઉં છું તો કોઈકના બગીચામાંનું વાડ ઉપરથી ડોકાતું કોઈક અજાણ્યું ફૂલ મારા તરફ ઝૂકીને જોઈ રહ્યું હોય છે. તો કોઈ વાર સો દોઢસો વિદ્યાર્થીના

વર્ગમાં હું બોલતો હોઉં છું ત્યારે મારા શબ્દોની વચ્ચેથી એકાએક કોઈ નવા જ ધ્વનિને ડોક ઊંચી કરીને જોતો સાંભળું છું.

કેળનાં પાંદડાં ઝાકળ ઝીલે તેનો અવાજ, સાંજ વેળાએ નિદ્રામાં ઢળતું શિરીષ એનાં પાંદડાંનાં પોપચા બીડી દે તેનો અવાજ, મધરાતે ગોખલામાંના ગણપતિ પગે ચઢેલી ખાલી ખંખેરીને ફરીથી પદ્માસન વાળે તેનો અવાજ, કૂવાના ઊંડાણમાંથી વીજળીના ધક્કે ઉપર ઠેલાતાં પાણીનો અવાજ, નિદ્રાધીન ઘરમાં સમયનો કણસવાનો અવાજ, ક્યાંક કોઈ વૃક્ષમાં થાકીને પોઢેલા પવનનો પડખું બદલવાનો અવાજ – આવા કેટલાક અવાજો રાત્રે મારા અનિદ્ર પ્રહરોને ઘેરી વળે છે.

સમય તો નીરવ પગલે જ સરે છે એવું આપણે કહીએ છીએ. પણ કેટલીક વાર ચાલ્યા જતા સમયના પડછંદા ગાજતા હું સાંભળું છું. કોઈ વાર એ પગલાં જાણે દૂર દૂરથી મારા તરફ ચાલ્યા આવતાં હોય છે એવું લાગે છે. તો કોઈ વાર એ મારાથી દૂર ને દૂર ચાલી જઈને આછા આછા સંભળાતા આખરે શૂન્યમાં વિલાઈ જાય છે.

પૂજા વેળાની આરતીનો ઘણ્ટનાદ વહેલી સવારે કામનાથ મહાદેવમાંથી અહીં આવીને મને ઢંઢોળીને જગાડે છે. શનિવારની સવારે એ ઘણ્ટનાદ સાથે નિશાળનો ઘણ્ટનાદ ભળી જાય છે. સાંજ વેળાએ ધીમે ધીમે બધા અવાજો જંપતા લાગે છે, પછી રાતે થોડા વિશિષ્ટ અવાજો સંભળાવા લાગે છે. એમાં એક અવાજ તે કશીક મૂંગી મૂંગી ચાલી જતી ભૂતાવળનો અવાજ છે. ક્યાંક કોઈક અવાવરુ વાવનાં પગથિયાં ઊતરી રહ્યું છે, ક્યાંક કોઈકનો ઘોડો તબડક તબડક કરતો પૂરપાટ દોડ્યે જાય છે. ક્યાંક કોઈના નુપૂર રણકી ઊઠે છે. માયાવી લોકના કાંઈક કેટલાય ધ્વનિઓ મને ઘેરી વળે છે.

બાળપણ વટાવીને કિશોરાવસ્થામાં પગ મૂક્યો ત્યારે સોનાપરી અને રૂપાપરીને ઉડાડી મૂકી એની સાથે કેટલાય શબ્દોને પણ ઉડાડી મૂક્યા. પછી કિશોરાવસ્થામાંથી યુવાનીમાં પગ મૂક્યો ત્યારે કેટલાક ઉત્તપ્ત ઉચ્છ્વાસ મને ઘેરી વળ્યા. હવે વળી અવાજોનું નવું પોત ઊઘડ્યું છે, હું ધ્વનિની લીલા જોયા કરું છું.

ડિસેમ્બર, 1974

*